સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 34
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ભાદ્રપદ સુદ- ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૨૪ ઑગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં અનિલ અંબાણીના ઘરે સીબીઆઈના દરોડા

## ₹ ૨,૯૨૯ કરોડથી વધુનું કૌભાંડ: સ્ટેટ બૅન્કની ફરિયાદને પગલે કાર્યવાહી

નવી દિલ્હી: સ્ટેટ બૅન્ક સાથે છેતરપિંડી કરી આચરવામાં આવેલા કથિત રૂ. ૨,૯૨૯.૦૫ કરોડના કૌભાંડને મામલે સીબીઆઈએ કેસ દાખલ કરી રિલાયન્સ કમ્યુનિકેશન્સ અને તેનાં પ્રમોટર-ડિરેક્ટર અનિલ અંબાણીના મુંબઈમાંના ઘર તેમ જ કંપનીના કાર્યાલય પર દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું. સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ કરેલી ફરિયાદને પગલે સીબીઆઈ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

૧૩મી જૂને કંપનીને ફ્રોડની શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા બાદ સ્ટેટ બૅન્કે આરબીઆઈના આદેશને પગલે સીબીઆઈનો સંપર્ક સાધ્યો હતો.

ગયા મહિને લોકસભામાં આપેલા લેખિત ઉત્તરમાં રાજ્યકક્ષાના નાણા પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે સીબીઆઈ સમક્ષ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા આરંભી દીધી હોવાની સ્ટેટ બૅન્કે ૨૪મી જૂને આરબીઆઈને જાણ કરી દીધી હતી. એસબીઆઈએ આર. કોમ પાસેથી વસૂલવાની બાકી નીકળતી રૂ. ૨,૯૨૯.૦૫ કરોડની રકમમાં મૂળ રકમ ઉપરાંત ૨૬ ઑગસ્ટ ૨૦૧૬થી અત્યાર સુધીના વ્યાજ અને રૂ. ૭૮૬.૫૨ કરોડની નૉન ફંડ બૅઝ્ડ બૅન્ક ગૅરેન્ટીનો સમાવેશ થાય છે. ઈન્સોલ્વન્સી ઍન્ડ બૅન્કરપ્સી કોડ, ૨૦૧૬ અંતર્ગત આર. કોમ કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિસોલ્યૂશનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે.

આ ઠરાવને કમિટી ઑફ ક્રેડિટર્સે મંજૂરી આપી હતી અને છ માર્ચે મુંબઈસ્થિત નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ (એનસીએલટી)ને મોકલી આપવામાં આવ્યા બાદ હવે એનસીએલટીની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

આઈબીસી અંતર્ગત બૅન્કે અનિલ અંબાણી વિરુદ્ધ પર્સનલ ઈન્સોલ્વન્સી રિસોલ્યૂશન પ્રોસેસ આરંભી દીધી હતી અને એનસીએલટી-મુંબઈએ તેની સુનાવણી કરી હતી, એમ તેમણે કહ્યું હતું. સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ૧૦ નવેમ્બરે ૨૦૨૦ના રોજ કંપનીના ખાતા તેમ જ અનિલ અંબાણીને ફ્રોડ વર્ગીકૃત કર્યા હતા અને પાંચ જાન્યુઆરી ૨૦૨૧ના સીબીઆઈમાં ફરિયાદ દાખલ કરી હતી. છ જાન્યુઆરી ૨૦૨૧ના દિલ્હી હાઈ કોર્ટે સ્ટેટસ ક્વૉ (જૈસે થે)ના આપેલા આદેશને પગલે ફરિયાદ પાછી ખેંચી લેવામાં આવી હોવાનું પ્રધાને કહ્યું હતું.

દરમિયાન સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને અન્યો વિરુદ્ધ રાજેશ અગ્રવાલ અને અન્યો સંબંધિત કેસને મામલે સુપ્રીમ કોર્ટે ૨૭ માર્ચ ૨૦૨૩ના આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે કંપનીના ખાતાને ફ્રોડમાં વર્ગીકૃત કરતાં અગાઉ ધિરાણકર્તા બૅન્કે બૉરોઅરને રજૂઆત કરવાની તક આપવી જોઈએ.

કોર્ટના આદેશને પગલે સ્ટેટ બૅન્કે બે સપ્ટેમ્બર ૨૦૨૩ના ખાતાના ફ્રોડ વર્ગીકરણને પાછું ખેંચ્યું હતું.

જોકે ત્યાર બાદ ખાતાને ફ્રોડમાં વર્ગીકૃત કરવાની પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી હતી અને આરબીઆઈના ૧૫ જુલાઈ ૨૦૨૪ના પરિપત્ર તેમ જ યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા બાદ કંપનીના ખાતાને ફરી ફ્રોડમાં વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. (એજન્સી)




# કૉંગ્રેસના નેતાને ત્યાંથી કરોડો રૂપિયા રોકડા, સોનું, ચાંદી જપ્ત

## કર્ણાટકના ધારાસભ્યની સટ્ટાબાજી કેસમાં ધરપકડ કરી

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ જણાવ્યું હતું કે કર્ણાટક કૉંગ્રેસના ધારાસભ્ય કે સી વીરેન્દ્ર 'પપી' ની શનિવારે સિક્કિમથી ગેરકાયદેસર ઓનલાઈન અને ઓફલાઈન સટ્ટાબાજીના કેસમાં મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

ફેડરલ તપાસ એજન્સીએ એમ પણ કહ્યું હતું કે શુક્રવારે અનેક રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા બાદ તેમણે ૧૨ કરોડ રૂપિયા રોકડા (૧ કરોડ રૂપિયાનાં વિદેશી ચલણ સહિત), ૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના, લગભગ ૧૦ કિલો ચાંદી અને ચાર વાહન જપ્ત કર્યા હતા.

ચિત્રદુર્ગના ધારાસભ્ય પપીની સિક્કિમના ગંગટોકમાં ધરપકડ કરવામાં આવી હતી અને એને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, એમ ઇડીના સૂત્રોએ જણાવ્યું હતું.

તપાસકર્તાઓએ ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યો છે અને વધુ તપાસ માટે બેંગ્લૂરુ લાવવામાં આવશે. ઇડી એ શુક્રવાર, ૨૨ ઓગસ્ટના રોજ ભારતના વિવિધ ભાગોમાં ૩૧ સ્થળોએ મોટા પાયે દરોડા પાડ્યા, જેમાં ગંગટોક, ચિત્રદુર્ગ જિલ્લો, બેંગ્લોર શહેર, હુબલી, જોધપુર અને મુંબઈનો સમાવેશ થાય છે.ગોવામાં, દરોડામાં પપી'સ કેસિનો ગોલ્ડ, ઓશન રિવર્સ કેસિનો, પપી'સ કેસિનો પ્રાઇડ, ઓશન ૭ કેસિનો અને બિગ ડેડી કેસિનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

''શોધમાં જાણવા મળ્યું છે કે આરોપી કિંગ ૫૬૭, રાજા ૫૬૭, વગેરેના નામે ઘણી ઓનલાઈન સટ્ટાબાજી સાઇટ્સ ચલાવી રહ્યો છે. વધુમાં, આરોપીનો ભાઈ કેસી થિપ્પેસ્વામી દુબઈથી ત્રણ વ્યવસાયિક સંસ્થા ચલાવી રહ્યો છે, જેમ કે, ડાયમંડ સોફ્ટેક, ટીઆરએસ ટેક્નોલોજીસ અને પ્રાઇમ ૯ ટેક્નોલોજીસ, જે કેસી વીરેન્દ્ર પપીના કોલ સેન્ટર સેવાઓ અને ગેમિંગ વ્યવસાય સાથે સંબંધિત છે,'' એમ ઇડી એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું. ચલણ ઉપરાંત, ઇડી તપાસકર્તાઓએ ૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના, આશરે ૧૦ કિલો વજનની ચાંદીની વસ્તુઓ પણ જપ્ત કરી હતી.

મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ), ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ ચાર વાહન પણ જપ્ત કરવામાં આવ્યાં હતાં. વધુમાં, ૧૭ બેંક ખાતા અને બે બેંક લોકર પણ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. એના ભાઈ, કેસી નાગરાજ અને તેના પુત્ર પૃથ્વી એન રાજના પરિસરમાંથી મિલકત સંબંધિત ઘણા દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. અનેક પરિસરમાંથી ઘણા ગુનાહિત દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૪-૮-૨૦૨૫ થી તા. ૩૦-૮-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. બુધ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨૫મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે. તા. ૨૭મીએ તુલા રાશિમાં પ્રવેશે છે. તા. ૩૦મીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપાર માટે ગોચરફળ શુભ જણાતું નથી, પરંતુ લાંબા સમયના નાણારોકાણ માટે ગોચરફળ શુભ પુરવાર થશે. નોકરી માટે નવી તકો મેળવશો. નોકરીના સ્થળમાં પરિવર્તન જણાય છે. નાણાઆવકનાં નવાં સાધનો મેળવશો. અધિકારી દ્વારા આ સપ્તાહમાં સરકારી કામકાજ પૂર્ણ કરવા માટે જરૂરી તકો અને સફળતા મેળવશો. મહિલાઓને નાણાંવ્યવહાર જાળવવામાં અનુકૂળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કારોબારનો, નવીન કાર્યપદ્ધતિનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૬, ૨૮ શુભ પુરવાર થશે. પ્રવાસ દ્વારા નિજી કારોબારના કામકાજ સરળતાથી સંપન્ન થશે. નાણાં વ્યવહાર જળવાઈ રહેશે. નાણાઆવકનાં નવાં સાધનો મેળવશો. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય તથા કુટુંબના સભ્યોનો આર્થિક સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૨૫, ૨૬, ૩૦મીએ નોકરી માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. સપ્તાહમાં નાણાં, અર્થતંત્ર સફળ પુરવાર થશે. નાણાઆવકનાં નવાં સાધનો મેળવશો. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. મહિલાઓને નવા કારોબારના પ્રારંભમાં સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓના ધાર્યા મુજબના શૈક્ષણિક અનુકૂળ કામકાજ બનતા જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ સફળતાસૂચક જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. ભાગીદાર અને કારોબારના મિત્રોનો સહયોગ જળવાઈ રહેશે. નાણાઆવક માટે જરૂરી તકો પ્રાપ્ત થતી જણાય. મહિલાઓને કાર્યક્ષેત્રે પણ સફળ પરિણામો પ્રાપ્ત થતા જણાશે. કુટુંબના સભ્યો માટે આર્થિક વ્યવહારો પણ સફળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબનું અભ્યાસનું કામકાજ પૂર્ણ થતું જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું આ સપ્તાહનું કામકાજ એકંદરે સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે તથા કામકાજમાં જરૂરી સાધનો મેળવશો. મિત્રોનો પણ સહયોગ મેળવશો. નાણાઆવકનાં નવાં સાધનો પણ મેળવશો. નાણાખર્ચ પરત્વે કરકસર દાખવી શકશો. પ્રવાસ યશસ્વી પુરવાર થશે. પ્રવાસ દ્વારા મહિલાઓને પરિવારની જવાબદારી પૂર્ણ કરવાની અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસમાં સરળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરીમાં છુપા હરીફની ઓળખ થાય. તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય. ભાગીદાર સાથેના નાણાવ્યવહાર પણ સરળતાથી પૂર્ણ થતાં જણાશે. માર્કેટિંગ, વેચાણવૃદ્ધિના કામકાજ સફળ બની રહેશે. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ અડગ દાખવી શકશો. નાણાઆવક વિશેના નિર્ણયો પણ સફળતાથી પૂર્ણ કરી શકશો. વ્યક્તિગત પ્રભાવ કાર્યક્ષેત્રે જળવાઈ રહેવાથી મહિલાઓને કાર્યક્ષેત્રની પ્રવૃત્તિમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના પ્રારંભ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજ અને નવો અનુભવ છતાંય ગોચરફળ શુભ બની રહેશે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૩૦ લાભદાયી પુરવાર થશે. નોકરીના સ્થળની બદલી પણ શક્ય છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. ભાગીદાર તથા કારોબારના સંબંધોમાં પરિવર્તનો આવે તેમ છે. મુસાફરી દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થાય.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. લે-વેંચનો વેપાર પણ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં હસ્તગત કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. જવાબદારી પરત્વે સતર્કતા દાખવવી જરૂરી છે. વાહન, સ્થાવર મિલકતના નિર્ણયોમાં પરિવર્તન આવે તેમ છે. પ્રવાસ એકંદરે લાભદાયી પુરવાર થશે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજ માટે તથા નવી કાર્યપદ્ધતિ માટેનો સફળ નિર્ણય લઈ શકશો. નોકરીમાં સહકાર્યકરોમાં સંપ જળવાય છતાંય મતભેદોનો ઉકેલ લાવી શકશો. તા. ૨૬, ૨૮, ૨૯ શુભ પુરવાર થશે. કુટુંબમાં યશસ્વીપણું અનુભવશો. કુટુંબના સભ્યો દ્વારા નાણાંની અનુકૂળતાઓ અનુભવશો. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં મહિલાઓના નિજી કારોબારના કામકાજ પણ પૂર્ણ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળ તકો પ્રાપ્ત કરશે

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના પરિવારના કારોબારમાં વડીલનું માર્ગદર્શન મેળવશો. લાંબા સમયના નાણારોકાણ માટે અનુકૂળ તકો જણાય છે. નોકરીમાં યશ મેળવશો. તા. ૨૬, ૨૭, ૨૯ના નોકરીના કામકાજમાં સફળતા મેળવશો. કુટુંબના સભ્યો સાથેના નાણાવ્યવહાર આ સપ્તાહમાં સંપન્ન થશે. મુસાફરીમાં નવી ઓળખાણો, નવા સંબંધો નિર્માણ થશે. મહિલાઓને વડીલોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓ માર્ગદર્શક બની રહેશે. મુસાફરી દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ પૂર્ણ થતી જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવી શકશો. દૈનિક સાપ્તાહિક વેપાર શુભ પુરવાર થશે. નોકરીમાં તા. ૨૫, ૨૯, ૩૦ સફળતા દર્શાવે છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ થાય. અર્થવ્યવસ્થા વધુ સક્ષમ બની રહેશે. વ્યવહાર વિનિમય સફળ પુરવાર થશે. આર્થિક જરૂરિયાતો પણ મહિલાઓને પૂર્ણ થતી જણાશે. મહિલાઓના આ સપ્તાહના પરિવારના કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની નવી તકો પણ પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજ માટે અનુકૂળ તકો મેળવશો. લાંબા સમયનું નાણારોકાણ પણ શક્ય જણાય છે. નવીન નોકરીનો પ્રારંભ પણ થાય. નોકરી અર્થે પ્રવાસ જણાય છે. તા. ૨૫, ૨૮, ૨૯ કાર્યક્ષેત્રે શુભ પુરવાર થશે. નોકરી તથા સ્વતંત્ર કારોબારનાં વચનો પૂર્ણ કરી શકશો. નાણાઆવકના નવાં સાધનો પ્રાપ્ત કરશો. કુટુંબીજનોનો સહયોગ મહિલાઓને પરિવારના પ્રસંગોમાં પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતા જણાશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ રવિવાર, તા. ૨૪-૮-૨૦૨૫, ચંદ્રદર્શન

ભારતીય દિનાંક ૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧

જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧

પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

મીસરી રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭

નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની

ચંદ્ર સિંહમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૦, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ બપોરે ક. ૧૨-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૭ (તા. ૨૫)

ઓટઃ સવારે ક. ૦૬-૨૫, રાત્રે ક. ૧૯-૦૪

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પ્રતિપદા. મૌનવ્રતારંભ, ચંદ્રદર્શન. મું. ૩૦. સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૪૮, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ

મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, ખાખરાના વૃક્ષનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

ભાદ્રપદ માસ સંક્ષિપ્તઃ ભાદ્રપદ શુક્લ પક્ષમાં ક્ષય વૃદ્ધિ તિથિ નથી. કૃષ્ણપક્ષમાં સાતમનો ક્ષય છે. શુક્લપક્ષમાં દિવસ ૧૫, કૃષ્ણપક્ષમાં દિવસ-૧૪ એમ કુલ ૨૯ દિવસનો આ માસ છે. તા. ૭ પૂર્ણિમાનું ખગ્રાસ ચંદ્રગ્રહણ (મુંબઈ દેખાવાનું છે., તા. ૨૧મીએ અમાસનું સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. તા. ૨૭ ઓગ. થી તા. ૬ સપ્ટે. શ્રી ગણેશ મહાપર્વ ઉત્સવ છે. તા. ૮ થી ૨૧ સપ્ટેમ્બર શ્રાદ્ધ પક્ષ છે. શ્રાદ્ધ પર્વની સૂચિઃ એકમનું શ્રાદ્ધ તા. ૮, બીજનું શ્રાદ્ધ તા. ૯, ત્રીજ-ચોથનું શ્રાદ્ધ તા. ૧૦, પાંચમનું શ્રાદ્ધ તા. ૧૧, છઠ્ઠનું શ્રાદ્ધ તા. ૧૨, સાતમનું શ્રાદ્ધ તા. ૧૩, આઠમનું શ્રાદ્ધ, તા. ૧૪, નવમીનું શ્રાદ્ધ તા. ૧૫, દશમનું શ્રાદ્ધ તા. ૧૬, એકાદશીનું શ્રાદ્ધ તા. ૧૭, બારસનું શ્રાદ્ધ તા. ૧૮, તેરસનું શ્રાદ્ધ તા. ૧૯, ચતુર્દશીનું શ્રાદ્ધ તા. ૨૦, પૂનમઅમાસનું, સર્વ પિતૃઓનું શ્રાદ્ધ, તા. ૨૧.

આચમનઃ સૂર્ય-હર્ષલ ચતુષ્કોણ સંબંધોમાં સાવધાની રાખવી, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ સ્વાસ્થ્ય માટે સાવધાની જરૂરી

ખગોળ જ્યોતિષઃ સૂર્ય-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી દક્ષિણે થશે.

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૪-૮-૨૦૨૫ થી તા. ૩૦-૮-૨૦૨૫

રવિવાર, ભાદ્રપદ શુક્લ-૧, વિ. સં. ૨૦૮૧, તા. ૨૪મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. મૌનવ્રતારંભ, ચંદ્રદર્શન. મું. ૩૦. સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૪૮. વાસ્તુકળશ, શુભ દિવસ.

સોમવાર, ભાદ્રપદ શુક્લ-૨, તા. ૨૫મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૯ સુધી (તા. ૨૬), પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૮-૨૮ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. વરાહ જયંતી, શંકરદેવ તિથિ (આસામ), મુસ્લિમ ૩જો રવિઉલ અવ્વલ માસારંભ. સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

મંગળવાર, ભાદ્રપદ શુક્લ-૩, તા. ૨૬મી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૩ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. હરિતાલિકા તૃતીયા, કેવડાત્રીજ, સામ શ્રાવણી, મન્વાદિ, ગૌરીવ્રત (ઓરિસ્સા), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૫. શુભ દિવસ.

બુધવાર, ભાદ્રપદ શુક્લ-૪, તા. ૨૭મી, નક્ષત્ર ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૧૯-૨૦ સુધી, પછી તુલા રાશિ જન્માક્ષર. શ્રી ગણેશ ચતુર્થી ચંદ્રાસ્ત રાત્રે ક. ૨૧-૨૫. વરદ ચતુર્થી, સરસ્વતી પૂજન (ઓરિસ્સા), સૌભાગ્ય ચતુર્થી (બંગાલ), સંવત્સરી -ચતુર્થી પક્ષ (જૈન), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫-૪૪. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ભાદ્રપદ શુક્લ-૫, તા. ૨૮મી, નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૮-૪૩ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ઋષિ પંચમી, ગુરુ પંચમી, રક્ષાપંચમી (બંગાળ), મેલાપાટ (કાશ્મીર), સંવત્સરી-પંચમી પક્ષ (જૈન). સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શુક્રવાર, ભાદ્રપદ શુક્લ-૬, તા. ૨૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૧-૩૮ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. સૂર્યષષ્ઠી, ચંપાષષ્ઠી, બલરામ જયંતી, કાર્તિક સ્વામી દર્શન, મેલાપાટ (કાશ્મીર), સોમનાથ વ્રત (ઓરિસ્સા), મંથન ષષ્ઠી (બંગાળ), સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શનિવાર, ભાદ્રપદ શુક્લ-૭, તા. ૩૦મી, નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૪-૩૬ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૭-૫૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. મેલાપાટ (કાશ્મીર), લલિતા સપ્તમી (બંગાલ-ઓરિસ્સા), વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૭-૫૨. બુધ સિંહમાં સાંજે ક. ૧૬-૪૩. સૂર્ય પૂર્વાફાલ્ગુનીમાં રાત્રે ક. ૨૧-૪૫. વાહન મહિષી (સંયોગિયું નથી). ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૪૬. સામાન્ય દિવસ..

## ભારતે પાકનાં વિમાનો માટે એરસ્પેસ પ્રતિબંધ ૨૪ સપ્ટેમ્બર સુધી લંબાવ્યો

નવી દિલ્હી : ભારતે પાકિસ્તાની વિમાનો માટે તેના એરસ્પેસ બંધને ફરીથી ૨૪ સપ્ટેમ્બર સુધી લંબાવ્યો છે.

પાડોશી દેશે પણ ભારતીય વિમાનો માટે તેના એરસ્પેસ બંધને ૨૪ સપ્ટેમ્બર સુધી લંબાવ્યો છે. બંને દેશોએ એરસ્પેસ બંધને લંબાવતા એરમેનને અલગ-અલગ નોટિસ (નોટમ) જારી કરી છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોનાં મોત થયાં બાદ, ભારતે ૩૦ એપ્રિલથી પાકિસ્તાની એરલાઇન્સ અને ઓપરેટરો દ્વારા સંચાલિત, માલિકીના અથવા ભાડે લીધેલા વિમાનો, જેમાં લશ્કરી ફ્લાઇટ્સનો પણ સમાવેશ થાય છે, માટે તેનું એરસ્પેસ બંધ કરી દીધું છે. ત્યારથી, ભારત દ્વારા આ બંધ લંબાવવામાં આવ્યો છે. ૨૨ ઓગસ્ટના રોજ જારી કરાયેલા નોટમ મુજબ, પાકિસ્તાનમાં નોંધાયેલાં વિમાનો અને પાકિસ્તાન એરલાઇન્સ/ઓપરેટર્સ દ્વારા સંચાલિત/માલિકીના અથવા ભાડે લીધેલાં વિમાનો, જેમાં લશ્કરી ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે, માટે ભારતીય હવાઈ ક્ષેત્ર ઉપલબ્ધ રહેશે નહીં.

૨૩ સપ્ટેમ્બરના રોજ ૨૩.૫૯ કલાક (યુટીસી) સુધી, જે ૨૪ સપ્ટેમ્બરના રોજ ૦૫.૩૦ કલાક (આઈએસટી) થાય છે, હવાઈ ક્ષેત્ર બંધ રહેશે.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત સરકારે પાકિસ્તાન સામે લીધેલા વિવિધ પગલાંના ભાગ રૂપે આ પ્રતિબંધ શરૂઆતમાં ૨૪ મે સુધી હતો અને ત્યારબાદ દર મહિને લંબાવવામાં આવ્યો હતો.

૨૪ ઓગસ્ટ સુધી લાગુ રહેલા પ્રતિબંધો હવે ૨૪ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવ્યા છે.

પાકિસ્તાને ૨૦ ઓગસ્ટના રોજ ભારતીય વિમાનો માટે તેના હવાઈ ક્ષેત્ર બંધ રાખવાનો નોટમ પણ જારી કર્યો હતો.

સામાન્ય રીતે, નોટમ એ એક નોટિસ છે જેમાં ફ્લાઇટ કામગીરીમાં સામેલ કર્મચારીઓ માટે જરૂરી માહિતી હોય છે.

## ભારતથી અમેરિકાની અમુક ટપાલસેવા બંધ

### ૧૦૦ ડૉલર સુધીની ભેટ મોકલી શકાશે

નવી દિલ્હીઃ અમેરિકાના કસ્ટમ ખાતા દ્વારા જાહેર કરવામાં આવેલા નવા નિયમો સ્પષ્ટ ન હોવાને કારણે અમેરિકન ઍર કેરિયરે શિપમેન્ટ સ્વીકારવાનું બંધ કરી દેતાં ભારતથી અમેરિકાની અમુક ટપાલસેવા કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવી છે, એમ સંદેશવ્યવહાર ખાતાએ શનિવારે કહ્યું હતું.

જોકે પત્ર, દસ્તાવેજો અને ૧૦૦ ડૉલર સુધીની ભેટ વસ્તુની સેવા ચાલુ રહેશે. અમેરિકાના વહીવટીતંત્ર દ્વારા ૩૦ જુલાઈએ બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ ૨૯ ઑગસ્ટથી અમેરિકા મોકલાતા ૧૦૦ ડૉલર કરતાં વધુ મૂલ્યના સામાન પર કસ્ટમ ડ્યૂટી લાગુ પડશે.

આદેશમાં જણાવ્યાનુસાર યુએસ કસ્ટમ્સ ઍન્ડ બૉર્ડર પ્રૉટેક્શન (સીબીપી) દ્વારા માન્ય કરાયેલ આંતરરાષ્ટ્રીય પૉસ્ટલ નેટવર્ક કે અન્ય પાત્ર પાર્ટીએ પૉસ્ટલ શિપમેન્ટ પર ડ્યૂટી વસૂલવાની રહેશે.

સીબીપીએ ૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના આ અંગેની ચોક્કસ માર્ગદર્શિકા જાહેર કરી હતી જેને પગલે અમેરિકન ઍર કેરિયરે ઑપરેશનલ અને ટૅક્નિકલ તૈયારીના અભાવનું કારણ આપી પચીસ ઑગસ્ટ બાદ પૉસ્ટલ શિપમેન્ટ સ્વીકારવાની અક્ષમતા દર્શાવી હતી જેને પગલે પૉસ્ટ ખાતાએ પત્ર, દસ્તાવેજો અને ૧૦૦ ડૉલર કરતાં ઓછાં મૂલ્યનાં પાર્સલને બાદ કરતાં અમેરિકા આવતા તમામ પ્રકારના પૉસ્ટલ શિપમેન્ટનું બુકિંગ કરવાનું કામચલાઉ રીતે બંધ કરી દીધું હતું. (એજન્સી)

## ઉત્તરાખંડના ચમોલીમાં ભારે વરસાદે વેર્યો વિનાશ

ગોપેશ્વરઃ ચમોલી જિલ્લાના થરાલી નગરમાં શુક્રવાર રાતથી પડી રહેલા ધોધમાર વરસાદને લીધે નાળું છલકાતા અનેક ઘરો અને બજારોમાં પાણી સાથે કાટમાળ ઘૂસી ગયો હતો . આને લીધે એક યુવતીનું મરણ થયું હતું અને બીજી એક વ્યક્તિ ગૂમ થઈ હતી. વરસાદનું વધારાનું પાણી જે નાળામાં જાય છે એ ટુનરી ગધેરાનું પાણી તાલુકાની કચેરીમાં પ્રવેશતાં કચેરીમાં કાટમાળ જમા થયો હતો. આ નાળું પિંડર નદી સાથે જોડાય છે.

મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ યુવતીનાં મોત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. ટુનરી ગધેરા છલકાતાં તાલુકાનું સંકુલ, ચેપડોં બજાર, કોટદીપ બજાર અને આસપાસના વિસ્તારમાં અનેક જગ્યા કાદવગ્રસ્ત થઈ હતી.

અધિકારીએ કહ્યું હતું કે સાગવાડા ગામના એક ઘરમાં મહિલાનું કાટમાળ નીચે દબાઈ જતા મરણ થયું હતું. તેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો છે. બીજી બાજુ એક વ્યક્તિ ચેપડોં બજારમાં ગૂમ થઈ છે. કાટમાળ નીચે અમુક વાહનો દટાઈ ગયા છે. ઉપજિલ્લાધીકારીના ઘરને પણ નુકસાન થયુ ંહતું. ચમોલી ડિસ્ટ્રિક્ટ મેનેજમેન્ટ સેન્ટરના જણાવ્યા પ્રમાણે થરાલીને જોડતો કર્ણપ્રયાગ-ગ્વાડેમ નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. તદુપરાંત થરાલી-સાગવાડા મોટરવે અને ડુંગરી મોટરવે બંધ થઈ ગયા છે. જિલ્લા વહીવટીતંત્રે શનિવારે ત્રણ ડેવલપમેન્ટ બ્લોકની સ્કૂલોમાં રજા જાહેર કરી હતી. (એજન્સી)

### રાજસ્થાનમાં અનેક ઠેકાણે ભારે વરસાદ

જયપુરઃ રાજસ્થાનમાં કોટા, બુંદી, સવાઈ માધોપુર અને ટોન્કમાં ભારે વરસાદને કારણે પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી જેને લીધે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું, એમ અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતાં પૂર્વ રાજસ્થાનમાં રોડ અને રેલસેવા પ્રભાવિત થઈ હતી.

પાણી ભરાઈ જતાં અનેક ગામડાં વિખૂટા પડી ગયા હતા. કોટામાં સેના અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એનડીઆરએફ)ની ટીમ દ્વારા રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી તો સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એસડીઆરએફ)ની ટીમે વરસાદથી પ્રભાવિત અન્ય વિસ્તારોમાંથી અનેક લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. ડિઝાસ્ટર રિલીફ મિનિસ્ટર કિરોડી મીનાએ લોકસભાના સ્પીકર ઓમ બિરલા સાથે અસરગ્રસ્ત વિસ્તારનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. હવામાન ખાતાના જણાવ્યાનુસાર બુંદીમાં છેલ્લાં ૨૪ કલાકમાં સર્વાધિક એટલે કે ૫૦૨ મિ.મી. વરસાદ પડ્યો હતો. કોટા, સવાઈ માધોપુર, કારૌલી અને જયપુરમાં શનિવાર સવાર સુધીમાં ૧૦ સે.મી. વરસાદ નોંધાયો હતો જેને કારણે અનેક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. ભીલવાડા અને ચિત્તોડગઢમાં રેડ એલર્ટ તો બુંદી, કોટા, પાલી, રાજસમંદ, ઉદયપુર, ડુંગરપુર, બંસવારા, ઝાલોર અને સિરોહીમાં ઑરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## ભારતીયોને લઇ જતી બસને ન્યૂ યોર્કમાં અકસ્માતઃ પાંચનાં મોત

ન્યૂ યોર્ક : નાયગ્રા ફોલ્સથી ભારતીયો સહિત ૫૪ લોકો સાથે ન્યૂ યોર્ક સિટી પરત ફરી રહેલી એક ટૂર બસ આંતરરાજ્ય હાઇવે પર ક્રેશ થઈ ગઈ અને તેની બાજુમાં પલટી ગઈ, જેમાં પાંચ મુસાફરોનાં મોત થયાં અને ઘણા લોકો ઘાયલ થયા, એમ અધિકારીઓએ જણાવ્યું છે. રાજ્ય પોલીસ મેજર આન્દ્રે રેએ શુક્રવારે સાંજે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, બફેલોથી લગભગ ૪૦ કિમી પૂર્વમાં, ન્યૂ યોર્કના પેમ્બ્રોકમાં ઇન્ટરસ્ટેટ ૯૦ ની પૂર્વ તરફ, બસ પલટી ગઈ તે પહેલાં ડ્રાઇવર દેખીતી રીતે વિચલિત થઈ ગયો હતો.

તેમણે જણાવ્યું ન હતું કે ડ્રાઇવર કેવી રીતે વિચલિત થયો, પણ ઉમેર્યું હતું કે કારણ તપાસ હેઠળ છે.

રેએ કહ્યું કે મુસાફરો ૧ થી ૭૪ વર્ષની વયના હતા. અકસ્માત દરમિયાન ઘણા લોકોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, અને પાંચ લોકો - બધા પુખ્ત વયનાને - ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. રેએ જણાવ્યું હતું કે ઘણા અન્ય લોકો કાટમાળમાં ફસાઈ ગયા હતા અને તેમને બચાવી લેવામાં આવ્યા હતા. ડઝનેક લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. રેએ કહ્યું કે એવું લાગતું નથી કે અન્ય કોઈ લોકોને જીવલેણ ઈજાઓ થઈ હોય.

રેએ કહ્યું કે સૌ પ્રથમ, અમારા વિચારો, પ્રાર્થનાઓ અને હૃદય સંડોવાયેલા લોકો, તેમના મિત્રો અને તેમના પરિવારો પ્રત્યે છે.

રાજ્ય પોલીસે જણાવ્યું હતું કે બસમાં મોટાભાગના મુસાફરો ભારતીય, ચીની અને ફિલિપિનો વંશીય હતા, અને અધિકારીઓએ કટોકટી પ્રતિભાવમાં મદદ કરવા માટે અનુવાદકોને બોલાવ્યા હતા.

રેએ જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં યાંત્રિક ખામી અથવા ડ્રાઇવરની ખામીને નકારી કાઢવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડ્રાઇવર અકસ્માતમાં બચી ગયો હતો અને પોલીસને સહકાર આપી રહ્યો હતો. શુક્રવાર સાંજ સુધી કોઈ આરોપ દાખલ કરવામાં આવ્યો નથી, રેએ જણાવ્યું હતું.

મર્સી ફ્લાઇટ મેડિકલ ટ્રાન્સપોર્ટ સર્વિસે જણાવ્યું હતું કે તેના ત્રણ હેલિકૉપ્ટર અને અન્ય સેવાઓના ત્રણ હેલિકૉપ્ટર દ્વારા ક્રેશ સ્થળ પરથી લોકોને પરિવહન કરવામાં આવ્યા હતા.

પ્રદેશની હોસ્પિટલોએ જણાવ્યું હતું કે તેઓએ ૪૦ થી વધુ લોકોનું મૂલ્યાંકન કર્યું હતું અથવા તેમની સારવાર કરી હતી. માથામાં ઇજાઓથી લઈને તૂટેલા હાથ અને પગ સુધીની ઇજાઓ હતી.

બફેલોના એરી કાઉન્ટી મેડિકલ સેન્ટરમાં સર્જરીની જરૂર હોય તેવા બે લોકોના સ્વસ્થ થવાની અપેક્ષા છે, એમ સર્જરીના વડા ડો. જેફરી બ્રુઅરે જણાવ્યું હતું.

## ઈઝરાયલનો ગાઝામાં હુમલોઃ પચીસનાં મોત

ખાન યુનિસઃ ઈઝરાયલે ગાઝાપટ્ટીમાં હવાઈ હુમલા અને ગોળીબાર કરીને તંબુમાં આશરો લેનાર અથવા તો ખાદ્યપદાર્થની સહાય લેવા જનાર ઓછામાં ઓછા ૨૫ જણને મારી નાખ્યા હતા. ગાઝાના સૌથી મોટા શહેરમાં દુકાળ ફેલાઈ ગયો છે એવી અસામાન્ય જાહેરાતથી આખા વિશ્વમાં ચિંતા ફેલાઈ છે. ફૂડ પરની વિશ્વની સૌથી આગેવાન ઓથોરિટીની આ જાહેરાતને લીધે સરકારો અને સહાયક જૂથોએ ઈઝરાયલને ૨૨ મહિના જૂના યુદ્ધને રોકવાની વિનંતી બુલંદ કરી હતી. હમાસે સાત ઓક્ટોબર, ૨૦૨૩એ આતંકવાદી હુમલો કરતાં ઈઝરાયલે પેલેસ્ટાઈન પર આક્રમણ કર્યું હતું. સહાય જૂથો મહિનાઓથી ચેતવણી આપી છે કે યુદ્ધ અને ઈઝરાયલના ગાઝામાં ફૂડ લાવવા પરના પ્રતિબંધને લીધે ગાઝામાં નાગરિકોમાં ભૂખમરો ફેલાયો છે. ઈઝરાયલે દુકાળની જાહેરાતને જુઠાણું ગણાવ્યું હતું અને તેનું લશ્કર ચોમેરથી ઘેરાયેલા ગાઝા શહેર પર કબજો જમાવવા માગે છે. મધ્યસ્થીકારો ઈઝરાયલની આગામી ચાલની પ્રતિક્ષા કરી રહ્યા હોવાથી યુદ્ધ વિરામના પ્રયાસો થંભી ગયા છે. ઈઝરાયલના હુમલાને લીધે દક્ષિણ ગાઝામાં ઓછામાં ઓછા ૧૪ જણ મરણ પામ્યા હતા. માર્યા ગયેલામાંથી અડધા મહિલા અને બાળકો છે. (એજન્સી)

## કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને તેમની પત્નીનું માર્ગ અકસ્માતમાં મોત

મઉઃ ઉત્તર પ્રદેશના મઉ જિલ્લાના દોહરીઘાટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે સવારે નાગપુર સ્થિત કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ એવા પ્રોફેસર હરેરામ ત્રિપાઠી અને તેમના પત્નીના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. અધિક પોલીસ અધિક્ષક(એએસપી) અનૂપ કુમારના જણાવ્યા અનુસાર દોહરીઘાટ પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં આવતા ગોરખપુર-વારાણસી હાઇવે પર કુસ્મા ગામમાં તેમની કાર એક પાર્ક કરેલા ટ્રેલર ટ્રક સાથે અથડાતા ભીષણ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભીષણ હતો કે કારમાં સવાર ત્રિપાઠી(૫૮) અને તેમના પત્ની બાદામી દેવી(૫૬)ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર દંપતી વારાણસીથી કુશીનગર જિલ્લામાં આવેલા તેમના ગામ જઇ રહ્યા હતા. આ અકસ્માતમાં કારચાલક વૈભવ મિશ્રા(૩૫) ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માત બાદ ડ્રાઇવરને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું એએસપી કુમારે જણાવ્યું હતું.

## બનાવટી ચલણી નોટો જપ્ત

રાંચી (ઝારખંડ)ઃ ઝારખંડના રાંચીમાં બે ઈસમ પાસે બે કરોડ રૂપિયાની કિંમતની બનાવટી ચલણી નોટ પકડાતા તેમની ધરપકડ કરવામાં આવી હતી, એવી માહિતી પોલીસે આપી હતી. પોલીસે કહ્યું હતું કે ૫૦૦ રૂપિયાની ૪૨ બંડલ ધરાવતા ત્રણ કાર્ટુન સુખદેવ નગર પોલીસ સ્ટેશનની હદમાં રહેલી રાતુ રોડના ન્યૂ માર્કેટ ચોકની નજીક બસમાંથી કારમાં ખસેડવામાં આવ્યા ત્યારે જપ્ત કરવામાં આવ્યા હતા.

અધિકારીએ માહિતી આપી હતી કે કન્સાઈનમેન્ટ બિહારના પટણામાંથી આવ્યું હતું. સુખદેવ નગર પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ કૃષ્ણા કુમાર સાહુએ કહ્યું હતું કે બનાવટી ચલણી નોટના ત્રણ કાર્ટુન જપ્ત કરવામાં આવ્યાં હતાં એક કાર્ટુન ખોલવામાં આવ્યું ત્યારે એમાં બનાવટી ભારતીય ચલણી નોટના ૪૨ બંડલ મળી આવ્યાં હતાં.

આ ૪૨ બંડલ બે અલગ પેકેજમાં હતા. એક પેકેજમાં ૨૦ બંડલ હતાં અને દરેકમાં ૫૦૦ રૂપિયાની ૩૦૦ નોટ હતી. બીજા પેકેજમાં ૨૨ બંડલ હતાં અને દરેકમાં ૫૦૦ રૂપિયાની ૩૫૦ બનાવટી નોટ હતી. અમારો અંદાજ છે કે બનાવટી નોટનું કુલ મૂલ્ય બે કરોડ રૂપિયાનું છે. બીજા બે કાર્ટુનમાં રહેલી બનાવટી નોટની ગણતરી થઈ રહી છે. (એજન્સી)

## ઝારખંડમાં ભારે વરસાદને કારણે પાંચનાં મોત, એક ગુમ

રાંચી/સેરાઇકેલાઃ ઝારખંડના અનેક ભાગોમાં ભારે વરસાદને કારણે પાંચ લોકોનાં મોત થયાં છે. જ્યારે એક વ્યક્તિ ગુમ છે. તેમજ અનેક લોકો ઘાયલ થયા છે. આ જાણકારી અધિકારીઓએ શનિવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શુક્રવારે રાત્રે સેરાઇકેલા-ખરસાવન જિલ્લામાં એક ઘર ધરાશાયી થતાં એક મહિલા અને તેના સાત વર્ષના પુત્રનાં મૃત્યુ થયાં હતાં. તેમણે કહ્યું કે રાજનગર બ્લોકના દાંડુ ગામમાં બનેલી આ ઘટનામાં આઠ લોકો ઘાયલ થયા છે.

રાજનગરના બીડીઓ મલય દાસે જણાવ્યું કે જમશેદપુરની એમજીએમ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મહિલા અને તેના પુત્રનું મૃત્યુ થયું હતું. સંતોષ લોહાર નામના વ્યક્તિનું કાચું ઘર તૂટી પડતાં અન્ય આઠ લોકો પણ ઘાયલ થયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના ત્યારે બની જ્યારે સંબંધીઓ લોહારના ઘરે આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે જિલ્લામાં બીજી એક ઘટનામાં શનિવારે સવારે એક ઘરની દીવાલ ધરાશાયી થતાં પાંચ વર્ષના બાળકનું મોત નીપજ્યું હતું. તેમજ અન્ય ત્રણ ઘાયલ થયા હતા. તેમણે જણાવ્યું કે આ ઘટના ખરસાવન પોલીસ સ્ટેશન હેઠળના કોલ શિમલા ખાતે સવારે લગભગ ૪ વાગ્યે બની હતી.

પોલીસે વધુમાં જણાવ્યું કે ચતરા જિલ્લામાં શુક્રવારે ઉફાણ પર આવેલી સિયારી નદીમાં એક દંપતી વહી ગયું હતું. આ ઘટના કટઘરા ગામમાં બની હતી. ગિધૌરના બીડીઓ રાહુલ દેવે જણાવ્યું કે પતિનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે પત્ની હજુ પણ ગુમ છે. અધિકારીઓએ જણાવ્યું કે જિલ્લાના પથલગડા બ્લોકના ખૈરટોલા ગામમાં વરસાદ સંબંધિત ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે.

## બિહારમાં ટ્રક અને મિનિ-વેન વચ્ચે ભીષણ ટક્કર થતાં આઠનાં મોત

પટનાઃ બિહારમાં પટનાના સીમાડે શનિવારના રોજ એક મિનિ વેન અને ટ્રક સામસામે અથડાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં આઠ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત પટના-નાલંદા સરહદ નજીક શાહજહાંપુરમાં વહેલી સવારે થયો હતો. મૃતકોમાં સાત મહિલાઓનો સમાવેશ થાય છે. એસપી(ગ્રામીણ) વિક્રમ સિંહે જણાવ્યું કે ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ ટ્રકનો ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.આ દુર્ઘટનામાં જાનહાનિ અંગે મુખ્ય પ્રધાન નીતીશ કુમારે શોક વ્યક્ત કર્યો હતો.

### રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં ચારનાં મોત

જયપુરઃ રાજસ્થાનના ડિડવાના-કુચમાન જિલ્લામાં શનિવારે સવારે એક બસ અને જીપ વચ્ચે ભીષણ અથડામણ થઇ હતી. જેમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત લાડનુન-સુજાનગઢ રોડ પર થયો હતો. મુસાફરોને મોમાસર ગામથી પુષ્કર લઇ જતી જીપ રાજસ્થાન રોડવેઝની એક બસ સાથે અથડાતા ભીષણ અકસ્માત સર્જાયો હતો. મૃતકોની ઓળખ શારદા દેવી, લિછમા, તુલચી દેવી અને ઓમપ્રકાશ તરીકે થઇ છે. જ્યારે ઘાયલ રૂપા, ભોજરાજ, મુરલી અને મમતાની સારવાર ચાલી રહી છે.

# વડા પ્રધાન મોદી અમદાવાદમાં સભા પહેલાં ૧.૬ કિમી.નો રોડ શો કરશેઃ ₹૨૫૪૮ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ રોજ ગુજરાતની મુલાકાત લેશે. ૨૫ ઓગસ્ટે અમદાવાદના નિકોલ વિસ્તારમાં જાહેરસભા ઉપરાંત તેઓ ૧.૬ કિમી.નો રોડ શો પણ યોજશે. બપોરે ૪ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આગમન થયા બાદ વડા પ્રધાન હરિદર્શન ચાર રસ્તાથી ખોડલધામ ગ્રાઉન્ડ સુધી રોડ શો યોજશે. ત્યારબાદ ગ્રાઉન્ડમાં જાહેરસભાને સંબોધશે. તેમના રોડ શો અને સભામાં એક લાખ લોકો એકત્રિત થવાનો અંદાજ છે. વડા પ્રધાન મોદી એરપોર્ટ પરથી સીધા નિકોલના ખોડલધામ ગ્રાઉન્ડ પર જશે. અમદાવાદ એરપોર્ટથી ઈન્દિરા સર્કલ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે. એરપોર્ટથી ઇન્દિરા સર્કલ સુધી વિવિધ ૧૨ સ્ટેજ બનાવવામાં આવ્યા છે.

વડા પ્રધાન મોદી તેમના પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા ₹૨૫૪૮ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદમાં શહેરી વિકાસ વિભાગના ₹૨૨૬૭ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદ મનપા દ્વારા ₹૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ઇન સિટુ સ્લમ રિહેબિલિટેશન ઘટક હેઠળ રામાપીરના ટેકરામાં સેક્ટર-૩માં આવેલ ૧૪૪૯ ઝુંપડાઓનાં પુનઃવસનની કામગીરી કરવામાં આવી છે, જેનું તેઓ લોકાર્પણ કરશે. આ કેમ્પસમાં કોમન પ્લોટ, આંગણવાડી, હેલ્થ સેન્ટર, સોલર રૂફટોપ સિસ્ટમ, દરેક ઘરમાં પી.એન.જી. ગેસ કનેક્શન જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) અંતર્ગત જલ જીવન મિશન હેઠળ પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં આવશે. આ માટે દસ્ક્રોઈ તાલુકામાં ₹૨૭ કરોડના ખર્ચે ૧૫ લાખ લિટર ક્ષમતા ધરાવતો ક્લિયર વોટર પમ્પ તેમજ વોટર પમ્પિંગ સ્ટેશન બનાવી ૨૩ કિ.મી. લંબાઇમાં ટ્રન્ક મેઇન પાઇપલાઇન નાખવામાં આવી છે, જેનું પણ તેઓ લોકાર્પણ કરશે.

અમદાવાદમાં થનારા ખાતમુહૂર્તના કામોમાં શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમનું બાંધકામ અને ૫ વર્ષનું સંચાલન અને જાળવણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટ્રીટ ફર્નિચર સાથે લો ગાર્ડન અને મીઠાખળી પ્રિસિંક્ટનો વિકાસ, થલતેજ વોર્ડ અને પશ્ચિમ ઝોનના નારણપુરા વોર્ડ, પશ્ચિમ ઝોન ચાંદખેડામાં નવું વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનનું નિર્માણ, અમદાવાદ શહેરમાં સાબરમતી અને અમદાવાદ સ્ટેશન વચ્ચે ફોર લેન અસારવા રેલવે ઓવર બ્રિજનું પુનર્નિર્માણ વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, દક્ષિણ પશ્ચિમ ઝોનના સરખેજ વોર્ડ ખાતે મિનિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું બાંધકામ કરવામાં આવશે. આ મિનિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સાઉથ બોપલ વિસ્તારમાં આવેલ મ્યુનિસિપલ પ્લોટ પર બનાવવામાં આવશે, જે માટે લગભગ ₹૫૬.૫૨ કરોડનો ખર્ચ થશે. આ પ્રોજેક્ટ અમદાવાદને સ્પોર્ટ્સ હબ બનાવવામાં યોગદાન આપશે.

આ સાથે જ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની કલાણા-છારોડીમાં આવેલ ટી.પી.સ્કીમ. નં. ૧૩૯/સી, ૧૪૧ અને ૧૪૪માં ૨૪ મી. અને ૩૦ મી. રોડ ફોર લેન બનાવવા અંગેનું કામ ₹૩૮.૨૫ કરોડના ખર્ચે કરવામાં આવશે, જેનું વડા પ્રધાન ખાતમુહૂર્ત કરશે.

સરદાર પટેલ રિંગ રોડ છ લેન સુધી પહોળો કરવામાં આવશે. આ છ માર્ગીય મુખ્ય માર્ગ ઉપરાંત, ૩૨ કિ.મી લંબાઈમાં ચાર માર્ગીય સર્વિસ રોડ, ૩૦ કિમી. લંબાઈમાં ત્રિ-માર્ગીય સર્વિસ રોડ બનશે. આ માટે કુલ પ્રોજેક્ટ ખર્ચ ₹૧,૬૨૪ કરોડ છે, આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું પણ તેઓ ખાતમુહૂર્ત કરવાના છે.

નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ ₹૨૮૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાના છે. આમાં ગાંધીનગર મહાનગરપાલિકા (જીએમસી) દ્વારા ₹૨૪૩ કરોડ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) દ્વારા ₹૩૮ કરોડના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ₹૨૪૩ કરોડના હાથ ધરાયેલા લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રોજેક્ટ્સ દ્વારા શહેરમાં આધુનિક અને સુવ્યવસ્થિત રસ્તાની સુવિધાઓ ઊભી થશે, જાહેર સ્વચ્છતા અને આરોગ્યના ધોરણોમાં વધારો થશે, પૂર અને વોટરલોગિંગ જેવી સમસ્યાઓને અસરકારક રીતે અટકાવવામાં આવશે તેમજ દરેક નાગરિકને શુદ્ધ અને સુરક્ષિત નર્મદા પીવાનું પાણી સતત ઉપલબ્ધ થશે.

₹૪૪ કરોડના ખર્ચે પેથાપુર અને રાંધેજા ખાતે ચરેડી હેડવર્ક્સથી ચાર ઊંચા સંગ્રહ ટાંકા (ઈએસઆર) સુધી નવી યોજાયેલ પાઇપલાઇન પ્રણાલીની મદદથી શુદ્ધ નર્મદા પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનું વડા પ્રધાન લોકાર્પણ કરશે. આ પ્રકલ્પથી આશરે ૫૫,૦૦૦ નાગરિકોને લાભ થશે, જેના પરિણામે આરોગ્ય, સ્વચ્છતા અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હેઠળ ડભોડા ખાતે ₹૩૮.૧૪ કરોડના ખર્ચે ૧.૦ એમ.એલ.ડી. ક્ષમતાના ૨-નંગ સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, ૨.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, ૪ સુએજ પંપિંગ સ્ટેશન તથા ગામતળમાં ડ્રેનેજ નેટવર્ક કામગીરી કરવામાં આવી છે, જેનું વડા પ્રધાન લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટથી આશરે ૧૭,૦૦૦ લોકોને લાભ થશે. ■

# રાજકોટમાં ફરી હાઇ કોર્ટની બેન્ચની માગઃ વકીલોએ ભાજપના નેતાઓને કરી રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે હાઇ કોર્ટની બેન્ચ ફરીથી શરૂ કરવાની માગ ઊઠી હતી. છેલ્લા ૧૫ દિવસથી વકીલો આ માટે પ્રયાસ કરી રહ્યા છે, અને આ રજૂઆતના ભાગરૂપે ભાજપના લીગલ સેલના વકીલોએ રાજકોટ શહેર ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે શહેર ભાજપ પ્રમુખ, સાંસદો અને ધારાસભ્યોને લેખિતમાં રજૂઆત કરી હતી.

ભાજપ લીગલ સેલના વકીલો એકઠા થઈને ભાજપના નેતાઓને લેખિતમાં રજૂઆત કરી અને સરકાર સુધી આ માગ પહોંચાડવા વિનંતી કરી હતી. નેતાઓએ આ માગણી પ્રત્યે હકારાત્મક વલણ દર્શાવ્યું હતું અને વકીલોને તેઓ આ રજૂઆત સરકાર સમક્ષ મૂકશે તેવી ખાતરી આપી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સૌરાષ્ટ્રને હાઇ કોર્ટની બેન્ચ આપવાની આ માગ ૧૯૮૩થી ચાલી રહી છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને તેમના ઘરઆંગણે જ ઝડપી અને સસ્તો ન્યાય મળે તે છે. આ માગણી પાછળનું મુખ્ય કારણ સૌરાષ્ટ્ર-કચ્છના લોકોની મુશ્કેલીઓ દૂર કરવાનું છે. હાલમાં ઓખા, પોરબંદર, દ્વારકા, સોમનાથ, અમરેલી અને ઉના જેવા વિસ્તારોમાંથી આવતા લોકોને ન્યાય માટે અમદાવાદના ધક્કા ખાવા પડે છે. આ અંતર ૪૦૦ કિલોમીટરથી પણ વધુ હોય છે, જેના કારણે લોકોને સમય અને પૈસા બંનેનો બગાડ થાય છે. રાજકોટમાં બેન્ચ શરૂ થવાથી આ બધા લોકોને સમયસર ન્યાય મળી શકશે.

રવિવારે સૌરાષ્ટ્ર અને કચ્છના ૮૦થી વધુ બાર એસોસિએશનના હોદ્દેદારો રાજકોટ આવશે. તેઓ કાલાવડ રોડ પર આવેલી આત્મીય યુનિવર્સિટી ખાતે એક બેઠક યોજીને આ લડતને વધુ મજબૂત બનાવવા માટેની રણનીતિ ઘડશે. ■

# ગાઝા પીડિતોના નામે ફંડ એકત્ર કરતી સિરિયન ગેંગનો સભ્ય અમદાવાદમાંથી ઝડપાયોઃ ત્રણ સાથી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાઝા યુદ્ધના પીડિતોના નામે ગુજરાતની મસ્જિદોમાંથી કથિત રીતે ફંડ એકત્ર કરતા એક સિરિયન નાગરિકની પોલીસે ધરપકડ કરી હતી. શનિવારે એક અધિકારીએ જણાવ્યું કે આ લોકો પ્રાથમિક દ્રષ્ટિએ પોતાની મોજશોખ ભરી જીવનશૈલી માટે ફંડ એકઠું કરતા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ દેશની આંતરિક સુરક્ષા માટે ખતરો ઊભો કરી શકે છે. કેન્દ્રીય અને રાજ્ય સરકારની એજન્સીઓ આ પાછળનો હેતુ શોધવાનો પ્રયાસ કરી રહી છે.

અધિકારીએ જણાવ્યું કે ક્રાઈમ બ્રાન્ચે પ્રવાસી વિઝા પર ભારતમાં આવેલા અલી મેઘત અલ-અઝહર નામના વ્યક્તિની અટકાયત કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે એક નિવેદનમાં જણાવ્યું કે, ગાઝા પીડિતોના નામે મસ્જિદોમાંથી પૈસા ઉઘરાવવા બદલ એક સિરિયન ગેંગના સભ્યની અટકાયત કરવામાં આવી હતી. તેના ત્રણ સાથીદારોને પોલીસ કાર્યવાહીની ગંધ આવી જતાં ફરાર થઈ ગયા હતા.

ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, આરોપીઓ ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યા હતા અને આવી ગતિવિધિઓમાં સામેલ હતા. તેમની આ ગતિવિધિ દેશના ટુરિસ્ટ વિઝાના નિયમોનું ઉલ્લંઘન છે. પૂછપરછ દરમિયાન, ધરપકડ કરાયેલા આરોપીએ ખુલાસો કર્યો કે આ ગેંગ તેમની મોંઘી લાઇફ સ્ટાઇલ માટે પૈસા એકઠા કરી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરાયેલા આરોપીને બ્લેકલિસ્ટ કરીને તેને દેશમાંથી હાંકી કાઢવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ■

# ગુજરાતનાં બે ગામોએ પોતાના દારૂબંધીના નિયમો બનાવ્યા, દારૂ પીવા બદલ ₹ ૨૧,000નો દંડ

અમદાવાદઃ ગુજરાતનાં બે ગામોએ દારૂબંધીના કાયદાકીય પ્રતિબંધોથી પણ આગળ વધીને સમુદાય આધારિત કડક નિયમો બનાવવામાં આવ્યા છે. ગ્રામજનો તેને 'સ્વ-વિનાશ' સામે એક બિન-વાટાઘાટપાત્ર સામાજિક કરાર ગણાવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના ૧૭૦૦ લોકોના વસવાટવાળા શેરગઢ ગામમાં લગભગ ૨૬ વર્ષ પહેલાં, પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમનું આયોજન કરવા માટે એક બેઠક યોજાઈ હતી. તે દરમિયાન, મહિલાઓએ પ્રશ્ન કર્યો કે પુરુષો દારૂ અને તમાકુ પાછળ પૈસા કેમ વેડફે છે. આ ચર્ચાએ ગામના ઠરાવનો માર્ગ મોકળો કર્યો હતો. સર્વાનુમતે, ગામમાં માત્ર દારૂ અને તમાકુ પર જ નહીં, પરંતુ પેકેટવાળા ખોરાક અને અંતે પતંગ ઉડાડવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નિયમો તોડવા માટે દંડ પણ સખત નક્કી કરવામાં આવ્યો હતો. જો કોઈ નિયમનો ભંગ કરતાં પકડાય તો તેને રૂ. ૫૦૦નો દંડ અને એક ક્વિન્ટલ અનાજ પંચાયતને જમા કરાવવું પડે છે.આ અનાજ ગરીબ પરિવારો અને રખડતા પશુઓને વહેંચવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાતના દારૂબંધીના કાયદા છતાં, રાજસ્થાન સાથેની અમારી સરહદને કારણે અહીં દારૂની દાણચોરી સહેલી હતી. સમુદાયના આ પગલાથી અમે તેને સંપૂર્ણપણે બંધ કરી દીધી. અમે મસાલા જે ગુજરાતમાં એક સામાન્ય વ્યસન છે, તેમાંથી પણ છુટકારો મેળવ્યો હતો.મહેસાણા જિલ્લાના બેચરાજી નજીક આવેલા ખાંભેલા ગામમાં સ્થિતિ વધુ ગંભીર હતી. ૩૫૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં ગયા વર્ષે ૨૦ વર્ષની ઉંમરના ત્રણ યુવાનોનાં મૃત્યુ થયાં હતાં. સૂત્રોએ જણાવ્યું, ચૂંટણી દરમિયાન મહિલાઓ આવીને કહ્યું કે દર વર્ષે અમારા ત્રણ-ચાર દીકરાઓ આવી રીતે મૃત્યુ પામે છે. ■

# અમદાવાદમાં સરકારી વાહનચાલકો બેફામ બન્યા, ત્રણ વર્ષમાં ૧૩૨ અકસ્માત સર્જ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સરકારી વાહનોના ચાલકો પર કોન્ટ્રાક્ટરો કે તંત્રના અધિકારીઓનો કાબૂ ન રહેતા બેફામ અને માતેલા સાંઢ બન્યા હોવાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. તાજેતરમાં ગાયકવાડ હવેલી વિસ્તારમાં અમદાવાદ મનપાની ડોર ટુ ડોર કચરાની ગાડીના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ ભયાનક અકસ્માતના સીસીટીવી દૃશ્યોમાં ડ્રાઈવરની બેદરકારી સ્પષ્ટપણે જણાઈ આવી હતી. જો કે કેટલાક વર્ષોમાં સરકારી વાહનચાલકો પણ બેફામ બની વાહનો હંકારે છે.

મળતી વિગતો મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી વાહનોએ કુલ ૧૩૨ અકસ્માત સર્જ્યા છે. આ ૧૩૨ અકસ્માતમાં ૪૨ લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે, જ્યારે ૬૧ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તો ૨૦ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સૌથી વધુ અકસ્માત વર્ષ ૨૦૨૩માં સર્જાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું, જેમાં સૌથી વધુ ટ્રાન્સપોર્ટ વિભાગના વાહનોએ અકસ્માત કર્યા હોવાનું બહાર આવ્યુ છે. એએમટીએસ, બીઆરટીએસ અને એસટી વિભાગના વાહનોના ચાલકો બેફામ સ્પીડે વાહન હંકારતા હોવાથી આ અકસ્માત સર્જાય છે. ■

# અમદાવાદમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઊડયા, ધોળા દિવસે હત્યાથી લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સતત વધી રહેલી ગુનાખોરી સતત ચિંતાનો વિષય બન્યો છે. ગુનેગારોને જાણે પોલીસનો ડર જ રહ્યો ન હોય એમ બેફામ બન્યા છે. દેશના સુરક્ષિત શહેર પૈકીના એક અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં ચાલી રહેલી ગેંગવોરમાં યુવકનું અપહરણ કરીને તેની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ૨૨ ઑગસ્ટ શુક્રવારના રોજ કેટલાક અસામાજીક તત્ત્વોએ રોડની વચ્ચે જ ૧૦થી વધુ લોકો ધારિયા જેવાં ઘાતક હથિયારો સાથે એક યુવક પર તૂટી પડ્યા હતા. થોડા સમય પહેલાં યુવકના ભાઈ પર જ્યાં હુમલો થયો હતો, એ જ સ્થળે યુવકની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી.

લોહિયાળ ગેંગવોરના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ મામલે કાગડાપીઠ પોલીસે વિજય, શૈલેષ અને પૂનમ પટણી નામના ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. અન્ય ફરાર આરોપીઓને પકડવા પાંચ ટીમ બનાવવામાં આવી છે.

આ હત્યાકાંડ વિપુલ અને સતીશ ગેંગ વચ્ચે છેલ્લા અઠવાડિયાથી ચાલી રહેલી ગેંગવોરનું પરિણામ છે. થોડા દિવસ પહેલા વિપુલ નામના યુવક પર સતીશ અને તેની ગેંગે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાનો બદલો લેવા માટે વિપુલની ગેંગે સતીશને શોધવાનું ચાલું કર્યું હતું, પરંતુ સતીશ તો હાથમાં ના આવ્યો પણ તેનો ભાઈ દીપક ઉર્ફે હુક્કો હાથમાં આવી જતા તેના પર હુમલો કરી તેને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. આ હુમલા બાદ દીપકને હૉસ્પિટલમાંથી રજા મળતા જ સતીશે બદલો લેવાનું કાવતરું રચ્યું હતું.

સતીશે પોતાના ભાઈ દીપક પર જ્યાં હુમલો થયો હતો તે જ જગ્યાએ વિપુલની ગેંગના નીતિનનું અપહરણ કરીને ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં નીતિનને સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. પોલીસે આ મામલે હત્યા અને અપહરણનો ગુનો નોંધીને તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાએ ફરી એકવાર સામાજિક વૈમનસ્ય અને કાયદાના શાસન સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ■

# વડા પ્રધાનના અમદાવાદ કાર્યક્રમ માટે એસટી વિભાગ ૨૫ ઑગસ્ટે ૨૯૦ બસ દોડાવશે

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૫ ઑગસ્ટે અમદાવાદની મુલાકાતે આવશે. તેઓ શહેરના ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે આયોજિત વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. વડા પ્રધાનના કાર્યક્રમમાં મહેસાણા જિલ્લામાંથી અને કલોલ પંથકમાંથી લોકોને લાવવા-લઈ જવા માટે મહેસાણા એસ.ટી. ડિવિઝનની ૨૫૦ અને કલોલ ડેપોની ૪૦ બસ મળી કુલ ૨૯૦ નિગમની સરકારી બસોને દોડાવવામાં આવનાર છે. લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમમાં મહેસાણા જિલ્લામાંથી ડેલિગેટ્સ સહિત આશરે ૧૨,૦૦૦ થી વધુ લોકોને લાવવા-લઈ જવા માટે મહેસાણા એસ.ટી. વિભાગની ૨૫૦ બસ અને કલોલ ડેપોની ૪૦ બસ મળી કુલ ૨૯૦ સરકારી બસને દોડાવવામાં આવશે. મળતી વિગત મુજબ, કડી શહેર ૦૮, કડી ગ્રામ્ય ૪૨, બેચરાજી ૨૦, જોટાણા ૨૦, મહેસાણા શહેર ૨૫, મહેસાણા ગ્રામ્ય ૪૫, ઊંઝા શહેર ૦૩, ઊંઝા ગ્રામ્ય ૧૨, વિસનગર શહેર ૦૫, વિસનગર ગ્રામ્ય ૧૮, વિજાપુર શહેર ૦૫, વિજપુર ગ્રામ્ય ૨૨, ખેરાલુ ૧૦, વડનગર ૧૦, સતલાસણા ૦૫, કલોલ ડેપો. ૪૦ બસો ટ્રિપ મારશે. ■

# સુરત સિવિલમાંથી બે કેદી ફરારઃ પોલીસ તપાસનો ધમધમાટ શરૂ

અમદાવાદઃ સુરતની નવી સિવિલ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગંભીર ગુનાના બે કેદી ફરાર થઈ જતા પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો છે. પોલીસે આ બે કેદીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. માત્ર ૨૪ કલાકના સમયગાળામાં બે કેદીઓ પોલીસને હાથતાળી આપીને ફરાર થઈ જતાં પોલીસની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ બંને ઘટનાઓમાં આરોપીઓ હૅસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા અને પોલીસ જાપ્તામાં હોવા છતાં ભાગી છૂટ્યા હતા. આ ઘટનાઓને પગલે ખટોદરા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી વિગત મુજબ, કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં મે ૨૦૨૫માં હત્યાના ગુનામાં નોંધાયેલો આરોપી ઉત્તમ ધનગઢ ફરાર થઈ ગયો હતો. મૂળ મહારાષ્ટ્રનો ઉત્તમ ધનગઢ પલસાણામાં રહેતો હતો, તેને ખભાના ભાગે ઈજા થતાં સારવાર માટે સબ જેલમાંથી નવી સિવિલ હૅસ્પિટલ લાવવામાં આવ્યો હતો. પોલીસ જાપ્તા સાથે આવેલા આ આરોપીને સારવાર આપવામાં આવી રહી હતી. સારવાર બાદ જ્યારે પોલીસ કર્મચારીઓ તેને લઇને દવાની લાઈનમાં ઊભા હતા ત્યારે આરોપી અચાનક પોલીસકર્મીઓને ધક્કો મારી હાથકડી સાથે ભાગી છૂટ્યો હતો.

જ્યારે પોક્સોના ગુનાના આરોપી શુભમ શર્માને રાજકોટ જેલમાંથી સેશન્સ કોર્ટમાં રજૂ કરવા માટે લાવવામાં આવ્યો હતો. કોર્ટમાં રજૂઆત દરમિયાન તેને ખેંચ આવતા તે બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે સુરત નવી સિવિલ હૉસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, હૉસ્પિટલમાં સારવાર હેઠળ હોવા દરમિયાન તે જાપ્તામાં રહેલા પોલીસકર્મીઓની નજર ચૂકવીને હૉસ્પિટલમાંથી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ, ખડોદરા અને વરાછા પોલીસની ટીમો દ્વારા આરોપીને પકડવા માટે સઘન શોધખોળ ચાલી રહી છે. ■

# અમદાવાદમાં વિદ્યાર્થીની હત્યાના પડઘા પડ્યા, પૂર્વ વિસ્તારનાં બજારો સજજડ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરામાં આવેલી વિવાદાસ્પદ સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યાના મામલે ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં શાળાના આચાર્ય અને તેમના સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવતા આ મામલે સ્કૂલના આચાર્ય, સિક્યોરિટી ગાર્ડ અને એડમિનિસ્ટ્રેશન સ્ટાફ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું હતું કે, શાળાની બહાર આરોપી વિદ્યાર્થીએ પેટમાં બોક્સ કટરના ઘા માર્યા હતા. ત્યારબાદ મૃતક નયન સંતાણી પેટને રૂમાલથી કવર કરીને ચાલતો ચાલતો સ્કૂલની પાળી પર આવીને બેસી ગયો હતો.

આ સમયે સિક્યોરિટી ગાર્ડથી માંડીને અન્ય સ્ટાફને જાણ થઈ હોવા છતાંય, તેને હોસ્પિટલ લઈ જવાની કે પોલીસ જાણ કરવાની તસ્દી લીધી નહોતી. ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઇને ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો છે. જોકે, આ મામલે વિદ્યાર્થીના ન્યાય માટે વેપારીઓ મેદાને આવ્યા છે. વેપારીઓએ શનિવારે ધંધા-રોજગાર બંધ રાખીને મૃતક વિદ્યાર્થી માટે ન્યાયની માંગ કરી હતી.

શહેરના કાલપુર, રાયપુર, સરસપુર, સારંગપુર અને રિલિફ રોડ સહિતના વિવિધ વિસ્તારના વેપારીઓની સહમતી સાથે અમદાવાદ વેપારી મહાસંગઠન દ્વારા શનિવારે બંધનું એલાન અપાયું હતું. આ ઉપરાંત અન્ય પણ કેટલાક વેપારી મંડળ-એસો. બિઝનેસ પાર્ક બંધ પાળ્યાં હતાં. તમામ દુકાનો, બજારો, માર્કેટ, મોટા બિઝનેસ પાર્ક બંધ રહ્યા હતા. વેપારી મંડળો પોસ્ટર અને બેનરો સાથે નયન માટે ન્યાયની માગ સાથે ધરણા પર બેઠા હતા. ■

# અમદાવાદમાં આ વર્ષે પ્રીમિયમ ગરબા બમણા યોજાશે, પ્રતિ વ્યક્તિ ચાર્જ ₹ ૧,000 થી ₹ ૧0,000 સુધી રહેશે

અમદાવાદઃ શહેરમાં આ વર્ષે નવરાત્રીનું આયોજન મોટા પ્રમાણમાં થશે તેથી ખેલૈયાઓને ગરબે રમવાનું વૈવિધ્ય મળી રહેશે. અમદાવાદમાં ગરબા આયોજકો આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૫૦ ટકા વધુ ઇવેન્ટ્સનું આયોજન કરી રહ્યા છે. જોકે, સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ખાનગી, આમંત્રણ-માત્ર-ગરબા અને એક કે બે રાત માટે આયોજિત એક્સક્લુઝિવ પ્રીમિયમ કોમર્શિયલ ઇવેન્ટ્સમાં ભારે વધારો થયો છે. સજાવટ, થીમ્સ અને આનંદ માણનારાઓ માટે પ્રીમિયમ ઓફરો ધરાવતી આ ઇવેન્ટ્સ, આયોજકોને પ્રતિ રાત્રિ રૂ. ૧ કરોડથી રૂ. ૧.૫ કરોડની વચ્ચે ખર્ચ કરી શકે છે.

કંપનીઓ, કોર્પોરેટ ગૃહો, સંસ્થાઓ અને મિત્રોનાં જૂથો દ્વારા તેમના વિશિષ્ટ પ્રેક્ષકોને સંતોષવા માટે ઘણા એક-રાત્રિ અને બે-રાત્રિ ગરબા કાર્યક્રમો આયોજિત કરી રહ્યા છે.આ વર્ષે ગરબા ઇવેન્ટ્સ ૫૦ ટકા વધુ હશે, પરંતુ તેને કસ્ટમાઇઝ્ડ અને ટેલર-મેઇડ બનાવવાનો ટ્રેન્ડ છે જેથી એક અલગ પરિબળ બનાવી શકાય, મહેતાએ ઉમેર્યું. તેથી પ્રીમિયમ ગરબા ઇવેન્ટ્સ - પ્રતિ વ્યક્તિ રૂ. ૧,૦૦૦ થી રૂ. ૧૦,૦૦૦ સુધી ચાર્જ કરશે.

પરંપરાને તોડીને, ઘણા આયોજકોએ તેમની પહોંચ વધારવા માટે બે મહિના અગાઉથી તેમના ઇવેન્ટ્સનો પ્રચાર શરૂ કરી દીધો છે. ઉદાહરણ તરીકે, ફૂડાહોલિક્સ ગરબાએ તેના એક રાત્રિના કાર્યક્રમ માટે ઓનલાઇન અને ઓફલાઇન પ્રમોશન શરૂ કર્યા છે, જેમાં પાસ બુકિંગ તેની વેબસાઇટ પર પહેલાથી જ લાઇવ છે. ■

# જાફરાબાદના દરિયામાં નવ ખલાસીઓ છ દિવસથી લાપતા, બેના મૃતદેહ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાફરાબાદના અરબી સમુદ્રમાં ત્રણ બોટે એ જળસમાધિ લીધી હતી. બોટમાં સવાર ૧૧ માછીમારો લાપતા થયા હતા. પાંચ દિવસથી કોસગાર્ડ દ્વારા શોધખોળ શરૂ કરાઈ છે લાપતા માછીમારોમાંથી બે વ્યક્તિના મૃતદેહ મળી આવતા પરિવારને સોંપવામાં આવ્યા હતા.

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં દરિયાઈ દુર્ઘટનાની ઘટના બની હતી. અરબી સમુદ્રમાં માછીમારી કરવા ગયેલા ખલાસીઓની ત્રણ બોટે જળસમાધિ લીધી હતી. ત્રણ બોટમાં ૨૮ જેટલા ખલાસીઓ સવાર હતા. તેમાં અન્ય બોટ દ્વારા ૧૭ જેટલા માછીમારો ને રેસ્ક્યુ કરી લેવામાં આવ્યા હતા. ત્યારે ૧૧ માછીમારો લાપતા દરિયામાં થયા હતા. પાંચ દિવસથી કોસગાર્ડ સહિતની ટીમોએ લાપતા માછીમારોની શોધખોળ શરૂ કરી હતી. શનિવારેના રોજ બે ખલાસીઓના મૃતદેહ દરિયામાથી મળી આવ્યા હતા. કોસ્ટગાર્ડની ટીમે બંને મૃતદેહને બહાર કાઢીને પીપાવાવ જેટી પર લાવ્યા હતા.

મૃતદેહોની ઓળખ દિનેશ બારિયા અને વિનોદ બારિયા નામના બે વ્યક્તિ તરીકે થઈ હતી. મૃતકના પરિવારજનો પણ સ્થળ પર પહોંચ્યા હતા અને ઓળખની પુષ્ટિ કરી હતી. બંને મૃતદેહોને જાફરાબાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં પોસ્ટમોર્ટમ માટેની તજવીજ હાથ ધરી ધરવામાં આવી હતી.

મૃતદેહો હૉસ્પિટલમાં પહોંચતા જ મોટી સંખ્યામાં લોકો ત્યાં દોડી આવ્યા હતા. સ્થાનિકોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. જિલ્લાના રાજકીય નેતાઓ અને અધિકારીઓ પણ પીપાવાવ અને જાફરાબાદ હોસ્પિટલ પહોંચ્યા હતા. સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય હીરા સોલંકી જિલ્લા રેજ આઇજી ગૌતમ પરમાર જિલ્લા પોલીસ વડા સંજય ખરાત તેમજ પ્રાંત અધિકારી મેહુલ બરાસરા સહિતના હૉસ્પિટલ પહોંચ્યા હતા. ■

## સંસ્થા સમાચાર

### શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે સંવત્સરી આલોચના વિધિનું આયોજન

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે પર્વાધિરાજ પર્યુષણ પર્વના અંતિમ દિવસે ૨૭મી ઓગસ્ટ ૨૦૨૫ બુધવાર બપોરના ૦૩:૦૦ કલાકે ભવ્ય જીવોની આત્મશુદ્ધિ કરાવવા માટે સંવત્સરી આલોચના વિધિ નું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે.

જૈન દર્શનમાં પર્વાધિરાજ પર્વના પરમ કર્તવ્ય સ્વરૂપ દર્શાવવામાં આવેલી સંવત્સરી આલોચના કરીને જનમ- જનમના પાપ-દોષોની વિશુદ્ધિ કરવા આ અવસરે ભાવિકો પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને તેમજ લાઈવના માધ્યમે જોડાઈને દેશ-વિદેશના લાખો જૈન ભાવિકો પોતાની આત્મશુદ્ધિ કરી ધન્ય બનશે.

વિશેષમાં આ અવસરે પરમ ગુરુદેવના શ્રીમુખેથી હજારો ભાવિકોને એકસાથે શ્રાવક દીક્ષા અંગિકાર કરાવીને ભાવિકોની આંખો પર પટ્ટી બંધાવીને બંધ આખે જનમ-જનમમાં સેવેલાં દરેકે દરેક પાપ અને દોષોનું અંતરની આંખે અવલોકન કરાવીને તેની આલોચના કરાવવામાં આવશે.

લાખો ભાવિકો પશ્ચાતાપના ભાવ સાથે, આંખોમાં આંસુની ધાર સાથે, ગુરુ ભગવંતની સાક્ષીએ એકસાથે ‘‘મિચ્છામી દુક્કડમ‘‘નો નાદ ગુંજાવીને દોષોની શુદ્ધિ કરી પર્વાધિરાજ પર્વના પરમ કર્તવ્યને સાર્થક કરશે.

### ડુંગરવાડી સગડી (દાદગાહ)ની સાલગ્રેહ

રોજ સરોશ માહ ફરવદીન યઝ ૧૩૯૫ તા. ૩૧-૮-૨૫ના દીને સવારે (સ્ટા. ટા.) ૬.૩૦ વાગે હમા અશો રવાનની માચી તેમ જ (સ્ટા. ટા.) ૯.૩૦ વાગે હમા અશો રવાનનું પવિત્ર જશન કરવામાં આવશે. આ બન્ને ક્રિયા પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો તરફથી કરવામાં આવશે તેમ જ સાંજે (સ્ટા. ટા.) ૫.૦૦ વાગે હમા અનજુમન તરફથી હમા અશો રવાનની પવિત્ર જશનની ક્રિયા કરવામાં આવશે. જશન પછી લાઈટ સ્નેકસ પીરસવામાં આવશે. આ બન્ને ક્રિયામાં પારસી ભાઈબહેનોને આમંત્રણ કરવામાં આવે છે.

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

સમાજની યુવા સમિતિ દ્વારા કૃષ્ણ જન્મ ઉત્સવનું ભવ્ય આયોજન સમાજની મહિલા સમિતિના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું તેમ જ શ્રાવણ મહિનાના ઉપલક્ષમાં સોમવાર ને રવિવારે લઘુરુદ્ર પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્વાન શાસ્ત્રી શ્રી ગિરીશભાઈ પંડ્યા અને તેમના બીજા અગિયાર સહયોગી દ્વારા લઘુરુદ્ર પૂજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ સમાજના કારોબારી સભ્યો, મહિલા સમિતિ, યુવા સમિતિ, સમાજના અન્ય સભ્યોએ લીધો હતો. વાતાવરણ ખૂબ જ ભક્તિમય બન્યું હતું. કૃષ્ણ જન્મ કાર્યક્રમ જેમાં યુવા સમિતિ અને મહિલા સમિતિએ ભજન, નૃત્ય, ગરબા સાથે કૃષ્ણ ધૂન દ્વારા મધ્ય રાત્રિએ કૃષ્ણ જન્મ કરી વાતાવરણ ખૂબ જ પવિત્ર અને આનંદમયી બનાવી દીધું હતું. વિશાળ સંખ્યામાં સમાજના સભ્યો સહિત જાહેર જનતાએ મટકી ફોડવાનો કાર્યક્રમ પણ માણ્યો હતો.

અંતમાં પ્રસાદ તથા અલ્પાહાર લઈ સહુ આનંદમય વાતાવરણમાં છૂટા પડ્યા હતા. ■

## રાજ ઠાકરે વિરોધી વીડિયો વાયરલ કરનારા દુકાનદારની ધરપકડ

મુંબઈ: દારૂના નશામાં મનસે અધ્યક્ષ રાજ ઠાકરે વિરોધી વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ કરનારા અંધેરીના દુકાનદારની પોલીસે ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ સુજિત દુબે તરીકે થઈ હતી. અંધેરીમાં રહેતા દુબેએ શુક્રવારે દારૂના નશામાં પોતાનું વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું.

વીડિયોને પગલે ઉશ્કેરાયેલા મનસે કાર્યકરો એમઆઈડીસી પોલીસ સ્ટેશન પહોંચતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. પોલીસે દુબેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

## બિહારમાં મહારાષ્ટ્રની બદનામી કરી: ફડણવીસે રાહુલ ગાંધીને આડે હાથ લીધા

મુંબઈ: મહારાષ્ટ્ર મહિલા ભાજપે રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ મુંબઈમાં ‘આપલા ભાઉ, દેવા ભાઉ’ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યભરની મહિલાઓએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને લાખો રાખડી મોકલી હતી. આ કાર્યક્રમમાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્યમાં મહિલાઓને કારણે જ તેઓ સત્તામાં છે અને મહિલાઓએ ભારે મતદાન કર્યું હોવાનું કહેવાય છે.

ફડણવીસે આ કાર્યક્રમમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા મત ચોરીના આરોપોની પણ ટીકા કરી હતી. રાહુલ ગાંધીનું નામ લીધા વગર ફડણવીસે કહ્યું કે ‘તેઓ વિદેશ જઈને ભારતને બદનામ કરતા હતા, હવે તેઓ બિહાર જઈને મહારાષ્ટ્રને બદનામ કરી રહ્યા છે.’

આ કાર્યક્રમમાં ફડણવીસે જણાવ્યું હતું કે ’અમે મહિલાઓ માટે ઘણી જુદી જુદી યોજનાઓ શરૂ કરી છે. કેટલાક લોકો કહેતા હતા કે આ યોજનાઓ ચૂંટણી પહેલાની છે અને ચૂંટણી પૂરી થયા બાદ બંધ કરવામાં આવશે. ચૂંટણીના ઘણા મહિનાઓ પછી પણ આ યોજનાઓ હજુ પણ ચાલી રહી છે. અમે આગામી પાંચ વર્ષમાં આમાંની કોઈપણ યોજના બંધ નહીં થવા દઈએ. તમારા આશીર્વાદને કારણે જ અમને સફળતા મળી છે.’

વધુમાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે તમે આ સફળતાથી ખુશ છો, પરંતુ કેટલાક લોકો હજી પણ સંતુષ્ટ નથી. દરરોજ મતચોરી થતી હોવાનું તેઓ કહે છે. હકીકતમાં આ મતચોરી નથી, તેમનું દિમાગ જ ચોરાઈ ગયું છે. હું બહેનોને વિનંતી કરું છું કે તેમની સાન ઠેકાણે આવે એવા એમને આશીર્વાદ આપે. જો આ લોકો આપણી વહાલી બહેનોએ આપેલા મતને ચોરી કહેતા હોય, તો તેમનાથી મોટો ચોર કોણ હશે?

કેન્દ્રીય ચૂંટણી પંચની મદદથી ભાજપએ દેશભરમાં ચૂંટણીમાં ગેરરીતિ કરી હોવાથી આ ‘વોટ ચોરો’ને કેન્દ્ર અને બિહારની સત્તામાંથી હટાવવા માટે અપીલ કરવા માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને ‘મહાગઠબંધન’ના અન્ય નેતાઓએ ‘મતદાતા અધિકાર યાત્રા’ શરૂ કરી છે. આ યાત્રામાં રાહુલ ગાંધી વારંવાર કહી રહ્યા છે કે મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગેરરીતિ થઈ છે. ■

## ડુંગળીના ઉત્પાદકોનો આરોપ: પારદર્શક ખરીદી ન થવાને કારણે આર્થિક નુકસાન

નાસિક: મહારાષ્ટ્રમાં ડુંગળીના ઉત્પાદકોને કેન્દ્રીય એજન્સી દ્વારા પાકની પારદર્શક ખરીદી ન થવાને કારણે આર્થિક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે, એવો ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરતી એક સંસ્થાએ શનિવારે આરોપ લગાવ્યો હતો. રાજ્ય ડુંગળી ઉત્પાદક સંગઠનના પ્રમુખે જણાવ્યું હતું કે ખેડૂતો તહેવારો દરમિયાન પણ વિરોધ પ્રદર્શન કરવા મજબૂર છે અને માગણી કરી હતી કે સરકાર કાં તો વાજબી ખરીદી સુનિશ્ચિત કરે અથવા નાફેડની ડુંગળીની ખરીદી બંધ કરે. નાસિક જિલ્લાના એક ખેડૂતે પોલા તહેવારના પ્રસંગે પોતાના બળદ સાથે નાફેડ સામે અનોખો વિરોધ પ્રદર્શન કર્યું. પોલા એ ખેડૂતો દ્વારા ઉજવવામાં આવતો આભારવિધિનો તહેવાર છે જે બળદ અને બળદના મહત્ત્વને સ્વીકારવા માટે ઉજવવામાં આવે છે, જે ખેતીનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.ઘણા વર્ષોથી નાફેડ (નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા) બફર સ્ટોક માટે ડુંગળીની ખરીદી કરી રહ્યું છે. જો કે ખેડૂતોનો આરોપ છે કે આ પ્રક્રિયામાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓ થાય છે, એમ સૂત્રોએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું. ■

## હિન્દુ મરણ

રાજકોટ સ્વ. હેમકુંવરબેન પથુસિંહ બારડ તા. ૨૧-૮-૨૫ના અવસાન પામેલ છે. તેમનું બેસણું તા. ૨૫-૮-૨૫ના સોમવારે લક્ષ્મીવાડી ખાતે આઇ શ્રી કુવાવાળી ખોડિયાર માતાજી મંદિર ખાતે રાખેલ છે. સમય - સાંજે: ૪થી ૬. (પુત્ર) મહેશભાઇ પથુસિંહ બારડ. (પૌત્ર) અભિષેક મહેશભાઇ બારડ.

**લુહાર સુથાર**

મૂળ ગામ દામનગરવાળા હાલ કાંદિવલી, સ્વ. કાંતાબેન પ્રેમજીભાઈ સિધ્ધપુરાના પુત્ર રમેશભાઈ સિધ્ધપુરા (ઉં. વ. ૬૮) ૨૦/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનલબેનના પતિ. કુશલ-શ્વેતા, સુમિત-હિનાના પિતાશ્રી. મધુભાઈ, કિશોરભાઈના ભાઈ. સાસરાપક્ષે દેવાળાવાળા સ્વ. હેમકુંવરબેન હરિભાઈ નથુભાઈ કારેલીયાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૫/૮/૨૫ના ૫ થી ૭. ઈન્ફિનિટી બોલ્સરૂમ લેંગેસી બેન્કવેટ, વીટી ઇન્ટરનેશનલ સ્કૂલ કેમ્પસ, ચીકુવાડી, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ચીંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ વણિક**

કૃષ્ણકાંત (નરુભાઈ) ગંગાદાસ શાહ (ઉં. વ. ૮૧) તે સ્વ. ભાનુમતિના પતિ. સ્વ. નવનીત, સ્વ. રતિલાલ, સ્વ. જયંત, સ્વ. વિનોદ, સ્વ. કિશોર, સ્વ. જયોત્સના, સ્વ.ધર્મીષ્ઠા, દક્ષા વસંતલાલ, છાયા મહેન્દ્રભાઈના ભાઈ. સ્વ. કનૈયાલાલ કલ્યાણજી પારેખના જમાઈ. મિહિર, નિકિતાના પપ્પા. નિકી, દેવાંગના સસરા તા. ૨૨/૦૮/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે પ્રાર્થનાસભા તા. ૨૪/૦૮/૨૫ રવિવારે ૫ થી ૭. સી ટાવર, ફ્લોર ૪, બેન્કવેટ હોલ, ઓબેરોઈ સ્કાઈસિટી, બોરીવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર**

બલદાણા નિવાસી હાલ વિરાર, રમણીકભાઇ લાલજીભાઈ સોલંકીના ધર્મપત્ની અ.સૌ. સૂર્યાબેન સોલંકી (ઉં. વ. ૭૨) ૧૯/૮/૨૫ના દેવલોક પામેલ છે. તે હિરેન, આકર્ષ, અરૂણા સંજય ગોહેલ, અલકા હિતેષભાઇ ડાભી, કુંદન રાજેશ ચૌહાણ, સ્મિતા નીતિનભાઈ વાઘેલા, નીતા મનીષ પાટડીયાના માતુશ્રી, નિકિતાના સાસુ. ઈશ્વરભાઈના નાનાભાઈના પત્ની. સ્વ. ગોવિંદભાઇ શિવલાલ મકવાણાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૮/૨૫ના ૪ થી ૬. શ્રી આયંબિલ ભુવન, શ્રેય હોટલની બાજુમાં ગલ્લી, જૈનમંદિર રોડ, વિરાર વેસ્ટ.

**કપોળ**

ખડકાળાવાળા હાલ કાંદિવલી સ્વ. રમણીકલાલ વૃજલાલ મહેતાના ધર્મપત્ની નીરંજનાબેન (નીરુબેન) (ઉં.વ.૮૯) તે સંજય, નીતા રાજેશ ગાંધી, પ્રીતી તુષાર મહેતા, બીના દિનેશ કાણકીયાના માતુશ્રી. અ. સૌ. શિલ્પાના સાસુ. રિદ્ધિ પ્રણવ શાહ, શ્વેતાના દાદી. પિયર પક્ષે હરીવલ્લભદાસ ત્ર્યંબકલાલ મહેતાના દીકરી. ગં. સ્વ. ઉર્મિલા અનંતરાય મહેતા, ગં. સ્વ. હર્ષા હસમુખભાઇ મહેતા, ગં.સ્વ. હર્ષદા અરુણભાઇ મહેતા, સ્વ. મંજુલાબેન હિંમતલાલ ચીતલીયા, સ્વ. દમુબેન જશવંતરાય હકાણી, ગં. સ્વ. ચંદુબેન ભોગીલાલ કાણકીયાના ભાભી તા. ૨૨-૮-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા : તા. ૨૪-૮-૨૫ રવિવારના કેવલબાગ હોલ, ૧લે માળે, કિલાચંદ રોડ, કાંદિવલી (પશ્ચિમ) સાંજે ૫થી ૭. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**મેઘવાળ**

ગામ થોરડી હાલ મુંબઇના સ્વ. દેમાબેન તથા સ્વ. મનુભાઇ બોરીચાના સુપુત્ર અનિલકુમારના ધર્મપત્ની શાંતાબેન (ઉં.વ.૬૦) તે જયેશભાઇ, રોહિતભાઇ તથા સ્વ. અંકિતાબેનનાં માતુશ્રી. લીનાબેનના સાસુ. ધ્રુવીતના દાદી. ગલાલબેન તથા ધુડાભાઇ વાઘેલાના દીકરી બુધવાર તા. ૨૦-૮-૨૫ના અવસાન પામેલ છે. તેમનું બારમું-કારજ સોમવાર, તા. ૨૫-૮-૨૫ના ૪.૩૦ કલાકે તેમના નિવાસસ્થાને તાડવાડી, મઝગાંવ, મુંબઇ.

**કચ્છી ભાટીયા**

ઘાટકોપર નિવાસી ધીરેન્દ્ર મર્ચન્ટ (ઉં.વ.૭૯) તે નયનાના પતિ. કેતન અને સેજલના પિતાશ્રી. અ. સૌ. શીતલ અને કુંતલના સસરા. તે સ્વ. માલતીબેન મૂલરાજ મર્ચન્ટના પુત્ર. સ્વ. પ્રાગજીભાઇ હરજીવન સંપટના જમાઇ. રાજેન્દ્ર, દિનેશ, મુકુંદ, સ્વ. ગીતાના ભાઇ તા. ૨૩-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪ ઓગસ્ટ ૨૫, રવિવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે. શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઉપાશ્રય લેન, ઝવેરબેન પોપટલાલ ઓડિટોરિયમ પાસે, હિંગવાળા લેન, ઘાટકોપર (પૂર્વ), પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચલાળા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. તારાબેન અમૃતલાલ લાખાણીના પુત્રી કોકિલાબેન (ઉં. વ. ૭૪) તે જેતપુર નિવાસી હાલ કાંદિવલી સ્વ. જશવંતરાય છોટાલાલ દોશીના ધર્મપત્ની, જયેશભાઇ, સ્વ. કમલેશભાઈ, ઉષાબેન ગુણવંતરાય મહેતા, સુધાબેન વિજયભાઈ મ્હાત્રે, ઇલાબેન જયેશભાઇ ઠક્કર, ઝૂલીબેન મનીષભાઈ અજમેરાના મોટાબેન. સ્વાતિ અમિત દોશી, સોનલ ભુપેન્દ્રભાઈ શાહ, મમતા નિલેશભાઈ શાહ, પૂજા કલ્પેશભાઈના માતુશ્રી. ૨૦/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી જૈન**

ટીકર નિવાસી હાલ તિલકનગર મુંબઈ, ગં. સ્વ. દિપ્તીબેન શ્રીકાંતભાઈ મહેતા (ઉં. વ. ૭૫) તે સ્વ. પ્રભાબેન રમણીકભાઈ ઉમિયાશંકર શાહ, કલકત્તાના દીકરી. સ્વ. પુષ્પાબેન લાભુભાઈ મહેતાના પુત્રવધૂ. સ્વ. શ્રીકાંતભાઈના ધર્મપત્ની. અપૂર્વ-જીજ્ઞાના માતુશ્રી. સંજયભાઈ-જ્યોતિબેનના ભાભી, શુક્રવાર તા. ૨૨-૦૮-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના રતનબેન તલકશી ગોગરી (ઉં. વ. ૯૦) તા. ૨૦-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી મોંઘીબેન મેઘજી વિરજીના પુત્રવધૂ. સ્વ. તલકશી મેઘજીના ધર્મપત્ની. સ્વ. યોગેશ, સ્વ. ભારતી, ભરત, નૂતન, ભાવનાના માતુશ્રી. રામાણીયાના નેણબાઈ દામજી માવજી સાવલાના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત ગોગરી : બી/૮૦૩, રોયલ ટસ્ક, ભવાની શંકર રોડ, દાદર પોલીસ સ્ટેશનની સામે, દાદર (વેસ્ટ), મુંબઈ.

સમાઘોઘા હાલે વડાલાના શાંતાબેન સૈયા (ઉં. વ. ૭૬) ૨૦/૮ના કચ્છ વડાલામાં અવસાન પામેલ છે. નાનબાઇ દેવરાજ ઘેલા સૈયાના પુત્રવધૂ. સ્વ. અરવિંદના ધર્મપત્ની. ભારતી, જસ્મીન, જયેશના માતુશ્રી. વડાલાના કુંવરબાઇ દેવજી સ્વરાજ દેઢિયાના સુપુત્રી. વસનજી, લક્ષ્મીબેન, નાનજી, વલમજી, નાનબાઇ, હરીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ સૈયા, બી/૫૦૬, મલાડ શોપિંગ સેન્ટર, એસ.વી. રોડ, મલાડ (વેસ્ટ), મું. ૬૪.

પત્રીના જવેરબેન ભવાનજી ધરોડ (ઉં. વ. ૯૦) ૨૦-૮ના કચ્છ મુકામે અરિહંત શરણ પામેલ છે. ભવાનજીના પત્ની. માતુશ્રી પાંચીબાઈ કેશવજીના પુત્રવધૂ. ઉર્મિલા, શાંતિલાલ, હસમુખ, ઉત્તમ, પરેશના માતા. રતાડીયા વેલબાઈ ભાણજી ચનાના પુત્રી. દેવજી, અમૃતલાલ, લક્ષ્મીચંદ, તલકશી, ભોરારા ઉમરબાઈ લાલજી, કુંદરોડી લક્ષ્મીબેન દામજી, સમાઘોઘા પ્રભા હરીલાલ, મોટી ખાખર ગુણવંતી નેમજી, બારોઈ ખેમકુંવર દામજી, ભુજપુર મંજુલા કાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભવાનજી ધરોડ, સી-૧૦૮, રાજનગર, સંતમીરાબાઈ માર્ગ, દહિંસર (ઈ), મું - ૬૮.

લાયજાના પ્રેમજી છેડા (ઉં. વ. ૮૭) ૨૧-૮ના અવસાન પામ્યા છે. કંકુબાઇ પાલણના સુપુત્ર. કસ્તુરના પતિ. સંજય, પ્રશાંત, છાયા, તીલાના પિતાશ્રી. બાડાના ગંગાબાઇ કાનજી, લાયજાના રાજબાઇ નાનજીના ભાઇ. નવાવાસના દેવકાબાઇ ખીમજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રેમજી છેડા, વેલાણી એપાર્ટ, લીબર્ટી ગાર્ડન, મલાડ (વે.) ૬૪.

**વિસા લાડ વણિક**

રજનીબેન કૃષ્ણકાંત જીરીવાલા (ઉં. વ. ૮૧) તણોદા નિવાસી હાલ કાંદિવલી તા. ૨૩-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સીમા, સ્વ. લીના, વર્ષા અને જીજ્ઞાની માતા. ધર્મીન, સમીર, મનીષ, હિતેનના સાસુ. હાર્દિક, જીનલ અને દીપલના નાની. પ્રવીણ, સુભાષ અને દિલીપ, સ્વ. સવિતા અને કપીલાના બેન. લૌકિક પ્રથા બંધ છે.

## આતુરતા આગમનની







ગણપતિના આગમનની આતુરતા દરેક મુંબઈગરામાં જોવા મળી રહી છે. બુધવારથી ગણેશોત્સવનો આરંભ થઈ રહ્યો છે તે અગાઉ શનિવારે અનેક મંડળોએ બાપ્પાની પધરામણી કરી હતી. લાલબાગના રાજાનો પ્રવેશદ્વાર પણ તસવીરમાં જોઈ શકાય છે. આ સિવાય ગિરગામ ચોપાટી પર વિસર્જનની તૈયારીઓ થઈ ગઈ છે. (જયપ્રકાશ કેળકર)

## થાણેમાં નગરસેવકોની સંખ્યામાં કોઈ વધારો નહીં

**આ વર્ષે પણ ૧૩૧ કોર્પોરેટરો અને ૩૩ વોર્ડ છે; ઘણા ઉમેદવારોનો અપેક્ષાભંગ**

મુંબઈ: થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી આગામી થોડા મહિનામાં યોજાવાની શક્યતા છે અને રાજ્ય સરકારના નિર્દેશને આધારે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને ડ્રાફ્ટ વોર્ડ માળખું તૈયાર કરીને પ્રકાશિત કર્યું છે. તે મુજબ, ગયા વખતની જેમ જ એટલે કે ૨૦૧૭ની જેમ, આ વર્ષે ચૂંટણીમાં ચાર સભ્યોના એક વોર્ડની રચના કરવામાં આવી છે અને વસ્તી ગણતરી હાથ ધરવામાં ન આવી હોવાથી, કોર્પોરેટરોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી.

આ વર્ષે પણ, ૧૩૧ કોર્પોરેટરો અને ૩૩ વોર્ડની રચના જાહેર કરવામાં આવી છે. વોર્ડમાં વધારો થવાની અપેક્ષા રાખીને કોર્પોરેટરની ચૂંટણી લડવા માટે તૈયાર થયેલા કેટલાક ઉમેદવારોનો અપેક્ષાભંગ થયો છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો પાંચ વર્ષનો કાર્યકાળ છઠી માર્ચ, ૨૦૨૨ના રોજ સમાપ્ત થયો હતો. ત્યારથી, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એડમિનિસ્ટ્રેશન અમલમાં છે. આ પછી, નગરપાલિકાએ ચૂંટણી માટે વોર્ડ માળખાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો. આ ત્રણ સભ્યોના એક વોર્ડનું માળખું હતું અને નગરપાલિકાએ આ માળખા અનુસાર વોર્ડ અનામત પ્રક્રિયા પણ હાથ ધરી હતી.

જોકે, રાજકીય પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાને કારણે તે વિવાદમાં ફસાઈ ગયું હતું. જ્યારે મહાવિકાસ આઘાડી ત્રણ સભ્યોના વોર્ડ પર આગ્રહી હતી, ત્યારે મહાયુતિ તેની વિરુદ્ધ હતી. દરમિયાન, મહાવિકાસ આઘાડી સરકાર સત્તા પરથી પડી ગઈ અને મહાયુતિ સરકાર સત્તામાં આવી. તે પછી, મહાયુતિએ આ માળખું રદ કર્યું હતું, પરંતુ તે પછી કોઈ ચૂંટણીઓ યોજાઈ ન હતી.

આ દરમિયાન, સુપ્રીમ કોર્ટના આદેશને કારણે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને રાજ્ય સરકારના નિર્દેશો અનુસાર ડ્રાફ્ટ વોર્ડ માળખું તૈયાર કરીને પ્રકાશિત કર્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશને આ ડ્રાફ્ટ પ્લાન પર નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મગાવ્યા છે. વાંધા-વિરોધ અને સૂચનો રજૂ કરવાની અંતિમ તારીખ ચોથી સપ્ટેમ્બર સુધી છે.

૨૦૧૭માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં, ચાર સભ્યોનું વોર્ડ માળખું હતું. તેમાં ૩૨ વોર્ડમાં ચાર સભ્યો હતા અને એક વોર્ડમાં ત્રણ સભ્યો હતા. ૩૩ વોર્ડમાંથી કુલ ૧૩૧ કોર્પોરેટરો ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં સમાન માળખું જાળવી રાખવામાં આવ્યું હોવાથી, વોર્ડ અને કોર્પોરેટરોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી.

### મુંબઈ પાલિકાએ વોર્ડ સીમાંકન માટે વાંધા-વિરોધ અને સૂચનો મગાવ્યાં

મુંબઈ: બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ આગામી પાલિકા ચૂંટણીઓ માટે વોર્ડની ભૌગોલિક સીમાઓના મુસદ્દા અંગે નાગરિકો પાસેથી વાંધા-વિરોધ અને સૂચનો મગાવ્યા છે.

વાંધા-વિરોધ અને સૂચનો બાવીસમી સપ્ટેમ્બરે બપોરે ૩ વાગ્યા સુધીમાં સબમિટ કરવાના રહેશે.

બીએમસીએ શુક્રવારે મોડી રાત્રે તમામ ૨૨૭ વોર્ડની ભૌગોલિક સીમાઓનો મુસદ્દો પ્રકાશિત કર્યો હતો. પાલિકાના કમિશનર અને રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત પ્રશાસક ભૂષણ ગગરાણીએ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા છે.

પાલિકા તમામ વાંધા-વિરોધ અને સૂચનોને ધ્યાનમાં લીધા પછી અંતિમ વોર્ડ સીમાઓ પ્રકાશિત કરશે.

દેશની સૌથી શ્રીમંત મહાનગરપાલિકા, બીએમસીની સામાન્ય સભાની ચૂંટણીઓ માર્ચ ૨૦૨૨થી બાકી છે. ■

### કોર્પોરેટરોની સંખ્યામાં કેમ કોઈ વધારો થયો નથી?

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, શહેરની વસ્તી ૧૮ લાખ ૪૧ હજાર ૪૮૮ છે. જ્યારે ૨૦૧૭ની ચૂંટણીમાં મતદારોની સંખ્યા ૧૩ લાખ ૯૦ હજાર ૯૭૩ હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં મતદારોની આ સંખ્યામાં વધારો થયો છે. દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. પરંતુ કોરોનાને કારણે આ વખતે હજી સુધી નવી વસ્તી ગણતરી થઈ શકી નથી. તેથી, ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ વોર્ડની રચના કરવામાં આવી છે. તેથી, કોર્પોરેટરોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી. આમાં, ચાર સભ્યોના વોર્ડ માળખામાં ૫૦થી ૬૨ હજારની વસ્તી ધરાવતો વોર્ડ બનાવવામાં આવ્યો છે. જ્યારે, ૩૮હજારની વસ્તી ધરાવતો ત્રણ સભ્યોનો વોર્ડ બનાવવામાં આવ્યો છે. ■

## કોસ્ટલ રોડ નજીક ફાયર સ્ટેશનના નિર્માણને સુપ્રીમ કોર્ટની મંજૂરી

મુંબઈ: સુપ્રીમ કોર્ટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ કોસ્ટલ રોડ નજીક ફાયર સ્ટેશનના નિર્માણને મંજૂરી આપી છે. આ નાનું ફાયર સ્ટેશન વરલીમાં પ્રખ્યાત પૂનમ ચેમ્બર બિલ્ડિંગની પાછળ બનાવવામાં આવશે.

કોસ્ટલ રોડ પર કોઈપણ પ્રકારના વિકાસ અથવા બાંધકામ માટે સુપ્રીમ કોર્ટની મંજૂરી જરૂરી છે. તે મુજબ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્યામલદાસ ગાંધી ફ્લાયઓવર (પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવર)થી ‘રાજીવ ગાંધી સાગરી સેતુ’ના વરલી છેડા સુધી ૧૦.૫૮ કિલોમીટર લાંબો કોસ્ટલ રોડ (કોસ્ટલ રોડ) બનાવવામાં આવ્યો છે. આ રસ્તાનું નામ ‘ધર્મવીર, સ્વરાજ્યરક્ષક છત્રપતિ સંભાજી મહારાજ મુંબઈ કોસ્ટલ રોડ’ છે.

આ પ્રોજેક્ટ માટે સમુદ્ર ભરીને જમીન તૈયાર કરવામાં આવી છે. આ જમીનના લગભગ ૨૫ થી ૩૦ ટકા ભાગમાં કોસ્ટલ રોડ બનાવવામાં આવ્યો છે. બાકીના ૭૦થી ૭૫ ટકા જમીનમાં, એટલે કે ૫૩ હેક્ટરમાં ગ્રીન એરિયા અને નાગરી સુવિધાઓ બનાવવામાં આવશે. આમાં શૌચાલય, જોગિંગ ટ્રેક, સાયકલ ટ્રેક, બટરફ્લાય ગાર્ડન, કોસ્ટલ ફૂટપાથ, ઓપન થિયેટર, બાળકોના પાર્ક અને રમતના મેદાન, પોલીસ ચોકી, બસ સ્ટોપ, રસ્તો ક્રોસ કરવા માટે ભૂગર્ભ ફૂટપાથ, જેટી વગેરેનો સમાવેશ થશે.

આ ઉપરાંત, વર્લી અને હાજી અલી ખાતે ભૂગર્ભ પાર્કિંગ લોટ બનાવવામાં આવશે. તે જ સમયે, કોસ્ટલ રોડ પર બે જગ્યાએ ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. કોસ્ટલ રોડ પર અકસ્માત થાય તો તાત્કાલિક સેવા પૂરી પાડવા માટે, પાલિકાએ કોસ્ટલ રોડ પર બે ફાયર સ્ટેશન બનાવવાનો નિર્ણય લીધો છે. તેમાંથી એક વર્લી વિસ્તારમાં અને બીજું પ્રિયદર્શિની ઉદ્યાન વિસ્તાર પાસે હશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે વર્લીમાં ફાયર સ્ટેશન માટે સુપ્રીમ કોર્ટ પાસેથી પરવાનગી માંગી હતી. જોકે અહીં ફાયર સ્ટેશન છે, પરંતુ ભવિષ્યમાં જો આ વિસ્તારમાં કોઈ અકસ્માત થાય છે, તો ૨૦થી ૨૫ મિનિટમાં પહોંચી શકાય છે, તેથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને કહ્યું છે કે આ સેન્ટરની જરૂર છે. આ ફાયર સ્ટેશન કુલ ૭૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં બનાવવામાં આવશે અને ત્રણ ફાયર એન્જિનને સમાવી શકે તેટલું મોટું હશે, એમ પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું.

સ્ટેન્ડિંગ ફાયર એડવાઇઝરી કાઉન્સિલની માર્ગદર્શિકા અનુસાર દર ૧૦.૩૬ ચોરસ કિલોમીટર માટે એક ફાયર સ્ટેશન હોવું જોઈએ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પ્રવાસીઓની સલામતી વધારવા મુંબઈ રેલવે પોલીસની હદ હવે કોંકણ સુધી

મુંબઇ : કોંકણ રેલવે પરનાં સ્ટેશનોની જવાબદારી રેલવે પોલીસને સોંપવામાં આવી છે. એને કારણે કોંકણ રેલવેમાં મુસાફરી કરનારાઓની સલામતીમાં વધારો થશે. આગામી કેટલાક દિવસોમાં કોંકણ રેલવેના રત્નાગિરી રેલવે સ્ટેશન પર રત્નાગિરી રેલવે પોલીસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. રેલવે પોલીસ સ્ટેશનમાં હાલના તબક્કે ત્રણથી ચાર પોલીસ અધિકારી અને ૬૦ પોલીસ કર્મચારીઓ હશે.

રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) મધ્ય અને પશ્ચિમ રેલવેના મુસાફરો, પેસેન્જર ગુડ્સ અને રેલવે પ્રોપર્ટીની સુરક્ષા માટે જવાબદાર છે. રેલવે સ્ટેશન, રેલવે પરિસર અને ઉપનગરીય માર્ગો પર ગુનાઓની તપાસ અને ઉકેલ માટે રેલવે પોલીસ જવાબદાર છે. સીએસએમટીથી મધ્ય રેલવેના પનવેલ, કસારા, ખોપોલી અને પશ્ચિમ રેલવેના ચર્ચગેટથી દહાણુ રોડ સુધીની સીમા મુંબઈ રેલવે પોલીસ કમિશનરેટ પાસે છે. કોંકણના રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે રોહા પછીના રેલવે સ્ટેશનના પ્રવાસીઓ અને પરિસરની સુરક્ષાની જવબદારી રેલવે પ્રોટેક્શન ફોર્સ અને સ્થાનિક પોલીસ સ્ટેશનની છે. જોકે છેલ્લાં કેટલાંક વર્ષોમાં કોંકણ રેલવે લાઇન પર મુસાફરી કરનારા પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે. મોબાઈલ ચોરી, સોનાની ચેઈન ખેંચવી, મારામારી અને હત્યાના બનાવો વધી રહ્યા હોવાથી આ ઠેકાણે રેલવે પોલીસ સ્ટેશન ઊભું કરવું અનિવાર્ય બની ગયું હતું. ઉપરાંત કોંકણ રેલવેની મુસાફરી દરમિયાન મહિલાઓ સંબંધિત ગુનાઓ પણ થઇ રહ્યા હોવાથી તાત્કાલિક કેસ નોંધીને તપાસ થાય એ જરૂરી છે. જો કે કોંકણ રેલવેની હદમાં કોઇ ગુનો બને તો તેની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવી પડતી હતી. આથી કોંકણ રેલવે પર કાયદો અને વ્યવસ્થાની જવાબદારી મુંબઈ રેલવે પોલીસ કમિશનરેટને સોંપવામાં આવી છે. સરકારે મંજૂરી આપી દીધી છે અને હવે રત્નાગિરી રેલવે સ્ટેશન પર રેલવે પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. આનાથી મુસાફરોને તાત્કાલિક ફરિયાદ કરવામાં સરળતા રહેશે. ■

## મોદી માટે 'વાંધાજનક' પોસ્ટઃ તેજસ્વી યાદવ સામે એફઆઈઆર

ગઢચિરોલીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે કથિત વાંધાજનક પોસ્ટ ટ્વીટ કરવા બદલ બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવ વિરુદ્ધ ગઢચિરોલી પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ગઢચિરોલીના ભાજપના વિધાનસભ્ય મિલિંદ નરોટેએ આરજેડીના નેતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, એવું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ નરોટેએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બિહારના ગયાની મુલાકાત પહેલાં યાદવે એક્સ પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. ■



રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનીની વ્યાખ્યાનમાળા

પંચમ દિવસ **નમ્રવાણી**

## तू है तो... भगवंतता का अहोभाव हैं

''પરમ ગુરુદેવ''

જે પ્રભુનો જન્મોત્સવ ઉત્કૃષ્ટ અહોભાવથી ઉજવે,

તે સ્વયંના અજન્મા બનવાના સ્વપ્નને પૂર્ણ કરી શકે!

ભગવાન મહાવીર જન્મોત્સવ આવે એટલે સહુના હૃદયમાં એક અનેરો ઉલ્લાસ ભાવ પ્રગટે. ધર્મ સ્થાનકોમાં પણ પ્રભુ જન્મોત્સવની ભવ્ય તૈયારી થાય, પ્રભુનો જય જયકાર ગુંજે, પ્રભુને જન્મ આપનાર પરમ સૌભાગ્યવાન મહારાણી માતા ત્રિશલાનો જય જયકાર થાય, માતાને આવેલ ૧૪ મહા અને દિવ્ય સ્વપ્નના દર્શનનું ભવ્ય આયોજન થાય.

યાદ રાખવાનું,

પ્રભુનો જન્મોત્સવ 'ભવ્યતાને ' જોવા માટે નહીં, પણ પ્રભુના પરિવારમાં જન્મ લેવાની આપણી પરમ 'ભવિતવ્યતાનું ' નિર્માણ કરવા માટે હોય છે.

માતા ત્રિશલાએ રાજકુમાર વર્ધમાનને જન્મ આપ્યો, પણ 'ભગવાનને' જન્મ કોણે આપ્યો? એ કઈ 'માં' હતી, જેણે 'ભગવાનને' જન્મ આપ્યો? શું ભગવાનને જન્મ આપનાર માતા ત્રિશલા હતાં? ના! તો ભગવાનને જન્મ આપનાર કોણ?

વર્ધમાનરૂપ દેહને જન્મ આપનાર મહારાણી માતા ત્રિશલા હતાં, તો પછી ભગવાનરૂપ 'ભગવાનને' જન્મ આપનાર 'માતા' કોણ હતી? એ 'માતા' તમને પણ ભગવાનરૂપ જન્મ આપવા તૈયાર છે, પણ શું તમે એના સંતાન બનવા તૈયાર છો?

એવી કઈ 'માતા' હતી, જેના કારણે રાજકુમાર વર્ધમાન વર્ધમાનમાંથી ભગવાન મહાવીર બની ગયાં?

યોગીમાંથી અયોગી બની ગયાં? વર્ધમાનને 'ભગવાન' બનાવનાર કોણ હતાં?

જે ભગવાનને આપણે જાણીએ છીએ, માનીએ છીએ, એમના અંશ અને વંશ કહેવડાવીએ છીએ, એમનો જન્મોત્સવ ઉજવીએ છીએ, એ ભગવાનના દેહને જન્મ આપનાર માતા ત્રિશલાને પણ જાણીએ છીએ પણ ભગવાનને જન્મ આપનાર, ભગવાનની ભગવંતતાનું પ્રાગટ્ય કરાવનારને આપણે ભૂલી જ ગયાં છીએ. જેટલો માતા ત્રિશલાનો જય-જયકાર કરીએ છીએ, એટલો એમનો નથી કરતાં.

આજે તમને એક નવી દૃષ્ટિ આપવાનો છું.

રાજકુમાર વર્ધમાને દીક્ષા અંગિકાર કરી અને દેવો દ્વારા આપવામાં આવેલ એમની વીરતાના ઉપનામ મહાવીર નામ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી, વ્યક્તિરૂપે એ મુનિ મહાવીર વન-ઉપવન અને એકાંત જંગલોમાં વિચરણ કરે છે, ત્યારે શાસ્ત્રોમાં આવે છે કે, અજ્ઞાનના કારણે અનાર્ય દેશના લોકો એમને પત્થર મારે છે, એમની પાછળ dogsને દોડાવે છે, એમને ભગાડે છે.

વિચાર કરો,

જે મહાવીરને લોકો ભગાડતાં હતાં, એ જ મહાવીરને લોકો ભગવાન માનીને પૂજવા લાગે છે, કેમ? એવું તે શું થઈ ગયું? એવું કેવું પરિવર્તન આવ્યું?

જે મહાવીર રાજમહેલ છોડી, એકલાં વિચરતાં હતાં, ત્યારે ન એમની આસપાસ કોઈ હતું, ન એમને પૂછવાવાળું કોઈ હતું, એ જ મહાવીરની પાસે સમવશરણમાં હજારો-લાખો દેવ-દેવી, મનુષ્યો, તિર્યંચ, રાજા-મહારાજા આવીને એમની ભક્તિ કરે છે, કેમ ?

કેમ કે, હવે મહાવીરને સાડાબાર વર્ષની ઉત્કૃષ્ટ સાધના અને સકળ કર્મોના ક્ષયરૂપ આત્મશુદ્ધિના ફળ સ્વરૂપે 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થઈ ગયું હતું.

ભગવાનના દેહને જન્મ માતા ત્રિશલાએ આપ્યો હતો પણ ભગવાનની ભગવંતતાને જન્મ એમનું કેવળજ્ઞાન આપે છે.

જે દિવસે 'કેવળજ્ઞાન' પ્રગટ થાય, તે દિવસે ભગવંતતા પ્રગટ થાય.

જે દિવસે ભગવંતતા પ્રગટ થાય, તે દિવસે મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ લાગી જાય. મહાવીર 'ભગવાન મહાવીર' બની જાય. માટે જ, કહેવાય કે ભગવાનને જન્મ આપનાર એમનું 'કેવળજ્ઞાન' હોય.

**प्रभु, तू हैं तो... तेरा केवलज्ञान है,**
**गुरु, तू हैं तो... केवलज्ञान की प्रेरणा और समझ है**

જો ભગવાન મહાવીર પાસે કેવળજ્ઞાન ન હોત તો શું આજે આપણે એમને ભગવાન માનતા હોત? એમની ભક્તિ કરતાં હોત? ૨૬૫૦ વર્ષ પછી પણ એમનો જન્મોત્સવ ઉજવતાં હોત? ના!

દુનિયામાં અબજો લોકો જન્મે છે, ત્યારે મહાવીર જેવા કોઈ ભગવાનરૂપે પૂજાય છે.

આ જગતમાં લોકો બે રીતે પૂજાય છે;

એક જેમની પાસે જગતના દરેક subjectનું logical knowledge હોય અને બીજા, જેમની પાસે magic હોય.

ભગવાન મહાવીર પાસે શું હતું?

Logic હતું કે magic હતું? ચમત્કાર હતાં કે નમસ્કાર હતાં? ભગવાન મહાવીર પાસે દુઃખને દૂર કરી દે એવું magic હતું કે દુઃખના કારણને દૂર કરનારા તત્ત્વોનું logic હતું?

ભગવાન મહાવીરના શરણ અને સાંનિધ્યમાં આવનાર લાખો ભાવિકોને magic મળતું હતું કે lifeના secrets, આત્માની શુદ્ધિ, જીવનના હેતુઓ અને મોક્ષ પ્રાપ્તિનું logic મળતું હતું?

ભગવાન મહાવીર પાસે સત્ય, તથ્ય અને એનું logic હતું. ભગવાન મહાવીરને ઘણા સમજી શકતા તો ઘણા નહોતાં સમજી શકતા.

ભગવાન મહાવીરના સમવશરણમાં ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ ગૌતમ ભગવાનને સમજીને આવ્યા હતા કે ભગવાનને સમજવા આવ્યા હતા? ન સમજીને આવ્યા હતા, ન સમજવા આવ્યા હતા, એ તો ભગવાન મહાવીરને હરાવવા આવ્યા હતા, હરાવવા આવ્યા હોવા છતાં સ્વયં હારી જાય છે.

જે ભગવાન પાસે હારી જાય છે, તે સ્વયં જીતી જાય છે

અને જે ભગવાનને જીતવાનો પ્રયત્ન કરે છે, તે સ્વયં હારી જાય છે.

ભગવાનના દેહને જન્મ આપનાર માતા ત્રિશલાનો જય જયકાર કરીએ તો ભગવાનની ભગવંતતાને જન્મ આપનાર એમના 'કેવળજ્ઞાનનો ' અહોભાવથી જય જયકાર કરવો જોઈએ ને!

ભગવાનને કેવળજ્ઞાનમાં પ્રગટેલ એ પ્રજ્ઞાનો પ્રકાશ જો આજે આપણી પાસે ન હોત તો? પ્રભુનું જ્ઞાન, પ્રભુની સમજ ન હોત તો?

જરાક અંધારું હોય તો પણ જાણતા-અજાણતા હિંસા થઈ શકે છે તો જો અજ્ઞાનરૂપ અંધારું આપણી lifeમાં હોય તો ૧૮ પ્રકારનાં પાપો થઈ શકે ને!

આપણને અંધારાનો અફસોસ થાય છે પણ અજ્ઞાન અંધારાનો અફસોસ નથી થતો.

4th આરામાં પ્રત્યક્ષ ભગવાનના દર્શન શક્ય થાય અને 5th આરામાં ભગવાનના જ્ઞાનના દર્શન કરવાના હોય. ભગવાનના જ્ઞાનની પૂજા કરવાની હોય. આજે ભગવાન પ્રત્યક્ષ દેહે નથી પણ આગમ ગ્રંથોમાં અક્ષર દેહે અવશ્ય બિરાજમાન છે.

આજે ભગવાનના પુદગલ દેહના ચરણ સ્પર્શનું સૌભાગ્ય નથી પણ ભગવાનના અક્ષર દેહને મસ્તક પર ધારણ કરવાનું સૌભાગ્ય તો જરૂર છે.

પ્રભુના ચરણના ભક્ત બનવાથી શ્રેષ્ઠ છે, પ્રભુના ચૈતન્યના ભક્ત બનવું.

પ્રભુની આકૃતિની પૂજાથી શ્રેષ્ઠ છે, પ્રભુના અક્ષરદેહમાં રહેલી જ્ઞાનની પૂજા!

પ્રભુને પ્રગટેલ 'કેવળજ્ઞાન' આપણને પાપથી અટકાવી પુણ્યવાન બનાવનાર છે, આપણા આત્માને સંસાર સાગરથી તારનાર છે, અંત અને અનંતને સુધારનારું છે.

પ્રભુના આ જ્ઞાનને માત્ર ગ્રંથોમાં જ રાખવું જોઈએ કે આત્મસાત કરવું જોઈએ? પ્રેરણારૂપ બનાવવું જોઈએ.

પ્રભુનું જ્ઞાન આપણી belief અને behaviourial change કરી દે છે.

પ્રભુ જેટલું જ જ્ઞાન આપણા સર્વમાં છે, પ્રભુના કેવળજ્ઞાન પ્રત્યે અત્યંત અહોભાવ, શ્રદ્ધા અને ભક્તિ દ્વારા આપણે પણ આપણા 'કેવળજ્ઞાનને' પ્રગટ કરવાનો પુરુષાર્થ કરીએ.

'કેવળજ્ઞાનરૂપી' માતા તો આપણને સંતાન બનાવવા તૈયાર છે. આપણે એ માતાના સંતાન બનવાની પાત્રતાને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

**સંકલ્પઃ**

જ્યારે 'મા' બનવાનું સૌભાગ્ય મળશે, ત્યારે મારે માતા ત્રિશલા જેવું 'માતૃત્વ' સર્જવું છે અને સંતાનનું 'મહાવીર' જેવું ઘડતર કરવું છે.

**POINTERS**

- પ્રભુનો જન્મોત્સવ 'ભવ્યતા' ને જોવા માટે નહીં, પણ પ્રભુના પરિવારમાં જન્મ લેવાની આપણી પરમ 'ભવિતવ્યતા' નું નિર્માણ કરવા માટે હોય છે.
- જે ભગવાન પાસે હારી જાય છે, તે સ્વયં જીતી જાય છે.
- આપણને અંધારાનો અફસોસ થાય છે પણ અજ્ઞાન અંધારાનો અફસોસ નથી થતો.
- જે દિવસે ભગવંતતા પ્રગટ થાય, તે દિવસે મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ લાગી જાય. મહાવીર 'ભગવાન મહાવીર' બની જાય. માટે જ, કહેવાય કે ભગવાનને જન્મ આપનાર એમનું 'કેવળજ્ઞાન' હોય.
- આજે ભગવાનના પુદગલ દેહના ચરણ સ્પર્શનું સૌભાગ્ય નથી પણ ભગવાનના અક્ષર દેહરૂપ આગમ શાસ્ત્રોને મસ્તક પર ધારણ કરવાનું સૌભાગ્ય તો જરૂર છે.
- પ્રભુને પ્રગટેલ 'કેવળજ્ઞાન' આપણને પાપથી અટકાવી પુણ્યવાન બનાવનાર છે, આપણા આત્માને સંસાર સાગરથી તારનાર છે, અંત અને અનંતને સુધારનારું છે.
- 'કેવળજ્ઞાન' રૂપી માતા તો આપણને સંતાન બનાવવા તૈયાર છે. આપણે એ માતાના સંતાન બનવાની પાત્રતાને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. ■

## રમતાં રમતાં પાણીની ટાંકીમાં પડી ગયેલા બાળકનું મૃત્યુ

પાલઘરઃ હાઉસિંગ કૉમ્પ્લેક્સમાં રમતાં રમતાં પાણીની ખુલ્લી ટાંકીમાં પડી ગયેલા છ વર્ષના બાળકનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની કરુણ ઘટના પાલઘર જિલ્લામાં બની હતી.પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે ઉમરોલીના શાલિગ્રામ વિસ્તારમાં બની હતી. છ વર્ષનો બાળક ઘર નજીક રમતો હતો. રમતાં રમતાં તે અકસ્માતે પાણી ભરેલી ખુલ્લી ટાંકીમાં પડી ગયો હતો. ખાસ્સો સમય વીત્યા છતાં બાળક ઘરે પાછો ન ફરતાં માતા તેને શોધવા નીકળી હતી. કૉમ્પ્લેક્સમાં બધે શોધખોળ કરવા છતાં બાળકની કોઈ ભાળ મળી નહોતી. આખરે વડીલોએ બાળક ગુમ થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક બાળકની શોધ હાથ ધરી હતી. શોધખોળ દરમિયાન બાળક પાણીની ટાંકીમાં પડી ગયો હોવાનું માલૂમ પડ્યું હતું. કૉમ્પ્લેક્સની પાણીની ટાંકી ખુલ્લી જ હતી. ■

## કોંકણ જતા પ્રવાસીઓ માટે 'વંદે ભારત'ના કોચમાં વધારો

મુંબઈઃ મુંબઈથી મડગાંવ સુધી આઠ કોચ સાથે 'વંદે ભારત' દોડાવવામાં આવી રહી છે. આ વંદે ભારત એક્સપ્રેસને મુસાફરો તરફથી ભારે પ્રતિસાદ મળી રહ્યો હોવાથી ગણેશોત્સવ સમયગાળા દરમિયાન વંદે ભારત એક્સપ્રેસના કોચની સંખ્યા બમણી કરવામાં આવી છે. આને કારણે વંદે ભારત એક્સપ્રેસ દ્વારા કોંકણમાં મુસાફરી કરતા મુસાફરોની મુસાફરી વધુ અનુકૂળ બનશે.

જૂન ૨૦૨૩ માં, કોંકણ રેલવે અને ગોવા રાજ્યમાં પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ મડગાંવથી દોડવાનું શરૂ થયું. આને કારણે દેશ-વિદેશના પ્રવાસીઓને આરામદાયક, ઝડપી મુસાફરીનો અનુભવ થવા લાગ્યો અને વંદે ભારત વધુ લોકપ્રિય થવા લાગ્યું. આ વંદે ભારત એક્સપ્રેસની ટિકિટ રિઝર્વેશન મર્યાદા ઓળંગાઈ ગઈ અને વેઇટિંગ લિસ્ટ શરૂ થઈ ગઇ. મુસાફરોની વધુ માંગને કારણે આ એક્સપ્રેસમાં ૧૬ કે ૨૦ કોચ ઉમેરવાની માંગ કરવામાં આવી હતી. ટ્રેન નંબર ૨૨૨૨૯/૨૨૨૩૦ મુંબઈ-માડગાંવ વંદે ભારત એક્સપ્રેસ તેની શરૂઆતથી લગભગ ૯૫ ટકા મુસાફરોની ક્ષમતા જાળવી રાખી છે. તેથી, આઠ કોચવાળી વંદે ભારત એક્સપ્રેસ બધા મુસાફરોની માગણીને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી હતી. ખાસ કરીને સપ્તાહના અંતે અને રજાઓની મોસમમાં મોટાભાગના મુસાફરો વંદે ભારત પર મુસાફરી કરી શકતા ન હતા, પરંતુ અનેક માળખાગત સમસ્યાઓ કોચની સંખ્યાને મર્યાદિત કરી રહી હતી. રાજ્યભરમાં વંદે ભારત એક્સપ્રેસની સંખ્યા વધી રહી છે. મુંબઈ અને મરાઠવાડાને વંદે ભારત સાથે જોડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આમાં રેલવે બૉર્ડે જાલના-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસને નાંદેડ સુધી લંબાવવાનો અને તેને મુંબઈ-સોલાપુર વંદે ભારત એક્સપ્રેસ સાથે જોડવાનો નિર્ણય લીધો છે. તેથી આ રેકનું પ્રાથમિક જાળવણી હવે નાંદેડ ખસેડવામાં આવ્યું છે. તેથી મુંબઈમાં ખાડાની લાઇન (જાળવણી અને સમારકામ લાઇન) ઉપલબ્ધ થઈ હોવાથી, મુંબઈ-મડગાંવ વંદે ભારત એક્સપ્રેસના લાંબા રેકને સમાવવા માટે જગ્યા ઉપલબ્ધ થઈ ગઈ છે. તેથી કોંકણ વિકાસ સમિતિ દ્વારા મુંબઈ-મડગાંવ વંદે ભારત કોચની સંખ્યા બમણી કરવાની માંગ કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થી પર્વના ત્રણ દિવસ માટે વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને, મધ્ય રેલ્વેએ ૨૨૨૨૯/૨૨૨૩૦ મુંબઈ-ગોવા વંદે ભારત એક્સપ્રેસને ૧૬ કોચની સેવામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. મધ્ય રેલવેના સૂત્રોએ માહિતી આપી હતી કે ૧૬ કોચની વંદે ભારત એક્સપ્રેસને આ સમયગાળા માટે અસ્થાયી સેવા બનાવવામાં આવી છે. ૧૬ કોચની વંદે ભારત એક્સપ્રેસ ૨૫, ૨૭ અને ૨૯ ઓગસ્ટે મુંબઈ સીએસએમટીથી અને ૨૬, ૨૮ અને ૩૦ ઓગસ્ટે મડગાંવથી દોડશે. ■

## જરાંગેએ વિરોધ પ્રદર્શન કરવાને બદલે સરકાર સાથે ચર્ચા કરવી જોઈએઃ ચંદ્રકાંત પાટીલ

મુંબઈઃ મરાઠા આરક્ષણ મુદ્દે મનોજ જરાંગે મુંબઈમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવા પર અડગ રહ્યા બાદ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રકાંત પાટીલે શનિવારે તેમને સરકાર સાથે ચર્ચા કરવા અપીલ કરી હતી.

તે જ સમયે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાને ચેતવણી આપી હતી કે જો કોઈ ગેરકાયદેસર પ્રદર્શન કરશે તો કાર્યવાહી કરવામાં આવશે.

જરાંગેએ ૨૯ ઓગસ્ટથી દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણી હેઠળ મરાઠા સમુદાય માટે અનામતની માગણી સાથે વિરોધ પ્રદર્શનનું આહ્‌વાન કર્યું છે.

તેમની માગણીનો ઓબીસી જૂથો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

જરાંગેએ સરકાર સાથે કાગળ અને કલમ સાથે ટેબલ પર બેસીને નવા વિરોધ પ્રદર્શનો અને ભૂખ હડતાળ કરવાને બદલે મરાઠા અનામત સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ, એમ ચંદ્રકાંત પાટીલે સાંગલીમાં પત્રકારોને જણાવ્યું હતું. જ્યારે દરેકને કાયદેસર રીતે વિરોધ કરવાનો અધિકાર છે, ત્યારે તે માર્ગથી ભટકી જનાર કોઈપણ આંદોલન રાજ્યને કાર્યવાહી કરવા માટે મજબૂર કરશે, એમ તેમણે ઉમેર્યું હતું.

નિર્ધારિત પ્રદર્શન પહેલા રાજ્ય સરકારે મરાઠા અનામત પર એક કેબિનેટ સબ-કમિટીનું પુનર્ગઠન કર્યું છે અને પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટિલને તેના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

ચંદ્રકાંત પાટિલ સમિતિના સભ્યોમાંના એક તરીકે કાર્ય કરશે. ■

## કોંકણવાસીઓ તરફથી એસટીને સારો પ્રતિસાદ, ૫,૧૦૩ બસ બૂક

મુંબઈઃ મુંબઈ, થાણે અને પાલઘર વિભાગમાંથી ગણપતિનું સ્વાગત કરવા માટે કોંકણમાં તેમના વતન જતા કોંકણવાસીઓ એસટી મુસાફરીને પસંદ કરી રહ્યા છે. આ કારણે અત્યાર સુધીમાં કુલ ૫,૧૦૩ વધારાની બસો બૂક થઈ ગઈ છે, જેમાં ગ્રૂપ રિઝર્વેશનવાળી ૪,૪૭૯ એસટી બસોનો સમાવેશ થાય છે.

એસટી કોર્પોરેશને આ વર્ષે ૨૩ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર દરમિયાન ગણપતિ ઉત્સવ માટે ૫,૨૦૦ વધારાની એસટી બસો ચલાવવાનો નિર્ણય લીધો છે. વ્યક્તિગત રિઝર્વેશનની સાથે ૭૫ વર્ષથી વધુ ઉંમરના મુસાફરોને ૧૦૦ ટકા ડિસ્કાઉન્ટ અને ગ્રૂપ રિઝર્વેશનમાં અમૃત સિનિયર સિટીઝન યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે ટિકિટ ભાડામાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.

આ વધારાની બસો ૨૩ ઓગસ્ટથી મુંબઈ, થાણે અને પાલઘર વિભાગના મુખ્ય બસ સ્ટેશનો પરથી દોડાવવામાં આવશે. એસટીના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ બસ સ્ટેશનો અને બસ સ્ટોપ પર કર્મચારીઓ ચોવીસ કલાક કાર્યરત રહેશે. કોંકણમાં હાઇવે પર વિવિધ સ્થળોએ વાહન સમારકામ ટીમો પણ તહેનાત કરવામાં આવશે. ■

## શાહપુરમાં વૃદ્ધાની હત્યા બાદ લૂંટના કેસમાં યુવકની ધરપકડ

### આરોપીઓના હુમલામાં મૃતકની વયોવૃદ્ધ માતા પણ ગંભીર જખમી

થાણેઃ શાહપુરના ફાર્મહાઉસમાં ઘૂસેલા લૂંટારાઓએ ૭૫ વર્ષની વૃદ્ધાની કથિત હત્યા કરી લૂંટ ચલાવી હતી. આ હુમલામાં વૃદ્ધાની વયોવૃદ્ધ માતા પણ ગંભીર રીતે ઘવાઈ હતી. પોલીસે તપાસ હાથ ધરી ગુનામાં સંડોવાયેલા યુવકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ શાહપુર તાલુકાના ગાંડુળવાડ ગામમાં આવેલા વૃદ્ધાના ફાર્મહાઉસમાં ૧૮ ઑગસ્ટની રાતે બની હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ શિવાજી બળવંત ઘસાડે (૨૫) તરીકે થઈ હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ઘટનાની રાતે અમુક શખસો ફાર્મહાઉસમાં ઘૂસ્યા હતા અને માતા-પુત્રી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં વજનદાર વસ્તુ ફટકારવાને કારણે વીણા દૌલતરામ હરપલાણી (૭૫)નું મૃત્યુ થયું હતું, જ્યારે તેની માતા લક્ષ્મી નારાયણદાસ દલવાણી (૯૭) ગંભીર રીતે જખમી થઈ હતી.

આ પ્રકરણે મૃતકના ભાઈએ નોંધાવેલી ફરિયાદને આધારે ખિનવલી પોલીસે ૧૯ ઑગસ્ટે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. સિનિયર સિટીઝનની હત્યા થતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે પણ સમાંતર તપાસ હાથ ધરી હતી. પોલીસે ફાર્મહાઉસના કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓની પૂછપરછ કરી હતી. મળેલી માહિતીને આધારે પોલીસે ઘસાડેને તાબામાં લીધો હતો. (પીટીઆઈ) ■

## નોકરી ઇચ્છુકોને છેતરીને તેમનાં બૅન્ક ખાતાંનો ઉપયોગ સાયબર ફ્રોડમાં કરનારા પકડાયા

થાણેઃ નોકરી અપાવવાની લાલચે જરૂરિયાતમંદોને કથિત રીતે છેતરીને તેમનાં નામનાં બૅન્ક ખાતાં અને સિમ કાર્ડનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં કરવાના સાયબર ફ્રોડના રૅકેટનો પર્દાફાશ કરી થાણે પોલીસે સાત જણની ગોવાથી ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ આનંદ અશોક મેઘવાણી (૩૪), સૌરભ શર્મા (૪૦), ભોલા પ્રદીપ યાદવ (૨૧), લાલચંદ મુખિયા (૨૫), ગૌરવ યાદવ (૨૫), રોહિત યાદવ (૨૧) અને રાજકુમાર યાદવ (૨૧) તરીકે થઈ હતી.

થાણેના એક યુવાને નોંધાવેલી ફરિયાદને પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફરિયાદીના નામના બૅન્ક ખાતા અને સિમ કાર્ડનો ઉપયોગ સાયબર ફ્રોડમાં થયો છે.

ફરિયાદીને ઊંચા પગારની નોકરીની લાલચે આરોપીએ છેતર્યો હતો. આરોપીએ ફરિયાદીને તેના નામનું બૅન્ક ખાતું ખોલાવવાની ફરજ પાડી હતી. બાદમાં ફરિયાદીની પાસબુક, એટીએમ કાર્ડ અને સિમ કાર્ડ આરોપીએ પોતાની પાસે રાખી લીધાં હતાં અને સાયબર ક્રાઈમમાં ઉપયોગ કરવા ગોવા મોકલાવી દીધાં હતાં, એમ ઈન્સ્પેક્ટર અતુલ અદુરકરે જણાવ્યું હતું.

ફરિયાદીને નોકરી ન મળતાં તેણે તપાસ શરૂ કરી હતી. ફરિયાદીને તેના બૅન્ક ખાતાનો ગેરકાયદે વ્યવહારમાં ઉપયોગ થયો હોવાનું જાણવા મળ્યું હતું. આ જ રીતે આરોપીએ નોકરી ઇચ્છુક ૮૦ યુવાનોને છેતર્યા હોવાનું તપાસમાં જણાયું હતું.

મળેલી માહિતીને આધારે પોલીસની ટીમે દક્ષિણ ગોવાની એક હૉટેલમાં રેઇડ કરી સાત આરોપીને પકડી પાડ્યા હતા. પકડાયેલામાંથી મેઘવાણી અને શર્મા મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના રહેવાસી છે, જ્યારે બાકીના આરોપી બિહારના વતની હોવાનું પોલીસે જણાવ્યું હતું. હૉટેલની રૂમમાંથી પોલીસે બે લૅપટોપ, ૩૦ મોબાઈલ ફોન, નાગપુરની ૧૧ વ્યક્તિનાં નામની વિવિધ બૅન્કોની પાસબુક, એટીએમ કાર્ડ્સ તેમ જ અનેક સિમ કાર્ડ જપ્ત કર્યાં હતાં.

નોકરી ઇચ્છુકોના નામે બૅન્ક ખાતું ખોલાવી આરોપીઓ તેમને પાંચ હજાર રૂપિયા આપતા હતા. પછી બૅન્કની કિટ પોતાની પાસે રાખી લેતા. ત્યાર બાદ યુવાનોના નામના સિમ કાર્ડ પણ ખરીદતા. ધરપકડથી બચવા આ ટોળકી કોઈ પણ સ્થળે ૧૫ દિવસથી વધુ રહેતી નહીં, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના વેચાણને ડામવા એફડીએની વિશેષ ઝુંબેશ

મુંબઈઃ રાજ્યના નાગરિકોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પૂરો પાડવા માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને તહેવારોની મોસમ નિમિત્તે ખાસ નિરીક્ષણ અભિયાન અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. તે મુજબ ખાદ્ય અને ઔષધ વહીવટ વિભાગ દ્વારા 'સણ મહારાષ્ટ્ર ચા, સંકલ્પ અન્ન સુરિક્ષતતેચા અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.

ગણેશોત્સવ, ઈદ, નવરાત્રી, દશેરા, દિવાળી જેવા તહેવારો દરમિયાન મીઠાઈ, મોદક, નાસ્તા અને પ્રસાદ જેવી ખાદ્ય ચીજોની માગણી મોટા પ્રમાણમાં વધી જાય છે. આ વધતી માગણીને કારણે કેટલાક ફૂડ સ્ટોલ ધારકો ભેળસેળયુક્ત ખોરાક વેચે તેવી શકયતા રહે છે, તેથી ખાદ્ય અને ઔષધ વહીવટ વિભાગે નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે આ ઝુંબેશ હાથ ધરી છે, જે ૧૧ ઓગસ્ટથી ૨૫ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી અમલમાં મુકાશે.

ઝુંબેશ દરમિયાન, જાહેર ગણેશ મંડળો, મીઠાઈ ઉત્પાદકો, મોદક અને નાસ્તા તૈયાર કરતા મહિલા બચત જૂથો માટે ખાદ્ય સ્વચ્છતા પર વર્કશોપનું આયોજન કરવામાં આવશે. નાગરિકોને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને ધોરણ અંગે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૩૬૫ પર ફરિયાદ કરવા પણ અપીલ કરવામાં આવી છે. ■

## મહિલા સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન કરીને સરકારી કોન્ટ્રાક્ટ આપવામાં આવશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે, સરકાર ટૂંક સમયમાં મહિલા સહકારી મંડળીઓની નોંધણી કરશે અને ઉદ્યોગ, વાણિજ્ય અને વેપારમાં તેમની ભાગીદારી મજબૂત કરવા માટે તેમને કોન્ટ્રાક્ટ આપશે. અહીં એક કાર્યક્રમને સંબોધતા, ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે ૨૦૨૪ની રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા જાહેર કરાયેલી કોઈપણ કલ્યાણકારી યોજનાઓ આગામી પાંચ વર્ષ સુધી બંધ કરવામાં આવશે નહીં. 'મહિલા સહકારી મંડળીઓની રચના અને નોંધણી કરવામાં આવશે અને સરકાર ટૂંક સમયમાં તેમને કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય લેશે. અમે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા વર્ક ઓર્ડરમાં મહિલા સહકારી મંડળીઓના અધિકારો અને હિસ્સા સ્થાપિત કરવા અંગે પણ નિર્ણય લઈશું, એમ તેમણે કહ્યું હતું. સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સીમાચિહ્‌નરૂપ નિર્ણયનો ઉલ્લેખ કરતા, ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત વિકસિત દેશોના વૈશ્વિક ઉદાહરણને અનુસરી રહ્યું છે જ્યાં મહિલાઓ માટે સમાન તકોએ વિકાસમાં ફાળો આપ્યો છે.'આગામી ૨૦ વર્ષોમાં ભારત વિશ્વનું પ્રથમ કે બીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનશે. આ યાત્રામાં મહિલાઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. ■

# ફેડરલ રિઝર્વના રેટ કટના સંકેતો સાથે વૈશ્વિક સોનામાં સપ્તાહના અંતે ચમકારો

## દશેરા, ધનતેરસ અને દિવાળીની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા જ્વેલરી ઉત્પાદકોની નીચા મથાળેથી નીકળેલી લેવાલી

ગત સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલના જેક્સન હૉલ ખાતેના વક્તવ્ય પર રોકાણકારોની નજર હોવાથી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. આ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહ્યું હોવાથી પણ ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર ફેડરલના અધ્યક્ષે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે રોજગારીના ક્ષેત્રમાં વધી રહેલા જોખમોને ધ્યાનમાં લેતા વ્યાજદરમાં કાપ મૂકવાનું જરૂરી જણાય છે તેમ છતાં ડૉનલ્ડ ટ્રમ્પનાં વહીવટીતંત્રની ટૅરિફની નીતિને ધ્યાનમાં લેતાં ફુગાવાલક્ષી દબાણ વધવાના પડકરો પણ સામે ઝળૂંબી રહ્યા હોવાથી વ્યાજદરમાં કપાત વિલંબિત થઈ રહી છે. આમ તેમના નિવેદનને ધ્યાનમાં લેતાં ફેડરલ રિઝર્વ આગામી ૧૬-૧૭ સટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતાં ડૉલર ઈન્ડેક્સમાં એક ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. તેમ જ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકા ઉછળીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૭૩.૮૯ ડૉલર અને ૩૪૧૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ ૨.૨ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો.

એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૪મી ઑગસ્ટનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૦૦,૦૨૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૯૯,૭૩૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૮,૮૦૩ અને ઉપરમાં રૂ. ૯૯,૭૩૭ની ખૂલતી સપાટીની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૬૬૫ અથવા તો ૦.૬૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૯,૩૫૮ના મથાળે બંધ રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ સોનાના ભાવમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી ભારત સહિત એશિયન બજારોમાં ખરીદી મર્યાદિત રહી હતી. તેમ છતાં દેશમાં આગામી ઑક્ટોબર મહિનામાં દશેરા, ધનતેરસ અને દિવાળી જેવા સપરમા તહેવારો આવી રહ્યા હોવાથી તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતાં જ્વેલરી ઉત્પાદકોની સોનામાં નીચા મથાળેથી લેવાલી જોવા મળી હોવાનું મુંબઈસ્થિત એક ડીલરે જણાવતા ઉમેર્યું હતું કે જ્વેલરોની માગને ટેકે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં જે આગલા સપ્તાહે ઔંસદીઠ છ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ બે ડૉલર ડિસ્કાઉન્ટથી ત્રણ ડૉલર સુધીનાં પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા. જોકે, પૂનાસ્થિત એક ડીલરના જણાવ્યાનુસાર સપ્તાહ દરમિયાન રિટેલ સ્તરની માગ સામાન્ય માગની સરખામણીમાં માત્ર ૬૦ ટકા જેટલી જ જોવા મળી હતી. અન્ય એક ડીલરે જણાવ્યું હતું કે ગત સપ્તાહના અંતે વૈશ્વિક સોનામાં ઉછાળો આવ્યો હોવાથી આગામી સોમવારે સત્રના આરંભે તેજીનું વલણ જોવા મળે તેવી શક્યતા છે અને ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની માગ જળવાઈ રહે તેવી શક્યતા પાંખી જણાય છે.

વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ કામકાજો પાંખાં રહ્યાં હતાં અને છૂટાછવાયા હાથબદલાના વેપાર થયા હતા. તેમ જ ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ત્રણથી આઠ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યાના અહેવાલ હતા. ગત સપ્તાહ દરમિયાન ફેડરલ રિઝર્વ અમુક અધિકારીઓએ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કપાત અંગે થોડાઘણાં અંશે ટેકો જાહેર કર્યો હોવા છતાં સપ્તાહના અંતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલ તેમના શુક્રવારના જેક્શન હૉલ ખાતેના વક્તવ્યમાં વ્યાજદરમાં કપાત અંગે અથવા તો ભવિષ્યની નાણાનીતિ અંગે કોઈ સંકેત આપે છે કે કેમ તેની રાહમાં સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ રેન્જબાઉન્ડ રહ્યા હતા. વધુમાં ગત સપ્તાહે જાહેર થયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં ફુગાવામાં સ્થિરતા અને રોજગારી ક્ષેત્ર મંદ પડ્યું હોવાના સંકેતો મળ્યા હોવાથી ૭૫ ટકા બજાર વર્તુળો સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાતનો આશાવાદ રાખી રહ્યા હતા. વધુમાં રશિયા અને યુક્રેન વચ્ચેનાં યુદ્ધ વિરામ માટેની શાંતિ મંત્રણાઓ સફળ થવાના આશાવાદે પણ અમુક અંશે સોનાના ભાવ દબાણ હેઠળ રાખ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ માટે ઔંસદીઠ ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટીએ અને ૩૪૨૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૬,૭૦૦થી ૧,૦૨,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

એકંદરે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે તેના જેક્શન હૉલ ખાતેનાં આઠમા અને અંતિમ વક્તવ્યમાં સટેમ્બર મહિનામાં રેટ કટના સંકેતો આપતાં સોનામાં ઉછાળો જોવા મળ્યો હોવાનું વિશ્લેષક તાઈ વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હવે આગામી દિવસોમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવે છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે. જોકે, હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો સપ્ટેમ્બરમાં ૨૫ બેસિસ પૉઈન્ટના રેટ કટની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. ■

# વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસ ૭.૪૫ અબજ ડૉલર આસપાસ સ્થિર

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ ખાદ્ય ચીજોની મૂલ્યની દૃષ્ટિએ નિકાસ ૭.૪૫ અબજ ડૉલર આસપાસની સપાટીએ સ્થિર રહી હતી, પરંતુ જથ્થાત્મક ધોરણે નિકાસ આગલા નાણાકીય વર્ષની સરખામણીમાં ઘટીને ૧૬,૯૮,૧૭૦ ટનની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. મંત્રાલયની ગત સાલની ૧૯મી જૂનની આંકડાકીય માહિતી અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭,૮૧,૬૦૨ ટન દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસ થઈ હતી, જેનું મૂલ્ય રૂ. ૬૦,૫૨૩.૮૯ કરોડ (૭.૩૮ અબજ ડૉલર)નું રહ્યું હતું. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાંથી ૧૬,૯૮,૧૭૦ ટન દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસ થઈ છે જેનું મૂલ્ય રૂ. ૬૨,૪૦૮.૪૫ કરોડ (૭.૪૫ અબજ ડૉલર)ની સપાટીએ રહ્યું હોવાનું મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે ગત સાલ થયેલી દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસમાં જથ્થાત્મક તથા મૂલ્યના ધોરણે થીજવેલી શ્રીમ્પ અગ્રતાક્રમે રહી હતી તેમ જ અમેરિકા તથા ચીન ભારતીય દરિયાઈ ખાદ્ય ચીજોનાં મુખ્ય આયાતકર્તા દેશ રહ્યા હતા અને કુલ નિકાસ ૫.૧૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી તેમ જ મૂલ્ય અને પ્રમાણની દૃષ્ટિએ અનુક્રમે ૬૯.૪૬ ટકા અને ૪૩.૬૭ ટકા હિસ્સો રહ્યો હતો.

વધુમાં થીજવેલી માછલીઓની નિકાસ બીજા ક્રમે અને થીજવેલી સ્ક્વિડ ત્રીજા ક્રમાંકે રહેતાં અનુક્રમે ૬૨.૨૬૦ કરોડ ડૉલરની અને ૩૬.૭૬૮ કરોડ ડૉલરની નિકાસ થઈ હોવાનું મંત્રાલયે જણાવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતીય દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસમાં અમેરિકા અગ્રેસર રહેતા નિકાસ આગલા નાણાકીય વર્ષનાં ૨.૫૫ અબજ ડૉલર સામે વધીને ૨.૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

આ સિવાય ગત સાલ ચીન ખાતે ૧.૨૭ અબજ ડૉલરની, યુરોપિયન યુનિયન ખાતે ૧.૧૨ અબજ ડૉલરની, દક્ષિણ પૂર્વ એશિયા ખાતે ૯૭.૪૯૯ કરોડ ડૉલરની, જાપાન ખાતે ૪૧.૧૫૫ કરોડ ડૉલરની અને મધ્ય પૂર્વના દેશોમાં ૨૭.૮૩૧ કરોડ ડૉલરના મૂલ્યના દરિયાઈ ખાદ્ય ચીજોની નિકાસ થઈ હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧.૪ અબજ ડૉલરનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત ૧૫મી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧.૪૮૮ અબજ ડૉલર વધીને ૬૯૫.૧૦૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તાજેતરમાં જાહેર કરેલી સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેનાં સપ્તાહે અનામત ૪.૭૪૭ અબજ ડૉલર વધીને ૬૯૩.૬૧૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્કની યાદીમાં જણાવ્યાનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૯૨૪ અબજ ડૉલર વધીને ૫૮૫.૯૦૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેનાં સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૧ કરોડ ડૉલર વધીને ૧૮.૭૮૨ અબજ ડૉલરની સપાટીએ અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૫ કરોડ ડૉલર વધીને ૪.૭૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૪૯.૩ કરોડ ડૉલર ઘટીને ૮૫.૬૬૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

## સ્પોર્ટ્સ

# બૉલ પર માખી બેઠી અને પછી બ્રિટિશ ગૉલ્ફર જીત્યો મૅચ, ૧૭ કરોડ રૂપિયા કમાયો!

## ચાલો, માખીના મૅજિકવાળી રસપ્રદ ઘટનાની વિગતો જાણી લઈએ...: વિજેતા ખેલાડી ટૉમી ફ્લિટવૂડ ઑક્ટોબરમાં ભારત આવવાનો છે



ન્યૂ યૉર્કઃ શું કોઈ માખી કોઈને ૨૦ લાખ ડૉલર (અંદાજે ૧૭ કરોડ રૂપિયા)નું ઇનામ જિતાડી આપે? ચોંકી ગયાને! માનવામાં નથી આવતુંને! જોકે અમેરિકામાં એક બ્રિટિશ ગૉલ્ફ ખેલાડી સાથે જે કંઈ બની ગયું એ પછી માનવું પડે એવી વાત છે. આ માખી નિમિત્ત બની કે બીજું કંઈ કારણ હોય, પણ ઇંગ્લૅન્ડના આ ખેલાડી પર મા લક્ષ્મી પ્રસન્ન તો થયાં જ છે.

અમેરિકામાં તાજેતરમાં આયોજિત બીએમડબ્લ્યૂ ચૅમ્પિયનશિપમાં બ્રિટિશ ગૉલ્ફર ટૉમી ફ્લિટવૂડનો એક વીડિયો વાઇરલ થયો છે જેમાં જોવા મળે છે કે ગૉલ્ફના બૉલ પર એક માખી બેઠી અને ત્યાર બાદ ફ્લિટવૂડે એ મૅચ જીતી લીધી હતી અને ઇનામમાં ૧૭ કરોડ રૂપિયા કમાયો હતો. જોકે તે કેવા સંજોગોમાં જીત્યો એની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે.

ફ્લિટવૂડ જીત્યો એમાં તેની સાથે સોશ્યલ મીડિયામાં બૉલ પર બેઠેલી માખી પણ ચર્ચાનું કેન્દ્ર બની ગઈ. મીડિયા પર ફ્લિટવૂડની જીતનું શ્રેય માખીને આપવામાં આવી રહ્યું છે, પરંતુ કેટલાક બીજા કારણ પણ છે જે આપણે જાણીશું જ. બાય ધ વે, સાત વખત ડીપી વર્લ્ડ ટૂર જીતી ચૂકેલો ફ્લિટવૂડ આગામી ઑક્ટોબરમાં ભારત આવવાનો છે. આ પ્રવાસ દરમ્યાન તે ડીપી વર્લ્ડ ઇન્ડિયા ચૅમ્પિયનશિપમાં રમશે.

**'માખીનો ચમત્કાર' કૅમેરામાં ઝડપાયો**

ગયા અઠવાડિયે અમેરિકાના મૅરીલૅન્ડની કેવ્ઝ વૅલી ગૉલ્ફ ક્લબમાં આયોજિત આ ગૉલ્ફ સ્પર્ધાના ફાઇનલ રાઉન્ડમાં ફ્લિટવૂડે સેવન-અન્ડરથી શરૂઆત કરી હતી અને મુકાબલાની અંતિમ પળમાં બૉલ તેના દમદાર શૉટમાં હૉલની ખૂબ નજીક આવીને અટકી ગયો હતો. ફ્લિટવૂડે માની લીધું કે હવે મૅચ તેના હાથમાંથી ગઈ. જોકે પળવારમાં ચમત્કાર થયો હતો. તેના અટકેલા બૉલ પર ત્યારે એક માખી બેઠી અને ત્યાર પછી બૉલ સરકીને હૉલમાં જતો રહ્યો હતો. ફ્લિટવૂડના ચહેરા પર અભૂતપૂર્વ આશ્ચર્ય અને રોમાંચ હતા. પીડીએના ૧૦ સેકન્ડના નિયમ અનુસાર તેને વિજેતા ઘોષિત કરવામાં આવ્યો હતો. માખી બેઠી ત્યાર પછી બૉલ હૉલમાં ગયો એ નરી આંખે કોઈને નહોતું દેખાયું, પરંતુ કૅમેરાના ફૂટેજને બારીકાઈથી જોવામાં આવ્યા અને રિપ્લે જોવામાં આવી તો બૉલ પર માખી બેઠેલી દેખાઈ હતી. એ ઘટનાનો વીડિયો વાઇરલ થઈ ગયો હતો. ■

### શું સાચે જ માખીને લીધે બૉલ ગયો હૉલમાં?

માખીને કારણે ફ્લિટવૂડને જીતવા મળ્યું એવું માનનારાનું એવું પણ કહેવું છે કે ૩૪ વર્ષીય ગૉલ્ફર ફ્લિટવૂડ ઉપર ૧૭ કરોડ રૂપિયાનો વરસાદ પેલી માખીને કારણે જ થયો. જોકે ફ્લિટવૂડની જીત બાદ સોશ્યલ મીડિયામાં મિશ્ર પ્રતિક્રિયા જાણવા મળી છે. કોઈક કહે છે કે નાની અમથી માખીના વજનથી ગૉલ્ફનો બૉલ કેવી રીતે હલી શકે? અને હલી જાય તો પણ સરકીને છેક હૉલમાં કેવી રીતે જઈ શકે? અમેરિકાના એક જાણીતા દૈનિકના વિશ્લેષણમાં જણાવાયું છે કે એક માખીનું વજન અંદાજે એક મિલીગ્રામ હોય છે અને ગૉલ્ફના બૉલનું વજન એનાથી અનેકઘણું વધુ હોય છે. એવામાં માખીના બેસવાથી હૉલમાં બૉલ પડે એ વાત ઘણાને ગળે નથી ઊતરતી.

### વૈજ્ઞાનિકનું કહેવું છે કે...

પ્રસિદ્ધ ફિઝિસિસ્ટ અને ન્યૂ યૉર્ક સિટી કૉલેજના પ્રોફેસર મિચિયો કાકૂના મંતવ્ય મુજબ ન્યૂ યૉર્કના અખબારે દાવો કર્યો છે કે માખીના બેસવાથી બૉલનું હલવું અસંભવ નથી. તેમના જણાવ્યા મુજબ ભૌતિકશાસ્ત્રમાં એક ટિપિંગ પૉઇન્ટ કૉન્સેપ્ટ હોય છે જે મુજબ મોટી વસ્તુ પણ નજીવો ઝટકો લાગતાં નીચે પડી શકે છે. એ જોતાં માખી બેસવાથી બૉલ ગૉલ્ફના મેદાનના હૉલમાં ગયો એ અશક્ય નથી. બીજી એક સંભાવના એ છે કે કદાચ હવા કે જમીનમાંના કંપનને લીધે હૉલમાં બૉલ જતો રહ્યો હોઈ શકે. કારણ ભલે ગમે એ હોય, આ ઘટનાએ ફ્લિટવૂડને માલામાલ તો કરી જ દીધો છે. લક્ષ્મી માતાએ તેના પર મોટી કૃપા કરી છે.

# ૨૦૨૭નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાંઃ શહેરો નક્કી કરાયા

૨૦૨૭ના ઑક્ટોબર-નવેમ્બરમાં પુરુષોનો વન-ડે વર્લ્ડ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે યોજાશે અને સાઉથ આફ્રિકાએ આ સર્વોચ્ચ સ્પર્ધા માટેના આઠ સ્થળની જાહેરાત કરી છે.

સાઉથ આફ્રિકામાં વિશ્વ કપની જે ૪૪ મૅચ રમાશે એ માટે જોહનિસબર્ગ, પ્રીટોરિયા, કેપ ટાઉન, ડરબન, કેબેરા, બ્લોમફોન્ટેન, ઈસ્ટ લંડન અને પાર્લના સ્ટેડિયમ નક્કી કરવામાં આવ્યા છે.

બાકીની ૧૦ મૅચ ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. ■

# શુભમન ગિલે મુંબઈમાં બ્લડ ટેસ્ટ કેમ કરાવી?

## દુલીપ ટ્રૉફીમાં લગભગ નહીં રમેઃ એશિયા કપમાં રમશે?

મુંબઈઃ એક તરફ બૅટ્સમૅન શુભમન ગિલને ૨૦૨૫ની આઈપીએલના તેમ જ ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ સિરીઝના શાનદાર પર્ફોર્મન્સ બદલ ટી-૨૦ એશિયા કપ માટેની ટીમમાં સમાવવામાં આવ્યો છે ત્યાં બીજી બાજુ તેણે તબિયત સારી ન હોવા છતાં તેમ જ મુંબઈમાં બ્લડ ટેસ્ટ કરાવી એમ છતાં દુલીપ ટ્રૉફીમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે હવે એવો અહેવાલ મળ્યો છે કે ગિલ ૨૮મી ઑગસ્ટે શરૂ થતી દુલીપ ટ્રૉફીમાં કદાચ નહીં રમે અને ત્યાર બાદ એશિયા કપ પહેલાં પણ તે ફિટનેસ પાછી મેળવશે કે નહીં એના પર સૌની નજર રહેશે.


૨૦૨૫ની આઇપીએલમાં ૬૫૦ રન અને ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ૭૫૪ રન કરનાર ગિલ વિશે એવું મનાય છે કે તેને ટૂંક સમયમાં ભારતની ત્રણેય ફૉર્મેટની ટીમનો સુકાની નિયુક્ત કરી દેવામાં આવશે.

એશિયા કપ માટેની ટીમમાં શ્રેયસ ઐયરને અવગણીને ગિલને સ્થાન આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, અક્ષર પટેલના સ્થાને ગિલને વાઇસ કેપ્ટન પણ બનાવી દેવામાં આવ્યો છે. આગામી દુલીપ ટ્રૉફી માટેની ટીમમાં ગિલને નોર્થ ઝોનની ટીમની કેપ્ટન્સીની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે કહેવાય છે કે તે એ સ્પર્ધામાં નહીં રમે, કારણકે તેને કોઈક પ્રકારની બીમારી છે એટલે તેના લોહીની તપાસ કરાવવામાં આવી છે. ■

# સેહવાગે ગુસ્સામાં રાહુલ દ્રવિડને કહેલું, 'તારા કોચને કહી દે, મારી નજીક ન આવે'

## ૨૦૦૬માં ગ્રેગ ચૅપલે બૅટિંગના સ્ટાન્સમાં ફેરફાર કરવાની કોશિશ કરી એટલે વીરુ ભડકી ગયો હતો





નવી દિલ્હીઃ ક્રિકેટ જગતના સૌથી વિસ્ફોટક બૅટ્સમેનોમાં વિવ રિચર્ડ્સની હરોળમાં ગણાતા વીરેન્દર સેહવાગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડી એને ૧૨ વર્ષ વીતી ગયાં છે, પણ તેના સમયના ભારતીય ટીમના ઑસ્ટ્રેલિયન હેડ-કોચ ગ્રેગ ચૅપલ સાથેના તેના (વીરુદાદાના) સ્પષ્ટ અને દમદાર અભિગમને સેહવાગના ચાહકો હજી આજે પણ યાદ કરે છે અને એમાંની એક ઘટના બે દિવસથી ચર્ચાસ્પદ થઈ છે જેમાં સેહવાગે ભૂતપૂર્વ કૅપ્ટન રાહુલ દ્રવિડને ડ્રેસિંગ-રૂમમાં ગ્રેગ ચૅપલ વિશે જે કહ્યું એ મુદ્દો સૌથી વધુ ચર્ચામાં છે.

સેહવાગ ૨૦૦૪ની સાલમાં ટેસ્ટમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો હતો. એટલું જ નહીં, તે બે ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. ૨૦૦૯માં શ્રીલંકા સામે તે ૨૯૩ રન પર આઉટ થઈ ગયો હતો. ૧૦૪ ટેસ્ટમાં ૮૫૮૬ રન, ૨૫૧ વન-ડેમાં ૮૨૭૩ રન અને ૧૯ ટી-૨૦માં ૩૯૪ રન કરનાર સેહવાગે એક પૉડકાસ્ટમાં ગ્રેગ ચૅપલના કોચિંગ સમયની રસપ્રદ વાત કરી છે.

સેહવાગે પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં આ મુજબની પ્રતિક્રિયા વ્યક્ત કરી છેઃ 'ગ્રેગ ચૅપલે એક વાર મને જે કહ્યું એનાથી મને ખૂબ આઘાત લાગ્યો હતો. એ તબક્કે હું બહુ રન નહોતો કરી શક્તો ત્યારે ચૅપલે મને કહ્યું કે તું જો પગ મૂવ નહીં કરે તો રન નહીં કરી શકે. આંતરરાષ્ટ્રીય સ્તરે પગની મૂવમેન્ટ ખૂબ જરૂરી છે. ચૅપલે મને આવું કહ્યું એટલે મેં તેમને કહી દીધું કે જુઓ, ટેસ્ટ ક્રિકેટમાં મેં ૫૦.૦૦થી પણ વધુ સરેરાશે ૬,૦૦૦-પ્લસ રન કર્યા છે. ચૅપલે મારી આ વાત સાંભળીને કહ્યું, એ બધુ જવા દે, તું જો પગ મૂવ નહીં કરે તો રન નહીં કરી શકે. ત્યારે મારી અને ચૅપલ વચ્ચે ખૂબ દલીલ થઈ હતી અને એ સમયના સુકાની રાહુલ દ્રવિડે અમને છોડાવવા પડ્યા હતા.'

વીરુદાદાએ એ ઘટના સંબંધમાં વધુ જાણકારી આપતા કહ્યું, 'બીજા દિવસે હું જ્યારે બૅટિંગ કરવા જઈ રહ્યો હતો ત્યારે ચૅપલે મને કહ્યું કે રન બનાવજે નહીં તો હું તને ટીમમાંથી કાઢી નાખીશ. ચૅપલ પ્રત્યે મારી પ્રતિક્રિયા ત્યારે કંઈક આવી હતીઃ તમારાથી જે થાય એ કરી લેજો. સેહવાગે પૉડકાસ્ટ પર કહ્યું, 'વિચાર કરો કે જે બૅટ્સમૅન બૅટિંગ કરવા જઈ રહ્યો હોય ત્યારે કોચ તેને ડ્રૉપ કરવાની ધમકી આપે તો બૅટ્સમૅનના મગજ પર કેવી ખરાબ અસર થાય! જોકે મેં એ ક્ષણો ભૂલીને મારી અસલ સ્ટાઇલમાં રમવાનું નક્કી કરીને ધમાકેદાર બૅટિંગ શરૂ કરી દીધી હતી. લંચ પહેલાં હું ૯૯ રન પર પહોંચી ગયો હતો. લંચ વખતે હું ડ્રેસિંગ રૂમમાં પ્રવેશી રહ્યો હતો ત્યારે દ્રવિડ ત્યાં ઊભો હતો. મેં તેને કહ્યું, તારા કોચને કહી દે મારી નજીક પણ ન આવે. હું ત્યારે બધાની સાથે જમ્યો અને પછી પિચ પર જઈને ફરી ફટકાબાજી શરૂ કરી અને ટી-ટાઇમ પહેલાં હું ૧૮૪ રનના મારા સ્કોર પર આઉટ થયો હતો. ત્યારે મેં પૅવિલિયનમાં જઈને એક ખૂણામાં ઊભેલા ચૅપલને કહ્યું, 'હું મારા પગ મૂવ કરું કે ન કરું, રન કેવી રીતે બનાવવા એ હું સારી રીતે જાણું છું.'

સેહવાગે ઇન્ટરવ્યૂમાં આ બધુ કઈ મૅચ વખતે બન્યું એ તો નથી કહ્યું, પણ આ કિસ્સો ૨૦૦૬ની સાલનો હતો. ગ્રૉસ આઇલેટમાં વેસ્ટ ઇન્ડિઝ સામે રમાયેલી એ ટેસ્ટના એક દાવમાં સેહવાગે ૧૯૦ બૉલમાં બે સિક્સર અને ૨૦ ફોરની મદદથી ૧૮૦ રન કર્યા હતા. એ જ મૅચમાં દ્રવિડના ૧૪૦ રન તથા મોહમ્મદ કૈફના ૧૪૮ રનની મદદથી ભારતે આઠ વિકેટે ૫૮૮ રન કર્યા હતા અને એ સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો. જોકે એ મૅચ ડ્રૉમાં ગઈ હતી. ■

# મેસીની વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાની ટીમ કેરળ આવશે



કોચીઃ વિશ્વના સર્વશ્રેષ્ઠ ફૂટબોલર્સમાં ગણાતો આર્જેન્ટિના અને ઇન્ટર માયામીનો લિયોનેલ મેસી આગામી ડિસેમ્બરમાં ભારતમાં મુંબઈ તથા અમદાવાદ સહિત ચાર શહેરમાં સૉકર રમવા આવવાનો છે એવા થોડા દિવસ પહેલાં વાઇરલ થયેલા અહેવાલો વચ્ચે નવી ખબર એ મળી છે કે મેસીની વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાની ટીમ નવેમ્બરમાં ભારત આવશે. ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપમાં ફ્રાન્સને ફાઇનલમાં હરાવીને ચૅમ્પિયન બનેલા આર્જેન્ટિનાની ટીમ ભારતમાં ફક્ત કેરળમાં રમશે. તેઓ ૧૦-૧૮ નવેમ્બર દરમ્યાન કેરળમાં કોચી અથવા તિરુવનંતપુરમમાં ફિફા ફ્રેન્ડ્લી મૅચ રમશે.

આર્જેન્ટિનાના ફૂટબૉલ ખેલાડીઓ કેરળમાં કઈ ટીમ સામે મૈત્રી-મૅચ રમશે એની જાહેરાત હવે પછી કરવામાં આવશે. જોકે મેસી આર્જેન્ટિનાના ખેલાડીઓ સાથે કેરળ આવશે એ સત્તાવાર રીતે કેરળના ખેલકૂદ પ્રધાન વી. અદબુરાહીમને સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર કરી હતી.

લિયોનેલ સ્કેલોની આર્જેન્ટિનાનો ફૂટબૉલ કૅપ્ટન છે અને આર્જેન્ટિનાની ટીમ ઑક્ટોબર-નવેમ્બરમાં કુલ બે ફ્રેન્ડ્લી મૅચ રમાશે જેમાંની એક મૅચ અમેરિકામાં અને બીજી મૅચ કેરળમાં રમાશે. ■

# ૪૬ વર્ષના સ્પિનર ઇમરાન તાહિરે વર્લ્ડ રેકાર્ડ રચ્યો

## ટી-૨૦માં પાંચ વિકેટ લેનાર સૌથી મોટી ઉંમરનો સુકાની બન્યો

નોર્થ સાઉન્ડ (ઍન્ટિગા)ઃ સાઉથ આફ્રિકા તેમ જ ભારતની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) અને વેસ્ટ ઇન્ડિઝની કૅરિબિયન પ્રીમિયર લીગ (સીપીએલ)ની ટીમો સહિત વિશ્વભરની કુલ ૫૮ ટીમ વતી રમી ચૂકેલા ૪૬ વર્ષીય સ્પિનર ઇમરાન તાહિરે સીપીએલની એક મૅચમાં પાંચ વિકેટ લઈને વિશ્વ વિક્રમ રચ્યો છે. ટી-૨૦ મૅચમાં પાંચ વિકેટની સિદ્ધિ ઘણા બોલર મેળવી ચૂક્યા છે, પણ તાહિરની ઉપલબ્ધિ અનોખી છે.

સાઉથ આફ્રિકા વતી ૨૦૧૧થી ૨૦૧૯ સુધીની આઠ વર્ષની કરીઅરમાં કુલ ૩૦૦થી પણ વધુ વિકેટ લેનાર તાહિર ટી-૨૦ ક્રિકેટની એક મૅચમાં પાંચ વિકેટ લેનાર સૌથી મોટી ઉંમરનો કૅપ્ટન બન્યો છે. એટલું જ નહીં, ૪૦ વર્ષની ઉંમર પાર કર્યા પછી ટી-૨૦ મૅચમાં પાંચ વિકેટ લેનાર પણ તે વિશ્વનો પ્રથમ સુકાની છે. તેણે માલવી દેશના કૅપ્ટન મૉઆઝમ અલી બેગનો એક વર્ષ જૂનો રેકૉર્ડ તોડ્યો છે. અલી બેગે ૨૦૨૪માં ૩૯ વર્ષની ઉંમરે પાંચ વિકેટ લીધી હતી.

તાહિરે કૅપ્ટન તરીકે વર્લ્ડ રેકૉર્ડ રચ્યો જ છે, તે ૪૬ વર્ષની વયે એક ટી-૨૦ મૅચમાં પાંચ વિકેટ લેનાર બીજા નંબરનો સૌથી મોટી ઉંમરનો ખેલાડી પણ બન્યો છે. તાહિરની ઉંમર ૪૬ વર્ષ અને ૧૪૮ દિવસની છે. ૨૦૨૨માં કૂક આયર્લેન્ડ્સના રિતાવા નામના ખેલાડીએ પાંચ વિકેટ લીધી ત્યારે તેની ઉંમર ૪૬ વર્ષ અને ૨૯૯ દિવસની હતી.

તાહિર ટી-૨૦ ફૉર્મેટમાં સૌથી વધુ વખત પાંચ વિકેટની સિદ્ધિ મેળવનાર બોલર્સમાં પાંચમા સ્થાને છે. ડેવિડ વિસે ટી-૨૦ મૅચમાં સાત વખત પાંચ વિકેટ લીધી છે. શાહિદ આફ્રિદી, લસિથ મલિન્ગા, ભુવનેશ્વર કુમાર અને ઇમરાન તાહિરે પાંચ-પાંચ વખત ટી-૨૦ મૅચમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી હતી. ■



# વિશ્વ ગુજરાતી ભાષાદિવસ

૨૪મી ઓગસ્ટે ‘ગુજરાતી ભાષા દિવસ’ જેમના સન્માનમાં યોજાય છે એ નર્મદાશંકર લાલશંકર દવેનું ટૂંકું અને હુલામણું નામ નર્મદ હતું. સુરત અને મુંબઈની વચ્ચે જેમનો જીવનકાળ વીત્યો એ નર્મદ આધુનિક ગુજરાતી ભાષાના પહેલા લેખક ગણાય છે. ગુજરાતી ભાષાની પ્રથમ ડીક્ષનરી ‘નર્મકોશ’ તૈયાર કરવાનું શ્રેય એમના ફાળે જાય છે. ગુજરાતી ભાષામાં કવિતાઓના છંદનું પહેલું પુસ્તક ‘નર્મપિંગળ’ પણ નર્મદની રચના છે. ગુજરાતી ભાષામાં વિશ્વનો ઈતિહાસ લખનાર પણ એ પ્રથમ લેખક હતા. નર્મદ માત્ર સાહિત્યકાર નહીં, પરંતુ સમાજ સુધારક પણ હતા. એ સમયે સમાજમાં ચાલતી બદીઓ જેવી કે આભડછેટ, બાળલગ્ન, વિધવાવિવાહ નિષેધ તથા ધર્મગુરુઓના વ્યભિચાર સામે એમણે અવાજ ઉઠાવ્યો હતો. એકલવીર નર્મદે ૨૫ વર્ષની ઉંમરે શિક્ષકની નોકરીને તિલાંજલિ આપીને ‘આજથી કલમ તારા ખોળે છું’ કહીને આખું જીવન સાહિત્યને સમર્પિત કર્યું હતું, ગુજરાતી ભાષામાં દેશાભિમાન, લાગણી તથા જોસ્સો જેવા શબ્દો નર્મદની દેન છે.

આવો, આવા દેશદાઝવાળા વીર કવિ નર્મદના જીવનમાં ડોકિયું કરીએ....

# આ છે ૨૦૨૫માં નર્મદે આપેલો ઈન્ટરવ્યૂ...!

■ રઈશ મનીઆર

રઈશ મનીઆર : નર્મદાશંકર! ‘મુંબઈ સમાચાર’ની રસિક વાચક મંડળી માટે તમારો ઈંટરવ્યૂ કરવો છે.

નર્મદ: ઓળખાણ કરાવશો આ બધાને મારી? પણ એવી જરૂર જ નથી. હું તો કેવારનો ઓળખાઈ ચૂકો છ!

રઈશ : થોડો વધારે પરિચય અમારા ‘મુંબઈ સમાચાર’ના વાચકોની સભા માટે..

નર્મદ : વારુ ત્યારે! નર્મદના ઝાઝા જુહાર ‘મુંબાઈ સમાચાર’ના વાચકોની સભાને! મારા સમયમાં આમ

જ સુરતમાં અને મુંબઈમાં હું લોકને ભેગા કરતો અને અલગ અલગ વિષયે અમે વાત કરતા. અમે એને બુદ્ધિવર્ધક સભા કહેતા. સુરતમાં ક્યારેક નાણાવટ તો ક્યારેક ખપાટિયા ચકલા.. મુંબાઈમાં કદી ભૂલેશ્વર તો કદી વાલકેશ્વર. આવી જ એક સભામાં મેં નિબંધ વાંચેલો મંડળી મળવાથી થતા લાભ.

રઈશ : જી હા, એ હતો ગુજરાતી ભાષાનો પહેલો નિબંધ... પહેલો ગુજરાતી શબ્દકોશ પણ તમારો, નર્મદાશંકર ગુજરાતી સાહિત્યમાં તમારું પ્રદાન તો...

નર્મદ : ખાસ કંઈ નથી, મેં તો બસ મારા સમયને ઝીલ્યો છે, ક્યારેક સમાજને અરીસો દેખાડ્યો તો ક્યારેક ‘ડાંડિયો’ પીટ્યો!

રઈશ : એ જ તો બહુ મોટું કામ!

એક વાત કહો કવિ, તમારા સમયના કવિઓ આમ મારી જેમ ધર્મગુરુ કે સત્તાની સામે થાય ખરા કે પછી ખોળે જ બેસી જાય?

નર્મદાશંકર! એમ કરીએ, આપણે તમારી જ વાત કરીએ... તમારો જન્મ..

સને ૧૮૩૩માં ૨૪ ઓગસ્ટે બદલાઈ રહેલા જમાનામાં મારો જન્મ થયો. સુરત ને મુંબાઈ વચ્ચે જ મારું જીવન વીત્યું. સુરત મારો પ્રેમ, અને મુંબાઈ મારો મંચ.. સુરતમાં આમલીરાનમાં મારા ઘરનું નામ સરસ્વતીમંદિર -અને એના દરવાજે આરસ પર તમે કોતરાવ્યું હતું ‘પ્રેમ અને શોર્ય’. પ્રેમ અને શૌર્યથી ઝંખના અને ઝંઝાવાતથી ભરેલા તમારા જીવન વિશે આજે તમારા જ મોઢે તમારી અદામાં જાણવું છે

એમ! તો સુરતીઓ! અને મુંબઈવાસીઓ સાંભળો... તમારા શહેરનું હું પણ એક ક્યારેક્ટર છું. મારા ઘરને માથે જેટલા નળિયા હતા એટલા મારા દુશ્મન હતા. પણ મારી ટીકા કરવા માટે મને કોઈ દુશ્મનની કદી જરૂર નથી પડી, મારી પૂરતી ટીકા મેં જાતે જ મારા લખાણોમાં કરી લીધી છે!

અને વખાણ?

અત્યારે તમે કરો છો ને! બાકી મારા સમયમાં તો મારા વખાણ માટે પણ મને કોઈ બીજાની જરૂર પડી નથી, હું જ મારો પહેલો પ્રશંસક! મારું સારું-નરસું બન્ને મેં જોયું અને જેવો છું તેવો જ રજૂ થયો છતાં ફરી જોવો હોય તો જોઈ લો! તમારી સામે ઊભો આ પાંચ હાથનો નર્મદ.. ઉપર ચાર આંગળ આ પાઘડીના ઉમેરી લો!

- નર્મદાશંકર, તમે કલમ ક્યારે ઉપાડી?

નાનપણમાં તો બીકણ હતો. માની સોડમાં છુપાઈછુપાઈને મોટો થયો પણ જેમ જેમ સમજ આવી એમ આસપાસ જોતો ગયો. સમાજમાં ચારેકોર વહેમ, કુસંપ, કુરિવાજો, બાળલગ્નો, વિધવાવિવાહ નિષેધ, ધર્મગુરુઓના વ્યભિચાર, લોકોમાં વ્યાપેલ દંભ અને પાખંડ, જ્ઞાન કે ઉદ્યમ પ્રત્યે સાવ ઉદાસીનતા, જ્ઞાતિનાં બંધનો, ઊંચનીચના ભેદ, આભડછેટ.. બસ, બદીઓનું જ સામ્રાજ્ય હતું અને આ બધા સામે લડવા માટે એક ગરીબ બ્રાહ્મણ પાસે તલવાર તો ક્યાંથી હોય! એટલે મેં કલમ ઉપાડી..

- પણ તમે કવિતા શીખ્યા કેવી રીતે?

મને બહુ વહેલો ખ્યાલ આવી ગયો કે ભણવું કમાવું ને લગ્ન કરવા...એ તો બધા કરે, પણ મને સાચો આનંદ આવે છે કવિતા કરવામાં... સૂઝે એમ પદ જોડી કાઢતો...એકવાર સુરતના ચોકના મેદાનમાં એક કાર્યક્રમ હતો એમાં ભરુચના કવિ મનમોહનદાસ અને અમદાવાદથી આવેલા કવિ દલપતરામને સાંભળ્યા, ને મને થયું, આવા પદ તો હું પણ જોડી શકું, પછી ખ્યાલ આવ્યો કે કવિતા કરવા માટે તો પિંગળ આવડવું જોઈએ, છંદ આવડવા જોઈએ, પણ એ શીખવે કોણ? છંદ શીખવા માટે ભરુચના કવિ મનમોહનદાસ ને પત્ર લખ્યો.. કોઈ જવાબ નહીં ...દલપતરામ પાસે તો કોઈ અપેક્ષા રખાય એમ હતું નહીં એટલે એમની મદદ માગવાનું માંડી વાળ્યુ. છંદપિંગળના પુસ્તકોની શોધમાં દરદર ભટક્યો, આખરે કોઈ એક કડિયા પાસે પુસ્તક મળ્યુ. એને ભજનનો શોખ હતો. એના ગુરુએ એને એક પુસ્તક આપેલું ‘છંદ રત્નાવલિ’. એણે પટારામાં સાચવી રાખેલું. પુસ્તક તો મળ્યું પણ પેલો કડિયો મને એ પુસ્તક ઘરે લઈ જવા ન દે. એ કામથી આવે પછી રોજ રાતે એના ઘરે બેસવાનું, દીવાના અજવાળે એની નકલ કરવાની અને આમ હું છંદ શીખ્યો. શીખ્યો તે એવું શીખ્યો કે પછી મેં ત્રેવીસ વરસની ઉંમરે ગુજરાતી ભાષામાં છંદનું પહેલું પુસ્તક લખ્યું: ‘ પિંગળપ્રવેશ..’

એનું અવલોકન કરતા દલપતરામે ૧૮૫૭ના જૂનના ‘બુદ્ધિપ્રકાશ’માં લખ્યું, આ વિષયનું પુસ્તક ગુજરાતી ભાષામાં પહેલવહેલું થયું છે. તમારા અને દલપત રામના સંબંધો વિશે વાત કરો ને આ બધાને...

(મુક્ત મને હસતાં) એ સમયમાં અમદાવાદ સુરત અને મુંબઈમાં દલપતરામનો કવિસમ્રાટ તરીકે એકાધિકાર હતો. મેં કવિતાઓ લખવાનું શરૂ કર્યુ એના વરસ બે વરસમાં તો કવિતાના ચાહકોમાં બે ભાગ પડી ગયા. કોઈ કહે નર્મદ શ્રેષ્ઠ કોઈ કહે દલપત ઉત્તમ.. મુંબાઈના એક અખબારમાં તો કાર્ટૂન આવ્યું કે આ બન્ને ભૂદેવ એકબીજાની ચોટલી ખેંચીને લડી રહ્યા છે...!

મેં બહુ કોશિશ કરી. સહુને સમજાવવાની કે દલપતરામ મોટા છે, વયમાં અને અનુભવમાં બન્નેમાં હું નાનો છું, પણ ક્યારેક મારા ચાહકો તો ક્યારેક એમના ચાહકો અવિવેક કરી કરી અમારી વચ્ચે અણબનાવ કરાવતા.

એક દિવસ મેં દલપતરામને ઘરે નિમંત્ર્યા. અસ્સલ સુરતી બાસૂંદી અને પૂરી જમાડ્યા અને કહ્યું, ‘દલપતરામ, મારી અને તમારી કવિતા અલગ છે. તમે પ્રાચીનોમાં છેલ્લા છો અને હું અર્વાચીનોમાં પહેલો છું. લોકો ભલે આપણને લડાવતા પણ આપણી વચ્ચે કોઈ લડાઈ નથી.’

- સરસ! થઈ ગયું ને સામધાન

એમ સમાધાન થાય? ક્યાંથી થાય? થોડા દિવસ પછી દલપતરામ આગબોટમાં બેસી મુંબાઈથી અમદાવાદ પરત ફરતા હતા. કોઈએ દલપતરામને પૂછ્યું... બસ ને, કરી નાખ્યું ને સમાધાન? મૂછ નીચી કરીને બાસૂંદી -પૂરી ખાઈ આવ્યા ને?

દલપતરામ કહે, ધૂળ પડે એ બાસૂંદી પૂરી પર! (હસે છે)

મારા લેખનને માટે જમાનો ભલે ગમે તે કહે, એટલું તો હું ખાતરીથી કહીશ કે મારી લખેલી ગુજરાતી ભાષા મારા સમયની જાણવાજોગ નમૂનામાંની એક છે. ચોક્કસ નર્મદની વાત કર્યા વગર ગુજરાતી સાહિત્યની વાત માંડી જ ન શકો. પણ મને સવાલ એ થાય છે કે આ બધામાં તમારો નિર્વાહ કેવી રીતે થતો? કવિતા વાંચવાના કે ભાષણો કરવાના પૈસા મળતા ખરા કે?

ના રે, એવી ગોઠવણો દલપતરામ કરતા રહેતા કે એમને પૈસા મળતા રહે. પણ હું કદી કવિતા વાંચવાના પૈસા લેતો નહીં. વારસામાં છ હજારનું દેવું હતું એટલે વીસ વરસની ઉંમરે મારે સુરતમાં શિક્ષકની નોકરી લેવી પડી....એ ય તે મુગલીસરાથી હોડીમાં બેસી સામે કાંઠે તાડવાડી તરફ જતો, ત્યાંથી ઘોડો કરીને નદીકાંઠે રાંદેર પાછલી ઓલીમાં. મારી નિશાળમાં સવારે એંસી વિદ્યાર્થીઓને ભણાવતો. બપોરે તાપી નદીમાં ધુબાકા મારી નહાતો અને થાકીને આવીને નિશાળના એક ખાલી ઓરડામાં સૂઈ જતો. મોનિટરોને કેળવેલા તે બપોર પછી નાનાં બાળકોને તેઓ જ ભણાવતાં

એક વાર અંગ્રેજ ઈન્સ્પેક્ટર ગ્રેહામ આવ્યા ત્યારે હું ઘસઘસાટ સૂતો હતો, ગ્રેહામે મને જગાડીને પૂછ્યું, ‘આમ તે કેમ ચાલે? તમે ઊંઘો તો છોકરાઓના અભ્યાસનું શું?’ મેં બગાસું ખાતા કહ્યું ‘અભ્યાસ બાબતે ચિંતા હોય તો તમે જાતે છોકરાઓની પરીક્ષા લો.’ ગ્રેહામે સવાલો પૂછ્યા. છોકરાઓએ કડકડાટ જવાબો આપ્યા. ગ્રેહામ સાહેબ છક્ક થઈ ગયા ને છોકરાઓને કહ્યું ‘આવા શિક્ષક બીજીવાર નહીં મળે એમનો જેટલો લાભ લેવાય એટલો લાભ લઈ લો!’

-ઓહો તો તો શિક્ષક તરીકે તમે સેટ થઈ ગયા

ક્યાંથી થવાય? કશે સ્થિર થવાય એવો સ્વભાવ જ નહોતો. એ શું, સાડા દસથી તે પાંચ લગ આખો દિવસ છોકરાઓનું કાંવ કાંવ થાય એમાં કવિતા કેમની થાય? આખરે ૧૮૫૮ની ૨૩ નવેમ્બરે ૨૫ વરસ ત્રણ મહિનાની ઉંમરે રાજીનામું લખીને આવ્યો અને ઘરે આવી અને કલમની સામું જોઈ આંખમાં ઝળઝળિયા સાથે કહ્યું

કલમ આજથી તારે ખોળે છઉં!

- વાહ! નોકરી છોડતી વેળા તમે નિર્વાહ માટે બંદોબસ્ત કરેલો?

મનમાં યોજના હતી કે આપણાં શાસ્ત્રોની ગુજરાતીમાં કથા કરવી એની દક્ષિણા લેવી અને મુંબાઈની રંગભૂમિ માટે નાટકો લખી એમાંથી પુરસ્કાર લેવો, બાકીનો સમય વિદ્યાભ્યાસ કરી સુધારાનાં ભાષણો આપવાં. પણ ક્યાંયથી ખાસ આવક ન થઈ. ક્યારેક ચાર આનાના દૂધપૌંઆ પર રહેવું પડે, ક્યારેક ઘરના માણસો માંદા હોય અને એમની દવા કરાવવાના પૈસા ન હોય, માથે કરજનો અસહ્ય બોજો હોય કે અનેકવાર હૃદય ચીરી નાખે એવી પીડાનો અનુભવ થયો છતાં એ ટેક કે કોઈની આગળ લાચાર થઈને જાચવું નહીં અને લીધેલું વ્રત મૂકવું નહીં. લાગલગાટ ૨૪ વરસ એ ટેક રાખી.!

ધન્ય છે! તેથી જ કવિતા તમને વશ થઈ!

કવિતા જેને વશ હોય એ કવિ ક્યાંનો? જે કવિતાને વશ હોય એ કવિ સાચો.. કોઈને લાગશે કે મારી કવિતામાં મેં સૂરતની વાત કરી છે સૂરત તુજ રડતી સૂરત, કોઈને લાગશે મેં ગુજરાતની કવિતા કરી.. જય જય ગરવી ગુજરાત પણ મારે હૈયે તો સદા હિંદુસ્તાન હતું. તો ય અબુધ લોકો મને પશ્ચિમી વિચારથી રંગાયેલો વિચારક ગણે છે ત્યારે તેઓ ભૂલી જાય છે કે હિંદુસ્તાન સેંકડો દેશી રજવાડામાં વહેંચાયેલું હતું દેશ એટલે શું એનો કોઈને ખ્યાલ નહોતો ત્યારે સ્વદેશાભિમાન આ શબ્દનો પહેલીવાર પ્રયોગ મેં જ કર્યો.

-તમે જ ગુજરાતી ભાષાને લાગણી અને જોસ્સો જેવા શબ્દ આપ્યા. અર્વાચીન હિંદુસ્તાનનો ઉદય જોવાની તમારી આશા ફળી કે નહીં?

મારી એક કવિતા છે હિંદુઓની પડતી એમાં મેં લખ્યું છે

*આશ ફળે ન કેમ, મૂકી મિથ્યા શીદ દેવી*
*ફળે નહીં જો આશ, છતાં કોશિશ કર એવી;*
*ફળે ન જનને તોય, ફળે તેના વારસને;*
*ફળે ન એને તોય, ફળે એના વારસને.*

*બાળલગ્ન નહિં થાય, સ્વયંવરથી પરણાશે;*
*સમજૂ સ્ત્રીથી બાળ, સુઘડ રીતે ઉછરાશે.*
*નાતબંધનો તૂટે પરસ્પર જમવું થાશે;*
*મૈત્રી વધશે તેમ, સંપથી બહુ રહેવાશે.*

*જશે જનો પરદેશ, નવું તહાં જઇને જોશે;*
*આવીને નિજ દેશ, શોભતો કરશે હોંશે.*
*ટળશે જાતિભેદ, પંથ પાખંડી ઘટશે;*
*એક ધર્મના સર્વ, હિંદુઓ ત્યારે બનશે.*
*એક ધર્મના સર્વ, હિંદુઓ ત્યારે બનશે.* ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# પહેલી વાર માટે ક્યારેય બહુ મોડું થયેલું હોતું નથી

તમે મુંબઈ જેવા શહેરમાં ઊછર્યા હોય તો પહાડીઓ, બરફાચ્છાદિત ઢળાણો અથવા સાહસિક રમતો તમારા રોજબરોજની સીનરીનો હિસ્સો હોતાં નથી. મારે માટે પણ ૨૦૧૬ સુધી એવું બિલકુલ નહોતું, પરંતુ તે વર્ષે જાપાનમાં મારી પ્રથમ ટ્રિપમાં મેં પહેલી વાર સ્કીઝની જોડી પગમાં બાંધી. મને હજુ પણ તે લાગણી યાદ છે- રોમાંચ, ઉદાસી અને મારા મનમાં ઘુમરાયેલો તે નાનો અવાજ: ‘જો હું પડી જાઉં તો?’(અને ખરેખર હું ઘણી વાર પડ્યો).

પુખ્ત તરીકે ‘પહેલી વાર’ તે કેટલું અલગ મહેસૂસ થાય એ મોજીલું છે. આપણે નાના હોઈએ ત્યારે અતિવિચાર કર્યા વિના નવી નવી બાબતોમાં ઝંપલાવી દેતા હોઈએ છીએ. મોટા થયા પછી ડર વધે છે. ‘તો શું થશે’ એ ડર વધુ મહેસૂસ થાય છે. જોકે તે જ આ અવસરોને યાદગાર બનાવે છે. ૨૦૧૫માં મારી પ્રથમ બંજી જમ્પ, ૨૦૧૭માં સ્કાયડાઈવિંગ અને ૨૦૧૮માં સ્નોબોર્ડિંગ (અને અદભુત રીતે નિષ્ફળ ગયો હતો). આ દરેક સાહસ ખેડતી વખતે મને ડર લાગ્યો, રોમાંચિત થયો અને તે કર્યા પછી લાંબા સમય સુધી યાદ રહ્યું.

જો તમે ભારતના કોઈ પણ શહેરમાંથી આ વાંચતા હોય તો શક્યતા એવી છે કે તમારી પાસે પણ તમે અજમાવ્યાં નહીં હોય તેવાં સાહસોની યાદી હોઈ શકે છે. તમે તે કરવા માગતા નહોતા તેથી નહીં પણ તમે ઊછરતા હતા ત્યારે તે તમારી આસપાસ નહોતું. આથી જ આ સપ્તાહના લેખમાં ભલે તે ‘પ્રથમ’ વિલંબથી આવ્યું હોય પરંતુ તે અપનાવવા વિશે હું ચર્ચા કરવાનો છું. કારણ કે અમુક વાર યોગ્ય સમય સહજ રીતે શરૂ થાય છે... હમણાં જ.

**પહેલી વાર શા માટે તે વિશેષ છે**

તમે નાના હોય ત્યારે પ્રથમ સાહસ છાશવારે ખેડતા હો છો. પ્રથમ બાઈક રાઈડ, પ્રથમ સ્વિમ, પ્રથમ સ્કૂલ ટ્રિપ. જોકે મોટા થયા પછી તે દુર્લભ બને છે, જેનું આંશિક કારણ એ છે કે આપણે આપણા રુટિનમાં કમ્ફર્ટેબલ બની જઈએ છીએ, આંશિક કારણ એ છે કે જવાબદારીઓ અજમાયશ કરવા માટે કોઈ અવકાશ છોડતી નથી.

આથી જ પુખ્ત તરીકે પહેલી વાર તમે કશુંક નવું અજમાયશ કરો છો ત્યારે તે તમારી સ્મૃતિમાં કંડારાઈ જાય છે. તમે જોખમો જાણવા, પડકારો ધારવા પૂરતા પીઢ થઈ ગયેલા હો છો અને તે પુરસ્કારને વધુ મીઠો બનાવે છે. તમારી પ્રથમ બંજી માટે ખડક પરથી ભૂસકો મારવા પૂર્વે તે ઉદાસ હાસ્ય, સ્કીના ઢળાણ પરથી નીચે ધકેલાવા પૂર્વે ધ્રૂજારી, તમારી પ્રથમ સ્કાયડાઈવ કર્યા પછી તે સંપૂર્ણ અવિશ્વાસ આ બધું જ અલોપ થઈ જાય છે.

આ અવસરો આપણને એ યાદ અપાવે છે કે આપણે હજુ પણ સક્ષમ છીએ. આપણી ત્રીસી, ચાળીસી અને પચાસીમાં પણ જીવન નવુંનક્કોર લાગે છે. આપણો મોટા ભાગનો પ્રવાસ ‘જોવા’ વિશે હોય છે ત્યારે આ પ્રથમ ‘મહેસૂસ’ કરવા વિશે છે. તે રોમાંચ, ડર અને જીત. તે તમારી અંદર નાનું પરિવર્તન લાવે છે, પરંતુ તમે ઘેર પાછો આવો છો ત્યારે લાંબા સમય સુધી તે યાદ રહે છે.

**તમારા માટે મારી યાદી**

**તાન્ઝાનિયામાં માઉન્ટ કિલિમાંજારો પર ચઢવું:**

આફ્રિકાનું આ સર્વોચ્ચ શિખર ટેક્નિકલ ચઢાણ કરતાં સહનશીલતા વિશે વધુ છે. અનેક દિવસો સુધી તમે રેઈનફોરેસ્ટ, અલ્પાઈન રણ અને આખરે બરફાચ્છાદિત શિખર થકી પસાર થાઓ છો. ક્ષિતિજ સુધી ફેલાયેલાં વાદળાં સાથે ઉહુરુ શિખરનો સૂર્યોદય દરેક દર્દ આપતું પગલું મૂલ્યવાન લાગે છે. મારી સહ-સંસ્થાપક સુનિલા પાટીલે પૂર્વ પર્વતારોહણ અનુભવ વિના આ ટ્રેક પૂર્ણ કર્યો છે, જે એ સિદ્ધ કરે છે કે ‘હા’ તમારા કમ્ફર્ટ ઝોનની પાર કશુંક કરવા માટે તમારી પાસે ક્યારેય નહોતો તે જોશ ઉજાગર કરી શકે છે.

**કેનેડામાં સ્નોબોર્ડિંગ:**



સ્કીઈંગથી વિપરીત સ્નોબોર્ડિંગમાં બરફ પર સર્ફિંગ કરવાનું વધુ મહેસૂસ થાય છે, જેમાં વારંવાર પડી જવાનું સંકળાયેલું છે. વ્હિસલરમાં વ્યાપક અને પાઉડર જેવો નરમ બરફ શીખવાની પ્રક્રિયાને વધુ ક્ષમાશીલ બનાવે છે. એક વાર તમે જૂજ વળાંકો સહજ રીતે પાર કરો એટલે તમને તેનો ચસકો લાગી શકે, જે સંતુલન, લય અને ગતિનું રોમાંચક સંમિશ્રણ ‘ફરી એક વાર આ સાહસ કરવાની’ તમારી ઈચ્છાને પ્રબળ બનાવે છે.

**આંદામાન ટાપુમાં સ્કુબા ડાઈવિંગ:**

ભૂજળમાં સ્કુબા ડાઈવિંગ અત્યંત રોમાંચક હોય છે. આંદામાનમાં તે કોરલ બગીચાઓ, માંતા રેઝ અને ટમટમતી લાઈટની દુનિયામાં તે ખૂલે છે. મને હેવલોક આઈલેન્ડ પર અહીં મારું સ્કુબા ડાઈવિંગ લાઈસન્સ મળ્યું, જે જૂજ દિવસોએ મારા પ્રવાસની રીત બદલી નાખી. મોટા ભાગના નવાગંતુકો ડિસ્કવર સ્કુબા અજમાવે છે, પરંતુ સંપૂર્ણ પીએડીઆઈ સર્ટિફિકેશન તમને રીતસર અને ગણતરીપૂર્વક સંપૂર્ણ નવી દુનિયાના ઊંડાણમાં લઈ જાય છે, જ્યાં સમય ધીમો પડે છે અને દરેક હલનચલન હલકી મહેસૂસ થાય છે.

**દુબઈમાં પામ પર સ્કાય ડાઈવિંગ:**

૧૩,૦૦૦ ફીટની ઊંચાઈ પર વિમાનમાંથી છલાંગ મારીને ખાસ કરીને નીચે ભૂરાં જળ, સુવર્ણ બીચ અને તે પરફેક્ટ પામ આકાર દર્શાવતું પામ જુમેરા જેવો રોમાંચ જૂજમાંથી એક છે. આ રોમાંચ પડકારજનક છે,પરંતુ નીચેનો સુંદર નજારો અને પેરાશૂટ ખૂલે તે પૂર્વે ફ્રીફોલમાં શાંત અવસરો આહલાદક લાગે છે.

**જાપાન અથવા યુરોપમાં સ્કીઈંગ:**

બરફાચ્છાદિત ઢળાણ પરથી નીચે ગ્લાઈડ કરવાનું પણ તેટલું જ રોમાંચક લાગે છે. જાપાનના નિસેકોમાં માઉન્ટ અનાપુરીના ઢળાણ માઉન્ટ ફુજી જેવી જ પ્રતિકૃતિ માઉન્ટ યોતેઈનો નજારો આપે છે. મારી ચોથી ટ્રિપ હાકુબામાં હતી, જ્યાં મારી પત્ની સાથે સ્કીઈંગ કર્યું, જેની આસપાસ દૂર દૂર સુધી શિખરો અને બરફ જ નજરે પડતો હતો. સાફ શિયાળાના આકાશ હેઠળ તાજી બરફના પાઉડર પર સ્કી કરતી વખતે થતા અવાજ વિશે કાંઈક ચમત્કારી છે.

**ટર્કીના કેપાડોસિયામાં હોટ એર બલૂનિંગ:**

સૂર્યાસ્ત પૂર્વે આકાશ ચકમકતા ગોળાઓથી ભરાઈ જાય છે. ખીણો પરથી ઊડવું, પરીકથાઓ જેવી ચીમની અને ગુલાબી સૂર્યોદય પ્રકાશમાં નાહી ઊઠેલી ગુફા સ્પીડ વિશે ઓછું છે, પરંતુ શાંત પરિપ્રેક્ષ્ય વિશે વધુ છે, જે નમ્ર સાહસ દિલધડક હોય છે અને તમને સપના થકી લઈ જતા હોય તેવું મહેસૂસ કરાવે છે.

**ન્યૂ ઝીલેન્ડમાં બંજી જમ્પિંગ:**

ધાર પર ઊભા રહેતાં તમારા હૃદયના ધબકાર એટલા જોરથી ધબકે છે કે તમને ભાગ્યે જ કાઉન્ટડાઉન સંભળાય છે. આ પછી છલાંગનો વારો આવે છે. દોરડું તમને પાછળ ખેંચે તે પૂર્વે ફ્રીફોલની જૂજ સેકંડ્સ. વ્યાવસાયિક બંજી જમ્પિંગનું જન્મસ્થળ તરીકે ન્યૂ ઝીલેન્ડ પુલોથી ખડકની ધાર પરથી છલાંગ સુધી ડર મોજીલું બનવા સાથે તમને તે ફરીથી મહેસૂસ કરવાનું મન થાય છે.

**હિમાચલ પ્રદેશના બીર બિલિંગમાં પેરાગ્લાઈડિંગ:**

તમારા પગ ટેકરી પરથી ઊંચકાય છે ત્યારે હિમાલય નિરંતર ખેંચાય છે અને નીચેની દુનિયા રસ્તાઓ અને રમકડા આકારનાં ઘરોની રિબનમાં ફેરવાઈ જાય છે. બીર બિલિંગ ભારતનું સૌથી વિખ્યાત પેરાગ્લાઈડિંગ સ્થળ છે અને દુનિયાનું બીજું સૌથી લોકપ્રિય છે. અહીંની શાંતિ અને રોમાંચ અનેરા હોય છે. તમે ઊડતા હો છો છતાં એકદમ શાંતિ હોય છે.

**માચુ પિચુમાં ઈન્કા ટ્રેઈલ ખાતે હાઈકિંગ:**

ધુમ્મસિયા પહાડીઓ અને પ્રાચીન અવશેષો થકી ચાર દિવસ. તમે સન ગેટ પહોંચો અને સવારના ધુમ્મસ થકી માચુ પિચુ જોવાનું અદભુત મહેસૂસ થાય છે, જે અનોખો પુરસ્કાર ફક્ત પ્રયાસ જ ખરીદી કરી શકે છે.

**સાઉથ આફ્રિકામાં શાર્ક કેજ ડાઈવિંગ:**

વિરાટ વ્હાઈટ શાર્કસ જૂજ મીટર દૂરી પર હોય તેવા ઠંડા જળમાં ભૂસકો તમે અજમાયશ નહીં કરો ત્યાં સુધી પાગલપણું લાગી શકે છે. ગંસબાઈમાં તમે સ્ટીલના પાંજરાની અંદર સુરક્ષિત રહો છો, પરંતુ આ સૌથી મોટા શિકારી સાથે રૂબરૂ થવું તે અવિસ્મરણીય છે. મહાસાગરની આ ભવ્ય યોજના સામે તમે કેટલા નાના છો તેની તે યાદગીરી છે.

**પ્રથમની સૌથી સારી વાત:**

‘પ્રથમ’ની સૌથી સારી વાત રોમાંચ અથવા તમારા પાસપોર્ટમાં સિક્કો નથી, પરંતુ એ યાદગીરી છે કે ઉંમર, પાર્શ્વભૂ અથવા ગત અનુભવ કોઈ મર્યાદા ધરાવતાં નથી. તમે તમારી ત્રીસીમાં સ્કીઈંગ કરતા હોય કે તમારી ચાળીસીમાં પુલ પરથી ભૂસકો મારતા હોય કે નિવૃત્તિ પછી સ્કુબા ડાઈવ શીખતા હોય, દુનિયા ઉત્સુક હોય તેમને પુરસ્કૃત કરીને રહે છે. તે દરેક અવસરો તમે વર્ષો સુધી કહી શકશો એવી વાર્તા બને છે, જે વાર્તાલાપ છેડે છે, અન્યોને પ્રેરિત કરે છે અને તમને તમે વિચારો છો તેનાથી વધુ સક્ષમ છો તે યાદ અપાવે છે. દેખીતી રીતે જ તેનો તે જ જાદુ છે: દરેક ‘પ્રથમ’ અંગત છે છતાં સાર્વત્રિક સમજવામાં આવે છે. તો હવે પછી તમે ક્યારેય ‘મેં તે ક્યારેય કર્યું નથી’ એવું કહો ત્યારે તેમાં વધુ એક શબ્દ ઉમેરવાનો પ્રયાસ કરો: ‘છતાં.’ કારણ કે પહેલી વાર માટે ક્યારેય મોડું થયેલું હોતું નથી અને તમારું આગામી ‘છતાં’ એવું સાહસ હોઈ શકે જે બધું જ બદલી શકે છે.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

આ સામાન્ય વેકેશન નથી... આ છે એડવેન્ચર, થ્રિલ અને એક એવી અનુભૂતિ કે ક્યારેય ભૂલી નહીં શકો, વીણા વર્લ્ડ સાથે!

પાણીની લહેરો પરનો થ્રિલ, તારાઓની નીચેની ચહલપહલ, ચઢાણ, ટ્રેકિંગ, પેડલિંગ કે ફક્ત કુદરતની હવામાં શ્વાસ, અહીં બધું છે. ઉંમર 25 હોય કે 65, કોઈ નિયમ નહીં, કોઈ મર્યાદા નહીં. ફક્ત ફ્રીડમ, એડવેન્ચરનો રિધમ અને જીવંત થવાની મજા. નદી, જંગલ, ટ્રેલ્સ કે આકાશ, વીણા વર્લ્ડ તમને લઇ જાય છે કુદરતના સૌથી સુંદર ખજાનામાં, અને તમારા સાથે હોય વર્લ્ડનો એક્સપર્ટ અને એક્સપીરિયન્સ્ડ ટૂર મેનેજર.

| | | | | |
|---|---|---|---|---|
| વિન્ટર સ્પિતિ 8 Days - Feb 25 50000 | બીર બિલિંગ પ્રાગપુર પાલમપુર બારોટ વેલી (8D) Oct 25 - 55000 | પ્રાગપુર પાલમપુર બારોટ વેલી તીર્થન વેલી (9D) Feb 26 - 60000 | મેઘાલય (8D) Nov 8, Mar 14 90000 | સિક્કિમ સિલ્ક રૂટ 7 Days - Nov 14 60000 |
| રાજસ્થાન જેસલમેર જોધપુર બિશ્નોઈ 8 Days - Nov 28, Feb 21 48000 | વાગમોન મુન્નાર પેરિયાર એલેપ્પી 8 Days - Feb 6 60000 | આંદામાન 7 Days - Nov 22, Feb 28 80000 | | ભૂતાન 11 Days - Nov 2 110000 |

*T&C Apply

ઔલી ચોપટા ઋષિકેશ
@₹53000
7 દિવસ - 22 માર્ચ
ઓલ ઈન્ક્લૂસિવ
મુંબઈ થી મુંબઈ

Book Online 365 days 24x7 Visit veenaworld.com



યુ ઓન્લી લિવ વન્સ. લિવ ઈટ આઉટડોર્સ!
વીણા વર્લ્ડ
YOLO આઉટડોર્સ
ચાલો, બૅગ ભરો, નીકળી પડો!

Email: travel@veenaworld.com | veenaworld.com
Toll-Free: 1800 313 5555 | 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.




■ જવાહર બક્ષી

# આદિ કવિ નરસિંહ મહેતા...



**નરસિંહ** મહેતાનું કાવ્ય સર્જન અભૂતપૂર્વ, મૌલિક અને સાહિત્યિક નિપુણતાસભર છે. તેમનો જન્મ ૧૪૦૪થી ૧૪૧૪ વચ્ચે અને મૃત્યુ ૧૪૭૮-૭૯માં થયેલ જણાય છે. તેમના સમય પૂર્વે ગુજરાતી ભાષામાં આવી પદ રચના મળતી નથી. ફાગુ અને રાસા કાવ્યમાંથી અલગ માધુર્ય અને ઓજસથી સભર તેમની રચનાઓ અદ્‌ભુત છે.

તેની પરાચેતનામાં જાગૃતિ આવી જે તેમના પદ 'જાગીને જોઉં તો જગત દીસે નહીં', 'ઊંઘમાં અટપટા ભોગ ભાસે'માં વર્તાય છે. નરસિંહની સર્જકતાનું મૂળ આ ઋષિ તુલ્ય અવસ્થા છે. તેના આત્મચરિતનાં પદોમાં કહે છે.

*'અચેત ચેતન થયો, ભવ તણો અઘ ગયો,*
*સૂતી ઊઠી મારી આદ્યવાણી'*

આ આદ્યવાણી એટલે જે ઋષિઓની સમાધિ ચેતનામાં અપૌરુષય વેદ વાણી દેખાઈ - સંભળાઈ તે શ્રુતિની વાણી છે. તેથી જ તેના જ્ઞાનનાં પદો આજે પણ નિત્ય નૂતન લાગે છે. ઋષિઓની વેદવાણી ગુજરાતીમાં સહુ પ્રથમ નરસિંહ મહેતામાં પ્રગટી છે.

મારા અગાઉના સંશોધનમાં મેં પુરવાર કર્યું છે કે નરસિંહ વેદોતી જ્ઞાની, યોગી, ભક્ત અને નિપુણ કવિ હતો. ડો. શિવલાલ જેસલપરાએ ૫૦૦ જેટલી હસ્તપ્રતોમાંથી ૧૨૧ પ્રમાણિત હસ્તપ્રતોમાંથી ૮૦૭ કાવ્યો નરસિંહના છે તેમ જણાવ્યું હતું. તેમાંથી આત્મચરિતનાં ૧૦૯, ઝારીનાં ૪, સુદામા ચરિતના આખ્યાનમાં ૮, દાણલીલાનાં ૧૨, કૃષ્ણજન્મ અને વાત્સલ્યના ૩૨, ભક્તિ - જ્ઞાનનાં ૬૫, શૃંગારનાં ૪૭૩, પ્રકીર્ણ ૩૮ તથા પરિશિષ્ટમાં ૩૯ પદો છે.

આદ્યવાણીમાં જાગેલ નરસિંહની કાવ્ય પ્રતિભામાં સમગ્રતા છે. તેમાં ભાવ સૌંદર્ય, ભાવ સમૃદ્ધિ, તત્ત્વ ચિંતન, અધ્યાત્મ, વસ્તુ વિષયની વિવિધતા, રચનાનું કૌશલ્ય, શબ્દ વૈભવ, રસ, અલંકાર, કલ્પના, દૃષ્ટાંતની વિપુલતા અને ચમત્કૃતિ છે, તેથી અમુક પદો વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાં સ્થાન પામી શકે તેમ છે. તેની ભાષા તત્સમ, તદ્‌ભવ અને બોલચાલના શબ્દોથી સરળ અને સોંસરવી ઊતરી જાય તેવી છે.

કે. કા. શાસ્ત્રી કહે છે, 'ગુજરાતી સાહિત્યમાં પ્રારંભ આપણે જયારથી માનતા હોઈએ ત્યારથી એમાં જો કોઈ અસામાન્ય પ્રતિભાશાળી કવિ અને એમાં પણ ભક્ત હોય તો એ નરસિંહ મહેતા છે.' અનેક સરળ છતાં ભાવગંભીર વેદાંત પદોમાં સિદ્ધાંતોને પણ એણે જે સરળતાથી મૂક્યા છે એમાં એણે જે કામ કર્યું છે તે કામ અદ્‌ભુત કર્યું છે. એનો જોટો ગુજરાતના અન્ય કવિઓમાં અખાના અપવાદે નથી.'

ડો. શિવલાલ જેસલપુરા કહે છે 'નરસિંહ મહેતા ભારતના જ નહિ પણ જગતના ઉત્તમ સંત કવિઓની હરોળમાં બેસે એવા કવિ છે.' એટલે રામનારાયણ પાઠક કહે છે 'ભારતના સંત કવિઓની પરિષદ ભરાય તો એમાં ગુજરાત તરફથી નરસિંહને મોકલીએ? જરૂર મોકલીએ.'

નરસિંહનાં પદોના મુખ્ય વિભાગ કરીએ તો પહેલાં તેનાં આત્મ ચરિતનાં ૧૦૯ પદો આવે. તેમાં શામળશાનો વિવાહ, કુંવરબાઈનું મામેરું, હુંડી અને રાજાએ કેદમાં પૂર્યા ત્યારે ભગવાને હાર પહેરાવેલો તે હારસમેનાં પદો છે. નરસિંહના બાપનું શ્રાદ્ધ, કેદારો ગીરવે મૂકવાના વગેરે પ્રસંગોનો કોઈ ઉલ્લેખ જ નથી તે માત્ર જનશ્રૃતિમાં વિલસે છે. આધારવાળી હસ્તપ્રતોમાં નથી.

નરસિંહ મહેતાના પરિવારનો ઈતિહાસ ઈ.સ. ૧૩૦૪ના પાટણના પતનથી શરૂ થાય છે. પાટણ જીત્યા પછી અલાઉદ્દીન ખીલજી મલિક કાફરને ગાદીમાં બેસાડે છે અને તેનું ખૂન થાય છે. આ બધી અફડાતફડીમાં ત્યારના શાસન અધિકારી (જેને આજના IAS? અધિકારી કહી શકાય મુખ્યત્વે નાગર જ્ઞાતિના હતા. તેના વડા ભાણજી પંડ્યા જ્ઞાતિના વડીલોને બોલાવી અને કહે છે કે જે સંસ્કાર અને જીવનશૈલીને આપણે વરેલા છીએ તે હવે અહીં શક્ય નથી. સહુ સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કરવાનું સૂચવે છે. ૬૮ કુળો આમ જામનગર, ભાવનગર, જૂનાગઢ, ઊના વગેરે સ્થળોએ સ્થિર થયા. તેમના એક ગદાધર પંડયા તે વખતના તુલજાપુર - આજનું તળાજા આવે છે. ત્યાં નાગાર્જુન રાજા તેને મહત્તરની પદવી આપી દેખરેખનું કામ સોંપે છે. તે ઉપરથી એ પંડયાને બદલે મહેતા કહેવાયા.

આ ગદાધર પંડ્યાની ૨૦મી પેઢીએ હું જવાહર બક્ષી વંશવૃક્ષ પ્રમાણે છું. ગદાધરના પુત્ર પુરુષોત્તમદાસ તેનો પુત્ર કૃષ્ણદાસના પુત્ર નરસિંહ મહેતા. આશરે નરસિંહના ૧૬મે વર્ષે માણેકબાઈ સાથે લગ્ન, ૧૮મે વર્ષે પુત્ર શામળશાનો જન્મ અને ૨૦મે વર્ષે પુત્રી કુંવરબાઈનો જન્મ થયો જણાય છે.

નરસિંહ બાળપણમાં નાગરી પરંપરા પ્રમાણે પાઠશાળામાં સંસ્કૃત, વેદાંત અને કાવ્યશાસ્ત્ર શીખ્યો તથા ભગવદ્ ગીતા, ભાગવત અને નારદ તથા શાંડીલ્યના ભક્તિ સૂત્રોથી પરિચિત હોય તેમ જણાય છે.

નિજાનંદમાં મસ્ત એવા નરસિંહને બાળપણથી ભક્તિભાવ જાગ્યો અને તેણે ઉપનિષદમાં અભ્યાસ ઉપરાંત યોગનો અભ્યાસ કર્યો હોય તેવું ફલિત થાય છે. મેં નરસિંહ મહેતાની કવિતાના મૂળ દસ પ્રમુખ ઉપનષિદો, ભગવદ્ ગીતા, ભાગવત અને ભક્તિ સૂત્રો તેમજ ૧૨મી સદીના કવિ જયદેવના પ્રખ્યાત ગીત ગોવિંદ કાવ્યમાંથી શોધી કાઢ્યાં છે.

નરસિંહનો આ નિજાનંદ તેને આજીવિકા કમાવવા પ્રત્યે ઉદાસ રાખવાનું કારણ બન્યો હોય તેવો સંભવ છે. એકવાર આ કે અન્ય કારણે ભાભીનાં કઠોર વચનો એટલાં અસહ્ય થયાં કે નરસિંહ 'કાં હું નહીં કા મારો ભગવાન નહીં' એવા ભાવથી તળાજાથી ૧૩ કિલોમીટર દૂર એક જમાનાના ગોપનાથના અપૂજ શિવમંદિરમાં જાણે કમળપૂજા કરવા બેઠો હોય તેમ દૃઢ સંકલ્પથી શિવની આરાધના કરે છે. સાત દિવસ અને સાત રાત પછી શિવ પ્રગટ થાય છે. અહીં શિવ એટલે શંકર નહીં પણ જેને માંડુકય ઉપનિષદ શાન્તમ્ શિવમ્ અદ્વૈતમ્ ચતુર્થમ મન્યતે સ આત્મા સ વિજ્ઞેયઃ કહે છે તે પરમ શિવ જે પ્રત્યેક મનુષ્યની પ્રગાઢ અંતરતમ્ ચેતનામાં છે તે પ્રગટ થાય છે. નરસિંહનું પદ કહે છે તેમ અચેત ચેતન થયો એટલે એ એની પરા ચેતના જાગૃત થઈ.

શિવ તેને માગવાનું કહે છે. નરસિંહે ના કહ્યા પછી પણ શિવ માગવાનો આગ્રહ કરે છે ત્યારે નિષ્કામ નરસિંહ કહે છે 'તમને જે વલ્લભ હોય જે સુલભ' તે આપો. શિવ જાણે છે કે તેને કૃષ્ણલીલા પ્રિય છે. તેથી નરસિંહને રાસલીલાનાં દર્શન કરાવે છે. આ બીજી જાતનો સાક્ષાત્કાર છે. જે સાકાર છે.

ભગવદ્ ગીતાના ૧૧મા અધ્યાયમાં અર્જુનને જેમ શ્રીકૃષ્ણના વિશ્વરૂપનું દર્શન થાય છે તેમ નરસિંહ પોતાના દેહની બહાર ચિન્મય પ્રકાશ એટલે કે હિરણ્યગર્ભના તેજથી સર્જાયેલી કૃષ્ણ અને ગોપીઓની રાસલીલાનાં દર્શન કરે છે. તે એ વિષે તેના પદમાં કહે છે 'દેહદશા ટળી, માંહે રહ્યો ભળી', અને 'પુરુષ - પુરુષાતન લીન થયું માહરું, સખી રૂપે થયો મધ્ય ગાવા', 'રાસમંડળ રચ્યું, વૃંદાવન મચ્યું' વગેરે અભિવ્યક્તિઓથી સ્પષ્ટ આલેખ આપે છે. જેમ અર્જુનની 'જ્ઞાતુમ, દૃષ્ટુમ, પ્રવિસ્ટુમ' તેમ નરસિંહ પહેલાં સતભાન થાય છે. પછી લીલા જુએ છે અને પછી તેમાં પોતે ગોપીરૂપે પ્રવેશ કરે છે. છેલ્લે કહે છે 'મુહરતે એકમાં ભૂતલે આવીયો' અને 'સાચું સ્વપ્ન મેં દ્રષ્ટ દીઠું' જેવી પંક્તિથી જેમ કૃષ્ણએ વિશ્વરૂપ સંકેલ્યું અને અર્જુન હોશમાં આવ્યો તેવી નરસિંહની સ્થિતિ છે.

આમ ઈશ્વરની પ્રાપ્તિ કરી પાછો ઘરે આવી ભાઈ-ભાભીને પગે લાગી જૂનાગઢમાં સ્થળાંતર કરે છે. ત્યાં તેની કાવ્યયાત્રાનો આરંભ થાય છે.

'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે, ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' જેવાં પદોમાં વેદ - વેદાંતના સાર આપી દે છે. આખું બ્રહ્માંડ એક જ તત્ત્વ શક્તિથી બન્યું છે અને ઈશ્વર બ્રહ્માંડના પ્રત્યેક કણમાં વ્યાપી રહ્યો છે. 'પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપન્યા, અણુ અણુમાંહી રહ્યાં રે વળગી' સહુને ગળે ઊતરી જાય તેવી રીતે કહે છે કે 'ઘાટ ઘડીયા પછી નામ રૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે'. આ ઉપરાંત 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત ભાશે' અથવા 'નિરપે ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે' જેવાં ઉત્તમ પદોથી ગુજરાતની ભાષાની શબ્દ ચેતના, ૯૫ ચેતના અને કાવ્ય ચેતનાને જાગૃત કરી સદીઓ સુધી વહાવે છે.

'પઢો રે પોપટ રાજા રામના' પદમાં પોપટ માટે લીલા વાંસ વઢાવી રૂડું પાંજરું બનાવી હીરા રત્નથી સજાવવાને કહે છે અને પોપટ તારે કારણે શી શી રસોઈ રંધાવું? સાકરના કરી ચૂરમા ઉપરથી ઘી પીરસાવું. જેવી રૂપક રચના કહે છે. પોપટનો આહાર ઉપર ઘીનું ચૂરમું નથી. પણ ભારતીય પરંપરામાં અબુધ જીવ ને પોપટ, રસિક જીવને મોર, જ્ઞાની જીવને હંસ અને જે પરમાત્માને સાંગોપાંગ પામી ગયાં છે તેને પરમહંસ કહેવાય છે! અહીં નરસિંહ કહે છે કે તેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધના બધા ભોગ આપું પણ શરત એ છે કે 'પઢો રે પોપટ રાજા રામના' એવો જીવનમાં પરમાત્માને પ્રધાન લક્ષ્ય બનાવી જીવનનો રોજીંદો વ્યવહાર ગોઠવવાની સલાહ આપે છે.

નરસિંહ યોગનાં અનુભવનાં અનેક પદો છે. 'ધ્યાન ધર ઘર નેત્રમાં નાથ છે'. અંતરભાળની એક સુરતીમાં યૌગિક નિરાકારનું ધ્યાન છે તો ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુંવરનુંમાં સાકાર કરવાનું રૂપ ધ્યાન કરવાનું કહે છે તેના 'જળકમળ છાંડી જાને બાળા પદ'માં આ કુંડલીની યોગ છે. જ્યારે કમળ અને નાગણનો સંદર્ભ સાથે આવે ત્યારે યોગ, હઠયોગ, કબીરપંથ, હિંદુ, જૈન કે બૌદ્ધ તંત્ર ગ્રંથો, રવિભાણ સંપ્રદાયથી લઈ શ્રી વિદ્યામાં એક જ અર્થ થાય છે. કુંડલીની યોગ.

મૂળાધારમાં કુંડલીની જાગૃત થાય ત્યારે ભયનો નાશ થઈ અભય પામે છે. પણ સ્વાધિષ્ઠાન કમળમાં જીજ્ઞાસા જાગૃત થાય છે 'કહે રે બાળક તું મારગ ભૂલ્યો.' પછી જ્યારે નાભિકમળમાં કુંડલીનો વિકાસ કરે છે ત્યારે 'રંગે રૂડો, રૂપે પૂરો દિસંતો કોડીલો કોડામણો તેવી કામની લાલચ આપે છે. યોગેશ્વર આગળ વધતાં હૃદયકમળમાં મોહના સ્થાને 'તારી માતાએ કેટલા જન્મ્યા' કહી ફસાવવાનો પ્રયત્ન કરે છે. છેલ્લે કંઠ કમળમાં 'લાખ સવાનો મારો હાર આપું આપું રે તુંજને દોરીયો'માં લોભથી રોકવાનાં પ્રયત્ન કરે છે. અહીં પણ રૂપક છે. નાગણ નવલખો હાર પ્હેરે તો એનું ડોકું કપાઈ જાય. અહીં લોભથી લલચાવી કૃષ્ણને રોકવા પ્રયત્ન કરે છે. હારી ને નાગને જગાડે છે 'બેઉ બળીયા બાથે વળગ્યા કૃષ્ણે કાળી નાગ નાથ્યો' માં ક્રોધને જીતી આજ્ઞા ચક્ર કે આજ્ઞા કમળમાં જેને શિવનું ત્રીજું નેત્ર કહેવાય છે, જ્યાંથી શિવ કામદેવના કામને ભસ્મ કરે છે. હવે નાગ હારી જાય તો ઢીલો ઢફ થઈ જાય. પણ અહીં નરસિંહ કહે છે 'સહસ્ત્ર ફેણાં ફૂંફવે જેમ ગગન ગાજે હાથિયો' એ આઠમે કમળ જેને ગગનમંડળ કહેવાય છે. ત્યાં અંતિમ વિજય થાય છે અને બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે.

વળી છેલ્લે સ્વામી બદલાઈ જાય છે! શરૂમાં 'સ્વામી અમારો જાગશે'. અહીં નાગણોનો સ્વામી કાળી નાગ છે. છેલ્લે 'બેઉ કર જોડી વિનવે, સ્વામી!' મૂકો અમારા કંથને અહીં સ્વામી કૃષ્ણ છે અને કાળી નાગ કંથ છે. 'જે સંસારના વિષય અને મોહનો પાશ છે. જ્યારે જીવન- જળ વહાવતી યમુનામાં તમારા સ્વામી કાળી નાગ છે. ત્યારે તમે પ્રત્યેક ક્ષણે મૃત્યુ તરફ ઘસડાવ છો. જ્યારે તમારો સ્વામી કૃષ્ણ થઈ જાય છે ત્યારે તમને અમરતા મળે છે.'

આવાં બીજાં પદો પણ છે 'રાતલડી અંધારી...' પદમાં અનેક કમળ રે બાઈ મારે વિકસ્યા રે મધુકર પામ્યા છે મોખ (મોક્ષ) અને ત્યાં નિરખ્યા રે બ્રહ્માદિકના ભૂપ અને આજ સખી શ્રી વૃંદાવનમાં પદમાં કહે છે 'જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તી તુરીયા ઉન્મની તાળી લાગી રે, ત્રિગુણ રહિત થયું મન મારું, મનની ભ્રમણા ત્યાં ભાંગી રે, જ્યંહાં જયંહા દૃષ્ટિ પડે મારી સજની મુક્તિ તણાં સર્વે મોતી રે' જેવી બે ને બે ચાર જેવી યોગ એટલે કે જીવન-શિવના ઐક્યની અનુભૂતિ નરસિંહને થઈ તેનાં ગાન છે!

ચમત્કારના પ્રસંગો વિષે વાત કરવા જેટલો અવકાશ નથી, પણ લગ્ન પછી શામળશાનું મૃત્યુ અને પછી પત્ની માણેકનું મૃત્યુ તેને જે ગમે જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તે જ પ્હોંચે તથા 'સુખ દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડીયાં' જેવાં પદો આપે છે.

નરસિંહની ચેતનાની સ્થિતિ ભાગવતના વક્તા અને નિર્મળ સંતોમાં શિરમોર ગણાતા શુકદેવ જેવી છે. જેમ ભાગવતમાં જ્ઞાન, ભક્તિ અને શૃંગાર છે તેમ નરસિંહ પદોમાં પણ સાક્ષાત્કાર પછી અચેત ચેતન થયો ભવતણો અઘ ગયો એટલે કે મારી પરા ચેતના જાગ્યા પછી મારા મનનો મેલ અને જન્મોજન્મના કર્મનો કલેશ નીકળી ગયો તેમ કહે છે કે તેના ચાતુરીનાં શ્રૃંગાર પદોની ભૂમિકા આપતા કહે છે કે

'મન, કર્મ, વચન, ચાતુરી, અગમ અગોચર જેહ' છે. બ્રહ્મવાદ તિબૌધ છે તેહને સમજશે કોણ પછે'


'એવું નૌતમ યૌવન શ્રી વૃંદાવન શોભા જેવી વયણે (વાણીમાં) ન સમાય, સંસારમાં સમ્મુખ કહે તો સ્તુતિ ટળી નિંદા થાય એટલે નિર્ગુણ બ્રહ્મની વાત કરું તો તમને ગતાગમ નહીં પડે અને રાધા-કૃષ્ણની લીલામાં જીવ-શિવની વાત કરું તો તેના શૃંગાર કાવ્યોથી તમે મારી ટીકા કરશો.

આ જ કારણથી રાજા રા'માંડલિક લોકોની ફરિયાદ સાંભળી નરસિંહને જેલમાં પૂરે છે અને તેની ભક્તિનો પુરાવો માગે છે. નરસિંહ ક્રાંતિકારી કવિ છે. રાસલીલાની સમાપ્તિ વખતે જતાં જતાં કૃષ્ણ નરસિંહને કહે છે કે આ લીલાઓનું વર્ણન તું કરજે. 'પ્રગટ ગાજે તુને વચન દીધું'. નરસિંહનાં શૃંગાર કાવ્યનું પ્રયોજન કૃષ્ણની આજ્ઞા છે. તેથી તે નાગરી નાતની પરવા નથી કરતો. હરિજન વાસમાં જઈ સમાજના અસ્પૃશ્યતાનાં બંધનો ફગાવી જ્ઞાન-ભક્તિનાં ગીતો ગાય છે. રાજદંડની પરવા પણ નથી કરતો. ઈશ્વરને પણ કહે છે, 'હું ખરે તું ખરો, હું વિના તું નહીં. હું હઈશ તિહાં લગી તું રે હઈશ હું જતે તું ગ્યાં અર્નિવાચી રહ્યો, હું વિના તું તને કોણ કહેશે' નરસિંહની ગુજરાતી ભાષાની અભૂતપૂર્વ કાવ્યસરિતા પર આજે અનેક વટવૃક્ષો મ્હાલે છે. જય હો. ■

■ ભાગ્યેશ જહા

## *આંખનું કાજલ ગાલે ઘસ્યું*

# અખો થયો અખા...



'આંખનું કાજલ ગાલે ઘસ્યું' એવા છપ્પા દ્વારા ગુજરાતને નિર્ભિક બની જગાડનાર અખાનું જીવન-કવન બહુ જ રસપ્રદ છે.

અખાએ ગુજરાતીમાં કક્કા, સાત વાર, તિથિ, બાર માસ, કૈવલ્યગીતા, શરીરની ચાર અવસ્થા, પંચીકરણ અને અનુભવબિંદુ ટૂંકી રચનાઓ છે, જ્યારે ચિત્તવિચાર-સંવાદ, ગુરુશિષ્ય સંવાદ, અખેગીતા એ લાંબી રચનાઓ છે. તે ઉપરાંત અખાએ સવા બસો ઉપરાંત ગુજરાતી પદ લખ્યા છે, ૩૪૬ સોરઠા-દુહા રચ્યા છે, ૭૫૦ ઉપરાંત ભિન્ન ભિન્ન અંગોમાં વિભાજિત છપ્પા રચ્યા છે અને થોડી સાખીઓ પણ લખી છે. અખો અખા ભગત તરીકે ઓળખાય છે.

અખાનો જન્મ આશરે ૧૬૦૦માં અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકાના જેતલપુર ગામમાં થયો હતો. તે જન્મે સોની-કેટલાકને મતે પરજિયો સોની તો કેટલાકને મતે શ્રીમાળી સોની. તેમના પિતાનું નામ રહિયાદાસ હતું. આ રહિયાદાસને ત્રણ દીકરા ગંગારામ, અખો અને ધમાસી. અખો અને ધમાસી નિર્વંશ હતા. જ્યારે ગંગારામના વંશજો હજી અમદાવાદ છે. અખો બાળપણમાં જ માનું સુખ ખોઈ બેઠેલો અને તે પછી, ધંધાર્થે પિતાની સાથે અમદાવાદ આવીને વસેલો. અખાજીનો ઓરડો' નામે એનું થાનક અમદાવાદમાં સાચવી રખાયું છે. કુરિવાજ મુજબ અખો પણ નાની ઉંમરે પરણેલો એટલે કે એને પરણાવવામાં આવેલો. પહેલી પત્ની ઝઘડાખોર હતી. તેના મૃત્યુ બાદ એ બીજી વાર પરણેલો. આ નવી સાથે અખાને ઠીક બનતું, પણ તે ઝાઝું જીવી નહિ. એ સમયમાં અભ્યાસનો પ્રચાર નહીં એટલે અખાને નાનપણમાં વ્યવસ્થિત શિક્ષણ મળેલું નહીં. આજીવિકા માટે તો પિતાનો સોનીનો ધંધો હતો જ. એ ધંધામાં અખો કુશળ કારીગર હતો. એ સમયે અમદાવાદ તો ગુજરાતનું પાટનગર અને ત્યાંની વસતિ પણ બધી રીતે આબાદ.

'સુખમાં સાંભરે સોની' એ ન્યાયે અખો પોતાના ધંધામાં ઠીક ઠીક આગળ વધ્યો મનાય છે. અખાને બહેન ન હતી તેથી પોતાના જીવનની એક મહત્ત્વની અધૂરપ ટાળવાને માટે અખાએ જમના નામની એક બાઈને પોતાની ધર્મની બહેન માનેલી. એ બાઈ પોતાની બચત અખાને ત્યાં થાપણ તરીકે મૂકતી. એ બાઈને બચતની રકમ ત્રણસો રૂપિયા જેટલી થઈ ત્યારે બાઈને એ રકમમાંથી સોનાની કંઠી કરાવવાનું મન થયું. અખાને એણે વાત કરી. પોતે જેને બહેન માની છે તેના પ્રત્યેના સદભાવને કારણે અખાએ ગાંઠના સો રૂપિયા ઉમેરી રૂપિયા ચારસોની કિંમતની કંઠી તૈયાર કરી બાઈને આપી. કંઠી જોઈને બાઈ ખુશ થઈ ગઈ, પણ સમાજમાં માન્યતા કે સોની તો સગી બહેનનું ય ચોરે એટલે ભોળી જમનાએ ઉત્સાહથી કંઠી કોઈને બતાવી. કંઠી પર કાપ મૂકવામાં આવ્યો. સોનાનો કસ કાઢવામાં આવ્યો, કંઠીની કિંમત રૂપિયા ચારસોની અંકાઈ. બાઈ ખસિયાણી પડી ગઈ. કોઈકના કહેવાથી પોતે અખા ઉપર વહેમ આણ્યો તે બદલ ખૂબ પસ્તાઈ. ગઈ પાછી અખા પાસે કંઠી સમી કરાવવા. કાપ જોઈને અખાને વહેમ ગયો. બાઈને કારણ પૂછ્યું. ત્યારે પોતાના વર્તન માટે એણે ઘણો પસ્તાવો જાહેર કર્યો. અખાએ બધું સાંભળી લીધું. એણે કંઠી તો બરાબર કરી આપી . પણ આ પ્રસંગે લોકમાંથી એની શ્રદ્ધા ડગી ગઈ. દુનિયામાં સૌ સ્વારથનાં જ સગાં છે, એવું ભાન એને સવિશેષપણે થઈ ગયું. દુન્યવી સંબંધોની ભ્રામકતા એને સમજાઈ.

અમદાવાદમાં બાદશાહ જહાંગીરે એક ટંકશાળ સ્થાપી હતી. એ ટંકશાળમાં અખો મહત્ત્વના અધિકારીની પદવી ધરાવતો હતો. કેટલાક ખટપટિયાઓએ રાજ્યમાં ખોટી રાવ કરી કે, અખો ઊંચી ધાતુના સિક્કાઓમાં બીજી હલકી ધાતુ ભેળવે છે. આખા ઉપર આળ આવ્યું અને રાજ્યે એને કેદ કર્યો. તપાસ ચાલી. તપાસ અંતે સાબિત થયું કે અખો સાવ નિર્દોષ છે. અખો છૂટી ગયો, પણ તેનું મન ખાટું થઈ ગયું. ત્યાર બાદ એણે રાજીનામું આપી દીધું. પોતાના ધંધાના ઓજારો એણે કૂવામાં પધરાવી દીધાં. દુનિયાના નિષ્ઠુર અને અન્યાયી વ્યવહારથી ત્રાસી ગયેલો અખો સત્યની ખોજમાં નીકળી પડ્યો. જીવનમાં સાંપડેલા એક પછી એક આઘાતને કારણે સંસારથી વિમુખ બનેલા તેના મનને શાંતિ અર્પવા માટે તેણે આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો.

'કહે અખો : હું ઘણુંયે રટ્યો, હરિને કાજે મને આવટયો, ઘણાં કૃત્ય કર્યા મેં બાઝ, તોયે ન ભાગી મનની દાઝ ;

દરશનવેરા જોઇ બહુ રહ્યો... પછે ગુરુ કરવાને ગોકુળ ગયો.'

અખો વારસામાં મળેલા ધાર્મિક સંસ્કારને દૃઢ કરવા અને કશુંક નવું પામવા ગોકુળ ગયો. પૂરો પૈસાપાત્ર, દેખાવે શેઠિયા જેવો એટલે ત્યાંના વૈષ્ણવ મંદિરમાં એનો સારો સત્કાર થયો. પુષ્ટિમાર્ગીય ભક્તિ સાથે સંકળાયેલ દબદબાભરી વિધિઓ અને ગોસાંઈ ગોકુળનાથજીની પ્રતિષ્ઠા એને આકર્ષી શક્યાં. અખાએ ગોકુળનાથજીને ગુરુ કર્યા. પણ કોઈક કારણસર એનું મન ત્યાંથી ઊઠી ગયું.

ગોકુળ છોડી એ કાશી ગયો. કાશીમાં સાચા બ્રહ્મજ્ઞાની ગુરુની શોધમાં અખો શેરીએ શેરીએ ભટકતો રહ્યો. એક રાતે સંન્યાસી-શિષ્યને ગુરુની વાણી સાંભળતાં સાંભળતાં ઝોકું આવી ગયું. વચ્ચે વચ્ચે હોકારો પૂરતો એ અટક્યો. એને બદલે બહાર ઊભા રહી કથા સાંભળતા અખાએ હોકારો પૂર્યો. ગુરુને નવાઈ લાગી. કથા અટકી. ગુરુ તપાસ કરવા બહાર આવ્યા ત્યાં અખાને ઊભેલો જોયો. તેને પોતાની સાથે અંદર તેડી લાવી, સામે બેસાડી, અખા પાસે બહ્માનંદે ઓળખ માગી, અને પોતે કરેલ તત્ત્વોપદેશમાંથી અખો શું અને કેટલું સમજ્યો છે તે જાણવા બ્રહ્માનંદે અખાને થોડા પ્રશ્નો પૂછ્યા, અખાએ સંતોષકારક જવાબો આપ્યા. ગુરુને પ્રતીતિ થઈ કે વેદાંતના ઊંડા અભ્યાસ માટે, અખો ઉત્તમ અધિકારી છે. એમણે અખાને શિષ્ય તરીકે સ્વીકાર્યો. બ્રહ્માનંદ ગુરુને ચરણે બેસી અખાએ ઉત્તમ વેદાંતગ્રંથોનું અધ્યયન કર્યું. તે પછી લગભગ ત્રેપનમે વર્ષે અખાએ પોતાની કાવ્યપ્રવૃત્તિ આરંભી :

*'દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વધ્યો શેર;*
*ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો...'*

અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય. 'નિર્ભયતા' અખાનું મહત્ત્વનું લક્ષણ છે. પોતાના સમયમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધા, દંભ, પાખંડ, જ્ઞાનની પોકળતા, મિથ્યાભિમાન જેવા દૂષણોને તે કટાક્ષ કે ઉપહાસ કરીને ખુલ્લા પાડે છે.

*'પંડ પખાળે પુજે પણ, મનમાં જાણે હું તે જાણ,*
*અપ આતમ બહારે ભમે, મૂરખ સામું માંડી નમે;*
*ડાહ્યો પંડિત થઇ જે આદરે, તે અખા ધાર્યું કેમ કરે?'*

અખો આ પ્રકારની સંકુચિતતામાંથી મુકત થવા સલાહ પણ આપે છે અને કહે છે,

*'ખટને તું ખટપટવા દે, તું અળગો આવી પ્રીછી લે'*

*જાગો જાગો રે મોટા મુનિવરા, સહજે સદગુરુ પાયા જી;*
*રેરંકારની ધૂનમાં, મનવા તામેં મિલાયા જી.'*

કહેવાય છે કે, કાશીના પંડિતોને અખાના વેદશાસ્ત્રને સમરૂપ કૃતિઓ તથા તેમની આ ખ્યાતિ અને તેમનું આ વર્ચસ્વ અશાસ્ત્રીય લાગ્યાં કેમ કે, તેઓ દેહે કરીને સોની અને તેથી શૂદ્ર-અને શૂદ્રને હાથે વેદાન્તશાસ્ત્ર રચાય તો, તેમના મત પ્રમાણે, સનાતન ધર્મની પુરાણી પ્રણાલિકાનો નાશ થાય અને તેથી શ્રી કાશીપુરીના કેટલાક અતિ આગ્રહી પંડિતોએ તથા ઘણા સંન્યાસીઓએ મળીને અખાના

હસ્તલિખિત ગ્રન્થો ગંગાજીમાં ડૂબાડી દીધા! પરિણામે, તેમણે કાશીપુરી ત્યજી દીધું.

*જો જો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ.*
*અંધ અંધ અંધારે મળ્યા, જ્યમ તલમાં કોદરા ભળ્યા;*
*ન થાયે ઘેંસ કે ન થાય ઘાણી, કહે અખો એ વાતો અમે જાણી.*

અખાને માનનારો બીજો વર્ગ તે પંજાબી-મારવાડી મુમુક્ષુ દલિતોનો હતો. આ પંજાબીઓ અખાજીને સન્માનપૂર્વક પોતાના દેશમાં તેડી ગયેલા અને ત્યાંના દલિતો સાથેના વસવાટ દરમ્યાન પોતે હિન્દી-પંજાબી-ઉર્દૂ મિશ્રિત ભાષામાં પોતાનો પરમાત્માનો સાક્ષાત્કાર વ્યક્ત કર્યો છે.■




# વન એંડ ઓન્લી બક્ષીબાબુ: મહાજાતિ ગુજરાતીના મહારથી...

■ સંજય છેલ

ગુજરાતી સ્ટારલેખકોની સરખામણી હિન્દી ફિલ્મસ્ટારો સાથે કરવાની હોય તો? તો કદાચ, મેઘાણી ગુજરાતી સાહિત્યના રાજ કપૂર છે, જેમણે સાવ ધરતીથી જોડાયેલ આમઆદમીની ચોટદાર વાતો લખી. રમેશ પારેખ એટલે દેવ આનંદ છે, જેમણે સદાબહાર રોમાન્સ આપ્યો. મરીઝ એટલે દિલીપકુમાર જેમણે ટ્રેજેડી કિંગ બનીને ગઝલો આપી. કનૈયાલાલ મુન્શી એટલે સોહરાબ મોદી, જેમણે ઇતિહાસ ઊભો કર્યો, હરકિસન મહેતા એટલે ધર્મેન્દ્ર, જેમણે ડાકુઓની એક્શનપેક કથાઓ લખી.. અને લેખક કોલમિસ્ટ ચંદ્રકાંત બક્ષી એટલે 'એન્ગ્રી યંગ મેન' અમિતાભ , જેણે કારણ-અકારણ ગુસ્સૈલ તેજાબી ઇમેજ બનાવી...

આજે વિશ્વ ગુજરાતી ભાષાદિન છે ત્યારે એ કહેવામાં જરાયે અતિશયોક્તિ કરી ન કહેવાય કે સાહિત્યમાં જે ટોપ ૧૦ લેખક છે એમાં બક્ષીનું નામ ચોક્કસ હશે.

**આ ચંદ્રકાન્ત ઊર્ફે બક્ષી, આખરે કોણ હતા?**

તેઝતર્રાર લેખક હતા કે સનસનીખેજ માણસ? બક્ષી સાથે વિતાવેલો સમય કે ફોનની લાંબી ચર્ચાઓ હજુયે યાદ છે, બક્ષીની વાતોમાં અઘરી યુરોપિયન ફિલ્મની પટકથાની ફિલિંગ્ઝ, ચમકદાર રોમેન્ટિક સંવાદો ને ઉદાસીના અમુક રંગો. ગંભીરતાને બોરિંગ બનાવ્યા વિના ટૂરિસ્ટની અદાએ જોઈને લખતો મશ્કરો માનવીઃ બક્ષી.

બક્ષી, મને હંમેશાં કોલેજ કેન્ટિનમાં બેઠેલા તોફાની માથાભારે સ્ટુડન્ટ જેવા લાગ્યા છે, જે નવા સ્ટુડન્ટોને પાસે બેસાડીને ચા પીવડાવે, થોડું રેગિંગ કરે, છોકરીઓ વિશે ગોસિપ કરે ને પછી જીવન વિશે બે-ચાર સલાહો આપે. વળી, કોલેજના મેનેજમેન્ટને આવા એક્સ-સ્ટુડન્ટની હાજરી ક્યારેય ગમતી ન હોય, પણ એની દાદાગીરીને લીધે કહેવાય પણ નહીં ને સહેવાય પણ નહીં. યેસ, ગુજરાતી સાહિત્યના મેનેજમેન્ટને માથે બક્ષી એક એવા જ એક્સ-સ્ટુડન્ટ કે આઉટસાઈડર હતા, જે હંમેશાં દૂર બેસીને મેનેજમેન્ટની મખૌલ ઉડાવતા.

૮૬ની આઈ.એન.ટી.ની નાટ્યસ્પર્ધામાં મારે મધુ રાયનું કોઇ નાટક ભજવવું હતું. રાતોરાત મધુ રાયની પરમિશન જોઈતી હતી એટલે મેં બક્ષીનો કોન્ટેક્ટ કર્યો. એમણે ઘરે બોલાવ્યો. બારણું ખોલ્યું.

ટુવાલભેર ઊભા રહીને એમણે પાસેથી કાગળ લઇને મધુ રાય વતી પરમિશન આપી. કોઈ સવાલ નહીં, લાંબી પૂછપરછ નહીં. એક વાર બક્ષીની 'આકાર' નોવેલ વાંચીને પાર્લાથી છેક વર્લી એમને ખાસ મળવા ગયો... પછી તરત જ એક બુક આપીને બક્ષીબાબુ બોલ્યાઃ 'વાંચજો ને પછી પાછી પણ આપજો!'

૨૦૦૪માં કોઈ પુસ્તકના વિમોચન પ્રસંગે 'ભાઈદાસ સભાગૃહ' માં બક્ષી વક્તા હતા. બક્ષીએ પહેલીવાર બુઝુર્ગની જેમ કહેલું 'બાળબચ્ચાં સાથે ઘરે આવો ક્યારેક.' બસ,એ છેલ્લી મુલાકાત બક્ષી સાથે. ફોન પર બક્ષી સાથે કલાકો સુધી વાતો કરી છે. રિસીવરમાં સામેથી ખુમાર કે ગુરુરવાળો અવાજ સંભળાયઃ 'બક્ષી સ્પીકિંગ' પણ એ જ બક્ષીમાં, પર્સનલી ખૂબ ભીનાશ અનુભવાય. ક્યારેક થતું, બક્ષીનો ગુરુર સિસ્ટમ સામેનો સેલ્ફડિફેન્સ કે પ્રતિકાર હતો કે પછી જાણી જોઈને અંગિકાર કરેલો 'ઇગો'?

લેખક-વિવેચક પ્રો.કાંતિ પટેલે ૧૯૮૮માં અંધેરી-ભવન્સ કોલેજ ખાતે વાર્તાસ્પર્ધામાં, ચંદ્રકાંત બક્ષીને અતિથિવિશેષ તરીકે બોલાવેલા. ત્યારે બક્ષીએ મંચ પરથી મારા જેવા ઉત્સાહીઓને જોઈને કહ્યું,'ગુજરાતી સાહિત્યની આવતી કાલને આ યુવાનોની આંખોમાં જોઈ શકું છું.' અમે સૌ તો ગદગદ.

પછી મોડેથી સમજાયુંઃ 'હી ઇઝ અ સ્માર્ટ સેલ્સમેન.' ઓડિયન્સને શું ગમશે એની બક્ષીને બરાબર ખબર હતીઃ નાટકી એક્ટરો જેવી ડાયલોગબાજી, વાતને રમાડીને, પોઝ આપીને બોલવાની અદા.

બક્ષી ફોન કરીને કહેતા, 'છેલબાબુ, અંગ્રેજી છાપામાં તમારો ઇન્ટરવ્યૂ વાંચ્યો, પણ નવા ફોટા પડાવો. માર્કેટિંગ શીખો! મારો બેટો રજનીશ, દરરોજ નવા ફોટા પડાવતો. શીખો, શરમાઓ નહીં... અરે આ પણ એક ખેલ છે દુનિયાદારીનો!'

'૯૦માં બક્ષીની નોવેલ 'હું, કોનારક શાહ' પરથી ટેલીફિલ્મ બનાવવા નોવેલના રાઈટ્સ લેવા ગયો. મૂળ નોવેલમાં અંત જુદો હતો પણ ફિલ્મ માટે ભલભલા ડિરેક્ટરોને જે ઘટના કે વિઝ્યુઅલ ના સૂઝે નહીં એવો ક્લાઈમેક્સ બક્ષીએ પાંચ મિનિટમાં સૂચવેલોઃ 'ફિલ્મના અંતે મેનેજમેન્ટના કાવાદાવાની સામે લડીને જ્યારે કથાનો નાયક પ્રો. કોનારક કેસ જીતી જાય ત્યારે માત્ર એક દિવસ, સ્વમાન ખાતર એ કોલેજમાં નોકરીએ જાય. વિદ્યાર્થીઓ વચ્ચે જઈ એ જ ક્લાસમાં, એ જ ખુરશીમાં બેસે, પછી પેનમાં શાહી ભરે ને ચૂપચાપ રાજીનામું આપી દે અને જતો રહે! ધેટ્સ ઈટ!'



બક્ષીને હિન્દી સાહિત્યકારો પણ એટલા જ માનથી જોતા. હિન્દી લેખક કમલેશ્વર કે રાજેંદ્ર યાદવ, ભારતીય સાહિત્યના સંદર્ભમાં બક્ષીનો ઉલ્લેખ ખૂબ આદરથી કરતાં જે મેં સગી આંખે જોયું છે. બોરડમ ને બેવકૂફીના બ્રાન્ડ એમ્બેસેડર જેવા ગુજ્જુ લેખકો વચ્ચે ચંદ્રકાંત બક્ષી, ગુજરાતી ભાષાના 'કલ્ચરલ એમ્બેસેડર' હતા. ગુજરાતી અસ્મિતાના વકીલ હતા. ૧૫૦થી વધુ પુસ્તકો, આધુનિક ને છતાં લોકપ્રિય નોવેલ્સ, ૩૫૦ ટૂંકી વાર્તાઓ, ઇતિહાસ સંશોધનનાં પુસ્તકો અને પુષ્કળ લેખો લખીને, સખત વિચારો ને સતત વિવાદો સર્જીને બક્ષી ન્યૂઝમાં રહેતા. આપણે ત્યાં તમે ગાંધીવાદી નીતિમત્તા છાંટેલું, ગામડિયું વેજિટેરિયન સાહિત્ય લખો કે તરત અન્ય ભાષામાં સરકારી અનુવાદો થાય, ઈનામો મળે પણ એ કિતાબો વાચકો સુધી મુશ્કેલીથી પહોંચે. મોડર્ન, બિન્ધાસ્ત ને લેટિનઅમેરિકન છાંટવાળું ગંભીર છતાં મજેદાર સાહિત્ય, ગુજરાતીમાં લોકપ્રિય બનાવ્યું, એ બક્ષીની સાચી સિદ્ધિ.

મારી હિન્દી ફિલ્મોની કમર્શિયલ સફળતાને જોઈને પ્રેમથી વઢતા,'આ બધી રોમેન્ટિક કોમેડીઓ તો ઠીક છે, પણ કાંઈક ગંભીર બનાવો નહીં તો ક્યારેય કદર નહીં થાય. રોમાંસ-કોમેડી છોડો, ઉદાસીનો રંગ, ઘેરો ને શાશ્વત છે. હિંદુસ્તાનમાં વેદના કે સંવેદનાને જ ઇજ્જત મળે છે. આ સાલો રાજ કપૂર, આખી ફિલ્મ નાગી ઉઘાડી બનાવે પણ એક દૃશ્ય એવું આપે કે જેમાં ઊંડાણ હોય. છેલબાબુ, એન્ટરટેઈનર ને આર્ટિસ્ટ વચ્ચેનો ભેદ સમજો.'

બદનસીબે, બક્ષીને લોકપ્રિયતા સાહિત્યસર્જનને લીધે જ નહોતી મળી પણ સેન્સેશનલ વિચિત્ર વિધાન, વાહિયાત વિવાદો ને ૧૯૯૩ પછી અચાનક અતિજમણેરી, ઉશ્કેરતી કોલમોને કારણે પણ મળેલી. 'આકાર' કે 'પડઘા ડૂબી ગયા' જેવી નોવેલનાં મહાન લેખક તરીકે બક્ષીને બહુ ઓછા સમજ્યા છે. લેખક કરતાં 'પર્સનાલિટી ઓફ બક્ષી' વધુ વેચાતી વંચાતી. બક્ષીનો કલકત્તામાં ઊછેર હોવાને કારણે શરૂશરૂમાં કોમ્યુનિસ્ટ 'લાલ' રંગે રંગાયેલા હતા, પછી ધીમે ધીમે એ લાલ રંગ મુંબઇમાં ઝાંખો પડ્યો ને છેલ્લે ગુજરાત જઈને લાલમાંથી કેસરી બનતો ગયો. બક્ષીની કલમમાં સરકારો અને પોપ્યુલર મતને આંધળું સમર્થન વધ્યું ને કથા નવલકથાઓ ઓસરતી ગઈ. જાણકારો કહેતાઃ

'પેરેલિસિસ' પછી બક્ષીની કલમને પેરેલિસિસ થઈ ગયો છે. શું રાજકારણની મહત્ત્વાકાંક્ષાએ ખુદ્દાર કહેવાતા બક્ષીને બદલી નાખેલા? જે સિસ્ટમ સામે સતત લખ્યું, એની જ સાથે એમણે સમાધાનો કરવા માંડેલાં?

અરે, 'તમે આવશો' જેવી ગુજરાતીની અદ્ભુત વાર્તાના લેખક બક્ષીને પૂછવાનું મન થતું:

'બક્ષી, તમે પણ?!'

એ બધું છોડો, લેખકોમાંની ઘેટાંભીડ વચ્ચે બક્ષી 'આખરી મુગલ' હતા. પોચટ સાહિત્યકારોની વચ્ચે બક્ષી જ એકમાત્ર 'મૃત્યુ'થી 'માઓત્સેતુંગ' સુધી કે 'સેક્સ'થી 'સામ્યવાદ' સુધી અસ્ખલિત બોલી લખી શકનારા ઓલરાઉન્ડર હતા. બક્ષીની નોવેલના હીરોની જેમ 'ક્યાં'ની દિશામાં એક આકાર લુપ્ત થઈ ગયો!

આકાર, એટલે હેશ ટેગ બક્ષી. ■

# આધુનિક ગઝલના પ્રણેતા શેખાદમ આબુવાલા

■ રમેશ પુરોહિત

*નાચી ઊઠી સુગંધને ઝૂમી ઊઠયો પવન*
*તમને નિહાળી ફૂલના રંગો હસી પડ્યા*

કવિતા જગતમાં સ્વીકૃતિ મળતાં વખત લાગે છે. કવિ બહુશ્રુત હોય તો તેમને ઉચ્ચતમ સ્તરેથી સ્વીકૃતિ મળે છે. આવી સહજ સ્વીકૃતિ શેખાદમ આબુવાલાને પ્રથમ સંગ્રહ 'ચાંદની'ના પ્રકાશન વખતે ૧૯૫૩માં મળી હતી. ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ પ્રસ્તાવનામાં જે લખ્યું તે કવિને સમજવા માટે સહાયભૂત થશે.

ઉમાશંકરે લખ્યું હતું કે 'ભાઈ શેખાદમ આબુવાલાની કવિતા માટે મને ઘણી આશા રહી છે. ગઝલમાં તેમજ સંસ્કૃત છંદોમાં - બંનેમાં એમને સારી ફાવટ છે. એમનું પહેલું કાવ્ય-નાનાલાલ કવિ ઉપરની એક 'પૃથ્વી' છંદમાં લખેલી સુંદર સૉનેટ - જોઈને જ એમની રચનાશક્તિ વિષે હું ઉત્સુક બન્યો હતો. ગઝલમાં અને સંસ્કૃત છંદોમાં પ્રયોગ કરવાની એમને આદત છે. આ સંગ્રહમાં નાનામાં, નાના માપની કૃતિથી શરૂ કરી લાંબા માપની 'પ્રેમ કહાની' સુધીની કૃતિઓમાં એમની પ્રયોગપ્રીતિ જોવા મળે છે.'

ગુજરાતી ગઝલ શયદા સાહેબની સરદારી હેઠળ ઉર્દૂ - ફારસી શબ્દોનો સહારો ઓછો કરીને ગુજરાતી પદાવલિઓ પ્રયોજવાની પેરવીમાં રમમાણ હતી ત્યારે અમદાવાદના આકાશમાં શેખાદમ આબુવાલા નામના નવયુવાન શાયરનો ઉદય થાય છે. શેખાદમ સમકાલીનોથી એ વાતે નોખા તરી આવતા હતા. એમણે એમ.એ. સુધી અભ્યાસ કર્યો હતો. ગુજરાતી એમનો વિષય હતો. ઉમાશંકરભાઈએ નોંધ્યું છે કે 'ગુજરાતી ભાષાને અને જોડણીની શુદ્ધિ માટે એમની ચીવટ પ્રશંસાપાત્ર છે.'


શેખાદમ વ્યવસાયે પત્રકાર હતા. અમદાવાદમાં એક અખબારમાં હતા ત્યારે તેમની સાથે માધવસિંહ સોલંકી પણ હતા. બન્ને વચ્ચે અતૂટ મૈત્રી. માધવસિંહ સુખનફહેમ હતા. એટલે શેરોશાયરીની મિજલસ ચાલતી રહી. પછી ઘણાં વર્ષો જર્મનીમાં અને યુરોપમાં ગાળ્યા પછી પાછા આવ્યા ત્યારે માધવસિંહભાઈ મુખ્ય પ્રધાન બની ગયા હતા. એ વખતે આખા ગુજરાતમાં માધવ સિંહભાઈને તુકારે બોલાવનાર એક જ વ્યક્તિ હતી અને તે શેખાદમ. યુરોપથી સ્વદેશાગમન વખતે ત્યાં કોઈએ પૂછ્યું કે શેખાદમ તું ઈન્ડિયા શા માટે જાય છે ત્યારે એમણે જવાબ આપ્યો કે ઈન્ડિયામાં મારી મા છે. જોકે અમદાવાદ પાછા આવ્યા પછી તબિયત સારી ન રહી. એવા વખતે માધવ સિંહભાઈએ બધી જ સારસંભાળ રાખી હતી અને ઈન્તેકાલ થયો ત્યારે ગુજરાતના મુખ્ય પ્રધાને પોતાના દોસ્તને કાંધ આપી હતી.

શેખાદમે કવિતા, ગઝલ ગુજરાતી, હિન્દી અને ઉર્દૂમાં નોંધનીય પ્રદાન કર્યું છે. 'ચાંદની', 'સોનેરી લટ', 'અજંપો', 'તાજમહાલ' 'ઘિરતે બાદલ, ખુલતે બાદલ' (હિંદી), 'અપને ઈક ખ્વાબ કો દફના કે અભી આયા હૂં' - ઉર્દૂ ગઝલ સંગ્રહ, 'ખુરશી', 'હવાની હવેલી', 'સનમ' એ એમના કાવ્ય સંગ્રહો છે. બધા પુસ્તકોના દીવાનનું નામ 'આદમથી શેખાદમ સુધી' રાખવામાં આવ્યું છે.

આ ઉપરાંત શેખાદમે દસ નવલકથાઓ આંતરરાષ્ટ્રીય અનુભવ કથાઓ, શ્રેષ્ઠ જર્મન વાર્તાઓને ગુજરાતીમાં અનુવાદ અને એમણે લીધેલી મુલાકાતોનો સંગ્રહ 'તસવીર દિખાતા હૂં' નામથી પ્રગટ કર્યાં છે.

આપણે નોંધ્યું તેમ શેખાદમ સૌ પ્રથમ પત્રકારનો જીવ હતા. જર્મન રેડિયો પર વર્ષો સુધી કામ કર્યું અને યુરોપની હવામાં ગુજરાતી ગઝલો લખી. અનુભવને શબ્દોમાં અંકિત કરવાનું કામ સહેલું નથી. જાત સાથેની વાત જેવી 'હમ ભી ક્યા યાદ કરેંગે...' શીર્ષકથી ડાયરી પણ લખી છે. આમ ગઝલને ત્રણ ભાષામાં અવતારી, સંસ્કૃત છંદો સાથે કાવ્યો લખ્યાં અને સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન કર્યું. આમ છતાં સવિશેષ ગઝલકાર તરીકે પ્રખ્યાત છે.

ઘાયલ, શૂન્ય, મરીઝ, સૈફ અને બેફામની ગઝલો પછી ગુજરાતી ગઝલના ક્ષેત્રે હરીન્દ્ર દવે, ચિનુ મોદી, રાજેન્દ્ર શાહ, મનોજ ખંડેરિયા અને ભગવતીકુમાર શર્મા ગઝલો અને ગીતોનો સમન્વય કરી શક્યા એ વાતની નોંધ લઈએ તો કહેવું પડે કે એની પૂર્વભૂમિકા તો શેખાદમ આબુવાલાએ જ બાંધી આપી હતી. ચિનુ મોદીએ આ વાત જરા જુદી રીતે એમના સંપાદન 'આદમથી શેખાદમ' સુધીમાં નોંધતા કહ્યું છે કે 'Classical એવા



ગુજરાતી સાહિત્ય સાથે ગઝલનો Icebreak શેખાદમને કારણે જ થયો. એણે સંસ્કૃત છંદોમાં ગઝલના કરેલા પ્રયોગ આ દિશાભણી લઈ ગયા. ગઝલ એ ગુજરાતી કવિતાનો જ અવિનાભાવ સંબંધે જોડાયેલો પ્રકાર છે - એ પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય વિવેચકોને સમજાવવાના અભરખા વગર એ પ્રયત્નશીલ બન્યો હતો.'

ઉમાશંકર જોશીએ શેખાદમની ભાષાની ચીવટની વાત કરી. શેખાદમ રોજ બોલાતી ભાષાના સતત સંપર્કમાં હતા. લોકોને સમજાય એવી ભાષા એમને પત્રકારત્વમાંથી મળી હતી. ઉર્દૂ - હિંદીના જ્ઞાનને એમણે ગુજરાતીમાં દેખાડ્યું નથી. ગુજરાતીમાં રૂઢ થયેલા મુહાવરાઓ, કહેવતો અને લઢણોને એમણે ગઝલના રંગમાં વણીને ગઝલની એક નવી ભાષા વિકસાવી છે. થોડાંક ઉદાહરણ જોઈએઃ

*પ્યારની રંગીન લત મોંઘી પડી*
*આગ સાથેની રમત મોંઘી પડી*

* * *

*દિલ તમારું જોઉં કેવું છે ટકાઉ*
*હું તપાસ્યા બાદ લઉં છું માલને*

* * *

*મુહબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા*
*અને જે હોય છે તે એટલા સધ્ધર નથી હોતા*
*મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની*
*બધાયે ઝેર પીનારાઓ કૈં શંકર નથી હોતા*

* * *

*મેં વસંત પાસેથી*
*એક ફૂલ માગ્યું છે*
*એટલે જ તો ખોટું*

* * *

*હું પડ્યો છું પ્રેમમાં કે તું પડી છે પ્રેમમાં*
*કે પછી એવું નથી બન્ને છીએ કે વ્હેમમાં*

* * *

શેખાદમમાં રજૂઆતની નવીનતા હતી. એમને પ્રયત્નો કરવા નહોતા પડ્યા. 'બધાયે ઝેર પીનારાઓ કૈં શંકર નથી હોતા' એમાં ઉક્તિની નવીનતા છે અને સાથે દૃષ્ટિની પણ નવીનતા છે. પાનખરને ખોટું લાગવાની વાતમાં એક આગવી નવીન ઢબ છે. શબ્દની ઉપાસના કરી હોય તેને શબ્દનો મહિમા સમજાય.

ગઝલ લોકપ્રિય કાવ્ય પ્રકાર છે એટલે સભારંજની શેરોની ભરમાર વચ્ચે અકળાઈ જવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. કવિતા કે ગઝલમાં છંદ અને બાહ્ય બંધારણ છે પણ આ મર્યાદા અતિક્રમીને ગઝલના હાર્દમાં પહોંચવું જરૂરી છે. કહેવાનો અંદાજ સરસ હોય, ચિત્રાત્મકતા અને ચોટદાર ઉક્તિથી શેરનું નકશીકામ થયું હોય પરંતુ ખયાલનું નૂર ન હોય તો ગઝલિયતની સોનાની થાળીમાં લોખંડની મેખ બને છે.

શેખાદમ કવિચેતનાની એક ચોક્કસ ભૂમિકા પર પહોંચીને સર્જન કરે છે એટલે એની ગઝલમાં સૌન્દર્ય બોધ થાય છે. એમની પાસે એક પોતીકી અભિવ્યક્તિ છે. એ તૂટેલા-ફૂટેલા અને તળિયે આવી ગયેલા જામની વાત નથી કરતો. પીવામાં તો સમયનું ભાન ન હોય, એમાં ઉતાવળ ન હોય એટલે શેખાદમ કહે છે તેમાં ખયાલનું નૂર છેઃ

*જામ લૈને ઝૂમું છું*
*ચાંદનીને ચૂમું છું*
*જિન્દગીને માણું છું*
*અપ્સરાના નર્તન સમ-*
*પ્રેમીજનના વર્તન સમ*
*જિન્દગી સમાલું છું*

ગઝલ એ પ્રેમની વાણી છે અને તેમાં મારિફત - આધ્યાત્મિકતા રસાયણ બનીને સહજ રીતે અવતરે તો સૌન્દર્યબોધ થાય છે. સંસારની વાત બધા કરે છે અને દુનિયા રંગરંગીલી હોવા છતાં દુન્વયી હોવાને રવાડે ચડનારાઓની કમી નથી. શેખાદમ દુનિયાના દુ:ખોની ખબર રાખીને આશા વ્યક્ત કરે છે. વાસ્તવિકતા પર ગઝલને લઈ જવાની આ વાત છેઃ

*જીત જેવું નથી હકીકતમાં*
*એક રંગીન હાર છે દુનિયા*
*પ્રાણ એ દેહનું મિલન સ્થળ છે*
*કોણ કહે છે અસાર છે દુનિયા*

વતન છોડીને પારકા દેશમાં વસાહતી બની ગયેલા સર્જકોની વાત ન કરીએ તો એમ કહી શકાય શેખાદમ લગભગ સત્તર વર્ષ જર્મનીમાં અને યુરોપના બીજા દેશોમાં રહ્યા. વતનથી દૂર પોતાની માતૃભાષામાં સતત સર્જન કરવું અને જનની તથા જન્મભૂમિનું શ્વાસે શ્વાસે સ્મરણ કરવું એ અનન્ય ઘટના છે.

અમદાવાદના પ્રખર તાપમાં પનપેલી શેખાદમની ગઝલો યુરોપના ઠંડાગાર તડકામાં લાલિમા ધારણ કરે છે. આ લાલિમા છે ગઝલના જીવાનુભૂત તત્ત્વ પ્રેમની, પ્રણયની અને પ્યારની.

દરેક પ્રકારના સાહિત્યમાં અને સવિશષ ગઝલમાં પ્રણયની ઉત્કટતા અને તેની અભિવ્યક્તિ હોવાની જ. શેખાદમ કલ્પનામાં રાચવાને બદલે પોતાના સ્વાનુભવની નક્કર જમીન પર કદમ માંડે છે અને ભાવકના મન સુધી પહોંચે છે.

પ્રથમ ગઝલ સંગ્રહ ચાંદની ૧૯૫૩માં આવે છે પછી ૧૯૫૯માં અજંપો, સોનેરી લટ અને તાજમહલ ૧૯૭૨માં આવે છે. હવાની હવેલી ૧૯૭૮માં અને સનમ ૧૯૮૪માં પ્રગટ થાય છે. પ્રણયના રાગ, ફાગ, વિરાગ અને અજંપાને પડછાયે આ બધા સંગ્રહો આપણા ગુજરાતના અને દેશ-પરદેશની સુખદ-દુ:ખદ સ્મૃતિઓને સંગોપે છે.

'સોનેરી લટ' એ કોઈ આંગ્લ કમનીય કન્યાની કેશ રાશિનું વર્ણન નથી, પણ પ્યારની અને તેના પગલે આવતા વિરહની વિખરાયેલી ઘટાઓનું અનુભવે મળેલું સ્વાભાવિક સર્જન છે. શેખાદમ પોતાની કલ્પનાને મળેલા સાકાર પરિવેશમાં આપણને આ રીતે લઈ જાય છેઃ

*હુંય કેવો છું ખુશનશીબ જુઓ*
*મારી કલ્પિત કથાને સાર મળ્યો*
*સાત સમંદર પાર વસનારી*
*એક સોનલ પરીનો પ્યાર મળ્યો*

એ આ પ્યાર મળ્યા પછીની ક્ષણોને કોઈ પણ જાતના બળાપાઓ ઠાલવ્યા વગર બહુ જ સુક્ષ્મ રીતે આદમ આ રીતે વર્ણવે છેઃ

*કોઈના ગોરા ચરણમાં દિલ ધર્યું*
*ઓ રે કાળા માનવી આ શું કર્યું?*

આ પ્રશ્નાર્થ પાસે શેખાદમ અટકતો નથી. આ કવિની પોતાની એક ખુમારી છે, ખુદવફાઈ અને ખુદ્દારીના માલિમ એવા શેખાદમ પાસેથી જ આવો શેર મળી શકેઃ

*આ સૂરજ જેવા સૂરજથી હું આંખ મિલાવી જાણું છું*
*એ આગ લગાવી જાણે છે, હું આગ બુઝાવી જાણું છું*

* * *

*ભિન્ન ભિન્ન બાગોમાં ઘૂમતો ફરું છું હું*
*હોઈ એ કળી કે ગુલ - ચુમતો ફરું છું હું*

* * *

*મૃત્યુ કેરી ખીંટી પર જિન્દગીને ટિંગાવી*
*કોઈ પ્યારી મસ્તીમાં ઝૂમતો ફરું છું હું*

શેખાદમનું વ્યક્તિત્વ આકર્ષક હતું. હંમેશાં સ્મિત ફરકાવતો પાણીદાર ચહેરો, વાત કરવાની અનોખી છટાથી એ પારકાં પોતાના કરી શકતો હતો. પોતાની પ્યારી મસ્તીમાં એક અલગારી અસ્તિત્વના માલિક શેખાદમના શબ્દો સચોટતાની ધરતી પર આવે છે એટલે આપણને પ્રતીતિજનક લાગે છે જેમ કેઃ

*એ તો સત્કારે છે દુ:ખને ગમને આંસુઓને સદા*
*કોણ કહે છે માનવી ધરતી પર મહેમાન છે*

* * *

*ગમ નિરાશા દર્દ બેચેની ને આંસુઓ*
*જીવવા માટે જુઓ કેવો સરસ સામાન છે*

કવિનું હૃદય ભીની ભીની લાગણીઓ અને રેશમ જેવા સ્પંદનોથી તરબતર હોય તો એ જે કંઈ આપે એમાં દિલહર અને દિલકશ લાગણીની લ્હાણી હોય છે. શેખાદમ પાસે શબ્દો જીવંત થઈ જાય છે. એનામાં શબ્દદૃશ્યો પ્રકટાવવાની સૂક્ષ્મ સમજ છે, જેમ કેઃ

*કેવી સુંદર રમ્ય ચંચળ ને મનોહર ચાંદની*
*રાત થઈ જાઉં મળે જો જિંદગીભર ચાંદની*

* * *

*છે સુરખી ખુશીની રંગોમાં અરમાનની ખુશ્બૂ અંગોમાં*
*શા હાલ થયા છે ફૂલોના આ કળિયો ન જાણે તો સારું*

* * *

*સુગંધીમાં ને રંગોમાં ને કળિઓના ઉમંગોમાં*
*ચમનમાં ચોતરફ વેરી દીધા અરમાન ફૂલોએ*

* * *

*નાચી ઊઠી સુગંધ ને ઝૂમી ઊઠયો પવન*
*તમને નિહાળી ફૂલના રંગો હસી પડ્યા*

શેખાદમની શૈલી નોખી અને અનોખી છે. એ સીધી અને સરળ છે. એ જે કંઈ કહે છે તેમાં દિલની સચ્ચાઈનો પડઘો પડે છે. એ જેને ચાહે છે તેને તહેદિલથી પ્યાર કરે છે. શેખાદમમાં આડંબર, દંભ અને અભિમાન નથી - એનો માનવપ્રેમ અને દેશપ્રેમ વિશ્વપ્રેમ સુધી વિસ્તરે છે. જુઓ આ શેરઃ

*મને ઊંચી મુહબ્બત છે સદા મારા વતન માટે*
*છતાં એથી અધિક ઊંડી જગતના સર્વજન માટે*

શેખાદમની ગઝલોમાં તસવ્વુફ એટલે અધ્યાત્મવાદ ક્યાંક છાને પગલે આવે છે પણ શેખાદમ ગઝલના રંગનો અને રંગીનીનો શાયર છે અને એમણે મારિફતના મહેલમાં પરાણે પ્રવેશવાની કોશિશ પણ ક્યારેય નથી કરી.

શેખાદમ 'ખુરશી' જેવા સંગ્રહમાં સમાજની હાલત જોઈને વિચલિત થાય છે અને સાંપ્રત સત્તા - લોલુપતા પર ચાબખા મારે છે અને વીંધી નાખે એવા વેધક કટાક્ષો છોડે છે. સમાજ પ્રત્યેની એમની ખેવના અને દેશદાઝના અહીં દર્શન થાય છે.

શેખાદમ આબુવાલા એક નામ નથી પણ ગુજરાત સાહિત્યની યુનિવર્સિટી છે. એમણે નાખેલા સદ્ધર પાયા પર આજે ગઝલની ઈમારત ઊભી છે. આધુનિક ગઝલના પ્રણેતા શેખાદમે ગુજરાતી કવિતા સાહિત્ય અને વાર્તા સાહિત્યને નવા રૂપ-રંગ આપીને સજાવ્યાં છે. એમણે ગુજરાત, ગુજરાતી અસ્મિતા અને ભાષાને પારાવાર પ્રેમ કર્યો છે.

આવા અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતા આ શાયરે પોતાની સરળ અને પ્રવાહી બાનીમાં ગઝલને ગાતી કરી છે. કહેવાની રીત નોખી છે, શૈલી પોતીકી છે એટલે શેખાદમનું પ્રદાન શાશ્વત બની રહેશે એવી શ્રદ્ધા છે. છેલ્લે એમનો યાદ રાખવા જેવો શેરઃ

*મુહબ્બત પાસેથી આ ભેટ સુન્દર લૈને આવ્યો છું*
*હું મારા બે નયનમાં સાત સાગર લૈને આવ્યો છું.* ■



# વિશ્વ ગુજરાતી ભાષાદિવસ

■ કાજલ ઓઝા વૈદ્ય

## વિતી રહેલી પેઢી એ જવાબદારી ચૂકી ગઈ છે...






'૭૮ એટલે કેટલા?' ચૌદ-પંદર વર્ષનો છોકરો પૂછે છે.

'એને ગુજરાતીમાં ખબર નથી પડતી!'

એની ચાલીસ-પિસ્તાલીસની મમ્મી કહે છે! એક તરફથી હસવું આવે છે ને બીજી તરફથી પીડા પણ થાય છે...

અમેરિકા, યુરોપના દેશો અને ગલ્ફ-મિડલ ઈસ્ટમાં વસતા ગુજરાતીઓને અવાર-નવાર મળવાનું થાય છે. એમનાં બાળકો ગુજરાતી નથી બોલતાં, ગુજરાતી નથી ખાતાં એ વિશે લગભગ દરેક ગુજરાતી ચિંતા વ્યક્ત કરે છે. 'ગુજરાતીનું શું થશે?' એ લોકો પૂછે છે ત્યારે સમજાતું નથી કે ગુજરાતીનું શું થવું જોઈએ? ભાષા જીવવી જોઈએ? જીવવી જોઈએ તો કેવી રીતે જીવવી જોઈએ?

એક બાજુ વિદ્વાનો, સાહિત્યકારો ગુજરાતી ભાષામાં અંગ્રેજી કે બીજી ભાષાના શબ્દપ્રયોગો વિશે નવી પેઢીના લેખકોને ઝાટકી કાઢે છે. જેને શિષ્ટ, પ્રશિષ્ટ કે સાહિત્ય કહેવામાં આવે છે એ અને જે લોકપ્રિય છે, વંચાય છે- વેચાય છે એમાં ફરક છે.

**આ ફરક શું છે?**

ભાષાના માઈલ સ્ટોનને પકડીને બેઠેલા કેટલાક જડ લોકો છે ને કેટલાક પ્રવાહી થઈને પ્રવાસ કરે છે. દેશ-વિદેશમાં ભાષા (નવા સ્વરૂપે, નવા કલેવર સાથે) પહોંચાડવાનો પ્રયાસ કરે છે. વિદેશમાં વસેલા અને જન્મેલા જૂની અને નવી પેઢીના ગુજરાતીઓ વચ્ચે એટલો બધો ફેર છે કે 'ગુજરાતી'નું કયું સ્વરૂપ શેષ રહેશે એ વિશેની ચર્ચા કોઈ દિશામાં પહોંચે એમ નથી.

આપણે બધા જરા વિચિત્ર લોકો છીએ. ખોટું અંગ્રેજી બોલી શકીએ. એક ગુજરાતી લેખક એરપોર્ટ પર કે રેસ્ટોરાંમાં મળી જાય તો એના 'ફેન' છીએ એ કહેવા માટે આપણે હિન્દીમાં બોલીએ છીએ, પણ સાચું ગુજરાતી કોઈ બોલે તો એ આપણને 'ચિબાવલા' કે 'વેદિયા' લાગે છે! અંગ્રેજીના સ્પેલિંગ ખોટા હોય તો આપણને બહુ શરમ આવે-ગુજરાતીની જોડણી લખતી વખતે આપણે અનુસ્વારને મીંડુ અને દિર્ઘને પાછળથી-હ્સ્વને આગળથી... કહીએ છીએ. પોતાના નામની જોડણી પણ ખોટી લખતા અને બોલતા ગુજરાતીઓને આપણે ઓળખીએ છીએ, પરંતુ એ વિશે આપણને તકલીફ કે અફસોસ નથી થતો. અંગ્રેજી ન આવડે તો ઘણા લોકોને લઘુતાગ્રંથિનો અનુભવ થાય છે.

આ એવી પેઢી અને ક્લાસના લોકો સાથે સંકળાયેલી વાત છે જેમને માટે અંગ્રેજી 'ભયાનક ભાષા' છે. એમને અંગ્રેજીનો ભય લાગે છે! દસમા ધોરણમાં અંગ્રેજી છોડી દેતા અમરેલી, ગારિયાધાર, પલસાણા, બારડોલી કે આહવાના વિદ્યાર્થીઓ સામે વિરોધ નથી- પરંતુ એમને ગુજરાતી યે નથી આવડતું એનું શું કરીશું? એ વિષે આપણે ચર્ચા કરવા તૈયાર નથી.

મેડિસિન-એન્જિનિયરિંગના એડમિશન હવે નેશનલ થઈ ગયાં છે. મલબાર હિલ, મુંબઈનો એક છોકરો અને રાજસ્થાનના નાના ગામનો એક છોકરો... એકબીજાની સાથે એક ક્લાસમાં ભણે છે. સરકારનો 'ભાવ' સારો છે પણ એને કારણે જે અભાવનો અનુભવ થાય છે એનાથી માણસના મનમાં લઘુતાગ્રંથિનું સિંચન અને પોષણ થાય છે. એવી જ રીતે એન.એચ.એલ. મેડિકલ, અમદાવાદમાં ભણેલો છોકરો અને સૌરાષ્ટ્રની કોઈ નાની મેડિકલ કોલેજમાંથી પાસ થયેલા ડોક્ટરની માનસિકતા અને મેડિકલ એથિક્સમાં જે તફાવત આવે એનું શું કરીશું? દરેક સ્કૂલમાં ગુજરાતી કમ્પલસરી ભાષા તરીકે શીખવાય છે, પરંતુ એનાથી ભાષા કે સંસ્કૃતિ વિશેનું સન્માન કેવી રીતે ઉમેરી શકીશું એક વ્યક્તિત્વમાં?

ગુજરાતી હોવાનું ગૌરવ, ભારતીય હોવાના ગૌરવ કરતાં ઓછું, માણસ હોવાના ગૌરવ કરતાં ઘણું ઓછું હોય તો પણ, 'હોવું જોઈએ' એવું નથી લાગતું? જાતિ, ભાષા, ધર્મમાં વહેંચાયેલો આ દેશ સંપૂર્ણપણે ભારતીય થઈ શકશે? જો ન થઈ શકે તો મૂળસોતા ઊખડી ગયેલા આપણે બધા ક્યાંય નહીં રોપાઈ શકીએ એવું આપણને સમજાય છે ખરું?

પેઢી બદલાય એની સાથે લગભગ દરેક બાબત બદલાય છે. દાદાજી ધોતિયાં પહેરતા, પપ્પા પેન્ટ પહેરતા અને દીકરો શોર્ટ્સ, બર્મ્યુડા કે કાર્ગો પહેરે છે. દાદી પથ્થર પર ચટણી વાટતા, મમ્મી મિક્સર લાવી ને ભાભી તૈયાર ચટણી લાવીને અંદર પાણી નાખે છે, કદાચ! આપણું ભોજન બદલાયું છે, આપણું જીવન બદલાયું છે. એની સાથે આપણે વિચારો બદલવા પડશે, છૂટકો જ નથી!

અમેરિકા, લંડન કે દુબઈ જેવા દેશમાં વસતા માતા-પિતા છોકરાઓને મંદિર લઈ જાય, 'સંસ્કાર પડે' એવું વિચારીને... દર રવિવારે કે મહિને એકવાર મંદિર જવાથી જો સંસ્કાર રોપાઈ જતા હોત તો કેટલું સારું થાત!

જે બાળકો ગુજરાત આવવાના નથી કે જેમને માટે ગુજરાત એક ફરવાના સ્થળથી વધુ કોઈ મહત્ત્વ નથી ધરાવતું, એમને આપણે ગુજરાતી ભાષા કે ભોજન સાથે જોડવાના મરણિયા પ્રયાસ કરીએ છીએ. જે છોકરાઓ યુએસએ કે લંડનમાં જન્મ્યા છે એમને માટે વતન શબ્દનો અર્થ અમેરિકા કે ઈંગ્લેન્ડ થાય છે. એમને એમની ભારતીયતાના મૂળ વધુ આકર્ષી શકતા નથી.

એમનાં માતા-પિતાનું બાળપણ ભારતના કોઈ ગામમાં વિત્યું છે એટલે માતા-પિતા હજીયે ભારત સાથે કનેક્ટેડ છે. એમને ચિંતા છે કે સંતાનો ગુજરાતી નહીં શીખે, ગુજરાતી નહીં ખાય, ગુજરાતી નહીં બોલે તો શું થશે! જે ભારત આવવાના જ નથી અથવા સાવ ઓછું આવવાના છે એવા લોકો ગુજરાતી નહીં બોલે તો કંઈ ફેર નહીં પડે... આજથી વર્ષો પહેલાં ચેન્નાઈ કે હૈદ્રાબાદ જઈને વસી ગયેલા ગુજરાતીનાં સંતાનો તમિળ અને તેલુગુ જે ફલુઅન્સીથી બોલે છે એટલું સરસ ગુજરાતી નથી બોલતા, સ્વાભાવિક છે! આ જ વાત અંગ્રેજી વિશે પણ લાગુ પડે છે. જે વિદેશમાં વસવાના છે અને જેમનાં સંતાનો પણ વિદેશમાં જ જન્મ લેવાના છે એવી ૮૦ના દાયકા પછી જન્મેલી પેઢી હવે 'ગુજરાતી' કહેવાય કે નહીં એ વિશે પણ આપણે ફેરવિચાર કરવો પડે એમ છે.

ગુજરાત કે મુંબઈમાં રહેતા, રોજેરોજ ગુજરાતી સાથે સંપર્કમાં હોય એવા છોકરાંઓ જ્યારે ગુજરાતી ન બોલી શકે ત્યારે કદાચ ચિંતા થવી જોઈએ. એક આખી પેઢી ગુજરાતી બોલતી નથી, વાંચતી નથી. એમને ગુજરાતી સાથે ઝાઝો સંબંધ નથી, જ્યારે એ જ પેઢીનો બીજો એક આખો વર્ગ અંગ્રેજીથી ભાગે છે, એમનું ગુજરાતી પણ ખરાબ છે. એમને વાંચનનો શોખ નથી-સાહિત્ય સાથે એમને લેવાદેવા નથી. એમની ક્ષિતિજો ઉઘડવાની નથી, જ્યારે એમની જ ઉંમરની એક આખી પેઢીની ક્ષિતિજો રોજ વધુ ને વધુ વિસ્તરતી જાય છે. ચિંતા થવી જોઈએ તો આ બાબતની જરૂર થવી જોઈએ.

ગુજરાતી ભાષા જીવશે કે નહીં એથી વધુ મહત્ત્વની વાત એ છે કે આપણી આખીયે સંસ્કૃતિ બે વિભાગમાં વહેંચાઈ ગઈ છે. એક વિભાગ આખોય પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જીવે છે, બ્રાન્ડ્સ પહેરે છે, અંગ્રેજી બોલે છે, ક્લબ્સમાં જાય છે, ટેનિસ રમે છે, અઢાર વર્ષે એમને ટુ વ્હીલર ભેટ આપવામાં આવે છે. એમના એડમિશન માટે લાખો રૂપિયા ખર્ચવા એમનાં માતા-પિતા તૈયાર હોય છે. ડ્રિંક એન્ડ ડ્રાઈવ કે મોલેસ્ટેશન જેવા ગંભીર ગુનામાં આવાં સંતાનો ફસાય ત્યારે માતા-પિતા કકળાટ કરતાં કરતાં પણ એમને બચાવવા માટે પૈસા લૂંટાવે છે.

બીજી તરફ એવાં સંતાનો છે જેમને એમના ભવિષ્ય વિશે કાંઈ ખબર નથી. કથળતી શૈક્ષણિક વ્યવસ્થા અને ભ્રષ્ટાચારની વચ્ચે આ આખી પેઢી રહેંસાઈને ખતમ થઈ રહી છે. એમની ડિગ્રીનું કોઈ મહત્ત્વ નથી, એમની પાસે નોકરી નથી. એમના માતા-પિતા એમને માટે ઝાઝું કંઈ છોડી જવાના નથી...


આનું કારણ કદાચ એ છે કે, ગુજરાતીને જન્મ સાથે જ 'પૈસા કમાતાં' શીખવવામાં આવે છે. ગુજરાતી દીકરો હોય તો એને બને ત્યાં સુધી પિતાના ધંધાને સંભાળી લેવાનું શિક્ષણ અને તૈયારી આપવામાં આવે છે. દીકરીને ભણાવવામાં ગુજરાતી માતા-પિતા કંજુસાઈ કે મન નાનું નથી કરતા, પણ ભણ્યા-ગણ્યા પછી દીકરી વ્યવસાય કે નોકરી કરશે કે નહીં એનો નિર્ણય એના શ્વસુર પક્ષ પર છોડવામાં આવે છે. કેટલીક જગ્યાએ એવું સાંભળવા મળે છે, 'અમારે જરૂર નથી' ત્યારે નવાઈ એ લાગે છે કે, સ્ત્રી માટે વ્યવસાય અથવા નોકરી કરવી એ માત્ર આર્થિક ઉદ્દેશ કેમ છે? માત્ર નોકરી જ નહીં, એની સ્પોર્ટ્સની, નૃત્યની, કલાની પ્રવૃત્તિ પણ સામાન્ય રીતે લગ્ન પછી ઠંડી પડી જાય છે. મોટાભાગની પત્નીને ઘર અને બાળકો સંભાળવામાં વ્યસ્ત કરી દેવામાં આવે છે. એમાં કશું ખોટું નથી, પરંતુ ગુજરાતીઓએ હવે પોતાની ઈમેજ અને બ્રાન્ડિંગ બદલવાની જરૂર છે, જે માત્ર 'ફોસિલ'ના જીન્સ પહેરવાથી કે 'પ્રાડા'ના ચશ્માં પહેરવાથી નહીં બદલાય. કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા કે અશ્વિની ભટ્ટ અને હરકિશન મહેતા આજનાં બાળકો માટે કોઈ એલિયન શબ્દો છે. પાંચ ખાનાનું ટિફિન અને છાશ, પાપડ સાથે રોજ ઓફિસમાં લંચ કરતા ગુજરાતીને શેરમાર્કેટના ભાવ અને બુલિયનના ભાવ કદાચ મોઢે હશે, પણ પોતાની ભાષાના મહત્ત્વના ૫૦ શબ્દો, ૫૦ જાણીતી કહેવતો કે પાંચ સારી ગુજરાતી કવિતા વિશે આ ૫૦ વટાવી ગયેલી પેઢી શું જાણે છે? દર વર્ષે બે વાર ટોળામાં ફરવા જતા આ ગુજરાતીને પોતાનાં સંતાનો માટે ઘર, મકાન અને દુકાન ખરીદવામાં જેટલો રસ છે એમાંના ૧૦ ટકા પણ જો પોતાની ભાષાને બચાવવામાં રસ હોય તો આપણે સંસ્કાર, સંસ્કૃતિ અને સભ્યતાની ચિંતા નહીં કરવી પડે.

એ ૫૦-૫૫ની પેઢી ફેડઆઉટ થઈ રહી છે. એના પછી એક આખી નવી ગુજરાતી પેઢી ઊભી થઈ રહી છે, જે ગ્લોબલ છે. એમને ગુજરાતી હોવા સાથે ઝાઝી લેવાદેવા નથી, કારણ કે એમને ખબર જ નથી કે એમના ગુજરાતીપણા સાથે એક આખો ઈતિહાસ, અને આ દેશનો એક સુવર્ણયુગ જોડાયેલો છે. એ પોતે જ્યારે પોતાના ગુજરાતીપણાની મજાક કરે છે ત્યારે હૃદયમાં ક્યાંક કશુંક ખૂંચે છે. પોતાની જ ભાષાનાં પુસ્તકો આ નવી પેઢી 'અંગ્રેજી' માં શોધે છે ત્યારે આપણા ગુજરાતીપણાની અધૂરપ ખૂંચે છે. આપણે નાનકડા ખૂણામાં ભરાઈને 'ગુજરાતીનો ઝંડો ' ઊંચકીને દોડાદોડી નથી કરવી... આપણી નવી પેઢી ગ્લોબલ હોય એ સ્વાભાવિક પણ છે અને ઈચ્છનીય પણ છે, પરંતુ એમને જ્યારે પોતાના મૂળ કે પોતાના અસ્તિત્વ વિશે ગૌરવ ન હોય ત્યારે વિતી ગયેલી કે વિતી રહેલી પેઢી પોતાની જવાબદારી ચૂકી ગઈ છે એટલું તો સ્વીકારવું જ પડે. ■

---

■ વિજય વ્યાસ

## ગુજરાતીની ઓળખ ખતરામાં તો નથી ને?






**આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે.**

આધુનિક ગુજરાતી ભાષાના પ્રથમ લેખક મનાતા-ગણાતા નર્મદાશંકર દવે ઉર્ફે કવિ નર્મદ ૨૪ ઓગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં જન્મ્યા હતા. કવિ નર્મદની જન્મજયંતિએ દર વરસે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે, પણ તેના કારણે ગુજરાતી ભાષાનું ખરેખર ભલું થાય છે?

આજે પણ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી થશે, સરકારી રાહે કાર્યક્રમો થશે, ભાષણબાજી થશે ત્યારે આ સવાલ વિશે દરેક ગુજરાતીએ વિચારવાની જરૂર છે કેમ કે ગુજરાતી ભાષાનું પ્રભુત્વ ધીરે ધીરે ખતમ થઈ રહ્યું છે, ગુજરાતી ભાષા પોતાની ઓળખ અને અસ્મિતા બંને ગુમાવી રહી છે. બલ્કે માતૃભાષા જ નહીં, પણ ગુજરાતી સંસ્કૃતિ પણ ખતરામાં છે કેમ કે ગુજરાતનું પોતીકું કહેવાય એવું ઘણું બધું હાંસિયામાં ધકેલાઈ રહ્યું છે અને બીજાં કલ્ચર ગુજરાતીઓ પર હાવી થઈ રહ્યાં છે... આવી લાગણી એકલ-દોકલની નહીં, પણ અનેક છે.

ગુજરાતી બોલ-ચાલની ભાષાની હાલત અત્યંત દયનિય છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. વચ્ચે હાલત એ હદે ખરાબ થઈ હતી કે ગુજરાતની શાળાઓમાં ગુજરાતી વિષયમાં જ નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ભયજનક વધારો નોંધાયો હતો...આપણી પ્રજામાં સાચું ગુજરાતી લખાવાનું જ ધીરે ધીરે બંધ થઈ રહ્યું છે. હિંદી ભાષા ગુજરાતી પર એ હદે હાવી થઈ રહી છે કે, સીધે સીધી તેની નકલ કરી દેવામાં આવે છે. માત્ર શબ્દો જ નહીં, પણ વ્યાકરણમાં પણ હિંદીની નકલ કરીને લખાય છે-બોલાય છે તેથી ગુજરાતી ભાષા વિચિત્ર અને વર્ણસંકર બની ગઈ છે. ગુજરાતી ભાષામાં અનુસ્વારનો ઉપયોગ સૌથી મહત્ત્વનો છે ને તેની તો કોઈને ગતાગમ રહી જ નથી. અત્યંત પાયાના નિયમોની પણ આજના વિદ્યાર્થીને ખબર નથી.

બે અત્યંત સામાન્ય કહેવાય એવી આ વાત સમજવાનો પ્રયત્ન કરીએ.

હિંદીમાં કાસ્ટ (Caste) માટે? **जाति** લખાય છે જ્યારે ગુજરાતીમાં તેના માટે જ્ઞાતિ શબ્દ છે. ગુજરાતીમાં જાતિ શબ્દનો અર્થ સજીવનું લિંગ છે (સ્ત્રી લિંગ, પુલ્લિંગ) પણ અત્યારે લખાતી ભાષામાં જાતિ અને જ્ઞાતિની ભેદરેખા જ ભૂંસાઈ ગઈ છે. કેન્દ્ર સરકાર જ્ઞાતિ આધારિત વસતિ ગણતરી કરવાની છે એવું લખવાના બદલે જાતિ આધારિત વસતિ ગણતરી કરશે એવું લખાય છે.!

બીજી બાબત પ્રત્યયોની છે. ગુજરાતીમાં 'નો, ની, નું' વગેરે પ્રત્યય હંમેશાં શબ્દની સાથે જોડાયેલા હોય જ્યારે હિંદીમાં અલગ હોય. ઉદાહરણ તરીકે 'નરેન્દ્ર મોદીનો જન્મદિવસ'. હિંદીમાં આ જ વાત **'नरेन्द्र मोदी का जन्मदिन'** ('એ રીતે લખાય. મતલબ કે, મોદી સાથે ના હોય પણ હવે ગુજરાતીમાં પણ આ જ રીતે લખાય છે!.')

આઘાત તો એ જોઈને લાગે કે, સરકારી જાહેરખબરોમાં પણ આ જ રીતે લખાય-છપાય છે. તેનું કારણ એ કે, ગુજરાતના વહીવટી તંત્ર પર બિનગુજરાતીઓનું વર્ચસ્વ છે. વરસોથી જામી પડેલા અધિકારીઓ બધો કારભાર ચલાવે છે ને સરકારમાં બેઠેલા ગુજરાતીઓની હેસિયત શોભાના ગાંઠિયાથી વધારે કંઈ નથી. આ અધિકારીઓએ સરકારનો પ્રચાર કરવો પડે છે કેમ કે ઉપરથી ફરમાન આવે છે, પણ તેમાં ગુજરાતી ભાષા સાચી રીતે લખાય છે કે નહીં તેની પરવા નથી કેમ કે ખોટી ભાષા લખાય તો રોકનારું કે ટોકનારું કોઈ નથી. ગુજરાતી ભાષાની અવદશા માટે ગુજરાતી પ્રજા અને સરકાર બંને જવાબદાર છે. પ્રજામાં પોતાની માતૃભાષાનું ગૌરવ નથી ને સરકારને એ ગૌરવ જાળવવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં રસ નથી. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતી ભાષાની અસ્મિતા સ્થાપિત કરવા અને ગુજરાતીનો પ્રસાર કરવા એમણે હૃદયપૂર્વકના ભરપૂર પ્રયત્ન કરેલા

'વાંચે ગુજરાત' ઝુંબેશ દ્વારા એમને ગુજરાતી ભાષા અંગે જબરદસ્ત સભાનતા પેદા કરી દીધી હતી, પણ એ વડા પ્રધાન બનતાં દિલ્હી ગયા પછી માતૃભાષા સાવ ભૂલાઈ જ ગઈ.

ગુજરાતમાં અત્યારે સ્થિતિ એ છે કે, રાજ્યની દરેક શાળામાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવાતી નથી. ગુજરાતમાં જૂન, ૨૦૧૮થી ગુજરાતની તમામ પ્રાથિમક શાળાઓમાં પહેલા ધોરણથી ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવાનો પરિપત્ર બહાર પડાયેલો પણ ૭ વર્ષ પછી પણ તેનો અમલ થતો નથી!

ગુજરાતીઓને પણ ગુજરાતી બોલવામાં રસ નથી. બીજાં રાજ્યોમાં માતૃભાષાના શિક્ષણના મુદ્દે ઘમાસાણ થઈ જાય છે ત્યારે ગુજરાતી મા-બાપને તો પોતાનાં સંતાન ગુજરાતી નથી ભણતાં પણ અંગ્રેજી ભણે છે તેનું ગૌરવ હોય છે!

દુનિયામાં દરેક પ્રજા નવી બાબતોને આવકારતી હોય છે પણ સાથે સાથે પોતાની ઓળખ પણ અકબંધ જાળવી રાખે છે, પણ ગુજરાતીઓમાં પોતાની ઓળખ વિશે જ સભાનતા નથી. તેના કારણે ગુજરાતીઓ પોતીકું કહેવાય એવું બધું છોડીને બહારનું અપનાવી રહ્યા છે.

ગુજરાતીઓને પંજાબી, ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ વગેરે આરોગવામાં જેટલો રસ પડે છે એટલો ગુજરાતી ભોજનમાં નથી પડતો. હા, નવરાત્રિ વખતે ગુજરાતીઓમાં ગરબા-રાસનો ઉમળકો આવી જાય છે પણ એ સિવાય ગુજરાતી ગરબા-રાસના બદલે પાર્ટીઓમાં ગવાતાં અંગ્રેજી કે કોરિયન ગીતોના તાલે ઝૂમવામાં ગુજરાતી યુવાઓને વધારે મજા આવે છે. નવરાત્રિમાં પણ મૂળ ગુજરાતી ગરબા-રાસના બદલે મોડર્ન ટચવાળું ફ્યુઝન મ્યુઝિક વધારે માણતા હોય છે તેથી ખરેખર તો નવરાત્રિ પણ ગુજરાતીપણું ગુમાવી બેઠી છે.

ગુજરાતી લગ્નોમાં ફટાણાં સહિતનાં મૂળ ગુજરાતી ગીતોના બદલે પંજાબી સોંગ વધારે ગવાય છે. સંગીત સંધ્યામાં પંજાબી, બોલિવૂડ ને વેસ્ટર્ન કલ્ચરનાં ગીતો પર છોકરાં-છોકરી ડાન્સ કરે છે ને આપણે ખુશ થઈએ છીએ.

ગુજરાતમાં પહેલાં દિવાળી, ઉત્તરાયણ, જન્માષ્ટમી, ધુળેટી વગેર તહેવારોની બોલબાલા હતી. લોકો ઉત્સાહથી આ તહેવારો ઉજવતા. ગુજરાતીઓ હવે ઘરે તહેવાર ઉજવવાના બદલે ફરવા માટે બહાર જતા રહેવાનું પસંદ કરે છે તેથી આ તહેવારોની ઉજવણીની પરંપરાઓ પણ લુપ્ત થતી જાય છે.

ને સૌથી મોટી વાત એ છે કે, ગુજરાતીઓ ગુજરાત છોડીને ભાગી રહ્યા છે. ગુજરાતીઓને પોતાનાં સંતાનો અમેરિકા, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, દુબઈ કે આફ્રિકાના કોઈ ભૂખડીબારસ દેશમાં રહેતાં હોય તેમાં ગર્વ લાગે છે ને ગુજરાતમાં રહી ગયેલા પછાત ગણે છે.

આવી માનસિકતા હોય ત્યાં ગુજરાતીપણું કઈ રીતે ટકે?

આ બધા વચ્ચે, દેશ સ્તરે ગુજરાતીની રાજકીય નેતાગીરી ક્યાં છે?

ગુજરાતમાં રાજકારણનું સ્તર પણ નિમ્ન થઈ ગયું છે અને નેતાગીરી સાવ મરી પરવારી હોય એવી સ્થિતિ છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ રાષ્ટ્રીય રાજકારણમાં છવાયેલા છે, પણ એમના અપવાદ સિવાય ગુજરાતમાં બીજા ક્યા નેતા છે, જે પોતાના જોર પર પાંચ બેઠક પણ જીતાડી શકે?


આ પણ એક વિચારવા જેવો યક્ષ પ્રશ્ન છે...■

*જય જય ગરવી ગુજરાત*
*જય જય ગરવી ગુજરાત!*
*જય જય ગરવી ગુજરાત,*
*દીપે અરુણું પરભાત,*
*જય જય ગરવી ગુજરાત!*
*ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી,*
*પ્રેમ શૌર્ય અંકિત;*
*તું ભણવ ભણવ નિજ સંતજિ સઉને,*
*પ્રેમ ભક્તિની રીત*
*ઊંચી તુજ સુંદર જાત,*
*જય જય ગરવી ગુજરાત.*
*ઉત્તરમાં અંબા માત,*
*પૂરવમાં કાળી માત,*
*છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા,*
*કુંતેશ્વર મહાદેવ;*
*ને સોમનાથ ને દ્વારકેશ એ,*
*પશ્ચિમ કેરા દેવ છે સહાયમાં સાક્ષાત,*
*જય જય ગરવી ગુજરાત.*
*નદી તાપી નર્મદા જોય,*
*મહી ને બીજી પણ જોય.*
*વળી જોય સુભટના જુદ્ધ રમણને,*
*રત્નાકર સાગર;*
*પર્વત ઉપરથી વીર પૂર્વજો,*
*દે આશિષ જયકર સંપે સોયે સઉ જાત,*
*જય જય ગરવી ગુજરાત.*
*તે અણહિલવાડના રંગ,*
*તે સિદ્ધરાજ જયસિંગ.*
*તે રંગ થકી પણ અધિક સરસ રંગ,*
*થશે સત્વરે માત!*
*શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે,*
*વીતી ગઈ છે રાત.*
*જન ઘૂમે નર્મદા સાથ,*
*જય જય ગરવી ગુજરાત.*

- કવિ નર્મદ




# વ્યક્તિચિત્રોનાં ‘સ્વામી’ આનંદ



■ કૌશિક મહેતા

‘દીપડો એક દાયકાથી સિંહોને હંફાવી રહ્યો હતો. એણે ક્યારેય કોઈને સીધો પડકાર્યો નહોતો,પણ એની ચપળતા એવી હતી કે જંગલના રાજા પણ એની સામે શરમિંદા થઈ જતા. દીપડો જાણે છાયા જેવો હતો, ક્યારે દેખાય ને ક્યારે અદૃશ્ય થઈ જાય એ કોઈને ખબર નહોતી પડતી. એની ચામડી પરના ટપકાં જાણે જંગલના અંધારામાં ઓગળી જતાં હોય એમ લાગતું.....’

આવું વર્ણન કરનારા લેખક એ જ હોય શકે જેમની અવલોકન શક્તિ તીવ્ર હોય અને એને અભિવ્યક્ત કરવા માટે યોગ્ય શબ્દ હોય. આવી સહજ શૈલી હતી સ્વામી આનંદની. એમણે લખેલાં વ્યક્તિચિત્રો ગુજરાતી સાહિત્યની શાન ગણાય છે. એમનું ગદ્ય બહુ રસાળ છે અને એ વાંચતા હો તો તમારી સામે એનું દ્રશ્ય ખડું થાય છે. લગભગ નેવું વર્ષ જીવેલા સ્વામીજીએ લગભગ ૪૦ પુસ્તક આપ્યા છે.

એ મૂળે તો સુરેન્દ્રનગર જીલ્લાના શિયાણી ગામના. લગ્નનો વિરોધ કરી એ દસ વર્ષની નાની ઉંમરમાં ઘર છોડી ગયા. રામકૃષ્ણ આશ્રમના સંતો સાથે પરિચય થયો. એમાં જોડાઈ હિમતલાલ દવે ‘સ્વામી આનંદ’ બની ગયા. હિમાલયમાં ફર્યા. પાછા આવ્યા, સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા. ગાંધીજીનો પરિચય થયો અને ‘નવજીવન’ના સંપાદનમાં વર્ષો સુધી જોડાયેલા રહ્યા.

સાવ અલગારી એવા આ માણસે સાહિત્યને જે આપ્યું છે એ અલાયદું છે. ઉમાશંકર જોશીએ એમના ગદ્ય વિષે લખેલું કે, ‘ગુજરાતી ગદ્યને સ્વામી આનંદે એક અલાયદી ઇજ્જત આપી છે.’

સ્વામીજી ઘર છોડી ગયા બાદ સૌરાષ્ટ્રમાં બહુ ઓછું આવ્યા છે કે રોકાયા છે પણ એમના લેખનમાં સૌરાષ્ટ્રનું તળપદાપણું વારેવારે છલકે છે. એ મુમાંબી પણ રહ્યા મારાથી જાણે અને એ ભાષાની સુગંધ પણ એમના લેખોમાં જોવા મળે છે. એમની કારકિર્દી કહીએ તો લોકમાન્ય તિલકના ‘કેસરી’થી શરૂ થઇ.

૧૯૧૭માં એ ગાંધીજીના સંપર્કમાં આવ્યા. આ પછી તેમણે ‘નવજીવન’અને ‘યંગ ઇન્ડિયા’ના મુદ્રક અને પ્રકાશક તરીકે જવાબદારી સંભાળી.

ગાંધીજી સાથે એમનો સબંધ અનોખો રહ્યો. ગાંધીજીને પોતાની આત્મકથા, સત્યના પ્રયોગો લખવા માટે એમણે પ્રેરણા આપી હતી. સ્વામીજી એમના લેખનના કારણે જેલમાં ય ગયા. અને બારડોલી સત્યાગ્રહમાં સરદાર પટેલનાં અંગત મદદનીશ રહ્યા. એમના લેખનની શરૂઆત ‘ઈસુનું બલિદાન’ લેખમાળાથી થઇ. પાછળથી એનું પુસ્તક પણ થયું.

ચિત્રકથા અને વ્યક્તિચિત્રોમાં એમની ફાવટ હતી. એમની જાણીતી કૃતિઓમાં ધરતીનું લૂણ, કુલકથાઓ, મોતને હંફાવનારાં, અને સંતોના અનુજનો સમાવેશ થાય છે. ૧૯૬૯માં એમને સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પુરસ્કાર મળ્યો હતો, પરંતુ એમણે સાધુજીવનની આચારસંહિતાના આગ્રહને કારણે તે સ્વીકાર્યો ન હતો.

સ્વામીજીએ ઔપચારિક શિક્ષણ લીધું નહોતું. એમના લખાણમાં સૌરાષ્ટ્રી, ચરોતરી, સુરતી અને ક્યારેક કચ્છી-સિંધી બોલીનું મિશ્રણ જોવા મળે છે. એ ચોટદાર, તળપદા શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરતા હતા, જેનાથી એમનું ગદ્ય જીવંત અને બળકટ બનતું હતું. એમની શૈલી એટલી ચિત્રાત્મક છે કે વાચકને લખાયેલી ઘટનાઓ અને પાત્રો નજર સામે તરવરે. શબ્દો જાણે ધાણીની જેમ ફૂટે અને એક આગવો લય ઊભો કરે, જેનાથી વાચક તેમાં તણાઈ જાય. કોઈપણ પાત્રનું વર્ણન કરતા ત્યારે માત્ર એની બાહ્ય ઓળખ જ નહીં, પણ તેના સ્વભાવ અને વ્યક્તિત્વની અંદર સુધી ઊંડા ઊતરીને સચોટ શબ્દચિત્રો રજૂ કરતા હતા. એમનાં લખાણમાં સાધુજીવનના રઝળપાટ, અલગારીપણું અને વ્યાપક જીવન અનુભવની સચ્ચાઈ સ્પષ્ટ દેખાઈ આવે છે.

સ્વામી આનંદ એક-એક શબ્દ માટે જીવ કાઢી નાખનારા ચીવટવાળા લેખક હતા. એમનું ગદ્ય ગોવર્ધનરામ, મુનશી, ગાંધીજી કે મેઘાણીના ગદ્યથી અલગ તરી આવે છે. તેને એક ‘અલાયદી ઇજ્જત’ (અનોખી પ્રતિષ્ઠા) પ્રાપ્ત થઈ છે. સ્વામી આનંદની લેખનશૈલી ‘ગામઠી છે, પણ ગામડિયું નથી’, ‘તળપદું છે, પણ તળપદાવેડું નથી’. એમનું લખાણ હૃદય સોંસરવું ઊતરે છે ...

‘આપણે ધારીએ છીએ કે સાધુઓનો સંઘ એટલે મહાજન જેવી વ્યવસ્થા,પણ એ તો અલગારી માણસોનો ટોળું. કોઈ એક જગ્યાએ બે-ત્રણ દિવસથી વધારે ન રોકાય. કોઈની સાથે વહેવાર રાખે નહીં. સવાર પડે ને સીધા ઊપડી જાય. રસ્તામાં જે મળી રહે તે ખાઈ લે અને રાત પડે ત્યાં રોકાઈ જાય. આખી દુનિયા એમનું ઘર....’

‘નઘરોળ’માં ભારતીય સમાજની ગંદકી, ગરીબી અને તેમાંથી ઊભરતી નિષ્ઠુરતાનું ચિત્રણ કરતા એ લખે છે :

‘ગામડાના પાદરેથી અમે પસાર થતા હતા. રસ્તામાં કચરાના ઢગલા, ગાયો અને કૂતરાં ભેગાં થયાં હોય. ગંદકી એટલી કે નાક ફાટી જાય. પણ ત્યાં રહેતા માણસોને એની કોઈ પરવા નહોતી. એમની આંખોમાં, એમના ચહેરા પર એક જાતની નઘરોળતા હતી. જાણે કે આ બધું સહન કરવું એ જ એમનો સ્વભાવ હોય.’

‘ધરતીનું લૂણ’ પણ એમનું જાણીતું પુસ્તક છે. એમાં ગામડાના સામાન્ય જીવનમાં રહેલી ગરીબી અને તેમાંથી ઊભરતી નિષ્ઠા અને સંતોષનું વર્ણન કરતા સ્વામીજી લખે છે:

‘ગામડામાં જ્યારે અમે પહોંચ્યા, ત્યારે ત્યાંના લોકોના ચહેરા પર ગરીબી સ્પષ્ટ દેખાતી હતી. એમનાં કપડાં ફાટેલાં હતાં, પેટ માંડ ભરાતું હતું. છતાંય એમની આંખોમાં એક ચમક હતી. એક જાતનો સંતોષ હતો. એમને પૂછ્યું, ‘કેમ છો?’ તો એમણે હસીને કહ્યું, ‘બાપુ, ભગવાનની દયાથી આનંદમાં છીએ.’ આ જ તો છે ધરતીનું લૂણ.!’

એમણે ઘણું લખ્યું પણ ગ્રંથસ્થ કરવાનો આગ્રહ નહોતો. સ્વભાવે નિઃસ્પૃહી અને અલગારી સાધુ હતા. એ માનતા હતા કે એમના લેખો તળપદી અને ગ્રામ્ય ભાષામાં લખાયેલા છે, જે શુદ્ધ ગુજરાતી સાહિત્ય નથી. આ કારણે ઘણાં વર્ષો સુધી એમણે પોતાનાં લખાણોને છપાવવાની મંજૂરી આપી ન હતી જ્યારે વૃદ્ધ થયા અને એમના ઘણા મિત્રોનું અવસાન થયું, ત્યારે એમણે કેટલાક પ્રકાશકોની વિનંતી પર પોતાનાં લખાણોને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાની સંમતિ આપી. આ પ્રકાશન તેમના જીવનનાં અંતિમ વર્ષોમાં અને તેમના અવસાન પછી પણ ચાલુ રહ્યું.

એમની વાત ગાંધીજી વિના પૂરી થઇ જ ના શકે. ૧૯૬૩માં ગાંધીજીનાં સંસ્મરણો પુસ્તક પ્રકાશિત થયું. એમાંનો આ એક અંશ વાંચો...

‘એક વાર શાંતિકુમારે ગાંધીજી પાસે એમના હાથ-પગને કંકુમાં બોળીને તેના થાપા આપવા વિનંતી કરી. શાંતિકુમારે કહ્યું કે, ‘આ હથેળી જોનારા પામિસ્ટો (હસ્તરેખાશાસ્ત્રીઓ)ને બહુ ઉપયોગી થશે.’ ગાંધીજીએ હસીને કહ્યું, ‘હાથના કદાચ આપું, પણ હું પામિસ્ટ્રીમાં માનતો નથી, એટલે ન આપું.’ શાંતિકુમારે જીદ કરી, ‘તો પગના આપો.’

ગાંધીજીએ સહેજ ગંભીર થઈને જવાબ આપ્યો, ‘તે પણ ન બને. લોકો પાછળથી તેની પૂજા ચલાવે. પૂજા એ પૂજ્યતાની વાસના પૂરી પાડે છે, તેથી હું એમાં માનતો નથી.’ અને પછી વિકલ્પ આપતાં કહ્યું, ‘ચાર લાખ રૂપિયા હરિજનો માટે આપો, તો હું આખા ભારતની પૂજા કરાવી દઉં.!’

સ્વામી આનંદ અને ગાંધીજી વચ્ચેનો સંબંધ માત્ર ગુરુ-શિષ્યનો નહોતો,પરંતુ એક મિત્રતા અને પારસ્પરિક સમજણનો હતો. તેમના જીવનનો એક બહુ જ રસપ્રદ કિસ્સો ‘નવજીવન’ના પ્રકાશન સાથે જોડાયેલો છે.

આ કિસ્સો સ્વામી આનંદની કાર્યનિષ્ઠા અને ગાંધીજીના તેમના પરના અતૂટ વિશ્વાસને દર્શાવે છે. એ સમયની વાત છે, જ્યારે સ્વામી આનંદ‘નવજીવન’અને ‘યંગ ઇન્ડિયા’નું પ્રકાશન સંભાળતા હતા. એ મુદ્રણ, પ્રૂફરીડિંગ, મેનેજમેન્ટ - બધું જ ખૂબ ચીવટ અને ચોકસાઈથી કરતા. એમનું કામ એટલું પદ્ધતિસર અને સમયસર હતું કે તેની ચર્ચા આશ્રમમાં થતી હતી.

એક વાર ગાંધીજી કોઈક કામ માટે આશ્રમથી અમદાવાદ બહાર ગયા હતા.‘નવજીવન’નો અંક દર અઠવાડિયે નિયત સમયે છપાઈને તૈયાર થઈ જતો હતો અને ટ્રેન મારફતે આશ્રમમાં સમયસર પહોંચી જતો હતો. એક શુક્રવારે સાંજે અંક આવવાનો હતો, પરંતુ ટ્રેન મોડી પડી. સમય વીતતો ગયો, પણ ‘નવજીવન’નો અંક ન આવ્યો. આશ્રમમાં સૌ ચિંતિત થઈ ગયા.

ગાંધીજીને આ વાતની ખબર પડી ત્યારે એમણે સહેજ પણ ચિંતા કર્યા વિના કહ્યું, ‘જો ટ્રેન ખોટવાઈ હશે અથવા તો સ્વામી મરી ગયો હશે....એ સિવાય સ્વામી મોડો ન પડે.!’

સ્વામી આનંદનું સાહિત્ય એક પરંપરાગત ગુજરાતી લેખક કરતાં ઘણું અલગ હતું. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સ્વામી આનંદને ‘આપણી ગદ્યવાર્તા’ના પ્રણેતા ગણાવ્યા હતા.

ચન્દ્રકાન્ત બક્ષી જલદી કોઈના વખાણ ના કરે એમણે સ્વામી આનંદ વિશે લખ્યું છેઃ ‘ગાંધીજીના પગ પાસે બેસીને એક માણસ ગદ્ય શિખ્યો. એના શબ્દો હથોડી જેવા હતા.’ આવા સાહિત્ય સાથે નવી પેઢીએ રૂબરૂ થવું જોઈએ. ■

# મિત્રો જ્યારે સુખનો પાસવર્ડ સમા સાબિત થાય...

■ આશુ પટેલ

‘વિશ્વ ગુજરાતી ભાષા દિવસ’ અવસરે ‘સુખના પાસવર્ડ’ કોલમ માટે મને ગઈ સદીના બે કવિ દલપતરામ અને સવાયા ગુજરાતી એવા ફાર્બસની સાથે ઉમાશંકર જોશી અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા લેખક પન્નાલાલ પટેલ યાદ આવી ગયા.

એક કિસ્સામાં એક મિત્રએ મદદ માગી અને સાહિત્યકાર મિત્રએ મદદ કરી તો બીજા કિસ્સામાં એક પ્રખ્યાત સાહિત્યકારે સંઘર્ષ કરી રહેલા બાળપણના સહાધ્યાયી મિત્રને સાહિત્યકાર બનવા માટે અને સાહિત્ય સર્જનક્ષેત્ર તરફ વળવા માટે મદદ કરી.

પહેલા વાત કરીએ કવિ દલપતરામની અને ફાર્બસસાહેબ તરીકે જાણીતા બનેલા અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિનલોક ફાર્બસના જીવનના એક કિસ્સાની.

ફાર્બસ કવિ દલપતરામની મદદથી ગુજરાતી ભાષા શીખ્યા હતા અને એ વખતે એમણે કવિ દલપતરામને ઊંચો પગાર પણ આપ્યો હતો. એ પછી ફાર્બસે જ્યારે ‘ગુજરાત વર્નેક્યુલર સોસાયટી’ની સ્થાપના કરી ત્યારે કવિ દલપતરામે તન-મનથી એ સંસ્થા માટે મહેનત કરી હતી.

કવિ દલપતરામે મિત્ર ફાર્બસની ઊભી કરેલી એ સંસ્થાને પ્રતિષ્ઠા અપાવવા માટે ઘણું કર્યું. પણ એ પછી વચ્ચેના એક તબક્કામાં ફાર્બસ ઇંગ્લેન્ડ ગયા ત્યારે કવિ દલપતરામનો વર્નેક્યુલર સોસાયટીમાંથી રસ ઊડી ગયો. એમણે ત્યાંથી રાજીનામું આપી દીધું.

એ વખતે ફાર્બસે એ સોસાયટીની જવાબદારી પોતાના એક અંગ્રેજ મિત્રને સોંપી દીધી હતી. દલપતરામે રાજીનામું આપી દીધું એટલે વર્નેક્યુલર સોસાયટીની પ્રવૃત્તિઓ ધીમી પડી ગઈ. ફાર્બસના અંગ્રેજ મિત્રને ફાર્બસ જેવું ગુજરાતીનું જ્ઞાન તો હતું નહીં અને એટલે એ પોતે તો કંઈ કરી શકે એમ નહોતા.

ફાર્બસના અંગ્રેજ મિત્રે દલપતરામને વિનંતી કરી કે તમે ફરી પાછા સોસાયટીમાં જોડાઈ જાઓ અને સંસ્થાની પ્રવૃત્તિઓ ફરી એક વાર વેગમય બનાવો. જોકે દલપતરામે એમાં ફરી વાર જોડાવાની ના પાડી દીધી.

દલપતરામના ઈનકારથી મૂંઝાયેલા અંગ્રેજ સંચાલકે ઇંગ્લેન્ડ પત્ર લખીને ફાર્બસને જાણ કરી કે દલપતરામે સોસાયટીમાં જોડાવા માટે મને તો ના પાડી દીધી છે, પણ તમે કહો તો એ તૈયાર થઈ જશે.

ફાર્બસે દલપતરામને પત્ર લખીને વિનંતી કરી કે વર્નેક્યુલર સોસાયટીને તમારી જરૂર છે. તમે એમાં જોડાઈ જશો તો હું તમારો આભારી થઈશ.

ફાર્બસનો પત્ર મળ્યો એટલે તરત જ દલપતરામ ફરી વાર સોસાયટીમાં જોડાઈ ગયા. તે વખતે એ પોતાની ઊંચા પગારની નોકરી છોડીને વર્નેક્યુલર સોસાયટીમાં માત્ર વીસ રૂપિયાના માસિક પગારથી જોડાયા. એ જાણીને એક મિત્રએ એમને પૂછ્યું કે ‘આનાથી અનેક ગણો વધુ પગાર તમને તમારી વર્તમાન નોકરીમાં મળતો હતો, છતાં તમે આ નોકરી કેમ સ્વીકારી?’

દલપતરામે જવાબ આપ્યો: ‘જગતમાં દોસ્તીથી વધુ મૂલ્યવાન કશું જ નથી. ફાર્બસસાહેબ મારા જીવનનો એક હિસ્સો છે અને હું તેમના જીવનનો એક હિસ્સો છું. આવા મિત્રની વિનંતી મારા માટે બ્રહ્મવાક્ય સમાન છે.’

એ સમય દરમિયાન કવિ દલપતરામ કોઈ બીજી જગ્યાએ ઊંચા પગાર સાથે નોકરીમાં જોડાઈ ગયા હતા, પણ મિત્ર ફાર્બસે કહ્યું એટલે એ માત્ર વીસ રૂપિયાના પગારથી પાછા વર્નાક્યુલર સોસાયટીમાં જોડાઈ ગયા!

આ વાતની ખબર પડી એટલે એમના મિત્રોએ કહ્યું કે ‘તમે આ શું મૂર્ખાઈ કરી?’

દલપતરામજીએ કહ્યું: ‘દોસ્તીની સામે પૈસાની કશી વિસાત નથી. મને મારા મિત્રએ કહ્યું કે મારી સંસ્થાને તારા યોગદાનની જરૂર છે એટલે પૈસા ગૌણ બની જાય છે.’


હવે જાણીએ બીજો કિસ્સો, જેમાં ગઈ સદીના વિખ્યાત કવિ ઉમાશંકર જોશીને કારણે માત્ર ચાર ચાર ધોરણ સુધી ભણેલા પન્નાલાલ પટેલને મદદરૂપ બન્યા હતા.

‘જ્ઞાનપીઠ’પુરસ્કાર વિજેતા સાહિત્યકાર પન્નાલાલ પટેલ અત્યંત ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા. રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં નાનશા એટલે કે નાનાલાલ અને હિરાબાને ત્યાં જન્મેલા પન્નાલાલ પટેલ ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા. પિતા ખેડૂત હતા. પન્નાલાલની બાલ્યાવસ્થામાં જ તેમના પિતા મૃત્યુ પામ્યા એટલે માતા હિરાબાએ એકલા હાથે ઘણી તકલીફો ભોગવીને સંતાનોનો ઉછેર કર્યો હતો. પન્નાલાલને કુટુંબની ગરીબીને કારણે શિક્ષણની તક મળી નહીં. એ ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલમાં માત્ર ચોથા ધોરણ સુધી જ અભ્યાસ કરી શક્યા હતા. એ સમય દરમિયાન ઉમાશંકર જોશી એમના મિત્ર બન્યા હતા.


ઉમાશંકર જોશી મોટા થઈને નામાંકિત કવિ બન્યા. બીજી બાજુ પન્નાલાલ પટેલ અસ્તિત્વ ટકાવવા માટે ઝઝૂમી રહ્યા હતા. આર્થિક તકલીફોને કારણે ડુંગરપુરમાં દારૂની ભઠ્ઠીના સુપરવાઈઝર તરીકે પણ નોકરી કરવી પડી હતી. એમણે અમદાવાદ ઈલેક્ટ્રિક કંપનીમાં નોકરી મેળવી ત્યાં પહેલા ઓઈલમેન અને પછી મીટર રીડર તરીકે ફરજ બજાવી. અમદાવાદ હતા એ દરમિયાન ૧૯૩૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ભાગ લેવા ગયા હતા એ વખતે અચાનક એમની મુલાકાત ઈડરની શાળાના તેમના સહાધ્યાયી ઉમાશંકર જોશી સાથે થઈ ગઈ. બન્ને મિત્રો ઘણાં વર્ષો પછી મળ્યા.

પન્નાલાલભાઈને વાચન અને લેખનનો શોખ હતો, પરંતુ સાહિત્યક્ષેત્રે આગળ વધવા માટે શું કરવું એ કશું સૂઝતું નહોતું. ઉમાશંકર જોશીએ એમને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું અને એમને કારણે પન્નાલાલ પટેલે સાહિત્યસર્જન શરૂ કર્યું. એ જ વર્ષે પોતાની સૌ પ્રથમ ટૂંકી વાર્તા શેઠની શારદા લખી. એ વાર્તા છપાઈ એટલે એમનો ઉત્સાહ વધ્યો. પછી તો એમની વાર્તાઓ ઘણા ગુજરાતી સામયિકોમાં પ્રકાશિત થવા લાગી. ૧૯૪૦માં તેમની પ્રથમ નવલકથા વળામણાં અને ૧૯૪૧માં બીજી નવલકથા મળેલા જીવ પ્રકાશિત થઈ. ૧૯૪૭માં એમની નવલકથા માનવીની ભવાઈ પ્રકાશિત થઈ. અને તેમણે સાહિત્યકાર તરીકે ખૂબ નામના મેળવી.

જો ૧૯૩૬માં એમની મુલાકાત ઉમાશંકર જોશી સાથે ન થઈ હોત તો કદાચ એ સાહિત્યસર્જન તરફ વળ્યા ન હોત અને ગુજરાત કદાચ આવા ઉચ્ચ દર્જાના સાહિત્યકારથી વંચિત રહી જાત... ■





પન્નાલાલ પટેલ











ઉમાશંકર જોશી



ફોર્બસ



દલપત રામ




# ગુજરાતી ભાષા ને રંગભૂમિઃ મઘઈ પાનની જોડી

એક જમાનામાં રંગભૂમિ પર ગુજરાતી ભાષાનો જબરજસ્ત દબદબો હતો. બનારસી પાન પર કાથો-ચૂનો ચોપડાય અને એ જે રંગ પકડે એવો રંગ આપણી રંગભૂમિ પર ગુજરાતી ભાષાનો હતો....આપણી ગરવી ગુજરાતી અને રંગભૂમિ જાણે મઘઈ પાનની જોડી...

મઘઈ પાન એક ન ખવાય...જોડીમાં ખવાય!.

આપણા સંખ્યાબંધ દિગ્ગજ નાટ્યલેખકો અને નાટ્યદિગ્દર્શકોએ રંગભૂમિને ભાષાસભર અને માતબર બનાવી છે. કેટલાક નામ વાંચોઃ

પ્રવીણ જોશી, અરવિંદ જોશી, કાંતિ મડિયા, અરવિંદ ઠક્કર, શૈલેશ દવે, મધુ રાય, પ્રબોધ જોશી, સિંતાશુ યશચંદ્ર, મધુકર રાંદેરિયા, પ્રવીણ સોલંકી...વગેરે વગેરે.

આ તમામની નાટ્યકૃતિઓ-નાટ્યસર્જનમાં ભાષાની ચમત્કૃતિ જોવા માણવા મળી છે. હા, હવે નાટયસ્વરૂપ...લઢણ બદલાયાં છે... થોડી ઝાંખપ જરૂર લાગી છે, પરંતુ એક વાત નક્કી છે કે જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ગુજરાતી ભાષા જીવે છે...અને જીવંત રહેશે. જુઓ, આપણા કેટલાક લોકપ્રિય કલાકારો આ વિશે શું કહે છે...

## નાટય વિશેષ

■ અનિલ રાવલ

## ગુજરાતી ભાષા કલાકારનો પહેરવેશ છે...

**દીપક ઘીવાલા** (નાટક-સિરિયલ-ફિલ્મ કલાકાર)

લગભગ ૨૦૦થી વધુ નાટકોમાં અભિનય કરી ચુકેલા દીપક ઘીવાલાએ દેશી નાટક સમાજનાં નાટકોથી લઇને આધુનિક રંગભૂમિ પર કામ કર્યું છે. એમની નજર સામેથી એ સમયની નાટકોની ગુજરાતી ભાષાથી લઇને આજના સમયની ભાષા પસાર થઇ છે. એમની પાસેથી જ જાણીએ....



દેશી નાટક સમાજનાં નાટકોની ભાષા તદન જુદી હતી...વધુ પડતી નાટકીય હતી. સંસ્કારી નાટકો હોવાથી એમાં સંદેશ રહેતો. એનાં કર્ણપ્રિય ગીતો આજેય કાનમાં ગુંજે છે. ચંદ્રવદન ભટ્ટ, અદી મર્ઝબાન, પ્રતાપ ઓઝા સહિતના સંખ્યાબંધ દિગ્ગજો સાથે કામ કર્યું. ખાસ કરીને ભાષાને લઇને ખૂબ શીખ્યો. ર. વ. દેસાઇ અને ક. મા. મુન્શી જેવા સાહિત્યકારોનાં નાટકો એ વખતે ભજવાતાં. ઉપેન્દ્ર ત્રિવેદીએ પણ ઝવેરચંદ મેઘાણીની કૃતિઓ ભજવી...હવે એ બધું સપનું થઇ ગયું છે.

ધીમે ધીમે નાટકોની ભાષા બદલાતી ગઇ. પ્રવીણ જોશી, અરવિંદ જોશી, કાંતિ મડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, વિજય દત્ત, શૈલેશ દવે, અરવિંદ ઠક્કર, તારક મહેતા, મધુ રાય, સિતાંશુભાઇ, પ્રબોધ જોશીના વખતે ભાષામાં જબરજસ્ત પરિવર્તન આવ્યું. ભાષા અને મંચનની ઢબછબ, લઢણ, લહેકો, તાસીર બદલાયાં. ગુજરાતી ભાષાને માંઝવામાં આ તમામનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. ત્યાર પછીની પેઢીના, પરેશ રાવલ, હોમી વાડિયા (જે ઘણા લાંબા સમયે રંગભૂમિ પર પાછો ફર્યો છે), ઉમેશ શુકલ, લતેશ શાહ સાથે પણ કામ કર્યું છે. પછી એક સમયે મનોરંજનનો ડોઝ વધુ હોય એવાં કોમેડી નાટકોનો દોર ચાલુ થયો. નાટયલેખન પણ એક પ્રકારે સાહિત્ય છે એ ભુલાઇ જવાયું. ટીવી આવ્યા પછી ઇન્સ્ટન્ટ મનોરંજન તરફનો ઝોક વધ્યો. હકીકતમાં એને પડકાર ગણીને વધુ સારું લખવું જોઇએ. ટીવી સિરિયલો અને ફિલ્મોમાં કામ કરવામાં કાંઇ ખોટું નથી. કલાકારે એ દિશા પકડવી જોઇએ, પણ રંગમંચ પર પૂરેપૂરા મંઝાઇ ગયા પછી. ગુજરાતી ભાષા કલાકારનો પહેરવેશ છે....ચીથરું નથી...એની અવગણના ન કરાય. અત્યારે કેટલાંક સારાં નાટકો ભજવાય છે, લખાય પણ છે. એનું સ્તર વધુ ઊંચું જવું જોઇએ. આપણી પાસે ઘણાં સારા કલાકાર-દિગ્દર્શક છે. સ્નેહા દેસાઇ, પાર્થ દેસાઇ, વિપુલ વિઠ્ઠલાણી, ઉમેશ શુક્લ બીજાં ઘણાં નામ ગણાવી શકાય.

## નાટ્યલેખન ને મંચન વિશે કોઇ નિરાશાવાદ નથી

**અપરા મહેતા** (નાટક-સિરિયલ-ફિલ્મ અભિનેત્રી)

મને ચોખ્ખી ગુજરાતી ભાષા બોલાતી નથી એનો રંજ છે...જોકે રંગભૂમિ પર સાચું ગુજરાતી બોલાય છે અને લખાય પણ છે એની ખુશી છે. અત્યારે દિલીપ રાવલ, પંકજ ત્રિવેદી, વિનોદ સરવૈયા સહિતના ઘણા ગુજરાતી લેખકો છે, જેઓ નાટકો, સિરિયલો, ગીતો વગેરે સરસ લખે છે...નવી કથાવસ્તુઓ પણ લાવે છે, પરંતુ નવા ઉત્સાહી કલાકારોમાં શુદ્ધ ભાષાની ઊણપ વર્તાય છે જે ખટકે છે. જોકે રિહર્સલમાં એમને ખાસ કરીને હું શીખવતી હોઉં છું. કેટલાક નવા કલાકારોમાં શીખવાની વૃત્તિ પણ છે, જે શુભ સંકેત છે. રંગભૂમિ, નાટ્યલેખન અને મંચનનો સવાલ છે ત્યાં સુધી કોઇ નિરાશાવાદ નથી.



જોકે, સામાન્ય રીતે આજકાલ બધે બોલાતી ગુજરાતી ભાષા સામે મારો સખત વિરોધ છે. હું તો ભાવનગરની નાગર છું. શુદ્ધ ભાષાના અમે લોકો આગ્રહી એટલે આજકાલ બોલાતી અશુદ્ધ ભાષા મને તો બહુ ખટકે છે. દરેક જગ્યાએ બોલાતી ભેળસેળવાળી ભાષા સાંભળતી વખતે કાન બંધ કરી દેવાની ઇચ્છા થાય છે. યુવાનો તો સમજ્યા મા-બાપો પણ ખોટું ગુજરાતી બોલે એની નવાઇ લાગે. ગુજરાતીપણું લુપ્ત થવા વિશે હું માતા-પિતાને દોષ દઉં છું. આપણે આપણી ભાષાનું ગૌરવ કરવું જોઇએ. બાળકો અંગ્રેજી માધ્યમમાં ભલે ભણે એની સામે વાંધો નથી, પરંતુ એમને આપણે આપણી દૂધની ભાષા શીખવવી જ જોઇએ.

નાટકોમાં ભાષા સારી લખાતી રહી છે, પરંતુ નવા યુવાનો આવે છે એ ખરેખર ખરાબ ભાષા બોલે છે. 'અગર તું જો'...એવું બોલે છે. બીજી બધી ભાષાના લોકોને પોતાની ભાષાનું ગૌરવ છે... આપણને કાંઇ લાગતું નથી. આપણે શાકને 'સબજી' કહેવા લાગ્યા છીએ. 'રોટી-સબજી' બોલીએ છીએ. માત્ર નાટકો જ નહીં બધી જગ્યા અશુદ્ધ ભાષાનો ઉપયોગ થઇ રહ્યો છે. સ -શ અને ષ નો ફરક લોકો સમજતા નથી. દરેકે ગુજરાતી છાપું તો વાંચવું જોઇએ. ભાષાને જીવતી રાખવા લેખન-વાંચન અનિવાર્ય છે...એ જાણવા છતાં એનો અમલ થતો નથી એ દુઃખની વાત છે. હું ઘરના વાતાવરણને કારણે ગુજરાતી વાંચતી થઇ. 'માધવ ક્યાંય નથી મધુવનમાં', 'પ્રકાશનો પડછાયો'..જેવી કેટલીય નવલકથાઓ-વાર્તાઓ વાંચી...જે મને નાટકો સહિત બધે કામ લાગી. કદાચ નાટકોમાં સાહિત્યનો ઉપયોગ ઓછો છે, આમછતાં જે લખાય છે તે ઘણું સારું અને સાચું લખાય છે. ભાષા પ્રત્યેની જાગરુકતા જરૂરી છે. જેટલાં સજાગ રહીશું એટલી આપણી ભાષા બળુકી બનશે.

## ભાષાશુદ્ધિ વિના અભિનય ન કરી શકાય...

**રાગિણી** (નાટક-સિરિયલ-ફિલ્મ કલાકાર)



અમે જે સમયે નાટકોમાં અભિનય કરવાનું કર્યું એ જમાનો અલગ હતો. આપણી ભાષા અને અભિનયનો તાલમેલ હતો. દિગ્દર્શકો મુઠ્ઠી ઊંચેરા હતા. નાટ્યલેખકો ખુદ રંગમંચના ખૂણેખૂણાને ઓળખતા, કલાકારોની કાબેલિયતથી વાકેફ હતા. રંગભૂમિ સાથે સંકળાયેલા તમામ કલાકાર-કસબીઓ પ્રેક્ષકોની નાડ પારખતા....અને એટલે જ આપણે એ સમયે ઉત્તમ નાટકો માણ્યાં. એ સમયનાં નાટકોનાં નામો જ આપણી ભાષાસમૃદ્ધીનો ખયાલ આપે છે. મુઠ્ઠી ઊંચેરા માનવી, કોઇ ભીંતેથી આયના ઉતારો, અમે બરફનાં પંખી, મૃગજળ સીંચીને અમે ઉછેરી વેલ, વહેંત છેટું મોત.....વગેરે મને ખુદને શરૂઆતના સમયમાં ભાષા સમજવામાં ઘણી મુશ્કેલીઓ નડી છે, પણ પછી મેં વાંચવાનું શરૂ કર્યું. નવલકથાઓ, વાર્તાઓ, લોકસાહિત્ય વગેરે. એમાંથી શીખતી ગઇ. મારા લોહીમાં અભિનય હતો. મારી મમ્મી અને બે બહેન નાટકોમાં કામ કરે...આમછતાં હું અન્ય કલાકારોને જોઇને સંવાદો બોલવાની છટા શીખી, ચોખ્ખું બોલતા શીખી. ભાષાશુદ્ધી વિના અભિનય ન કરી શકાય. અત્યારે કેટલાંક સારાં નાટકો લખાયાં છે. નવા કલાકારોમાં ડેડીકેશન પણ જોવા મળે છે. ભાષાને લાગે વળગે છે ત્યાં સુધી એમ કહીશ કે જ્યાં સુધી ગુજરાતી ભાષા છે ત્યાં સુધી રંગભૂમિ જીવશે...અને ભાષા ક્યારેય નહીં મરે. હા, નાટકો નબળાં-સબળાં લખાશે... ભજવાશે ખરાં. રંગદેવતા પૂજાતા રહેશે.

## યુવાનો જ ભાષાને જીવાડી શકશે...

**સિદ્ધાર્થ રાંદેરિયા** (અભિનેતા- દિગ્દર્શક-નાટક-ફિલ્મ)



ગુજરાતી રંગભૂમિએ પોતાની જરૂરિયાત મુજબ ભાષાનો ઉપયોગ કર્યો છે. ગુજરાતી ભાષા ખરી, પણ ભાષાનું પ્રભુત્વ હોય એવું મારા ધ્યાનમાં નથી....આજની વાત નથી કરતો. છેલ્લાં ૨૫ નહીં પણ કદાચ એનાં ૨૫ વર્ષ પહેલાં પણ એવું ખાસ નહતું. લખાતું હતું, પણ બોલચાલની ભાષા નહતી..ક્યારેક કારણ વિના વધારે સાહિત્યપ્રચુર હતી અને કાં તો તળપદી ભાષા હતી...એટલે ભાષાના પ્રભુત્વ સાથે ગુજરાતી રંગભૂમિ ફુલીફાલી હોય એમ ન કહી શકાય. જરૂરિયાત મુજબ ઉપયોગ થયો. અગાઉની લઢણ અલગ હતી....દેશી સમાજનાં નાટકોની શૈલી જુદી હતી...લખાણ અને ઘરેડ અલગ હતી. તળપદી ભાષાનો ઉપયોગ થતો. મારા પિતા મધુકર રાંદેરિયાના સમયથી જ મોડર્ન નાટકો થવા લાગ્યાં હતાં. બોક્સ સેટનો ઉપયોગ થવા લાગ્યો હતો, કારણ કે એ વખતે લગભગ બધાં નાટકો અંગ્રેજીના રૂપાંતર હતાં.

નાટકોમાં સાહિત્યની ભાષા કરતાં બોલચાલની ભાષાનો વપરાશ વધુ યોગ્ય છે. હજી પણ એક એવી પેઢી છે જે ગુજરાતી બોલે છે, સમજે છે...શીખે છે. એ લોકો નાટકો જોવા-માણવા આવે છે, પરંતુ આપણા મુંબઈની વાત કરીએ તો પ્રતિદિન એનો વપરાશ ઘટતો જાય છે. જે બોલાય છે તે બહુ જ અશુદ્ધ છે.'નીકાલી'અને 'અમે લોકા' અને 'તમે લોકા','હમે શુરૂ'કર્યું આવા શબ્દો અરુચિકર છે. એને ટાળવું બહુ જરૂરી છે. વર્ણશંકર ભાષા થઇ ગઇ છે. ચિંતા એની છે. જોકે અત્યારે લોકોની રુચિ બદલાઇ છે અને નાટકો પણ. યુવાનો જ આપણી ભાષાને જીવાડી શકશે. કેટલેક અંશે આશાવાદ જળવાઇ રહ્યો છે. ગુજરાતી સાહિત્યકૃતિ પરથી કોઇ નાટક બનાવવાનો મેં પ્રયાસ કર્યો નથી. જોકે એવું નથી કે નવલકથા પરથી નાટકો નથી બન્યાં...ઉપેન્દ્ર ત્રિવેદીએ ઝેર તો પીધાં જાણી જાણી કર્યું હતું. કાંતિ મડિયાએ પણ કર્યા. અન્યોએ પણ કેટલાંક નાટકો કર્યા. જો આપણી નવલકથાઓનું પણ જો વાચકો સાથે સાતત્ય જળવાયું હોત તો કદાચ એવા પ્રયોગ આજે થયા હોત. વાંચનારાઓનો વર્ગ પણ ઘટી ગયો છે. નાટકો જોનારાઓ વર્ગ ૩૮થી ૫૫-૬૦ વર્ષની વચ્ચેનો છે. યુવાનો નથી આવતા. આ ભાષાની અસર છે.

બીજું ગુજરાતી ભાષાના લેખકો પણ ઓછી સંખ્યામાં છે. ઊંડાણવાળા લેખકો નથી. લોકોની પણ રુચિ બદલાઇ. કોમેડી નાટકો તરફ વળ્યા...તેથી એ પ્રકારનાં નાટકો ભજવાતાં થયાં. રંગભૂમિનું સ્વરૂપ તદન બદલાયું છે.

## ભાષામાં પ્રવાહિતા હોવી જોઇએ, બંધિયાર પાણી વાસ મારે...

**પ્રવીણ સોલંકી**

(૨૨૦થી વધુ નાટકોના વિક્રમસર્જક લેખક)



સાચું કહું તો આપણાં નાટકોમાં ગુજરાતી ભાષાનો જે રીતે ઉપયોગ થાય છે કે થયો છે એ જે રીતે થવો જોઇએ એ રીતે થયો નથી, કારણ કે એમાં નાટકિયતા વધુ આવે...એમાં ગુજરાતની અસ્મિતાનો અભાવ વર્તાય છે. વરસો પહેલાં 'ગુજરાતની અસ્મિતા' નામનું મેં લખેલું અને કાંતિ મડિયાએ દિગ્દર્શન કરેલું નાટક ભજવેલું....એમાં આ મુદ્દો છેડેલો. વરસોથી આ સવાલ પુછાતો રહ્યો છે કે ગુજરાતી ભાષા જીવંત રહેશે કે નહીં કોઇપણ ભાષા હોય...એ અમર રહેશે. આપણી ભાષા પણ અમર રહેશે. એના રૂપરંગ બદલાશે..સ્વરૂપ બદલાશે. હા., એની બોલી પણ બદલાતી રહેશે. કહેવત છે ને કે 'બાર ગાવે બોલી બદલાય'. ભાષામાં ફેરફાર થશે અને થવો પણ જોઇએ. ભાષાની પ્રવાહિતા સતત રહેવી જોઇએ. બંધિયાર પાણી વાસ મારે....

આપણી રંગભૂમિમાં પહેલા દુહા-છંદ હતા..કવિતા હતી..તળપદી ભાષા હતી. દેશી નાટક સમાજનાં નાટકોના સમયમાં આવું ઘણુંબધું હતું અને લોકપ્રિયતાના શિખર પર હતું. અત્યારે નાટકોની ભાષા કાવ્યમય થઇ છે પણ કવિતા નથી કે નથી સાહિત્ય. બદલાતું સ્વરૂપ જ સત્ય છે. નિતનવી અભિવ્યક્તિ જરૂરી છે. અને એ આપણી રંગભૂમિ પર થઇ રહ્યું છે. નવી કથાવસ્તુઓ સાથેનાં નાટકો ભજવાય છે. ગુજરાતી ભાષા બોલાય છે તેથી ગુજરાતી રંગભૂમિ જીવંત રહેશે. ખોટી ચિંતા કરવાની જરૂર નથી. આજના સમયમાં ગુજરાતી સાહિત્ય...નવલકથા...વાર્તા પરથી નાટક બનાવવાનું અઘરું એટલા માટે છે કે એ કમર્શિયલી ચાલે કે નહીં અને નાટ્યનિર્માણ એક વ્યવસાય છે. આપણે ત્યાં પહેલેથી જ મૌલિક નાટકો બહુ ઓછાં થયા છે. આપણે મરાઠી અને અંગ્રેજી ભાષાનાં નાટકોનું ખૂબ સારી રીતે રૂપાંતર કર્યું છે. રૂપાંતરોનો આગ્રહ રહ્યો છે. કેટલીક વાર અમારે અમારી મૌલિક કૃતિને રૂપાંતરનું રૂપ આપવું પડ્યું છે અને તો જ એનો સ્વીકાર થતો. મેં પ્રવીણ જોશી, અરવિંદ ઠક્કર, કાંતિ મડિયા જેવા દિગ્ગજોનો સમય જોયો છે અને આજની રંગભૂમિ પણ જોઇ રહ્યો છું. સાચું કહું તો એનો તફાવત પણ મને સ્પષ્ટ દેખાય છે.

## આપણી ભાષાની મોસમ સદા છલકતી જ રહેશે !

**ટીકુ તલસાણિયા** (નાટક-સિરિયલ હિન્દી-ગુજરાતી ફિલ્મના કલાકાર)

હું મારી વાતની શરૂઆત 'આઇએનટી'માં હું કામ કરતો ત્યારથી કરીશ. એ વખતે દુરદર્શન પર રવિવારે બે ફિલ્મ બતાવવાની જાહેરાત થયેલી. એક, 'શોર' અને બીજી, સંજીવકુમાર અને જયા ભાદુડીની 'કોશિશ.' અમને ડર હતો કે આપણું નાટક કોઇ જોવા નહીં આવે, પણ અમારા સૌના આશ્ચર્યની વચ્ચે અમારા બંને શો હાઉસફુલ ગયા. મારો કહેવાનો આશય એ છે કે થિયેટર જીવતું જ રહેશે. અનન્ય કાળ સુધી જીવતું રહેશે. જ્યાં સુધી નાટય કલાકારો, નાટ્યલેખકો અને પ્રેક્ષકો હશે ત્યાં સુધી જીવશે...અને એ ગુજરાતી ભાષામાં જ થશે-ભજવાશે. નાટ્યકલાકારો અને કસબીઓ એની પર નિર્ભર રહેશે.



ગુજરાતી ભાષાનું પ્રભુત્વ એટલું મજબૂત અને જબરજસ્ત રહ્યું છે કે 'સંતુ રંગીલી'થી લઇને આજ સુધીનાં નાટકો પર એ છવાયેલું હતું અને રહેશે. એમાં કોઇ શંકા નથી. એ જમાનામાં એટલા કમાલનાં નાટકો હતાં અને ઓડિયન્સ પણ જાણકાર નાટ્યકલાને બિરદાવતા. બહુ મજા હતી અને આજે પણ મજા છે...અગાઉની જેમ જ એન્જોય કરીએ છીએ. શબ્દોનું અને નાટ્યલેખનનું પ્રભુત્વ હજી એવું જ છે...જરા પણ ઓસર્યું નથી. થોડા વખત પહેલાં મેં 'રેડી સ્ટેડી ગો' નામનું નાટક કરેલું....એમાં બે-ચાર સંવાદ સ્નેહા દેસાઇએ એટલા સુંદર લખ્યા હતા કે બોલતા જ ગળું ભરાઇ આવે. 'થોડું લોજિક થોડું મેજિક'માં પણ મજા આવેલી.

આપણી ભાષા એટલે નર્મદની ભાષા. આપણી પાસે કેટલા સુંદર કલાકારો છે. ગુજરાતી નાટકો અને ભાષાનું પ્રભુત્વ વધારવામાં કેટલા લોકોનું યોગદાન રહ્યું છે. ચં. ચી. મહેતાથી લઇને પ્રવીણભાઇ સોલંકી...આતિશ કાપડિયા. પંકજ ત્રિવેદી અને સ્નેહા દેસાઈ સુધી... આપણી ગરવી ગુજરાતી ભાષાનું પ્રભુત્વ ખૂટ્યું નથી. ગુજરાતી ભાષા એ વખતે પણ તરબતર હતી અને આજેય પણ તરબતર છે...ભાષાની એ મોસમ છલકતી જ રહેશે. મોસમ છલકવાની વાત પરથી મને યાદ આવે છે 'મોસમ છલકે'નો એક ડાયલોગ : 'અડાબીડ વગડામાં કેટલાક એવા ફૂલ ઊગતા હોય છે જેના કોઇ નામ, કોઇ સુગંધ નથી હોતી. એવા આપણાં સંબંધ છે..એના પર તું યાર, લગનનું મત્તું મારીને નહીં બગાડ.' સરિતાબહેન આ સંવાદ બોલતાં ત્યારે ઓડિયન્સમાં લોકોની 'આહ!' નીકળી જતી. એનું ઊંડાણ જુઓ....તારક મહેતાએ આ નાટક લખેલું. શબ્દોની એ મજા... મને ક્યારેક એમ થાય કે હવે એવી નથી રહી, પણ આજનો માહોલ હતાશાનો પણ નથી. સારાં નાટકો છે...લખાણ ઉત્તમ છે... સારા નાટક માટેનું ઓડિયન્સ છે જ. હા, યુવાનો ઓછા આવે છે...આ ફરક દાયકાઓનો છે...એમને તાણી લાવવાનું કામ અઘરું તો છે જ...આમ છતાં નાટકો ચાલતાં રહેશે....ભજવાતાં રહેશે...લોકો માણતા રહેશે. રંગભૂમિ અને ગુજરાતી ભાષા સદાય ધબકતી રહેશે.

## ભાષાને પણ ઉત્ક્રાંતિનો નિયમ લાગુ પડે છે

**સંજય ગોરડિયા** (નાટક-સિરિયલ-હિન્દી-ગુજરાતી ફિલ્મ અભિનેતા-નિર્માતા)

આપણે સામાન્ય રીતે પ્રવીણ જોશી, કાંતિ મડિયાથી શરૂઆત કરીએ, પરંતુ હું તો નર્મદ, ઉમાશંકર જોશીથી શરૂ કરીશ. એ લોકોની ગુજરાતી ભાષા અલગ હતી અને પ્રવીણ જોશી, કાંતિ મડિયા, મધુ રાય, સિતાંશુભાઇના સમયની ગુજરાતી ભાષા જુદી હતી એ વાત સહેજેય સમજી શકાય છે અને સ્વીકારવી રહી. નર્મદનું યોગદાન અજોડ રહ્યું છે એમણે શબ્દકોષ આપ્યો છે. એટલે એ ખોટા કઇ રીતે હોઇ શકે...હવે સવાલ એ થાય કે તો કંઇ ગુજરાતી ભાષા સાચી. નર્મદ અને ઉમાશંકરના સમયની કે પ્રવીણ જોૈશી, મધુ રાય, સિતાંશુભાઇ અને કાંતિભાઇના સમયની સાચી? હકીકત એ છે કે ભાષાને પણ ઉત્ક્રાંતિનો નિયમ લાગુ પડે છે. ભાષા સતત બદલાતી રહે છે અને બદલાતી રહેશે...બદલાવી જોઇએ પણ ખરી. આપણે યાદશક્તિને બદલે ક્યારેક 'યાદદાસ્ત' બોલીએ છીએ.....આપણે 'કાશ' શબ્દ વાપરીએ છીએ. આવા તો ઘણા શબ્દો છે જે રોજબરોજની ભાષામાં વણાઇ ગયા છે. આ શબ્દપ્રયોગો સ્વીકાર્ય હોવા જોઇએ, કારણ કે લોકોને સરળતાથી સમજાય છે. જે ભાષા આપણું પેટ ભરે...પેટનો ખાડો પૂરે એ ભાષા ક્યારેય નહીં મરે. ગુજરાતી ભાષા ક્યારેય નહીં મરે. જાવેદ અખ્તરે એક જગ્યાએ કહ્યું હતું કે 'ઉર્દૂ ભાષાના વિદ્વાનો ફરિયાદ કરે છે કે દર વર્ષે પાંચસો શબ્દો શબ્દકોષમાંથી નીકળી રહ્યા છે....જ્યારે અંગ્રેજી ભાષાની ડિક્ષનરીમાં દર વર્ષે શબ્દો ઉમેરાય છે.' એટલે કે 'ઇન્ક્લુસિવનેસ' જરૂરી છે.એક સમયે પંજાબીભાષીઓને...વિદ્વાનોને ચિંતા થતી કે આપણી ભાષા મરી રહી છે, પણ આજે જુઓ પંજાબી ભાષા ફિલ્મો, સિરિયલો, ગીતોમાં ધબકે છે....ભાંગડા કરે છે. મેં જે આ દાખલો આપ્યો એ મશહૂર કથા-પટકથા લેખક સાગર સરહદીનો છે. એમણે મારી સામે રમેશ તલવારના સંતાનોને કહેલું કે 'પંજાબી બોલો વરના પંજાબી ભાષા મર જાયેગી.'



આપણે પણ ગુજરાતી ભાષાની ચિંતા કરવાની જરૂર નથી. બદલાતાં વહેણની સાથે વહેવાનું છે. ખોટું ગુજરાતી બોલતા બાળકોને ટોંકવાના નહીં...એમને બોલવા દેવાના,,,નહીંતર એમાંથી પણ જશો. જે બોલાય એ ભાષા એવું હું માનું છું. ભાષાનું પહેલું કામ સંવાદ કરવાનું છે. અલંકાર, પ્રાસ એ બધું પછી આવે. ભાષાનું સ્વરૂપ બદલાયું છે...ભાષા એ જ છે.

## રંગભૂમિ અને ભાષા જીવંત રહેશે

**સનત વ્યાસ** (નાટક-સિરિયલ-ફિલ્મ અભિનેતા)

ગુજરાતી રંગભૂમિ પર ભાષાનું પ્રભુત્વ ઘટતું જાય છે, પણ બોલચાલની ભાષા થકી ટકી રહ્યું છે. બોલચાલની ભાષાથી નાટક લોકભોગ્ય બને છે એ વાતમાં એટલું જ તથ્ય છે. મારું માનવું છે કે રંગકર્મીઓએ વાંચન કરવું બહુ જ જરૂરી છે. નાટકોની નવી પેઢી એનો ઉપયોગ આર્થિક ઉપાર્જન... ફૂટસ્ટેપ તરીકે કરે છે ને પછી ટીવી સિરિયલો કે ફિલ્મો તરફ વળે છે...એમાં કાંઇ ખોટું પણ નથી. જોકે કેટલાક નવા નાટ્યલેખકો કે કલાકારો નવા વિચાર સાથે આવે છે, પણ ભાષાને લઇને ગુજરાતીપણું ઓછું જોવા મળે છે. નાટકમાં કામ કરતો કલાકાર જો સિરિયલમાં પણ કામ કરતો હોય તો નાટકની વેલ્યૂ વધે એવી માન્યતા સબળ બની છે. આપણી નવલકથાઓ કે વાર્તાઓ તરફ ધ્યાન જતું જ નથી. મારો અનુભવ કહું તો નાટ્યલેખક હરીશ નાગ્રેચા લેખનમાં ખૂબ ચીવટ રાખતા. ભાષા પ્રત્યેની એ સજાકતા જરૂરી છે, કારણ કે નાટકો પણ સાહિત્યનો જ એક ભાગ છે. એક મજાનો કિસ્સો કહુંઃ એક ચેનલના હેડને જ્યારે મેં કહ્યું કે 'ઝવેરચંદ મેઘાણીએ બહુ સુંદર લખ્યું છે તો એમણે કહ્યું કે એમની સાથે મીટિંગ ગોઠવો. આપણે વાત કરીએ.' આપણે આ સ્તરે પહોંચી ગયા છીએ.



આપણી પાસે ગુજરાતી સાહિત્યનો ખજાનો છે, જેમાંથી ઘણું સારું સર્જન શક્ય છે, પરંતુ એ દ્રષ્ટિ નથી રહી એવું મને લાગે છે. જોકે આપણી રંગભૂમિ અને આપણી ભાષા જીવંત રહેશે જ એમાં કોઇ શંકાને સ્થાન નથી.

## આપણી ભાષા કથળતી જાય છે એનો રંજ છે...

**હિતેનકુમાર** (નાટક-ફિલ્મ કલાકાર)

ગુજરાતી ફિલ્મોમાં છવાઇ ગયેલા... ખૂબ મંઝાયેલા કલાકાર હિતેનકુમાર ગુજરાતી ભાષા પ્રત્યેની બેદરકારીથી ખૂબ વ્યથિત છે. નાટકોમાં અભિનય કરવાથી કારકિર્દીની શરૂઆત કરનારા ગુજરાતી ફિલ્મોના ખ્યાતનામ હિતેનકુમાર શું કે છે એ વાંચો....



રંગભૂમિની ભાષા કે નાટ્યલેખનની ભાષા કરતાં મને વધુ રંજ એ વાતનો છે કે ઓવરઓલ આપણી ભાષા કથળતી જાય છે.

મેં ઇન્ટર કોલેજીયેટની નાટ્ય હરીફાઇ દરમિયાન સંજય છેલ સાથે 'આડી ચાવી ઊભી ચાવી' સહિતના સંખ્યાબંધ એકાંકીઓ કર્યા. પછીથી કુમારની અગાશી, ત્રિશંકુ, કા પુરુષ મહા પુરુષ, ચિત્કાર, નોંધપોથી, તકદીરનો તમાશો, આખેટ, પપ્પા મારા પ્રાઇમમિનિસ્ટર જેવાં અનેક નાટકોની ભાષા, પરિભાષાથી પરિચિત થયો. કાંતિ મડિયા, સુરેશ રાજડા, શૈલેષ દવે, ફિરોઝ ભગત, વિપુલ મહેતા જેવા ધુરંધર લેખક-દિગ્દર્શકો સાથે કામ કર્યું. ખૂબ ઉત્તમ નાટકો ત્યારે ભજવાતાં...લખાતાં...પરંતુ આજકાલ પહેલાં જેવો માહોલ કે ભાષા જવલ્લે જ જોવા મળે છે. કેટલાક ઉદાહરણરૂપ છે. કેટલાક સર્જકો ઉત્તમ નાટકો લઇને આવે છે. બીજી બાજુ અમુક ચોક્કસ ઘરેડના..બીબાંઢાળ કોમેડી નાટકોનો અતિરેક પણ છે. એનાં કારણો પણ હશે જ. આપણી ભાષામાં નાટ્યપ્રયોગો હજી બંધ નથી થયા એનો આનંદ છે. આશા રાખીએ કે નિતનવા પ્રયોગશીલ નાટકો લખાય, ઉત્તમ કૃતિઓ સાથેનાં નાટકોનું મંચન થાય...અને પ્રેક્ષકોને જોઇતું મનોરંજન મળે.

બોલચાલની ભાષા ગુજલીશ થઇ ગઇ છે એનો પણ વાંધો નથી,..પણ સ્ક્રિપ્ટ અંગ્રેજી લિપિમાં લખાય ત્યારે ખૂંચે છે. ગુજરાતી ભાષા પ્રત્યેની ઉદાસીનતા-લાપરવાહી બિલકુલ પરવડે નહીં. અને આપણે પોતે જવાબદાર છીએ. ઘરનું વાતાવરણ અને મા-બાપ જવાબદાર છે. ભાષાને જીવતી રાખવા ઘરથી શરૂઆત કરવી પડશે. પછી એ ભાષા આપોઆપ રંગમંચની ભાષા બની જશે. એ રીતે જ આપણી રંગભૂમિ અને ગુજરાતી ભાષા જીવતી રહેશે.



# વિશ્વ ગુજરાતી ભાષાદિવસ

# આદિ કવિઓ-સંગીતકારો - ગાયકોનું પ્રદાન ને વર્તમાનમાં પ્રભાવ

■ શ્રદ્ધા શ્રીધરાણી
(ગાયિકા-સંગીતકાર)

'રહું ગાતો પ્રણવ લીલા, તવ પ્રસાદે શારદા;
તું હિ ગુરુ મધ્યસ્થ વરદા, પ્રણવ તવ હારદ સદા.
તું હિ બ્રહ્મા તું હિ વિષ્ણુ, તું હિ શિવ નારાયણ;
ધ્યાન ભક્તિ યોગ જ્ઞાને, વિવિધ રૂપે દર્શન.' -
વીર કવિ નર્મદ (નર્મદા શંકર દવે, ૧૮૩૩-૧૮૮૬)

આ યુગપ્રવર્તકની તિથિ અવસરે 'ગુજરાતી ભાષા દિવસ' ઉજવવામાં આવે છે, જેમણે ગુજરાતને અને ગુજરાતી ભાષાને 'જય જય ગરવી ગુજરાત' ગુર્જરગીત આપ્યું, જે આજે પણ ઘરેઘરે ગુંજે છે.


આપણે પૂર્વેનાં કવિઓ, સંગીતકારો, ગાયકો વિશે વાત કરીએ તો, ગુજરાતી સાહિત્ય-સંગીત જગતનો ઇતિહાસ કેટલો વ્યાપક છે તે સમજાય છે. પ્રાચીન, અર્વાચીન અને આધુનિકકાળમાં સમગ્રતયા શાસ્ત્રીય સંગીત-રાગસંગીત અને લોકગીતસંગીત આ બંને ધારાઓના વિકાસમાં, જે તે કાળનાં કંઈ કેટલાય ધુરંધરો, કળાકારો, યુગપ્રવર્તકોએ કેડી જ નહીં રાજમાર્ગ કંડાર્યો છે. જેમને કારણે આપણાં ગુજરાતનો ભવ્ય અને દિવ્ય કળાવારસો આપણને મળ્યો છે.

આપણાં શાસ્ત્રમાં, ભર્તૃહરિએ સંગીતની વ્યાખ્યા કરતાં કહ્યું છે, 'ગાયન, વાદન અને નૃત્ય ત્રણેય મળીને સંગીત કહેવાય છે.' પ્રાચીનકાળમાં ગાયક, કવિ અને સંગીતકાર ત્રણેય ધારાને ધરાવનારા વાગ્યેયકારો હતાં, દા.ત. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગાસતી, વગેરે પોતે જ ગીત રચતાં, ધૂન બનાવતાં અને ગાતાં. સમયાંતરે આ ત્રણેય ધારાઓએ સ્વતંત્રરૂપ લીધું. સૃષ્ટિમાં સંગીતનો આવિર્ભાવ ત્રિદેવ બ્રહ્મા,વિષ્ણુ,મહેશથી થયેલો ગણાય છે. માત્ર ગુજરાતનાં જ નહીં કિંતુ સમગ્ર સૃષ્ટિનાં આદ્ય સંગીતકાર તો ભગવાન શ્રીકૃષ્ણ અને આદિશક્તિ મા રાધાજી ગણાય જેમણે પોતાની વાંસળીનાં સૂરથી સૌને મંત્રમુગ્ધ કર્યા, વૈશ્વિકગ્રંથ 'ભગવદ્ ગીતા' જેવા મહાન ગીતને ગાયું, અને રાસગરબાનાં હિલ્લોળથી ગુજરાતમાં ફરી સંગીતયુગનો આરંભ કર્યો. જોકે હવે રાધાકૃષ્ણની રાગરાગિણીઓ, બ્રહ્માજી રચિત વેદકાલીન સંગીત અને શિવ-પાર્વતીનાં નૃત્યનું અપભ્રંશ સ્વરૂપ જ આપણી પાસે રહ્યું છે. સમયાંતરે સંગીતજગતનાં અનેક ફાંટાઓ થયા, શાસ્ત્રીયસંગીત, લોકસંગીત, ભક્તિસંગીત, સુગમગીત, કાવ્ય કે ભાવગીત સંગીત, ગઝલ, નાટ્યસંગીત, ફિલ્મસંગીત, આધુનિક સંગીત વગેરે, પણ એનાંથી વિવિધ સંગીતનો વિસ્તાર થયો.


સૌપ્રથમ શાસ્ત્રીય કે રાગસંગીત વિશે વાત કરીએ તો, વેદકાલીન ઋષિઓનાં ઋચાગાન, ઉદગીતમાંથી શાસ્ત્રીય કે રાગસંગીતનો ઉદભવ થયો, સંગીત ક્ષેત્રે પણ ગુજરાતે પ્રથમ ખેડાણ કર્યું છે તે ગૌરવની વાત છે. પછી ભરતમુનિ, નારદ, સારંગદેવ પછી પ્રાચીનકાળમાં ગુજરાતનાં વિવિધ પંથ સંપ્રદાયો જેવાકે, બ્રાહ્મણ, વૈષ્ણવ, શૈવ, શક્તિ, જૈનમુનીઓ વગેરે પાસે સંગીત જુદા જુદા સ્વરૂપે સચવાયું, ત્યારબાદ ગુજરાતનાં વલ્લભીપુરમાં વલ્લભી રાજાઓમાં ગૃહસેન, ધ્રુવસેન રાજવી પંડિતો ગુજરાતનાં પ્રથમ વાગ્યેયકારો હતાં. પછી રાજા ક્ષેમપાલના પુત્ર હરીપાલ સોલંકી (૧૦૭૪), પછી સ્વામી હરિદાસના શિષ્ય, ગુજરાતનાં ચાંપાનેરનાં બૈજુ (વૈજનાથ) બાવરા અને વડનગરની બે દીકરીઓ તાના અને રીરી થયાં જે ફક્ત ગુજરાત જ નહીં સમગ્ર ભારતનું ગૌરવ છે. બૈજુએ તાનસેનને હરાવ્યા, અને તાનારીરીએ તાનસેનનો દાહ મલ્હાર રાગ ગાઈને શમાવ્યો. જેમનાં ધ્રુપદ આજે પણ પુષ્ટિસંગીતમાં ગવાય છે તે કવિ જયદેવ, જેનું 'ગીત ગોવિંદ', અષ્ટપદીઓ ઉપરથી કેટલાય સ્તોત્ર, ભજન, રાસ રચાયા. પછી આદિત્યરામ, ગુજરાત જ નહીં ભારતનાં આફતાબ- એ-મૌસિકી કહેવાતાં ઉ. ફૈયાઝ ખાં, અને અર્વાચીનકાળમાં ગુજરાતનું વિશ્વસ્તરે જેમણે નામ ગુંજતું કર્યું તે પં.ઓમકારનાથ ઠાકુર, તેઓ વિશિષ્ટ સંગીતશક્તિના સાધક હતા, સંગીતથી તેઓ મરજીમુજબ વાતાવરણ ખડું કરી દેતાં! તેઓ પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરના શિષ્ય રહ્યા, જેમણે વિશ્વ પરિષદમાં સૌપ્રથમવાર 'વંદે માતરમ્' ગાયું, જે ભારતમાતાની સ્તુતિ છે. ત્યારબાદ હવેલી કે પુષ્ટિસંગીત કીર્તનમાં વિઠ્ઠલદાસ બાપોદરા, બાબુલાલ, રસિકલાલ અંધારિયા વગેરેએ શાસ્ત્રીય સંગીતને આગળ ધપાવ્યું.



કૃષ્ણલાલ શ્રીધરાણી



ઝવેરચંદ મેઘાણી




હેમુ ગઢવી



વનરાજ ભાટિયા




અવિનાશ વ્યાસ



પુરુષોત્તમ ઉપાધ્યાય



શ્રદ્ધા શ્રીધરાણી



કલ્યાણજી-આણંદજી

પ્રાચીનકાળમાં કલિકાળસર્વજ્ઞ આદિ હેમચંદ્રાચાર્ય, શાલિભદ્રચાર્ય, ભક્તિયુગમાં, 'જાગને જાદવા' કહી કૃષ્ણને જગાડનારા, ૧૪-૧૫મી સદીના સૌરાષ્ટ્રનાં નરસિંહ મહેતા ગુજરાતના પ્રાચીનકાળના 'આદિ ભક્તકવિ' તરીકે સ્થાપિત થયા છે, તેમનાં ભક્તિગીતો, રાસગરબા-ગરબીઓ આજે પણ ગવાય છે, તેમનાં સમકાલીન વ્રજભાષામાં પ્રથમ રચનાકાર, આખ્યાનના પિતા ભાલણે ગરબીઓ દયારામ પહેલાં આપણને આપી, તો દયારામે ગરબી ઉપરાંત ઉર્દૂ ગઝલો અને મરાઠીમાં અભંગ પણ રચ્યા, ભક્ત કવિઓમાં કવિ જયદેવ, મીરાંબાઈ, સુરદાસ વગેરે અષ્ટ્સખા કવિઓ, વલ્લભાચાર્ય, દયારામ, વલ્લભ મેવાડા, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, વગેરે. આપણું લોકસંગીત, રાસગરબા આજે પણ જેનાં થકી જ રળિયાત છે એવાં લોકગીત સાહિત્યમાં, દાસી જીવણ, અભરામ ભગત, પીપા ભગત, રવિ, ભાણ, ત્રિકમ, ધીરા ભગત, અખા, શામળ, સતી તોરલ, ગંગાસતી, પાનબાઈ, સતી લોયણ, ઢેલીબેન, રાજકવિ પિંગળશી, કવિ દુલા કાગ તો લોકસંગીતનાં વાગ્યેયકાર હતાં, અને 'મન મોર બની થનગાટ કરે' અષાઢીલાં આવાજમાં લલકારનાર હેમુ ગઢવી અને 'કસુંબીનો રંગ' જેવાં પ્રખ્યાત ગીતના રચયિતા રાષ્ટ્રીય શાયરનું બિરુદ પામેલાં ઝવેરચંદ મેઘાણીએ ગુજરાત સહિત ભારતને ઝંઝોળ્યું. ત્યારબાદ આધુનિકકાળમાં બારોટ, ચારણો, પ્રફુલ્લ દવે, પ્રાણલાલ વ્યાસ, ભીખુદાન ગઢવી, અભેસિંગ રાઠોડ, દિવાળીબેન ભીલ, દમયંતી બરડાઈ, હેમંત ચૌહાણ ઘણાં લોકસાહિત્યકારોએ આ દિશામાં કામ કર્યું છે.

નાટ્યસંગીતમાં, જૂની રંગભૂમિના સુવર્ણકાળમાં ગુજરાતમાં ૧૩-૨૪મી સદીમાં પ્રાચીનકાળમાં ગુર્જર કવિ, સંગીતકાર, ગાયક અસાઈત ઠાકોર 'ભવાઈ'ના જનક ગણાય છે, ભાવનગરના રાજગાયક કવિ, સંગીતજ્ઞ, નાટ્યકાર દલપતરામ ઠાકોર, વાડીલાલ અને ડાહ્યારામ શિવરામ નાયક, ભગવાનદાસ નાયક (સંગીતરત્ન), વાઘજી ઓઝા, નાથાલાલ ભોજક, અશરફ ખાન, રાષ્ટ્રીય ગાયક ગણાતા મા. વસંત અમૃત, શોરાબજી, માસ્તર મોહન, ફેનીવાલા, જયશંકર 'સુંદરી', પ્રભુલાલ દ્વિવેદી, કવિ કાન્ત, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, અને રાજવી કવિ કલાપી, તો ગુજરાતનાં પહેલાં ગઝલકાર બાલાશંકર કંથારિયા, પછી નવી પેઢીમાં શયદા, ઘાયલ, બેફામ, શૂન્ય, વગેરે શાયરો આવ્યા, 'મે ત્યજી તારી તમન્ના' ગાયિકા બેગમ અખ્તરે, ગાયક સંગીતકાર પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય રચિત જેની ગઝલ ગાઈ તે શાયર 'મરીઝ' વધુ લોકપ્રિય થયાં, તો 'કાવ્ય ગાયન' પ્રકારનો પ્રથમ પ્રયોગ કરનાર કવિ લલિતજી ગુજરાતી હતાં. ગુજરાતી રંગભૂમિ એટલી ઉન્નત હતી કે સ્વામી વિવેકાનંદ ગુજરાતી નાટકો જોવા આવતાં, ગાંધીજીએ 'હરિશ્ચંદ્ર' નાટક જોયેલું.

સાહિત્યિક કવિઓમાં, મણીલાલ દ્વિવેદી, દલપતરામ, ગોવર્ધનરામ ત્રિપાઠી, ત્રિભોવનદાસ લુહાર, રામ નારાયણ પાઠક, અરદેશર ખબરદાર, કવિ કાન્ત, કવિ નાન્હાલાલ, રસિકલાલ પરીખ, હરજી લવજી દામાણી, નરસિંહરાવ દિવેટિયા, બોટાદકર, કનૈયાલાલ મુનશી, બાલમુકુંદ દવે, પ્રથમ મહિલા શારદા મહેતા, પછી ગવરીબાઈ, જાનીબાઈ, દિવાળીબેન, અમરબાઈ, જેમણે પ્રથમ 'ગુજરાતી લેડીઝ ક્લબ'ની (૧૮૧૮) સ્થાપના કરેલી. કાકાસાહેબ કાલેલકર, ચંદ્રવદન મહેતા, ચુનીલાલ મડિયા, કાંતિ મડિયા, ગુલાબદાસ બ્રોકર, પ્રહલાદ પારેખ, કાન્ત, ર.વ. દેસાઈ, જય ભિખ્ખુ, દર્શક, લાભશંકર ઠાકર, મનોજ ખંડેરિયા, ભોગીલાલ ગાંધી, કરશનદાસ માણેક, ઉશનસ, સ્નેહરશ્મિ, કે.સી.ડે, કાસમ, શેખાદમ આબુવાલા, ગની દહીંવાલા, રાજેન્દ્ર શુકલ, ઝીણાભાઈ દેસાઈ, નાનાલાલ, સુન્દરમ્, ઉમાશંકર જોશી, મકરંદ દવે, રમેશ પારેખ, રાજેન્દ્ર શાહ, જ્યોતીન્દ્ર દવે, સુરેશ જોશી, સુરેશ દલાલ, કુન્દનિકા કાપડિયા, વગેરે લાંબી સૂચિ છે, અને મારા કાકા દાદા, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શિષ્ય એવાં ભાવનગરના વિખ્યાત કવિ, લેખક, પત્રકાર ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણીએ તો અમેરિકામાં રહી કવિતા પ્રસ્તાર કરી, ગાંધીજી સાથે રહી, ભારતને આઝાદી અપાવવામાં મોટો ભાગ ભજવી, વિશ્વસ્તરે નામના મેળવી, એમનું પુસ્તક 'My India, My America' આજે પણ world best seller book ગણાય છે. તેમનાં ગીતોને મે સ્વરાંકિત કરીને ગુજરાત સાહિત્ય સંગીત અકાદમી, ગુજરાત વિશ્વકોશ વગેરેમાં રજૂ કર્યા છે.

પૂર્વેના ગુજરાતી સંગીતકારો જેમણે હિંદી ફિલ્મમાં સંગીત આપ્યું, તે માસ્તર દીનાનાથ, વસંત દેસાઈ, અભિનેતા, સંગીતકાર અમૃત કેશવ નાયકનું 'પરદેસી સૈયાં નેહા લગાકે' ગીત, પહેલી બોલતી ફિલ્મ 'આલમ આરાં'માં સંગીત આપનાર પ્રથમ ફિલ્મી ગુજરાતી સંગીતકારો ફિરોઝશા મિસ્ત્રી અને આર. બી. ઈરાની, ઝંડે ખાં, છનાલાલ ભોજક (ઠાકુર)નું ફિલ્મ રાણક દેવીનું 'મારે તે ગામડે એકવાર આવજો' ગીત આજે પણ ગવાય છે. કચ્છનાં કલ્યાણજી આણંદજીએ તો હિંદી ફિલ્મ જગતમાં વિશ્વસ્તરે લોકપ્રિયતા મેળવી, અને ગુજરાતી ફિલ્મોમાં લોકપ્રિયતાનો કળશ જેમનાં પર ઢોળાયો તે કવિ, સંગીતકાર અમર સદા અવિનાશ વ્યાસ અને મહેશ-નરેશની જોડી, જેમણે કંઈ કેટલીય હિંદી ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું. અજિત મર્ચંટ, વનરાજ ભાટિયા, વગેરે.

સુગમસંગીતનો સુવર્ણકાળ આકાશવાણીના સમયમાં વધુ વિસ્તર્યો. તે પૂર્વે સુગમ સંગીતનાં વિકાસમાં ભાવનગરના મહારાજા તખ્તસિંહજી અને ભાવસિંહજી, વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડનો બહોળો ફાળો છે, ભાવસિંહજીએ ગીતોનો સંગ્રહ બહાર પાડ્યો હતો જેમાં તેમણે પોતાની આગવી નોટેશન પદ્ધતિ વિકસાવી હતી. તો દલસુખરામ ઠાકોર, ડાહ્યાલાલ શિવરામ નાયક, કવિ નૃસિંહ આચાર્ય, જયદેવ ભોજક, રસિકલાલ ભોજક, ગુજરાતના આધુનિકકાળના વાગ્યેયકાર નીનુ મઝુમદાર, કૌમુદી મુનશી, રાજુલ મહેતા, સંગીતકાર દિલીપ ધોળકિયા રચિત 'તારી આંખનો અફીણી' ગુજરાતી સુગમ સંગીતનું રાષ્ટ્રગીત સમાન ગણાય છે તેવી ભવ્ય સફળતા મળી છે. ભાવનગરનાં દક્ષિણામૂર્તિનાં સ્થાપક જેમણે બાળગીતો, કવિતા, સાહિત્યમાં કાર્ય કર્યું તે બાળકોની 'મુંછાળી મા' તે ગિજુભાઈ બધેકા, સંગીતકાર જગદીપ વિરાણીની 'સપ્તકલા' અને નૃત્યકાર, સંગીતજ્ઞ ધરમશીભાઈ, ઘરશાળા સંસ્થા અને એવાં જ બીજા સંગીતકાર નાઝિર દેખૈયા, અમદાવાદનું 'શ્રુતિ વૃંદ' અને 'સપ્તક'ના નંદન મહેતા, મંજુબેન મહેતા, વડોદરા, સુરત, રાજકોટ, ભરૂચમાં ભાવસાર બંધુ, અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ, અજિત શેઠ, નિરુપમા શેઠ, જનાર્દન રાવલ, હર્ષિદા રાવલ, પરેશ ભટ્ટ, ક્ષેમુ દિવેટિયા, પિનાકીન મહેતા, રાસબિહારી દેસાઈ, વિભા દેસાઈ, સરોજ ગુંદાણી, મુનિકુમાર દેસાઈ, વિનુ વ્યાસ, અનંત વ્યાસ, મુંબઈમાં પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, આશિત દેસાઇ, હેમા દેસાઇ, દક્ષેશ ધ્રુવ, ઉદય મઝુમદાર, સુરેશ જોશી વગેરે સર્વે કલાકારોનાં નામોની સૂચિ લાંબી છે, જેમણે સંગીત, સાહિત્ય જગતમાં અમૂલ્ય યોગદાન આપ્યું. અત્યારે આધુનિકકાળમાં ઘણાં ગાયકો, સંગીતકારો ગુજરાતી ભાષા અને સંગીતવારસો આગળ ધપાવી રહ્યાં છે. આધુનિક સમયમાં, વિદેશી વાયરાનાં વાવઝોડા સામે આપણી ગુજરાતી ભાષા, કલા, સાહિત્ય અને સંગીતનો ભવ્ય અને દિવ્ય વારસો અડીખમ ઊભો રહે અને નવી પેઢી તેનો વિકાસ કરી આગળ ધપાવે તેવાં પ્રયત્નો સાથે મળીને કરીશું, એવી શ્રદ્ધા સાથે... ■

■ હેમંત ઠક્કર

# ગુજરાતી પ્રકાશકો - વાંચકોઃ ગઈકાલના ને આજના...

અહીં મારે બે વાત કહેવી છે.

એક : 'મુંબઇ સમાચાર'ના તંત્રી તરીકે નીલેશભાઈ દવે ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રસાર માટે 'રોમે રોમ ગુજરાતી' ઝુંબેશના નેજા હેઠળ અનેક પુસ્તક મેળાઓનું આયોજન કરી સાહિત્ય પ્રચાર માટે સંનિષ્ઠ પ્રયાસો કરે છે.

બીજી વાત : પ્રકાશક એટલે માત્ર ધંધાદારી વ્યક્તિ તેવું હું માનતો નથી. અન્ય વ્યવસાય સાથે આ વ્યવસાયને સરખાવી ન શકાય તેવું દૃઢપણે માનું છું. પરિણામે આકરી કસોટી કરે તેવાં પ્રકાશનો કરવામાં અમે પ્રકાશકો નિજાનંદનો અનુભવ કરતાં હોઇએ છીએ. ગુજરાતી સાહિત્યિક પરંપરા અત્યંત સમૃદ્ધ છે અને તેમાં વાંચકોનું યોગદાન હોવાથી જ પ્રકાશકો આજે ટકી રહ્યા છે.

પુસ્તકપ્રેમી એક વાંચકને પૂછવામાં આવ્યુંઃ 'તમે શા માટે પુસ્તકો વાંચો છો?' તો એ કહેઃ 'હું વાંચુ છું, કારણ કે વાંચ્યા વગર જીવી શકતો નથી. હું નવું જાણવા માટે, મારી જાતને ઓળખવા માટે, મારા પોતાના વિકાસ માટે અને આનંદ મેળવવા માટે વાંચતો રહું છું. જે વાતો ને હું સમજી નથી શકતો એ જાણવા માટે હું વાંચુ છું. હું નિરાશ થઇ ગયો હોઉં ત્યારે આશાનું નવું કિરણ મળે તે માટે વાંચું છું. મારા વિચારોને વાચા આપી શકું એ માટે વાંચું છું...!'

ગુજરાતી પ્રકાશકોની વાત કરીએ તો શરૂઆત આજથી સવાસો વરસ પહેલાં રિઝર્વ બેન્કની પાછળ આવેલી 'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ'થી શરૂઆત કરવી પડે. આ સંસ્થાના સ્થાપક સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ પોતે વિદ્વાન લેખક હતા. એમણે વેદાન્ત તત્ત્વજ્ઞાન ઉપર લખેલો મહાગ્રંથ 'ચંદ્રકાન્ત' ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. તે સિવાય કનૈયાલાલ મુનશી રચિત પ્રખ્યાત ગુજરાતી નવલકથા 'પાટણની પ્રભુતા'ની પ્રથમ આવૃત્તિ એમણે પ્રકાશિત કરી હતી. તે આવૃત્તિમાં ક. મા. મુનશીએ પોતાનું ઉપનામ 'ઘનશ્યામ' રાખ્યું હતું. આજે પણ આ ગ્રંથની સત્તરમી આવૃત્તિ 'પ્રવીણ પ્રકાશન'-રાજકોટ દ્વારા પ્રકાશિત થઇ છે. આ જ પ્રકાશન સંસ્થાએ મહાકવિ પ્રેમાનંદ, શામળ, દયારામ, દલપતરામ વગેરે પ્રાચીન કવિઓનાં કાવ્યોના નવ ગ્રંથોનો સંપુટ 'કાવ્ય દોહન' પ્રકાશિત કર્યો હતો. ઉપરાંત અનેક ઐતિહાસિક નવલકથાઓ પ્રકાશિત કરી હતી.



મુંબઈ અને ઈત્યાદિ પ્રકાશકોની વાત કરીએ તો સૌથી જૂના પ્રકાશકો તરીકે મુંબઇની 'એન.એમ. ઠક્કરની કંપની', 'આર.આર. શેઠની કંપની', 'એન.એમ.ત્રિપાઠી પ્રા. લિ.' અમદાવાદની 'ગુર્જર સાહિત્ય ભવન' સુરતના 'હરિહર પુસ્તકાલય'ની સ્થાપના આજથી અંદાજે સો વર્ષો પહેલાં થઇ હતી.

આજ રીતે, સ્વ. ધનજીભાઈ શાહ દ્વારા સ્થાપિત 'નવભારત સાહિત્ય મંદિર' પણ છેલ્લાં ૬૫ વર્ષથી મુંબઈ- અમદાવાદમાં અનેકવિધ વિષયો પર પુસ્તકોના પ્રકાશનમાં કાર્યરત છે. મહેન્દ્ર મેઘાણી દ્વારા સ્થાપિત 'લોકમિલાપ ટ્રસ્ટ' દ્વારા ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. આજે પણ એમના પુત્રો દ્વારા પુસ્તકોના પ્રસારનું કાર્ય ચાલું છે. ગોવર્ધનરાય મા. ત્રિપાઠી દ્વારા શરૂ કરવામાં આવેલી 'એન. એમ. ત્રિપાઠી' ની પ્રખ્યાત મહાનવલ 'સરસ્વતીચંદ્ર'આજે પણ ઉપલબ્ધ છે. ગોવર્ધનરાય ત્રિપાઠી ઉપરાંત 'એન. એમ. કંપની' ના સ્થાપક મારા પિતાશ્રી નંદલાલ મો. ઠક્કરે પણ 'અનુભવાનંદજી'ના ઉપનામથી ચાલીસ પુસ્તકોનું સર્જન કર્યું હતું.

૧૯૪૫ના સાલમાં પ્રકાશિત થયેલું પુસ્તક 'કરાંચી'ના લેખક ડુંગરશી ધરમશી સંપટ રચિત 'સંસ્કાર લક્ષ્મી'ની તો આઠ આવૃતિમાં ત્રણ વરસમાં છપાઇ હતી અને ૨૫ હજારથી વધુ નકલો વેચાઇ ગઇ હતી. તે સમયે અમારી કંપનીના પુસ્તકોની જાહેરખબરો ગુજરાતી દૈનિકમાં આખું પાનું ભરીને છપાતી હતી. આ પ્ર્કાશક દ્વારા

'મુંબઈ સમાચાર'માં પ્રગટ થઈને લોકપ્રિય નીવડેલી અનેક કોલમ પણ પુસ્તકરૂપે પ્રકાશિત કર્યા છે. 'એન. એમ. ઠક્કર કંપની' એ આજ સુધીમાં બે હજાર ઉપરાંત પુસ્તકોનું પ્રકાશન કર્યું છે.

મુંબઇના આર. આર. શેઠની કંપનીના સ્થાપક ભગતભાઇ શેઠ જાણીતા અને લોકપ્રિય લેખકોની નવલકથાઓ અને નવલિકાઓથી પ્રકાશનની શરૂઆત કરી હતી. અન્ય ભાષાના અંગ્રેજી ભાષાના બેસ્ટ સેલર પુસ્તકોના ગુજરાતી અનુવાદોના ઢગલાબંધ પુસ્તકો છાપ્યાં છે..

મુંબઇના 'સુમન પ્રકાશન'ના રમણિકભાઇએ ગુલશન નંદાના પુસ્તિકાનો સેટ છાપ્યો હતો. અમદાવાદના ગુર્જર પ્રકાશન દ્વારા ધુમકેતુ કનૈયાલાલ મુનશી ધ્રુવ ભટ્ટ, વિનોદ ભટ્ટ, અશોક દવે, ઝવેરચંદ મેઘાણી, સ્વામિ સચ્ચિદાનંદ, કૃષ્ણમૂર્તિનાં પુસ્તકો પ્રકાશિત થયા છે, જે વાંચકોમાં ખૂબ લોકપ્રિય નીવડ્યાં છે. રાજકોટના પ્રવીણ પ્રકાશને કારકિર્દીની શરૂઆતમાં મુંબઇની એન.એમ. ઠક્કરની કંપની સાથે ભાગીદારીમાં 'શ્રી મોરારિબાપુ અમૃત રામાયણ' અને 'તુલસીકૃત રામાયણ' પ્રકાશિત કર્યા હતાં. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ આજથી ૪૩ વર્ષ પહેલાં પ્રગટ થઇ હતી. ત્યારબાદ પ્રવીણ પ્રકાશન દ્વારા ભગવદગો મંડળ કોશના નવ ભાગ પ્રકાશિત કરવામાં આવ્યા. તેને પણ સારો પ્રતિસાદ મળ્યો. આજે આ મહાગ્રંથ અપ્રાપ્ય છે. પ્રવીણ પ્રકાશનના ગોપાલભાઇએ લોકપ્રિય નવલકથાકાર હરકિશન મહેતાની તમામ નવલકથાઓ એક સાથે પ્રગટ કરી એક નવો ચીલો ચીતર્યો હતો. ત્યારબાદ એમણે હરીન્દ્ર દવે, રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ, પિતાંબર પટેલ, ગોકુલદાસ રાયચુરાનાં તમામ પુસ્તકોનો સેટ પણ પ્રગટ કર્યો હતો. સુરત ખાતે હરિહર પુસ્તકાલયના સૂત્રધાર વિરલ મહેતા મોટા ભાગે ધાર્મિક પુસ્તકો, જ્યોતિષના પુસ્તકોનુ પ્રકાશન કરે છે. ૧૯૯૮માં લોકપ્રિય કવિ અને લેખક સુરેશ દલાલ દ્વારા શરૂ કરાયેલી કંપની 'ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ'. દ્વારા પ્રખ્યાત કવિઓની કવિતાઓના અનેક સુંદર પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું, પરંતુ પુસ્તકોના વેચાણમાં સતત ઘટાડો થતો હતો. અને કંપનીના સંચાલનનો ખર્ચ પણ વધી રહ્યો હતો. તેથી આજથી પાંચ વરસ પહેલાં આ કંપની બંધ કરવી પડી..

અમદાવાદ સ્થિત ગ્રંથલોક પ્રકાશને વનરાજ માલવી રચિત સ્વવિકાસના અનેક પુસ્તકો પ્રગટ કરીને ખૂબ લોકચાહના મેળવી હતી. પુસ્તકોના ધંધાદારી પ્રકાશકોની આ વાતો થઇ, પણ ગુજરાત રાજય સ્થિત અનેક સંસ્થાઓએ પણ સંખ્યાબંધ ઉચ્ચ ગુણવત્તાસભર ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. ગુજરાત રાજયની ગુજરાતી સાહિત્ય એકાડેમી (જેના શ્રી ભાગ્યેશ જહા પ્રમુખ છે) દ્વારા સાહિત્યના , વિવેચનના, કાવ્યોના સંશોધનાક પુસ્તકોના ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન થઇ રહ્યું છે. ગાંધીજી દ્વારા સ્થાપિત 'નવજીવન ટ્રસ્ટ' દ્વારા ગાંધીજીના સરદાર પટેલના, કિશોરલાલ મશરૂવાલાના વિચાર પ્રેરક સંખ્યાબંધ સુંદર પુસ્તકોનું પ્રકાશન થઇ રહ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પણ ઉચ્ચ ગુણવત્તાસભર પુસ્તકો છપાઇ રહ્યાં છે. અમદાવાદ અને મુંબઇસ્થિત પ્રખ્યાત સંસ્થા સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ પણ ઉત્તમ ધાર્મિક અને પ્રેરક પુસ્તકો પ્રકાશિત કરી રહી છે. હાલમાં જ આપણા ગૃહમંત્રી શ્રી અમિત શાહ આ સંસ્થાના પ્રમુખ બન્યા છે એટલે આશા છે કે સસ્તું સાહિત્યના દુર્લભ અપ્રાપ્ય ગ્રંથો ફરીથી વાંચકોને ઉપલબ્ધ થશે.

અમદાવાદમાં બીજા અનેક ધંધાદારી પ્રકાશકો રન્નાદે પ્રકાશન, આદર્શ પ્રકાશન, પાર્શ્વ પ્રકાશન, સાહિત્ય સંગમ દ્વારા પણ અનેક સાહિત્યિક અને પ્રેરક પુસ્તકોનું પ્રકાશન થયું છે. છેલ્લાં આઠેક વરસોથી ઝેન આપસ કંપનીએ લોકપ્રિય લેખકો જેવા કે કાજલ ઓઝા, ધીરુબેન પટેલનાં પુસ્તકો, જીવરામ જોષી રચિત મિંયા ફૂસકીનો સેટ જાણીતા કવિઓનાં પુસ્તકો પ્રગટ કર્યાં છે.

ગુજરાતી ભાષાનાં પુસ્તકો પ્રગટ કરનાર સૌથી વધુ પ્રકાશકો છે. તમામ પ્રકાશકો વિશે માહિતી આપવાનું સ્થળ સંકોચને લીધે શક્ય નથી. પુસ્તક એક એવી જાદુઇ જડીબુટ્ટી છે. જેનો ઉપયોગ કરીને મનુષ્ય અનેક પ્રકારની મુસીબતોમાંથી મુક્ત થઇ શકે છે. માત્ર તેનો ઉપયોગ કરવાની આવડત વાંચકોમાં હોવી જોઇએ. અમારી કંપનીના લેટરહેડ ઉપર એક વાક્ય લખ્યું છે. 'ગુજરાતી ભાષા જીવશે ગુજરાતી પુસ્તકો દ્વારા'...! ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# લાગે સરળ એ વસ્ત્ર છે માફી જ મોટું શસ્ત્ર છે

શ્રાવણ ભાદરવાના મંગલોત્સવ ચાલી રહ્યા છે પૂરા વિશ્વમાં... જગત આખું માફીમય બની ગયું હોય એવું મને લાગે છે. અહીં મુંબઈમાં વરસાદ વરસે છે કે નભથી માફી, એ નક્કી નથી થતું. કશેક ઠંડકને બદલે માફી ઉન ભેદવાની કોશિશ કરતી હોય એવું થાય છે. અરબસ્તાનના ઊંટને હાકલા પડકારા દેવા સૂરજ માફી બનીને સંગત કરે છે કે શું?! આવા માફીમય સર્વત્રમાં ૧૯૯૬ની એક વાત વહેંચવી છે. માર્ચ ૧૯૯૬. વાજપેયી પહેલી વખત વડા પ્રધાન બન્યા એના થોડાક વરસ પહેલાં...

એક પ્રાથમિક ભાષ્યકાર દ્વારા વાજપેયીના કાવ્યસંગ્રહનું ગુજરાતીમાં ફક્ત લિપ્યાંતર કરેલું પુસ્તક પ્રકાશિત થવાનું હતું સાંજે નવભારત અમદાવાદ દ્વારા. એ પહેલાં, બપોરની રાજકીય બેઠકમાં એ વખતના શંકર સિંહ વાઘેલા, નરેન્દ્ર મોદી ઈત્યાદિ સાથે અમે સાંજની બેઠકમાં હાજર રહેનારા કવિઓ પણ જોડાયેલા. વાજપેયીએ એક બુદ્ધની કક્ષાની વાત સ્ટેજ પરથી કહીઃ 'મારા હિન્દી કાવ્યસંગ્રહનું અનાવરણ થયું વડા પ્રધાન નરસિમ્હા રાવ દ્વારા દિલ્હીમાં. જૈસે કંઈ દિલોંકી ઉપસ્થિતિમેં દો દિલ મિલ રહે હો ઐસા મંગલમય માહોલ થા હવાઓમેં. તો ક્યા હુઆ વો કાન્ગ્રેસમેં હૈં ઔર મૈં ભાજપા મેં. દિલોં કે રિશ્તે રાજનીતિ સે કંઈ બડી, હિમાલય કી ઊંચાઈ પર હૈ.' વાક્ય પર નોબેલ પુરસ્કાર વિતરીત થવા જોઈએ સાહેબો! હાજી... તે હું તો બપોરનો એવો અવાક થઈ ગયો'તો કે પરમ મિત્ર ચિનુ મોદી, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ મને આટલો લાંબો સમય ચૂપ જોઈને પોતે અવાક થઈ ગયા. હું!? અને ચૂપ?! અસંભવ... હવે એ સાંજની હળવી વાત. આવા મહાસમર્થ ગુજરાતી કવિઓ સાથે વાજપેયી અને એનો સૂત્રધાર હું. સિતાંશુ પણ હતો સાંજના કવિ સંમેલનમાં, પણ પેટમાં ગડબડ હોવાથી મનની અસ્વસ્થતાને કારણે જલદી નીકળી ગયો. વાજપેયી હોય એટલે હાજરી તો પુરાવવી જ પડે ને! એ બપોરે રાજકીય બેઠકમાં વાજપેયીએ એક શીતળ લહેર માઈક પરથી



વહેતી કરી હતી! 'આજ શામ મેરે કાવ્ય સંગ્રહ કી પ્રસ્તુતિ પર એક કવિ સંમેલન હૈ. મેરી બાત કરું તો મૈ કવિ સંમેલનોમેં નહીં જાતા. ક્યોંકી મુઝે એકતો મેરી કવિતા વહાં સૂનાની પડતી હૈ... ઔર... ઔરોંકી સુનની પડતી હૈ!!!'

આપણી તળ કાઠિયાવાડીમાં કહું તો 'આને તે કેમ પહોંચાય?!' પણ આ તમારો આજ્ઞાંકિત શોભિત દેસાઈ એ સાંજે વાજપેયીના આવા મસમોટા હિમાલયને લગભગ આલ્પ્સ બનીને પહોંચેલો. વાજપેયીને રજૂ કરતા પહેલા બપોરનો એમનો કિસ્સો મારી ભાષામાં એ જ શબ્દો સાથે મૂકતા મેં કહ્યું 'વાજપેયીસાબ, મૈ તો આપકા બેટા હું. મેરી ક્યા ઔકાત કી મૈં આપસે કુછ કહું. લેકીન આપકે ઈસ પ્રશ્નકા મેરે પાસ હલ હૈ. આપ બેફિક્ર હો કર ઝુરુર જાઈએ કવિ સંમેલનમેં ઔર ઔરોંકી સૂને ન સૂને, અપની કવિતા ઝુરુર સૂનાઈયે, નિદા ફાઝલી કે ઈસ શેર કો ઝહનમેં રખતે હુએ કી...

**કભી કભી યું હી હમને અપને જી કો બહલાયા હૈ**
**જીન બાતોં કો ખુદ નહીં સમઝે, ઔરોંકો સમઝાયા હૈ...**

વાજપેયી અઢી વરસના ભૂલકાંની માફક અઢી મિનિટ હસેલા ને ત્યારે અઢી અક્ષર પરમ સિદ્ધ થતાં મેં મારી સગ્ગી આંખે જોયેલા એ અકબંધ છે. એ પછી એ ત્રણ વખત વડા પ્રધાન થયા. નથી હું દિલ્હી ગયો કે ક્યાંય મળવાની કોશિશ કરી કે નથી આ વિષે ક્યાંય વાત કરી. મળ્યાને મુક્દર સમજવું અને ગયાનું ગાન કરવું એ મારો મુદ્રાલેખ છે.

આ વાતનું પાછી માફીની વાત સાથે સાયુજ્ય સાધું તો વડા પ્રધાન નરસિમ્હા રાવ અને વિપક્ષ નેતા અટલ બિહારી વાજપેયીના આવા રાજકીય અલૌકિક સંબંધ પર વિચારે ચઢ્યો અને તરત એક અલગ રંગની ગઝલ આવી પાંચ શેરની, જે 'નવનીત સમર્પણ'માં તરત જ છપાઈ અને એ પછી આદિલ મન્સુરીનાં ષષ્ટિપૂર્તિ સમારોહ નિમિત્તે અમેરિકા ગયા હું અને ચિનુ મોદી 'ઈરશાદ' ત્યારે તો આ ગઝલે આખું અમેરિકા નામનું ગામ ગજવેલું. લોસ એન્જલસ જૈન સેંટરમાં ડો. વિક્રમ કામદારે તો આ ગઝલને UNOના હેડક્વાર્ટર પર લગાડવાનું સૂચન વહાવ્યું હતું. એ ગઝલ આજે ત્રીસ વર્ષે પોતાના ત્રણ જૂનાં ઉપવસ્ત્રો બદલી, બે જૂનાં વસ્ત્રો રાખી ૯ નવાં વસ્ત્રો સજાવી તમને સત્કારવા કંકુ ચોખા લઈ તૈયાર ઊભી છે. સ્વીકારશો ને એનો આવકાર?!

*માયાના ઘોડે ચઢ્યા અસવાર! કર*
*મોક્ષ માટે તું અહમ્ સંહાર કર*

*ક્ષણ પૂરી જીવીને ઓછો ભાર કર*
*એમ વૈતરણીમાં નૌકા પાર કર*

*તું છે જેનાથી અહીં સહેજે વધુ*
*એ નિરાધારોને તું આધાર કર*

*મોટા ભાગે તો બળેલાં છે હૃદય*
*આભમાંથી એમને મલ્હાર કર*

*આપ દુનિયાને વધારે, કમ લઈ*
*વટ-વચનથી તું જુદો વેપાર કર*

*છે અહીં મૌજુદ એ સૌ તું જ છે*
*એમ માની જાતનો વિસ્તાર કર*

*શક્તિ સંચારિત થવા તૈયાર છે*
*જા! જઈ સહરાને અનરાધાર કર*

*થા સમર્પિતભાવ સાથે તું સમક્ષ*
*અન્ય માટે તું તને નાદાર કર*

*આખું જગ તારે અગર હો જીતવું*
*શસ્ત્ર ને અસ્ત્રોની બુઠ્ઠી ધાર કર*

*માફીથી મોટો નથી કોઈ ઇલાજ*
*પ્રેમથી ઊભા બધા બીમાર કર*

*વેર લેવાનો નવો રસ્તો કહું*
*શત્રુ પર તાજો નવો ઉપકાર કર*

શોભિત દેસાઈ
૧૯૯૫ થી ૨૦/૦૮/૨૦૨૫
આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

કેશુકાકા સફાળા જાગી ગયા........રૂમમાં આજુબાજુ બધે જોવા લાગ્યા. કિસન અને કાશ્મીરા દોડી આવ્યાં.....રૂમની લાઇટ કરી. કેશુકાકા પરસેવે રેબઝેબ હતા.

'શું થયું પપ્પા?' કિસને પૂછ્યું.

'કોઇ ખરાબ સપનું જોયું?' કાશ્મીરાએ કહ્યું.

'તમે નિર્મલના નામની મોટેથી બૂમ મારી'....કિસને કહ્યું.

'હા, સપનું જોયું...હું પણ ઇ જ ઇસ્પિતાલમાં દાખલ થયો, જ્યાં નિર્મલ છે.' કેશુકાકાએ નેપકીનથી પરસેવો લૂછતા કહ્યું.

'કંઇ નહીં...સૂઇ જાઓ આરામથી.' કિસન દૂર ઊભા ઊભા જ બોલ્યો.

'પપ્પાજી તમને કંઇ નથી....ખરાબ વિચારો નહીં કરો....' કાશ્મીરા એમના ખભે હાથ મૂકવા જતી હતી, પણ અટકી ગઇ. કિસને રૂમની લાઇટ બંધ કરી, પણ કેશુકાકાના વિચારોની બત્તી બુઝાઇ નહીં.

***

ડો. સાળુંખે અને ડો. શાહ બન્ને ડોક્ટરો મિસ એક્સની વાત કરી રહ્યાં હતાં ત્યાં અચાનક સોલંકીએ આવીને પૂછ્યુંઃ 'ડો. સાળુંખે, તમે મિસ એક્સનું ચેક-અપ કયર્ું..કોઇ ઇજા કે જખમ?'

'નહીં.. બધું બરાબર છે. આપણને બળાત્કારનો ડર હતો, પણ એવું પણ કંઇ નથી.' ડો. સાળુંખેએ કહ્યું.

'આપણી હામે એક મોટો કોયડો એ ઊભેલો છે કે મિસ એક્સ અહીં આયવી કઇ રીતે?' સોલંકીએ ખુરસી ખેંચીને બેસતાં કહ્યું.

'કાંઇ સમજાતું નથી.' ડો. સાળુંખે બોલ્યાં..

બન્નેની વાત સાંભળી રહેલા ડો. શાહે કહ્યુંઃ રાતે વોચમેન મિશ્રા ડ્યૂટી પર હતો એને પૂછીએ.

તમે લોબીમાં મિસ એક્સનું ચેક-અપ કરતા હુટા તંયે હું એને હોધવા ગેયલો, પણ મને લાગે એ તમાકુ હોધવા ગિયો હશે. બોલતા બોલતા સોલંકીએ બેલ વગાડી. દોડતા આવેલા વોર્ડબોય હરીને કહ્યુંઃ 'મિશ્રાને બોલાવ.'

હાંફળોફાંફળો મિશ્રા કોર્ટમાં સાક્ષીના પાંજરામાં મુજરીમ ઊભો રહે એમ ઊભો રહી ગયો.

'એક ઔરત અંદર આતી હૈ... બેશુદ્ધ હોકે ગિર જાતી હૈ ઓર તુમ કો પતા નહીં ચલતા?' ડો. સાળુંખેએ પૂછ્યું.

'મેડમ, દેર રાત એક કાર અંદર આયી....દો આદમી થે. દોનોને એક ઔરત કો બહાર નીકાલા ઔર હોસ્પિટલ મેં અંદર જાને લગે...હમ સમજે ઔરત કોરોના કી બીમાર રહેગી. બસ, હમને ઇતના દેખા...ફિર આંખ લગ ગઇ...અબ હમે ક્યા પતા વો લોગ બહાર હી છોડ કર ચલે જાયેંગે...'

'અબ ઇસ કો કૌન છોડ કર ગયા? કારન ક્યા હૈ? ઇસકા જવાબ હમકો કહાં સે મિલેગા મિશ્રાજી. ઉધર આપકી આંખ લગ ગઇ ઔર ઇધર હમારી વાટ લગ ગઇ.' સોલંકીએ હળવી ભાષામાં ગુસ્સો કર્યો.

'સાહબ, ઇસકા જવાબ તો વો ઔરત હી દે સકતી હૈ....જબ હોંસ મેં આ જાયે તો આપ ખુદઇ પૂછ લેના.' મિશ્રાજીએ તમાકુની ડબી કાઢી.

'યહાં નહીં...ગેટ પર જા કર તમાકુ હથેલી પર મસલિયેગા.' સોલંકી યુપી સ્ટાઇલમાં બોલ્યો. મિશ્રાજીએ ડબી ખિસ્સામાં મૂકી દીધી.

'પુરા શહેર બંધ હૈ...તુમકો તમાકુ મિલતા કહાં સે હૈ.?' સોલંકીએ પૂછ્યું.

'પુરાના સ્ટાક હૈ...જમા કર રખે હૈ....આજ કામ આ રહા હૈ. સેવિંગ કા ઇમ્પાર્ટન્ટ હમકો કરોનાને સિખાયા...હમ જાયેં?'

'હાં...જાઇએ' સોલંકીએ હાથ જોડ્યા. આટલું સાંભળીને એ નિર્દોષ છુટેલા કેદીની જેમ ભાગ્યો.

'મિસ એક્સ ભાનમાં આવે ત્યાં સુધી આપણે રાહ જોવી રહી.' ડો. સાળુંખે બોલ્યાં ને જ્યોતિ દાખલ થઇ.

'મિસ એક્સ કો હોંશ આ ગયા હૈ.'

વીજળીનો ઝટકો લાગ્યો હોય એમ ત્રણેય ઊભાં થઇ ગયાં. ત્રણેય માટે એ ઇમર્જન્સીનો કેસ હતો. ડો. શાહ, ડો. સાળુંખે અને સૌની પાછળ સોલંકી ઑપરેશન રૂમમાં દાખલ થયા. પગથિયાં પર આવીને એડમિટ થયેલી એક રહસ્યમય યુવતીની કહાની સાંભળવા...સૌથી છેલ્લે જ્યોતિ અંદર આવીને ઊભી રહી ગઇ.

જ્યોતિ, લાઇટ્સ ઓન કરો. ડો. શાહે કહ્યું. એણે ઑપરેશન રૂમની લાઇટસ ઓન કરી. ઑપરેશન થિયેટરના બેડ પર પથરાયેલી ફ્લડલાઇટથી મિસ એક્સની આંખો અંજાઇ ગઇ. એણે મોં ફેરવી લીધું. જ્યોતિએ ઉપરની લાઇટ ડીમ કરી. મિસ એક્સે આંખો પટપટાવીને રૂમમાં ઊભેલા દરેકને વારાફરતી જોયા. ડો. શાહે પોતાના મોં પરનું માસ્ક નીચું કર્યું....બધા એમને અનુસર્યા. મિસ એક્સની આંખોમાં ભય હતો. શરીર કાંપી રહ્યું હતું. ડો. શાહ પરથી ફરતી ફરતી જ્યોતિ સુધી લંબાઈ.....એની ચકળવકળ થતી આંખો ઑપરેશન થિયેટરમાં બધે ફરીવળીને અંતે ડો. શાહ પર આવીને સ્થિર થઇ.

'ગભરાઓ નહીં. તુમ હોસ્પિટલમેં હો ઔર સેફ હો.' ડો. શાહે હમદર્દીના સૂરમાં કહ્યું. મિસ એક્સે એમની સામે ટગરટગર જોયા કર્યું.

'ક્યા નામ હૈ તુમ્હારા...તુમ કો યહાં કૌન લાયા?' ડો. સાળુંખેએ સવાલ કર્યો. જવાબમાં એ જ પ્રતિભાવ. એણે એકીટસે બધાને જોયા કર્યું.

'તુમ બિલકુલ ડરો મત. જો કૂછ ભી હૈ, હમેં બતાઓ. સબ ઠીક હો જાયેગા.' સોલંકીએ એની ભયભીત આંખોમાં રહેલા અનેક સવાલો વાંચી લીધા હોય એમ કહ્યું. મિસ એક્સ નીચું જોઇ ગઇ..ઠંડા..શાંત ઑપરેશન થિયેટરમાં હિબકા સંભળાવા લાગ્યા. સોલંકીએ સ્પર્શવાની કે સલામત અંતર રાખવાની, કોઇપણ જાતની પરવા કર્યા વિના એનો હાથ હાથમાં લઇને પૂછ્યુંઃ 'ક્યા નામ હૈ તુમ્હારા?'

સોલંકીના આત્મીય સ્પર્શથી એ સાંકેતિક ભાષામાં કંઇક કહેવા લાગી. રૂમમાં હાજર બધા સ્તબ્ધ બનીને એકબીજા સામે જોવા લાગ્યા.

'ઓહ માય ગોડ.....આ યુવતી મૂક-બધીર છે.' ડો. સાળુંખે બોલ્યાં.

***

જાફરભાઇએ હોસ્પિટલમાં ફોન લગાડ્યો. રિંગ વાગી...ત્યાંથી પસાર થઇ રહેલા વોર્ડબોય ગોપાળે ફોન ઊંચક્યો. 'હેલ્લો...' ગોપાળ બોલ્યો કે તરત જ જાફરભાઇએ ઉતાવળે પૂછી લીધું.

'મૈં ઇલિયાસ કા ફાધર બોલતા હું. ક્યા રિપોર્ટ આયા ઇલિયાસ કા?'

'ઉસ કો કોરોના હૈ...પોઝિટિવ આયા. આપ કો મેસેજ નહીં આયા?' ગોપાળે કહ્યું. જાફરભાઇએ આંખો મીંચી લીધી....આગળ કાંઇપણ સાંભળવા એના કાન તૈયાર નહતા. ગોપાળે થોડીવાર હેલ્લો હેલ્લો કર્યું. સામેથી જવાબ ન મળતા તેણે ફોન મૂકી દીધો. જાફરભાઇ ફોન પકડીને ક્યાંય સુધી સૂનમૂન ઊભા રહ્યા. એમને બેટા ઇલિયાસના દુઃખ કરતા મોટું દર્દ ઝુબૈદાને આ વાત કેમ કરવી એનું હતું. છાતીના ડાબા ભાગ પર હાથ મૂકીને આંટા મારવા લાગ્યા. ઝુબૈદાએ નમાઝ પઢીને બહાર આવ્યા પછી પહેલો સવાલ એ જ કર્યો.

'ક્યા કૂછ બાત હુઇ?' જાફરભાઇએ છાતી પરથી હાથ હટાવ્યો. તેઓ ચૂપ રહ્યા.

'ક્યા હુઆ? ચૂપ ક્યોં હો?'

> 'ઝુબૈદાના અવાજમાંથી અટકી અટકીને ખરી રહેલી પીડા સોલંકીની લાગણીને ઝણઝણાવી ગઇ'

જાફરભાઇ ઝુબૈદાની નિકટ ગયા. એના બેય હાથ હાથમાં લેતા બોલ્યાઃ 'રિપોર્ટ ઠીક નહીં આયા.'

ઝુબૈદાનું હૈયું બેસી ગયું. શ્વાસ થંભી ગયો. આખું શરીર ઠંડું પડી ગયું. જાફરભાઇ એની હથેળીઓ પર પોતાની હથેળી ઘસવા લાગ્યા. ઝુબૈદાના મોંમાથી એક અક્ષર પણ નીકળ્યો નહીં. જાફરભાઇએ ધાર્યું હતું એવું કંઇ જ ન બન્યું. ઝુબૈદાએ ન હૈયાફાટ રૂદન કર્યું, ન કકળાટ કર્યો. બસ, દિગ્મૂઢ બનીને જાફરભાઈની આંખોમાં જોવા લાગી. જાફરભાઇની મુંઝવણ ઓર વધી ગઇ.

'મુઝે ઉસ સે બાત કરાઓ.' થોડી ક્ષણો પછી એ બોલી.

જાફરભાઇએ મોબાઇલ કાઢીને ફોન જોડ્યો.

'હેલ્લો..જી. જી. ભોય હોસ્પિટલ?'

'યસ.' સામે સોલંકી હતો.

'મૈં ઇલિયાસ કા અબ્બુ....'

'હા હા. બોલિયે.'

ઝુબૈદાએ જાફરભાઇના હાથમાંથી ફોન ખેંચી લીધો.

'મૈં ઇલિયાસ કી અમ્મી હું.'

'જી..' સોલંકી આટલું જ બોલ્યો.

'મેરી ઇલિયાસ સે બાત કરા દો...એકબાર....સિર્ફ એકબાર.' ઝુબૈદાના ભીનાશભર્યા અવાજમાં નહીં રડવાની કોશિશ હતી.....ભાંગી નહીં પડવાની મથામણ હતી.

'મૈં, ફિર...ઇસકે બાદ, વો જિતના દિન ઉધર રહેગા...ઉસે બાત નહીં કરુંગી અલ્લા કસમ.' એણે બહાર આવતા ડૂસ્કાને પરાણે અટકાવી દીધું, પણ સોલંકીને એનો ગળગળો અવાજ...ફુટતા પહેલાંનું ડૂસ્કું સંભળાઇ ગયું. સોલંકીને એક માની બેબસી સ્પર્શી ગઇ. ઝુબૈદાના અવાજમાંથી અટકી અટકીને ખરી રહેલી પીડા સોલંકીની લાગણીને ઝણઝણાવી ગઇ. એણે ફોન કાપી નાખ્યો. ઉપરના વોર્ડમાં ઇલિયાસ હતો ત્યાં ગયો. પોતાના મોબાઇલ પરથી જાફરભાઇને ફોન લગાડીને ઇલિયાસની સામે મોબાઇલ ધરતા બોલ્યોઃ 'અમ્મી સે બાત કરો.' સોલંકી કહીને નીકળી ગયો.

કોરોનાનું નામ સાંભળીને અમ્મીના દિલ પર શું ગુઝરતી હશે. શું બોલવું...ક્યાંથી શરૂઆત કરવી. અંદરથી તૂટી ગયેલી માને હૈયાધારણ આપવી એ દુનિયાનું સૌથી કપરું કામ છે.

'ઇલિયાસ બેટા.'

થોડી ક્ષણો બાદ....'હાં અમ્મી....' ઇલિયાસે એનો એક હાથ દિલ પર મુક્યો. કદાચ એ પથ્થરનું કામ કરી જાય.

'બેટા, તુમ્હે કૂછ નહીં હોગા. બસ, થોડે દિન કા સવાલ હૈ....ફિર મૈં તુમ્હે ખુદ લેને આઉંગી.'

ઇલિયાસ કોઇએ ગળું સીવી નાખ્યું હોય એમ એ ગળા પર હાથ ફેરવવા લાગ્યો.

'મુજસે બાત કરો ઇલિયાસ....બાત કરો...મુઝે તુમ્હારી આવાઝ સૂનની હૈ.'

ઝુબૈદા બોલી.

ઇલિયાસને દિલના ઊંડાણમાંથી પોતાનો જ અવાજ સંભળાવા લાગ્યોઃ ઇલિયાસ, તૂ અમ્મી કો રુલાના નહીં...ઉસકે સામને ટૂટના નહીં.....ઉસકો દિલાસા દે....ચાહે ઝુઠ બોલ...અમ્મી તૂઝે રોતે હુએ...ટૂટતે હુએ નહીં દેખ સકેગી.....ઇલિયાસ બહાર નીકળવા મથી રહેલા ડૂમાને રોકતા બોલ્યોઃ

'અમ્મી, તૂ બિલકુલ ફિકર ન કર. મૈં ઠીક હું...તૂ બસ અપના ઔર અબુ કા ખયાલ રખ.'

'ખુદા સલામત રખ્ખે તુમ્હે બેટા, મૈં અલ્લાતાલા સે દુઆ કરતી હું. અબ મૈં તુમ્હારે ફોન કા નહીં, તુમ્હારે આને કા ઇન્તેઝાર કરુંગી....!' ફોન કટ થયા.

અ.....મ્મી......ઇલિયાસનો ગળું ફાડી નાખતો અવાજ આખા વોર્ડમાં ફરી વળ્યો. સોલંકી ક્યારે આવીને ઊભો રહ્યો એની પણ એને ખબર ન રહી. એની આંખો સામે હજી અમ્મી ઊભી હતી. ઇલિયાસે મોબાઇલ પાછો આપતા એની આંખોમાં જોયું. ઇલિયાસની આંખોમાં 'શુક્રિયા.' વંચાતું હતું ને સોલંકીની આંખોમાં સૂકુન. સોલંકીએ ખિસ્સામાંથી સેનિટાઇઝરની બોટલ કાઢીને મોબાઇલ લૂછ્યો. ઇલિયાસ અમ્મી સાથે વાત કરાવનારા આ ભલા ઇન્સાનને જતા જોઇ રહ્યો હતો.

'સર,' સોલંકીએ પાછળ ફરીને જોયું.

'સર, નિર્મલ કા રિપોર્ટ આયા?' ઇલિયાસે આંસુ લૂછતા પૂછ્યું.

'અભી નહીં.'

'યા અલ્લા, રહેમ કર...મેરે દોસ્ત પર રહેમ કર. વો બંદા તો અમરિકા સે સીધા હોસ્પિટલ મેં ભરતી હૈ....અપને ઘરવાલોં સે મિલા ભી નહીં અબતક. રહેમ કર, રહેમ કર.' ઇલિયાસના શબ્દો સાંભળતા સાંભળતા સોલંકી બહાર નીકળી ગયો. (ક્રમશઃ)■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@
bombaysamachar.com

# GST સુધારા 'ગુડ'... હવે તેને બનાવો વધુ 'બેટર'!

**જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ)માં સુધારા મારફત સરકારે પ્રજાને રાહત આપવાની જાહેરાત કરી છે, પરંતુ આ સાથે આ કર માળખાંનું વધુ રેશનલાઈઝેશન-સરળીકરણ પણ આવશ્યક છે...**

GST (ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ) નો અમલ શરૂ થયો ત્યારથી સતત તેના સંબંધિત વિવાદો, કૌભાંડો અને ટીકાટિપ્પણીઓ આવતાં રહ્યા છે. આ કરના દરોને સુવ્યવસ્થિત કરવા, અનુપાલન વધારવા અને વિવાદોનો વાજબી ઉકેલ લાવવાની બાબતો પર જોઇએ એવું ધ્યાન અપાયું નહોતું, જ્યારે કે તેની જરૂર બહુ પહેલેથી હતી ત્યારે આખરે વડા પ્રધાને હમણાં ૧૫ ઓગસ્ટના આઝાદી દિને આ પરોક્ષ કરમાં નક્કર રાહતો જાહેર કરી છે, (જે અત્યાર સુધી ગરીબો અને અમીરો પર એક જ ચીજ કે એક જ સેવા પર સમાન દરે લાગુ પડે છે), તેમાં સ્લેબ બદલાવી-ઘટાડીને પ્રજા પરનો બોજ હલકો કરવાના પ્રસ્તાવનો સમાવેશ છે.

આ સાથે યા ઉપરાંત જૂની એક્સાઇઝ અને વેચાણવેરા ખાતાની અમલદારશાહીનો અંત લાવવાની પણ ખાસ જરૂર છે. કહેવાય છે કે કરચોરી પણ તગડી છે અને કરપ્શન પણ ભારે છે.

જેને લીધે હેરાનગતિ પણ ભારોભાર છે... હજી તો બધાં રાજ્યોની બનેલી GST કાઉન્સિલ વાસ્તવમાં શું ફાઈનલ કરે છે એ પણ જોવાનું રહેશે.

**ડર નહી, મૈત્રીપૂર્ણ અભિગમ**

GST સુધારાની યોજનાની જાહેરાત કર્યાના બે દિવસ પછી એવું કહેવાયું કે આગામી સુધારા- ફેરફારોનો મુસદ્દો રાજ્યો સાથે શેર કરવામાં આવ્યો છે અને તેમને એ મુદ્દાઓ પર વિચારવિમર્શ કરવા વિનંતી કરવામાં આવી છે, જેથી દિવાળી પહેલા નક્કર દરખાસ્ત રજૂ કરી શકાય. વર્તમાનમાં લાગુ છે એ કરના દરો, મુક્તિઓ, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી), અથવા ચોક્કસ પુરવઠાની કરપાત્રતા અંગેના વિવાદો ઘણીવાર ચેતવણી વિના સપાટી પર આવી જાય છે.

ઘણીવાર અનેક પ્રકારના સત્તાવાળા એકસાથે તપાસ શરૂ કરી સમન્સ, નોટિસ, જપ્તી જેવા કડક રસ્તા અપનાવી કરદાતાઓને ડરાવે છે,. વાસ્તવમાં આ મામલે મૈત્રીપૂર્ણ અભિગમ હોવો જોઈએ. અમુક કિસ્સામાં તો બિઝનેસમેનના બેંક ખાતાઓ સ્થગિત કરીને બ્લોક કરી દેવામાં આવે છે. સૌથી મોટી ખામી તો એ છે કે સિસ્ટમ યાંત્રિક રીતે હજારો ડિમાન્ડ નોટિસો મોકલાવે છે, જેમાં વ્યવસાયોની નાનીનાની વિસંગતતાઓને-ભૂલોને યોગ્યરૂપે ઉકેલવાને બદલે એને રિટર્ન ફાઇલિંગમાં ગરબડ ગણાવી કડકાઇ થાય છે.

**વિવાદને બદલે સંવાદ લાવો**

ડિસેમ્બર ૨૦૨૩ માં, GST સત્તાવાળાએ નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે વાર્ષિક રિટર્ન અને આઇટીસી દાવાઓમાં વિસંગતતાઓને ટાંકીને લગભગ ૧.૪૫ લાખ કરોડ રૂપિયાની ડિમાન્ડ નોટિસ ઈસ્યૂ કરી હતી. ઘણા કિસ્સામાં, લાંબા સમય સુધી કેસ ચાલે છે, જે આવક અને વેપાર બંને માટે અનિશ્ચિતતા વધારે છે. વિવાદોને




ઊભા થતાં જ રોકવા અને તેમને વાજબીપણે અને તાત્કાલિક ઉકેલવા માટે બહુપક્ષીય વ્યૂહરચના આવશ્યક છે. ટેક્સના સ્લેબ્સ ઘટાડી, તેમાં ચીજવસ્તુ કે સેવાઓ મુજબ સમાનતા લાવી શકાય. ટેક્સ દરના નિર્ધારણનો મુખ્ય આધાર એ ગરીબોના વપરાશ માટે છે કે ધનિકોની મોજશોખની જરૂરીયાતો પૂરી કરવા માટે એના પર અવલંબિત હોવો જોઇએ. પેટ્રોલિયમ પ્રોડકટસને GST હેઠળ લાવવાનો સમય પણ પાકી ગયો છે. આમ થતાં કર આધારના વિસ્તરણ સાથે ઓછા દરથી થતું મહેસૂલી નુકસાન પણ સરભર થશે. GST વહીવટીતંત્રે વિવાદોને હેન્ડલ કરવા ઇ-પ્લેટફોર્મેશન સિસ્ટમ અપનાવી તેનો નક્કર અમલ કરવો જરૂરી છે.

**સીધી સજાને બદલે શિક્ષણ આપો...**

આ ઉપરાંત તપાસ હેઠળના વિવિધ કેસનો લાઇવ ડેટા GST વેબસાઇટ પર હોસ્ટ કરવાથી કરદાતાઓને નકલી ઇન્વોઇસિંગ, ગેરરીતિવાળા ઇનપુટ ટેક્સ ક્રેડિટ અને કરચોરી જેવા અનેક કિસ્સામાં સત્તાવાર માહિતી પારદર્શિતા સાથે આસાનીથી ઉપલબ્ધ થશે. એમએસએમઇ (નાના-મધ્યમ એકમો) જેવા કરદાતાઓ કાયદાનું ઉલ્લંઘન કરવાનો ઇરાદો ધરાવતા ન હોય એવું બને, પરંતુ એમના તરફથી ભૂલોની સંભાવના વધુ હોય છે તેથી એમને સપોર્ટ માટે કન્સલ્ટંટ્સ પાસે દોડવું ન પડે એ માટે સરકારે જ પ્રશિક્ષણની વ્યવસ્થા કરવી જોઇએ. રિટર્ન ચકાસણી, ઓડિટ અથવા અમલીકરણ દરમિયાન સામાન્ય રીતે થતી ડેટાની ભૂલો, વિસંગતતાઓ અથવા બિન-પાલનનાં અન્ય સ્વરૂપોને પ્રકાશિત કરી વેપારીઓને સમયાંતરે સલાહ આપવાની એક પરંપરા સ્થાપિત થવી જોઈએ.

અહીં બિન-પાલનનો એક મુખ્ય સ્રોત આઇટીસી-ઇનપૂટ ટેક્સ ક્રેડિટનો છે. આ સંદર્ભમાં કરચોરીના આરોપો સામે રક્ષણ માટે માલ અથવા સેવાઓ પ્રાપ્ત કરનાર કરદાતાએ કયા વાજબી પગલાં લેવા જોઈએ તેની સ્પષ્ટતા વારંવાર કરી નાના કરદાતાઓને મદદરૂપ થઈ શકાય.

ચોક્કસ પડકારજનક ક્ષેત્રોમાં GST ઓડિટ એકથી વધુ સત્તાવાળા દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવે એ સરાહનીય છે. પણ સૌથી પડકારજનક કાર્ય તો વિવાદોનું સંચાલન કરતા અધિકારીઓના ન્યાયી વર્તન અને સમયસરતાની ભાવના જગાડવાનું અને લાગુ કરવાનું છે. આ વર્ગની અભિગમ અને આચારના ધોરણોમાં ભારે ખામી હોવાની ફરિયાદો થતી હોય છે. સામે પક્ષે કરદાતાઓએ પણ ખાતરી કરવી જોઇએ કે એમનો રિટર્ન ડેટા ડિજિટલાઇઝ્ડ વાતાવરણમાં સચોટ, સુસંગત અને સંપૂર્ણ છે, જે સિસ્ટમમાં વિશ્વાસ પ્રેરિત કરી શકે.

**તાજા કલમઃ**

## વીમા પોલિસીને પણ GSTમાં રાહતના સંકેત ...

હેલ્થ અને લાઈફ ઈન્સ્યુરન્સ પરના GSTમાં રાહતની તાતી જરૂર છે અને એ દિશામાં રાહત આપવા સરકાર સક્રિય થઈ છે એવા સંકેત મળી રહ્યા છે. આનાથી વીમાનો લાભ દેશના વ્યાપક વર્ગ સુધી પહોંચી શકે. દેશમાં હજી બહુ મોટો વર્ગ વીમારક્ષાથી દૂર છે, જેને એફોર્ડેબલ-પોષાય એવો બનાવવા માટે GSTની નાબૂદી અથવા તેના દરમાં નોંધપાત્ર ઘટાડો અનિવાર્ય છે. આ મામલે જીએસટી કાઉન્સિલ ચર્ચા શરૂ થઈ ગઈ છે. આનો સકારાત્મક નિર્ણય સામાન્ય નાગરિકની સાથે વીમા ઉદ્યોગના વિકાસ માટે બહુ મહત્ત્વનો છે. ■

# કેક સ્પેશિયાલિસ્ટ શ્વેતા મુત્રેજા અગરવાલની એગલેસ કેક તમે બાપ્પાને ચોક્કસ ચખાડજો!



એક સમયે ૬૦ વર્ષના લોકો ખાણીપીણીમાં ધ્યાન રાખતા, જેથી બીમારીનો ભોગ ન બનીએ. અમુક વસ્તુઓ ખાવાનું ટાળતા. ઘણીવાર એમ પણ બનતું કે બજારમાંથી મળતી વસ્તુઓમાં શું નાખ્યું હશે ને શું નહીં તેનો વિશ્વાસ ન બેસતો. આથી ન ખાવાનું સારું તેમ કહી ઈચ્છા હોવા છતાં સ્વાદ માણવાનું ટાળતા. ખાસ કરીને બેકરી પ્રોડેકટ્સની શુદ્ધતા પર લોકોને ભરોસો થતો નથી. પણ હવે માત્ર પુખ્ત વયના કે સિનિયર સિટિઝન્સ નહીં, યુવાનો સહિત સૌ કોઈ હેલ્થ કોન્શિયસ થયા છે. તેમની ફૂડ ચોઈસ વધારે પર્સનલ થઈ ગઈ છે. એક જ ઘરમાં ચાર જણાની ચોઈસ અલગ અલગ હોય છે. ત્યારે હેલ્થ અને ટેસ્ટ બન્નેનું ધ્યાન રાખવાની જવબાદારી ફૂડ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા પ્લેયર્સની છે. આજે આપણા આવા જ એક પ્લેયરની વાત કરવાની છે, જેમની યુએસપી જ કસ્ટમાઈઝેશન છે. તે તમને ભાવે તેવું બનાવીને તમને આપે છે અને તમારી હેલ્થની તકેદારી તમારા કરતાં વધારે રાખે છે.



આપણે વાત કરી રહ્યા છે કેક ક્વીન શ્વેતા મુત્રેજા અગરવાલની. મુંબઈનું આ જાણીતું નામ દરેક હેલ્ધી કેક ખાવાના આગ્રહીઓનું ફેવરિટ બની ગયું છે. શ્વેતા રોજ કંઈક નવું આપવા તલપાપડ રહે છે. એકાદ બે વરાયટી બનાવી તે બેસી જવામાં માનતી નથી, પરંતુ કસ્ટમરનો દરેક અનુભવો નવો અને તાજો થાય તે માટે તે સતત રિસર્ચ કરે છે, નવા ટેસ્ટ ડેવલપ કરતી રહે છે. ૨૭મી ઑગસ્ટથી ગણેશોત્સવ શરૂ થવાનો છે ત્યારે શ્વેતા ખાસ સ્પેશિયલ કેક લઈને આવી છે તમારા માટે. મોદક અને અન્ય પારંપારિક મિઠાઈઓ સાથે તમે બાપ્પાને કેક પણ ધરી શકો છો. આ કેક ટોટલી એગલેસ છે અને તમારી પસંદગીની સામગ્રીથી બનાવેલી કેક તમને મળી શકે છે.



શ્વેતા પાસે દરેકની ઈચ્છાને સંતોષવા માટે વેરાયટી છે. પ્યોર વેજીટેરિયન કેક સાથે, ડાયાબિટિક કે કેન્સર પેશન્ટ્સ માટે પણ શ્વેતા ખાસ કેક બનાવે છે. હેલ્ધી પ્રોડક્ટ બનાવવા માટે ખાસ હેલ્ધી સામગ્રીનો જ ઉપયોગ થાય છે. મેંદાની બદલે મિલેટ્સ, એટીથ્રીએલ કે મોન્ક ફ્રૂટ જેવા નેચરલ સ્વીટનર્સનો ઉપયોગ થાય છે. એક બહુ મોટો વર્ગ છે જે વિગન ફૂડ તરફ વળ્યો છે, શ્વેતા તેમને પણ નિરાશ નથી કરતી. શ્વેતાને હવે તેમના કસ્ટમર્સ અલગ અલગ વસ્તુઓની ડિમાન્ડ પણ કરે છે. કોઈ કહે છે કે આ સામગ્રી ઉમેરો તો કોઈ કહે છે કે અમને આ ટેસ્ટની કેક જોઈએ છે. તેમની જેવી ડિમાન્ડ હોય શ્વેતા બધાને સંતોષ મળે તેટલી વેરાયટી બનાવે છે. આ સાથે શ્વેતા તમારા બજેટને અનુરૂપ તમને ઑપ્શન્સ આપે છે. શ્વેતા તમારા બજેટમાં કામ કરે છે, પરંતુ ક્વોલિટી સાથે કોઈપણ જાતનું સમાધાન કરવામાં માનતી નથી. તેની કેક તમે સ્ટોર પણ કરી શકો છો. આથી તમને મોંઘી પડતી નથી.

ઘણીવાર નાનપણથી જ આપણામાં અમુક પ્રતીભા કે રસ-રૂચિ હોય છે, પરંતુ આપણે તેને પ્રોફેશન બનાવવાનો વિચાર કરતા નથી. ખાસ કરીને કોઈ યુવતી રસોઈ બનાવવાની શોખિન હોય તો તે માત્ર તેનો શોખ કે જવાબદારીનો ભાગ બની જાય છે. શ્વેતાના કિસ્સામાં પણ આમ જ બન્યું. રસોઈનો શોખ અને તે પણ સ્વાદિષ્ટ અને સ્વાસ્થયવર્ધી ભોજન બનાવવાની કલા પરિવારમાંથી વારસામાં જ મળી હતી, પરંતુ શ્વેતાએ ઘણા લાંબા સમય બાદ તેને પ્રોફેશન તરીકે વિકસાવ્યું. પીઆર તરીકેની કરિયર છોડી કોરોનાકાળ દરમિયાન શ્વેતાએ આ નવી દિશામાં પગ મૂક્યો અને આજે તે પ્રોફેશનલ કેક મેકર બની ગઈ છે.

જોકે કેક જ નહીં શ્વેતા અલગ અલગ દેશોના કુઝીન જે તે દેશમાં જઈને શિખે છે અને પછી ઑથેન્ટિક ટેસ્ટ સાથે તમને પિરસે છે. શ્વેતાને આ કામ કરવાની એટલી મજા આવે છે કે તે ફૂડ ઓર્ડર પણ લે છે. બધુ જ શ્વેતા પોતાના ઘરેથી સ્પેશિયલ કિચનથી મેનેજ કરે છે. શ્વેતાએ ખાસ સ્ટાફ પણ ટ્રેઈન કર્યો છે અને તેમની માટે પણ કસ્ટમરનું સેટિસ્ફેકશન સૌથી મોટો રિવોર્ડ્ર છે.

તમને બેકડ્ બિસ્કોફ ચીઝકેક, કસ્ટમાઈઝ્ડ ચોકલેટ કેક, ગ્રનોલા, ખાઉસોય કોટેજ ચીઝ, સલાડ્સ ખાવાની ઈચ્છા હોય તો પણ શ્વેતાનું કુકી કેક ક્રમ્બલ તમારી માટે બેસ્ટ છે, પણ શ્વેતાની હીરો પ્રોડેક્ટ છે ચોકલેટ ચીપ ટી-કેક. આ કેક નાના-મોટા સૌની ફેવરીટ છે. ભારતમાં જ નહીં વિદેશમાં પણ જાય છે.

જોકે શ્વેતા અહીંથી રોકાતી નથી તે કંઈક નવું અને મનભાવન બનાવતી રહે છે અને લોકોને ખવરાવતી રહે છે. આ બધુ શ્વેતા કરે છે ઘર-પરિવાર અને સંતાનોની જવાબદારી સાથે. એક ઉંમર બાદ નવું કામ શરૂ કરવું અને તેમાં પોતાની અલગ છાપ ઊભી કરવી આપણે માનીએ તેટલી સહેલી વાત નથી. આથી શ્વેતા એ તમામ લોકો અને ખાસ કરીને મહિલાઓ માટે પ્રેરણાદાયી છે જે નવી દિશા તરફ ડગ માંડવાનું જોખમ લે છે અને સફળતાપૂર્વક તેના પર ચાલે છે.

તમે પણ શ્વેતા મુત્રેજા અગરવાલની રેસિપીઓનો સ્વાદ
માણી શકો છો, આ રહી ડિટેલ્સ-
@kookiecakecrumble 98198 44013

# દાદરની કેટરિંગ કોલેજના આ વિદ્યાર્થીના હાથનો સ્વાદ તમને મંત્રમુગ્ધ કરી નાખશે




એક પુરુષ સારી રસોઈ બનાવી શકે તે વાત હવે સર્વસ્વીકાર્ય છે. ભારતના ઘણા સેલિબ્રિટી શેફ વિશ્વમાં નામ કમાઈ ચૂક્યા છે. આવા જ એક શેફની આપણે વાત કરવાની છે. નામ છે વિરેન્દ્ર રાવત. મુંબઈમાં જ જન્મેલા અને ઉછરેલા વિરેન્દ્રએ પોતાનું કરિયર આ ક્ષેત્રમાં બનાવવા માટે દાદરની કેટરિંગ કોલેજમાંથી ગ્રેજ્યુએશન કમ્પલીટ કર્યું. વિરેન્દ્રએ આ બિઝનેસમાં એમ જ પ્રવેશ કર્યો. માતા-પિતા ઈચ્છતા હતા કે ઓટો-મોબાઈલ ક્ષેત્રમાં કરિયર બનાવે, પરંતુ કોઈ કારણસર તે શક્ય ન બન્યું. તે સમયે કેટરિંગ ટ્રેન્ડમાં હતું અને વિરેન્દ્રએ પણ ઝંપલાવ્યું. જોકે જેમ જેમ તે આ ક્ષેત્રમાં આગળ વધ્યા તેમને મજા આવતી ગઈ. આજે ૨૦ કરતા પણ વધારે વર્ષથી તેઓ કેટરિંગના અલગ અલગ સેક્શનમાં કામ કરી રહ્યા છે અને પોતાના કામનો આનંદ પણ માણી રહ્યા છે.





વિરેન્દ્રની કરિયરની શરૂઆત ઘણી પોઝિટીવ થઈ. તેમને જાણીતા શેફ મોશે શેક સાથે કામ કરવાનો મોકો મળ્યો. આ અનુભવે વિરેન્દ્રને નવી જ દિશા આપી. કિચન માત્ર રસોઈ બનાવવાનું સ્થળ નથી તમારી સર્જનાત્મકતાને ખિલાવવાની તક પણ છે તે વિરેન્દ્રને સમજાયું. પારંપારિક વાનગી હોય કે કોઈ અલ્ટ્રામોર્ડન ટેસ્ટ, વિરેન્દ્રને દરેક ફ્લેવર પોતાની તરફ ખેંચવા લાગી. આવી રહેલા ગણેશોત્સવ માટે તેમણે ઉકળી ચે મોદકના અલગ અલગ ટેસ્ટ ડેવલપ કર્યા છે. ઈન્ડિયન અને ફોરેન એમ બન્ને કુઝીનમાં વિરેન્દ્ર એક્સપર્ટ છે.





લાંબા સમય સુધી અન્ય રેસ્ટોરાં કે એમએનસી સાથે કામ કર્યા બાદ વિરેન્દ્રને થયું કે હવે કંઈક મારા માટે કરું. ૧૨ વર્ષ પહેલા વિરેન્દ્રએ ગૂડ ફૂડ કોન્સેપ્ટ નામનું વેન્ચર શરૂ કર્યું. વિરેન્દ્રએ કેટરિંગ સાથે પોતાને બેન્ક્વેટ હોલ અને નાના કેફે પણ શરૂ કર્યા. એક સમયે મુંબઈની જાણીતી ૧૦ જેટલી ક્લબમાં વિરેન્દ્ર કેટરિંગ સર્વિસ આપતો. ત્યારબાદ તેણે નાના કેફે શરૂ કર્યા. હિન્દુજા અને જશલોક જેવી હોસ્પિટલોમાં પણ વિરેન્દ્રના કેફે ચાલે છે. પોતાનો બેન્ક્વેટ હોલ પણ છે. આઠ-દસ વર્ષ કામ કર્યા બાદ વિરેન્દ્રને થયું કે જે કરવું છે તે મારે મારા માટે કરવું છે અને છેલ્લા ૧૨ વર્ષથી તે પોતાની કેટરિંગ કંપની ચલાવી રહ્યા છે. આ ફિલ્ડના પડકારો વિશે તેઓ કહે છે કે આજના સમયમાં જે કોઈપણ વસ્તુઓ જોઈતી હોય તે દુનિયાના ગમે તે ખૂણામાંથી હું મંગાવી શકું છું. એ રીતે આ બિઝનેસ આસાન થઈ ગયો છે, પરંતુ અમુક સરકારી મંજૂરીઓ લેવાનું આજે પણ એટલું જ અઘરું છે. કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ હોવાછતાં બાબુશાહીનો સામનો કરવો પડે છે, તેનાથી છૂટકારો મળે તે જરૂરી છે.





વિરેન્દ્રના જીવનનું એક સૂત્ર છે જીવન તમને જ્યારે લીંબુ આપે ત્યારે તમે તેનું લેમોન્ડે બનાવી નાખો. પોતાના જ ફિલ્ડની આ એક નવી કહેવત વિરેન્દ્રએ અમલમાં મૂકી છે. લાઈફમાં જે પડકાર આવે તેને તકમાં ફેરવી નાખવામાં વિરેન્દ્ર માને છે.

આ ફિલ્ડમાં યુવાનો જો કરિયર બનાવવા માગતા હોય તો વિરેન્દ્રનું કહેવાનું છે કે તમારી માટે ઘણી જ કરિયર ઑપચ્યુનિટીઝ છે. માત્ર રેસ્ટોરાં જ નહીં, આજકાલ મોટા કોર્પોરેટ્સથી માંડી ઘણી જગ્યાએ સ્પેશિયલ શેફની ડિમાન્ડ છે. વિરેન્દ્રનું કહેવાનું છે કે જેમને રસોઈ બનાવતા આવડે છે તે ક્યારેય ભૂખ્યુ સૂતું નથી તે ન્યાયે આ ફિલ્ડમાં તમે આવશો તો તમે કામ વિનાના નહીં રહો.

(Good Food Concept, gfcmumbaihotmail.com - 9820842525)

મારૂં ભાવનગર
લીલુછમ ભાવનગર

# ભવિષ્યમાં ભાવનગરમાં એક ખુબ જ મોટુ આયુર્વેદિક વન બનાવવાનું અમારૂ આયોજન : દેવેનભાઈ શેઠ

તહેવાર હોય કે જન્મદિવસ કે પછી વિશ્વ પર્યાવરણ દિવસ હોય, દરેક દિવસને વૃક્ષારોપણ દ્વારા પર્યાવણરની યાદો વડે વણી તેને યાદગાર બનાવનાર અને નાનાપણથી જ પ્રકૃતિ પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવનાર ભાવનગરના જાણીતા યુવા ઉદ્યોગપતિ - કાયમચૂર્ણના ઉત્પાદક એવા શેઠ બ્રધર્સ પરિવારના દેવેનભાઈ વિશે જાણવું ઘણું રસપ્રદ છે.

દેવેનભાઈ શેઠ ને ભાવનગરને બેંગ્લોર જેવું ગ્રીનસીટી બનાવવાનો વિચાર આવ્યો અને આ વિચાર તેમણે તેમના મિત્ર સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી શ્રી તારકભાઈ શાહ સમક્ષ રજૂ કર્યો અને તારકભાઈની સલાહથી દેવેનભાઈએ તેમનો ભાણીયો કિલોન મહેતા તથા અન્ય પર્યાવરણ પ્રેમીઓને સાથે રાખી ૫ જૂન, ૨૦૧૧ વિશ્વ પર્યાવરણ દિવસે અમલમાં મુકી ગ્રીનસીટી ચેરિટેબલ ટ્રસ્ટ ની સ્થાપના કરી. ગ્રીનસીટી દ્વારા શહેરમાં વૃક્ષારોપણના મહા અભિયાનનો પ્રારંભ કર્યો. પ.પૂ. આનંદબાવાશ્રીના વરદ્ હસ્તે ગ્રીનસીટીનું પ્રથમ વૃક્ષ વાવવામાં આવ્યુ અને આજે ૧૪ વર્ષો પછી ગ્રીનસીટી એ અઘઘઘ ૨ લાખ થી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી તેની સતત કાળજી લઈ ઉછેર કરીને ભાવનગરને એવું હરીયાળુ શહેર બનાવી દીધુ કે આજે ગુજરાતમાં ગાંધીનગર પછી બીજા ક્રમે હરીયાળા શહેર તરીકે ભાવનગર સ્થાપિત થઈ ચૂક્યું છે.




કાયમચૂર્ણનું સંશોધન કરી જેમણે સાત પેઢીને તારી દીધી એવા મારા પિતાશ્રી વૈદ્ય રસીકભાઈ શેઠ મારા આદર્શ રહ્યા છે

એરપોર્ટ હોય કે રેલ્વે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેન્ડ હોય કે ભાવનગરમાં પ્રવેશ કરવાનો કોઈ રોડ હોય, સૌ પ્રથમ તમને ગ્રીનસીટીના ટ્રી-ગાર્ડવાળા જથ્થાબંધ વૃક્ષો જોવા મળે. શહેરના કોઈપણ વિસ્તારમાં ફરો તમને ગ્રીનસીટી એ વાવેલા વૃક્ષો જોવા મળે જ.

આ માટે છેલ્લા ૧૪ વર્ષોથી દેવેનભાઈ શેઠ એ પોતાનું જીવન પર્યાવરણ ને અર્પણ કરી દીધુ છે. બહારગામ ફરવા જાય તોય તેમનો જીવ તો ભાવનગરના તેમના વૃક્ષોમાં જ હોય. રોજ સવારે ૪ વાગે ઉઠીને ચા-પાણી પી ને ૫ વાગ્યાથી વૃક્ષોને પાણી પાવાનું ટેન્કર લઈને નીકળી પડે. ટેન્કર જાતે ચલાવે, એક હાથે ટેન્કર ચલાવે, બીજા હાથે ડિવાઈડરમાં નાખેલા વૃક્ષોને પાણી પાતા જાય. રોજ ૩ કલાક વૃક્ષોને પાણી પાઈ ૮ વાગે ઘરે આવે. આ ક્રમ છેલ્લા ૧૪ વર્ષોથી સતત શરૂ છે. શહેરનું નાનામાં નાનુ છોકરુ પણ દેવેનભાઈને ઓળખી જાય કે ગ્રીનસીવાળા દેવેનભાઈ વૃક્ષોને પાણી પાવા આવ્યા. દેવેનભાઈ સવારે પાણી પાતા હોય ત્યારે ડિવાઈડરમાં નાખેલી કરણના ફુલો વડીલ-વૃધ્ધો ભગવાનને ચડાવવા તોડતા હોય. આ દ્રશ્ય જોઈને દેવેનભાઈ ભાવુક થઈ જાય કે ઈશ્વર એ મને કેવી સરસ તક આપી છે. લોકોને હું આટલો ઉપયોગી બની શકુ છું.

ગ્રીનસીટી એ વૃક્ષોને પાણી પાવા માટે ૩ ટેન્કરો વસાવ્યા છે. ગ્રીનસીટીના સ્ટાફના ત્રણ માણસો સવાર થી સાંજ સુધી દરરોજ પાણી પાતા હોય. દેવેનભાઈનો સિધ્ધાંત છે કે દાતાશ્રીઓએ આપેલ ડોનેશન થી નાખેલ એક પણ વૃક્ષ સૂકાય ન જાવું જોઈએ અને જો કોઈપણ કારણસર વૃક્ષ સૂકાય તો બીજા જ દિવસે તેની જગ્યાએ બીજુ નવું વૃક્ષ નાખી દેવામાં આવે. આટલી ચિવટથી કામ કરતા દેવેનભાઈ આખો દિવસ વૃક્ષોની સાર-સંભાળના કાર્યના અયોજનમાં વિચારમગ્ન હોય. આજે કયા-કયા વિસ્તારોમાં પાણી પાવાનું છે તેની વિગતવાર સૂચના ત્રણેય માણસોને અપાય જાય. નવા કયા વિસ્તારમાં વૃક્ષારોપણ ની જરૂર છે તે નકકી કરે. વૃક્ષારોપણ માટેના દાતાશ્રીઓનો સંપર્ક કરે. વૃક્ષ માટેના ટ્રી-ગાર્ડનો ઓર્ડર આપે, જમીનને અનુરુપ કયુ વૃક્ષ નાખવું તે નકકી કરે અને નર્સરીમાં તેનો ઓર્ડર આપે. જે દાતાશ્રીએ ડોનેશન આપ્યુ હોય તેમનું નામ પેઈન્ટર પાસે લખાવે, વૃક્ષો નાખવા માટેના ખાડા બરાબર થયા છે કે નહી તે જાતે તપાસી લે. ડોનરને બોલાવી તેમના હસ્તે વૃક્ષારોપણ કરાવે અને દરેક વૃક્ષારોપણમાં દેવેનભાઈ પોતે તો હાજર હોય જ સાથે તેમની ગ્રીનસીટીના સભ્યો હોય. આમ દરેક કામ ઝીણવટપૂર્વક અને ચોકસાઈ સાથે કરવાની દેવેનભાઈને પસંદ છે.

દેવેનભાઈનું હવે પછીનું આયોજન ભાવનગર શહેરમાં એક વિશાળ આયુર્વેદિક વન બનાવવાનું છે. જેમાં આયુર્વેદિક વનસ્પતિઓના તમામ પ્રકારના વૃક્ષો નાખવાનું આયોજન કર્યું છે. જેથી કરીને લોકોને ખ્યાલ આવે કે અશ્વગંધા, શતાવરી, નગોડ, આંબળા, વાવડીંગ વિગેરેના વૃક્ષો કેવા હોય અને તેના ફાયદા અને ગુણો શું છે.

છેલ્લે દેવેનભાઈ એ જણાવ્યું હતું કે બાપ-દાદાના સમયથી અમારો ધંધો આયુર્વેદિક વનસ્પતિઓ સાથે સંકળાયેલો છે અને આનાથી જ આજે અમો દેશ-વિદેશમાં જાણીતા બન્યા છીએ. ભાવનગર અમારી કર્મ-ભૂમિ છે. તેથી જ આયુર્વેદનું અને ભાવનગરનું ઋણ ચુકવવા અમો આટલા વિશાળ પાયે વૃક્ષારોપણ કરી રહ્યા છીએ અને એક વિશાળ આયુર્વેદિક વન ભાવનગરની પ્રજાને અર્પણ કરવું છે.

"કર્મ એ જ ધર્મ" છે એ સુત્ર અનુસાર દેવેનભાઈ આ નેક કામ કરી પોતાનો ધર્મ નિભાવી રહ્યા છે. "કાયમચૂર્ણ" ની શોધ કરીને જેમણે સાત પેઢીને તારી દીધી છે એવા મારા સ્વ. પિતાશ્રી વૈદ્ય રસિકભાઈ શેઠ હંમેશા કહેતા કે જે કામ કરો તેમાં તમારી તમામ શકિત રેડી દયો. સારા અને નેક ઈરાદા સાથે કરેલું કર્મ કયારેય નિષ્ફળ નથી જાતું. આજે હું તેમના જ પગલે ચાલી રહ્યો છું, તેનો મને ગર્વ અને આનંદ છે.

**અમારો વ્યવસાય આયુર્વેદિક દવાનો છે જે વનસ્પતિમાંથી બને છે આથી વનસ્પતિઓ અને વૃક્ષોના અમે ઋણી છીએ ઉપરાંત ભાવનગર અમારી કર્મભૂમિ છે એનું ઋણ ચુકવવા ભાવનગર શહેરને હરિયાળુ બનાવી અમે ઋણ ચુકવી રહ્યા છીએ : દેવેનભાઈ શેઠ**



જૂનાગઢમાં ભારે વરસાદને પગલે ઉપરવાસમાં પાણીની આવક વધતા યાત્રાળુઓની સલામતી માટે દામોદર કુંડ, જટાશંકર, વીલિંગડન ડેમ પર જવા માટે હંગામી પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. (તસ્વીરઃ હરેશ સોની જૂનાગઢ)

# કચ્છમાં મેઘાવી માહોલ બરકરારઃ ગાંધીધામ, ગઢશીશા, રાપર સહિતના મથકોમાં દોઢથી ત્રણ ઇંચ વરસાદ વરસ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત પર વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ સર્જાઇ રહી છે. કચ્છમાં પણ વરસાદી માહોલ બરકરાર રહ્યો છે. વીતેલા ૨૪ કલાક દરમ્યાન સર્વત્ર દોઢથી ત્રણ ઇંચ જેટલો છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. પશ્ચિમ કચ્છના અબડાસામાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ નોંધાતા તાલુકાનું બારા ગામ થોડા કલાકો માટે સંપર્ક વિહોણું બની જતાં ગ્રામીણોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, અબડાસાના બિટ્ટા ગામથી નખત્રાણા પંથકને જોડનારા એકમાત્ર માર્ગ પરની પાપડી વરસાદી પાણીને કારણે તૂટી પડતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. આ ઉપરાંત નખત્રાણા પંથકમાં દોઢ, અંજાર તાલુકામાં બે ઇંચ, બંદરીય માંડવીમાં અડધાથી એક, જયારે ભુજ-રાપર-લખપત વિસ્તારમાં ગોરંભાયેલા માહોલ વચ્ચે હળવું ઝાપટું પડ્યું હતું. જેને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગાંધીધામ-આદિપુર સંકુલ અને તાલુકામાં શરૂઆતમાં ધીમી ધારે વરસેલા વરસાદે બપોર બાદ ગતિ પકડી હતી અને બે કલાકમાં અંદાજે અઢી ઇંચ જેટલો વરસાદ પડતાં માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતાં. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં હતાં. આ ઉપરાંત માંડવી તાલુકામાં પણ બપોર બાદ શ્રાવણી અભિષેક સમાન વરસાદ વરસતાં લોકોમાં ખુશી જોવા મળી હતી. ■



(તસ્વીરઃ ઉત્સવ વૈદ્ય)

# રાપરના ચિત્રોડ પાસે ખનિજ માફિયાઓ દ્વારા માઇન્સ સુપરવાઈઝર પર ઘાતક હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં રાજકીય ઓથા હેઠળ ભયમુક્ત બનેલા ખનિજ માફિયાઓ પર લગામ કસવા શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત અંજાર ભુસ્તરશાસ્ત્રી અને ખાણ ખનિજ વિભાગની ટુકડી રાપરના ચિત્રોડ નજીક ચાઇના ક્લે ભરેલા ડમ્પરને અટકાવીને રોયલ્ટી પાસને તપાસી રહી હતી એ વેળાએ ઉશ્કેરાયેલા પાંચ જેટલા ખનિજ માફિયાઓએ માઇન્સ સુપરવાઇઝર સાથે હાથાપાઈ કરી હતી. તેમના પર પથ્થરો વડે હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ગાગોદર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ કડીના હાલે પૂર્વ કચ્છ ખાણ ખનિજ વિભાગ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં માઇન્સ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા ગૌરાંગ રામા પરમાર ગત ૨૧-૮ના મધ્યાહને સરકારી વાહનમાં માઇન્સ સુપરવાઇઝર મેરામણ સામત ગોજીયા, ચાલક યુવરાજસિંહ લગધીરસિંહ જાડેજા, સિક્યુરિટી ગાર્ડ જયપાલસિંહ અનુપસિંહ ગોહિલ રૂટિન મુજબ સામખિયાળી અને ત્યાંથી આડેસર અને રાપર તરફ ગયા હતા. સાંજે પરત ફરતી વેળાએ ચિત્રોડ ગામ પાસે ચાઇના ક્લે માટીથી ભરેલા બે શંકાસ્પદ ડમ્પરો તેમની નજરે પડતાં માઇન્સ સુપરવાઈઝરે 'જીઓ માઇન એપ' વડે ડમ્પરોની રોયલ્ટી ચકાસી રહ્યા હતા. આ દરમ્યાન થોડે દૂર ઊભેલાં ત્રીજા ડમ્પરની તપાસ કરતા રોયલ્ટી ન હોઇ ત્યાં હાજર પ્રવિણ કરશન કોલી, પ્રવિણનો પુત્ર એવો ડમ્પર ચાલક મોહન અને અન્ય બે શખસની પૂછપરછ કરવી શરૂ કરી હતી. આ વેળાએ પ્રવિણે મોહનને ડમ્પર ચાલુ કરવાનું કહ્યું હતું. અધિકારીઓએ ડમ્પરના આધાર પુરાવા બતાવવાનું કહેતા તે ન હોવાનું જણાવી પ્રવિણે અધિકારીને બે-ત્રણ થપ્પડ મારી, લાત મારીને તેને નીચે પાડી દીધા હતા અને અધિકારીઓ પર પથ્થરો ફેંકી ઇજાઓ પહોંચાડી ડમ્પર લઇ નાસી છૂટ્યા હતા. ગાગોદર પોલીસે વિવિધ કલમો તળે પાંચ હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી અપરાધીઓને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ખેડૂતો આનંદો... કપાસના ટેકાના ભાવમાં ₹૧૦૬નો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ કપાસ પકવતા ખેડૂતો માટે આનંદના સમાચાર આવ્યા હતા. સરકાર દ્વારા ટેકાના ભાવે જે કપાસ ખરીદવામાં આવે છે એ કપાસના ભાવમાં ગત વર્ષ કરતાં રૂપિયા ૧૦૬/- નો વધારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ સરકારે રજિસ્ટ્રેશનના નિયમોમાં ફેરફાર કર્યા છે.

ભૂતકાળમાં જ્યારે ખેડૂતો કપાસ વેચવા જાય ત્યારે રજિસ્ટ્રેશન કરાવી શકતા હતા તેના બદલે હવે આગામી તારીખ ૧ થી રજિસ્ટ્રેશન એક જ મહિના માટે થશે ત્યારબાદ રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે આથી તળાજાના ખેડૂતોને વહેલાસર રજિસ્ટ્રેશન કરાવી લેવા યાર્ડના સેક્રેટરી અજીતભાઈ પરમાર દ્વારા સૂચના આપવામાં આવી હતી.

જિલ્લાના તળાજા તાલુકામાં કપાસનું વાવેતર અને ઉત્પાદન બમ્પર થાય છે. સરકાર દ્વારા ગત વર્ષે કપાસના ટેકાના ભાવ રૂ. ૧૪૯૬/- રાખ્યા હતા જે આગામી વર્ષ માટે રૂ.૧૬૧૨/- જાહેર કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા તળાજા યાર્ડને સીસીઆઇ કેન્દ્ર આપવામાં આવ્યું છે જે માત્ર કપાસની ખરીદી કરે છે. તળાજા તાલુકાના ખેડૂતોએ જો સીસીઆઈમાં સરકારે જાહેર કરેલ ટેકાના ભાવે કપાસ વેચવો હોય તો આ વખતે એડવાન્સમાં એટલે કે આગામી તા.૧/૯ થી ૩૦/૯/૨૫ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું પડશે.

સીસીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં ખેડૂતો જ્યારે કપાસ વેચવા આવે ત્યારે તેમનું રજિસ્ટ્રેશન કરવામાં આવતું હતું. આ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને એડવાન્સ રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવામાં આવી છે.

જે ખેડૂત સરકારે નક્કી કરેલા સમયગાળા દરમિયાન રજીસ્ટ્રેશન નહીં કરાવે તો તેમનો કપાસ સીસીઆઇ ખરીદી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે રજિસ્ટ્રેશન બંધ કરી દેવાતા ખેડૂતો તરફથી સરકારને રજૂઆત કરતા રજીસ્ટ્રેશન ફરીને શરૂ કરવામાં આવ્યું હતું. ■

# ભાવનગરના પ્રેમીયુવક અને સગીરાનો ઘોઘા-વૃક્ષની ડાળીએ દોરી બાંધી ગળાફાંસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ક.પરા વિસ્તારમાં રહેતા એક યુવકે ઘોઘા પંથકમાં એક સગીર યુવતી સાથે વૃક્ષ પર એકસાથે લટકી જઇ બંનેએ સામુહિક આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પ્રેમ પ્રકરણ હોવાનું જાણવા મળ્યું હતું.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરના ક.પરામાં રહેતા જયેશભાઈ હિંમતભાઈ બારૈયા (ઉં.વ.૨૫)એ અને ૧૫ વર્ષની એક સગીરાએ આજે સવારના સુમારે ઘોઘા-કુડા રોડ પર મેલડી માતાના મંદિર પાસે બાવળના ઝાડ સાથે દોરી બાંધી તેના વડે ગળાફાંસો ખાઇ લટકી જઇ આપઘાત વ્હોર્યો હતો.

બનાવની જાણ થતા પોલીસે દોડી જઇ મૃતદેહો નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતાં. જયારે ઘટનાની જાણ થતા બંનેના પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતાં.

પ્રેમ પ્રકરણમાં બંને એક નહીં થઈ શકવાનો ભય લાગતા આ પગલું ભર્યું હોવાનું ખૂલવા પામ્યું છે. આ અંગે ઘોઘા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. ■




સમસ્ત હિન્દુ સમાજ ભાવનગર દ્વારા અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલમાં થયેલ વિદ્યાર્થીની નિર્દય હત્યા સંદર્ભે ભાવનગરમાં મોતીબાગ ટાઉન હોલથી રેલી યોજાઈ હતી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આ બનાવ અંગે કડક પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગરમાં નવનિયુક્ત એસ.પી. નિતેશ પાંડેએ ચાર્જ સંભાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના એસ.પી. ડૉ. હર્ષદ પટેલની અમદાવાદ ખાતે બદલી થઇ છે. બે દિવસ પૂર્વે તેમને પોલીસ વિભાગ દ્વારા ભાવપૂર્ણ વિદાય આપી હતી, જયારે શનિવારે નવનિયુક્ત એસ.પી. નિતેશ પાંડેએ ભાવનગર ખાતે હાજર થઇ અને પોલીસ અધિક્ષકનો ચાર્જ વિધિવત રીતે સંભાળી લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અસામાજિક અને માથાભારે તત્ત્વો સામે ગુજસીટોક કાયદા તળે કામગીરી કરવામાં આઈપીએસ નિતેશ પાંડેને એવોર્ડ મળી ચૂકયો છે ત્યારે ભાવનગરમાં પણ કાયદો-વ્યવસ્થા સંપૂર્ણ રીતે જળવાય અને અસામાજિક તત્ત્વો પર પોલીસની ધાક રહે તેવી લોક લાગણી છે.

દરમિયાનમાં એસ.પી. નિતેશ પાંડેએ ચાર્જ સંભાળી પત્રકારો સાથેની ટૂંકી વાતચિતમાં જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને ગુનાખોરી કન્ટ્રોલમાં રહે તે માટે પોલીસની કામગીરી રહેશે અને આ માટે થઇને પોલીસ જે કાંઈ કાર્યવાહી કરવી પડે તે કરશે. ■

# શ્રાવણ કૃષ્ણ અમાવસ્યા પર સોમનાથ દાદાના દિવ્ય અન્નકૂટ શૃંગાર દર્શન કરી ભાવિકો ધન્ય બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શનિવાર ૨૩મી ઓગસ્ટે પવિત્ર શ્રાવણ માસનો અંતિમ દિવસ હતો. શિવ ભક્તિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા આ માસની અમાસના પાવન અવસરે પૂર્ણાહુતિ થઈ હતી. પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસના મધ્યાહને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની ભવ્ય મહાપૂજા કરવામાં આવી હતી. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો.



(તસ્વીરઃ હરેશ સોની જૂનાગઢ)

સોમનાથ મહાદેવનું અન્નકૂટ શૃંગાર સાથે કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવને વિવિધ પ્રકારના મિષ્ઠાન, પકવાન સાથે અન્નકૂટ ભોગ ધરાવવામાં આવ્યા હતા.

આ વિશેષ પૂજામાં શ્રદ્ધાળુઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ભક્તિમય વાતાવરણનો અનુભવ કર્યો હતો. સાંજે ૭-૦૦ સુધીમાં ૭૯,૮૭૯ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. આ પૂજા શ્રાવણ માસની પૂર્ણાહુતિનું પ્રતીક છે.એવી માન્યતા છે કે, જો કોઈ શ્રદ્ધાળુ આખા શ્રાવણ માસ દરમિયાન પૂજા ન કરી શક્યો હોય તો અમાસના દિવસે પૂજા કરવાથી તેને આખા મહિનાનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. આ જ શ્રદ્ધા સાથે સોમનાથમાં શિવભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.

વહેલી સવારથી જ મંદિરોમાં 'બમ બમ ભોલે' અને 'હર હર મહાદેવ'ના જયઘોષ ગુંજી ઉઠ્યો હતો. ભક્તોની લાંબી કતારો શિવલિંગ પર જળાભિષેક, દૂધાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરીને મહાદેવની ઉપાસના કરી હતી. શ્રાવણની ભક્તિમય પૂર્ણાહુતિના ભાગરૂપે ભક્તો વિશેષ પૂજા-અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી. ■




રાજકોટ શહેરમાં શ્રાવણ માસના છેલ્લા દિવસે અમાસના પંચનાથ મંદિરની ૧૫૦મી વરણાગી મંદિરેથી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)



રાજકોટને હાઇ કોર્ટની બેન્ચ મળે તેવા દ્રઢ નિશ્ચય સાથે વકીલોએ જંગ છેડયો છે.જેને ભાજપના નેતાઓનું પણ સમર્થન મળ્યું હતું. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ગિરનાર પર્વત પર બે કલાકમાં ત્રણ ઇંચ વરસાદથી દામોદર કુંડમાં ઘોડાપૂર આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ જમાવટ કરી હતી. ગિરનાર પર્વત પર બે કલાકમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ પડતાં દામોદર કુંડમાં ઘોડાપૂર આવ્યું હતું. અમાસ નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિકો પિતૃતર્પણ કરવા માટે દામોદર કુંડ આવ્યા હતા. જોકે, કુંડમાં પૂરની પરિસ્થિતિને કારણે વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સલામતી માટે દામોદર કુંડ, જટાશંકર અને વિલિંગડન ડેમ પર પ્રવેશ પર રોક લગાવવામાં આવી હતી.

યાત્રાળુઓને રોકવા માટે દામોદર કુંડ પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા લોકોને કુંડમાં પ્રવેશ ન કરવા દેવામાં આવી રહ્યા છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. વહીવટી તંત્રએ જણાવ્યું છે કે જ્યારે પાણીનું સ્તર નીચે જશે અને પરિસ્થિતિ સલામત બનશે, ત્યારે જ ભાવિકોને પિતૃતર્પણ માટે પ્રવેશ આપવામાં આવશે. ■

# કોળિયાક નિષ્કલંક મહાદેવના સાંનિધ્યમાં ભાદરવી અમાસના મેળામાં લાખથી વધુ લોકો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાદરવી અમાસે કોળિયાકના દરિયામાં બિરાજમાન શ્રી નિષ્કલંક મહાદેવના સાંનિધ્યમાં એક લાખથી વધુ ભાવિકોએ મહાદેવના દર્શન, પૂજન કરી પવિત્ર સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. ભાવનગર જિલ્લાન ઉપરાંત સૌરાષ્ટ્ર અને ગુજરાત પર તેમજ દેશના અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. કોળીયાક ઉપરાંત સિહોરના ગોતમેશ્વર અને તળાજાના ગોપનાથના દરિયામાં પણ આજે ભાદરવી અમાસનો મેળો યોજાયો હતો.

ભાવનગર જિલ્લાનાં કોળિયાક ગામ ખાતે નિષ્કલંક મહાદેવનાં સાનિધ્યમાં ભાદરવી અમાસના મેળામાં લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભાવિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાવિકો આસ્થાભેર ભાદરવી અમાસમાં પવિત્ર સ્નાન માટે આવ્યા હતા. ભાદરવી અમાસના મેળામાં રાજ્ય કક્ષાના મત્સ્યોદ્યોગ અને પશુપાલન પ્રધાન પરસોત્તમભાઈ સોલંકી તથા આગેવાન દિવ્યેશભાઈ સોલંકીએ કોળિયાક નિષ્કલંક મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પરસોત્તમભાઈ સોલંકી એ ભક્તોને પ્રસાદી વિતરણ કરી હતી. ■

# રાજકોટમાં ખરાબ રસ્તાઓથી ત્રાસેલા લોકોનો વિરોધ, 'વિસાવદરવાળી' કરવાનો નારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ખરાબ રસ્તાઓના કારણે લોકોનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો હતો. શહેરની કટારિયા ચોકડી પાસે આવેલી રંગોલી પાર્ક સોસાયટીના લગભગ ૧૫૦૦ લોકો છેલ્લા ત્રણ વર્ષથી રસ્તાના ખાડાઓ અને તેમાં ભરાતા વરસાદી પાણીની સમસ્યાથી પરેશાન છે. આ સમસ્યાથી ત્રાસીને સ્થાનિકો એકઠા થયા હતા અને 'રાજકોટમાં વિસાવદરવાળી થશે' જેવા નારા લગાવ્યા હતા.

સ્થાનિકોએ જણાવ્યું કે, 'અહીંના રસ્તા એટલા ખરાબ છે કે નજીકની શાળામાં બાળકોને મૂકવા પણ એક કલાક વહેલા નીકળવું પડે છે. અમે તંત્રને વિનંતી કરીએ છીએ કે જલ્દીથી રસ્તાનું સમારકામ કરે. જો આગામી સાત દિવસમાં, એટલે કે ૩૧ ઓગસ્ટ સુધીમાં, આ કામ નહીં થાય તો અમે 'રસ્તા રોકો' આંદોલન કરીશું.'

તેમણે વધુમાં જણાવ્યું કે, અગાઉ રજૂઆત કર્યા બાદ JCB આવ્યું હતું, પરંતુ ફરી વરસાદ પડતા પરિસ્થિતિ જેવી હતી તેવી જ થઈ ગઈ. આ રસ્તાઓ પર ટૂ-વ્હિલર ચલાવવું પણ મુશ્કેલ છે, જેના કારણે અકસ્માત થવાની શક્યતા વધી ગઈ છે.

સ્થાનિકોએ રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશને લેખિત રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે, 'અમારી સોસાયટી તરફ આવતો ૬૦ ફૂટનો મુખ્ય રસ્તો અત્યંત ખરાબ અને જોખમી છે. મોટા ખાડાઓને કારણે બાળકો, મહિલાઓ અને વૃદ્ધ નાગરિકોને અકસ્માતનો ભય રહે છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું કે, આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. જો તાત્કાલિક પગલાં નહીં લેવાય, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ■